પડિલેહા

: લેખક :

ડૉ. રમણલાલ ચી. શાહ

: પ્રકાશક :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ફુવારા સામે • ગાંધી માર્ગ • અમદાવાદ-૧

રતનપોળનાકા સામે • ગાંધી માર્ગ • અમદાવાદ-૧

પડિલેહ

લેખક

ડૉ. રમણલાલ ચી. શાહ

અધ્યક્ષ

ગુજરાતી વિભાગ

મુંબઈ યુનિવર્સિટી

મુંબઈ.

પ્રકાશક

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ફુવારા સામે : ગાંધી માર્ગ : અમદાવાદ–૧

PADILEHA : A collection of critical and research articles by Dr. Ramanlal C. Shah, First Edition, January 1979.
Price : Rs. 25/-

© Dr. Ramanlal C. Shah

પ્રથમાવૃત્તિ : જાન્યુઆરી ૧૯૭૯

પ્રત : ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૨૫-૦૦

પ્રકાશક :
કાંતિલાલ ગોવિંદલાલ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ફુવારા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૧

મુદ્રક :
રતિલાલ અંબાલાલ પટેલ
અક્ષર પ્રેસ
નાગરવેલના હનુમાન પાસે,
રખિયાલ રોડ, અમદાવાદ-૧

અર્પણ

પૂજ્ય સદ્‌ગત શ્રી જ્યોત્સનાબહેન ઉ. જોષીને

તથા

પૂજ્ય કવિવર્ય શ્રી ઉમાશંકરભાઈ જોષીને

નિવેદન

પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્ય, સાહિત્યકારો અને વિચારધારા વિશેના મારા કેટલાક અભ્યાસલેખોનો આ સંગ્રહ 'પડિલેહા' પ્રગટ કરતાં મને આનંદ થાય છે.

'પડિલેહા' પ્રાકૃત ભાષાનો શબ્દ છે. પડિલેહા એટલે પ્રતિલેખા. પડિલેહાનો એક અર્થ છે વ્યાપક, ગહન અને સ્વતંત્ર દૃષ્ટિથી ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો, વારંવાર ચીવટપૂર્વક સૂક્ષ્મ અવલોકન કરવું. પડિલેહા – પડિલેહણ (પ્રતિલેખા – પ્રતિલેખના) જૈનોનો પારિભાષિક શબ્દ છે. આજે પણ જૈનોમાં, વિશેષતઃ જૈન સાધુઓમાં તે પ્રચલિત છે.

'પડિલેહા'માં ગ્રંથસ્થ થયેલા આ લેખો 'પરબ', 'કવિલોક', 'ફાર્બસ ત્રૈમાસિક', 'રુચિ', 'જૈનયુગ', 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય વલ્લભસૂરિ સ્મારક ગ્રંથ', 'સાહિત્યકાર પ્રેમાનંદ', 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' વગેરેમાં પ્રગટ થયેલા છે, એ માટે તે તે સામયિકો, ગ્રંથસંપાદકો તથા પ્રકાશક સંસ્થાઓનો આભારી છું. સવિશેષ આભારી છું ગુજરાતી સાહિત્ય પરિષદનો, 'જૈન સાહિત્ય' છાપવાની પરવાનગી આપવા માટે.

આ ગ્રંથના પ્રકાશનની જવાબદારી સ્વીકારવા માટે પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનો – શ્રી કાન્તિભાઈ, શ્રી ઠાકોરભાઈ તથા શ્રી મનુભાઈનો – પણ આભારી છું.

આ ગ્રંથના મુદ્રણ - પ્રકાશન કાર્યમાં સહાય કરવા માટે મારા મિત્ર ડૉ. ચિમનલાલ ત્રિવેદીનો પણ આભારી છું.

મુંબઈ : તા. ૫–૧–૧૯૭૯   રમણલાલ ચી. શાહ

ડૉ. રમણલાલ ચી. શાહનાં પુસ્તકો

એકાંકી

શ્યામ રંગ સમીપે

જીવનચરિત્ર

ગુલામોનો મુક્તિદાતા

પ્રવાસ – શોધસફર

એવરેસ્ટનું આરોહણ (બીજી આવૃત્તિ)

ઉત્તરધ્રુવની શોધસફર (હવે પછી)

સાહિત્ય – વિવેચન

ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન

૧૯૬૨નું ગ્રંથસ્થ વાઙ્મય

નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય

પડિલેહા

સંશોધન – સંપાદન

નલ – દવદંતી રાસ (સમયસુંદરકૃત)

જંબૂસ્વામી રાસ (યશોવિજયજીકૃત)

કુવલયમાળા (ઉદ્દ્યોતનસૂરિકૃત)

સંક્ષેપ

સરસ્વતીચંદ્ર – ભાગ ૧ (પાઠ્ય સંક્ષેપ)

ધર્મ – તત્ત્વજ્ઞાન

જૈન ધર્મ (છઠ્ઠી આવૃત્તિ)

जैन धर्म (હિંદી આવૃત્તિ)

जैन धर्म (મરાઠી આવૃત્તિ)

બૌદ્ધધર્મ

Shraman Bhagawan Mahavir and Jainism

Buddhism – An Introduction.

સંપાદનો (અન્ય સાથે)

મનીષા; શ્રેષ્ઠ નિબંધિકાઓ; શબ્દલોક; ચિંતનયાત્રા; નીરાજના; અક્ષરા; અવગાહન; જીવનદર્પણ વગેરે.

પ્રકીર્ણ

એન. સી. સી.

અનુક્રમ

		પૃષ્ઠ
૧	પ્રાચીન ભારતમાં વાદો	૩
૨	કુવલયમાલા	૨૧
૩	હેમચંદ્રાચાર્ય : એમનું જીવન અને કવન	૫૮
૪	ભાલણના કહેવાતા બીજા 'નળાખ્યાન'નું પગેરું	૬૭
૫	યશોવિજયજી અને એમનો જંબૂસ્વામી રાસ	
	(૧) યશોવિજયજી	૯૨
	(૨) જંબૂસ્વામી રાસ	૧૨૪
૬	વિનયપ્રભરચિત ગૌતમસ્વામીનો રાસ	૧૪૬
૭	ત્રિભુવનદીપકપ્રબંધ	૧૫૭
૮	કવિવર સમયસુંદર અને એમની બે રાસકૃતિઓ	
	(૧) કવિવર સમયસુંદર	૧૬૬
	(૨) મૃગાવતીચરિત્ર ચોપઈ	૧૮૦
	(૩) વલ્કલચીરી રાસ	૧૯૪
૯	પ્રેમાનંદના નળાખ્યાનનું કથાવસ્તુ	૨૦૯
૧૦	જૈન સાહિત્ય	૨૪૬

પડિલેહા

પ્રાચીન ભારતમાં વાદો

'**વાદ**' શબ્દ સંસ્કૃત વદ્ ધાતુ પરથી આવેલો છે. આ શબ્દનો એક 'અર્થ' 'નાદ' અથવા 'અવાજ' છે. લક્ષણાથી એનો અર્થ અવાજ કરીને બીજાનું ધ્યાન ખેંચવું એવો પણ થાય છે. 'વાદ'ના વાતચીત, વાર્તાલાપ, ભાષણ, નિવેદન, સલાહ, સિદ્ધાંત, પ્રસ્તાવ, શાસ્ત્રાર્થ, વગેરે અર્થો થાય છે. એમાંથી વાદ એટલે દલીલ, ચર્ચા, વિવાદ, પક્ષ, સંશય, મતભેદ, ભાંજગડ, તકરાર, આક્ષેપ, ચડસાચડસી, દલીલબાજી વગેરે અર્થો પ્રચલિત થયેલા છે. તદુપરાંત વાદ એટલે કરાર, સમજૂતી, વિવરણ, ખુલાસો, પરિણામ, અહેવાલ વગેરે અર્થો પણ પ્રચારમાં આવેલા છે. વાદ કરવાથી, કોઈ પણ એક પક્ષ લઈ એનો તર્કશક્તિથી બચાવ કરવાથી, એનું મંડન કરવાથી અથવા અન્ય પક્ષનું ખંડન કરવાથી બુદ્ધિચાતુર્ય ખીલે છે. જુદા જુદા વાદોને સાંભળવાથી, એનો અભ્યાસ કરવાથી માણસનું જ્ઞાન ખીલે છે, સમજશક્તિ વધે છે, દર્શન સ્પષ્ટ થાય છે. પૂર્વ પક્ષ અને ઉત્તર પક્ષની રચના કરી બંને વચ્ચે વાદવિવાદ, સંવિવાદ કે પરિસંવાદ કરાવવાથી વિષયની છણાવટ સારી થાય છે અને તથ્ય બહાર આવે છે. એટલા માટે જ કહેવાય છે કે वादे वादे जायते तत्त्वबोधः !

વાદ એટલે જ્ઞાનવિજ્ઞાનની કોઈપણ શાખાના કોઈપણ વિષયમાં તર્ક, અનુમાન કે તારણના આધારે બાંધેલી માન્યતાનું અથવા સિદ્ધાન્તનું પ્રતિપાદન.

જગતના કેટલાક સનાતન પ્રશ્નોનું જ્યાં સુધી સંપૂર્ણ નિરાકરણ ન થાય ત્યાં સુધી તે અંગે શોધ કરવાના અનેક પ્રયત્નો થયા જ કરવાના. જીવ ક્યાંથી આવે છે? શા માટે આવે છે? શા માટે મૃત્યુ પામે છે? મૃત્યુ પછી એનું શું થાય છે? જીવ અને આત્મા એક છે કે ભિન્ન? શરીરને ચલાવનાર કોણ છે? ઇન્દ્રિયો કોના ઉપર આધાર રાખે છે? સૃષ્ટિમાં આત્મા એક છે કે અનેક? આત્માનું કદ શરીર જેટલું કે નાનું મોટું? આત્માનું શરીરમાં સ્થાન ક્યાં? આ વિશ્વ શાનું બનેલું છે અને શાના આધારે ટકી રહ્યું છે? પાપ શું? પુણ્ય શું? સુખ શા માટે? દુઃખ શા માટે? પુનર્જન્મ છે કે નહિ? સારાનરસાં કર્મોનું ફળ છે કે નહિ? શું મળે તો સમગ્ર સંસારનું જ્ઞાન થઈ જાય? એવું શું પ્રાપ્ત થાય કે જેથી જીવન પાપરહિત, જરારહિત, મૃત્યુરહિત, શોકરહિત, ક્ષુધારહિત, સત્યકામ અને સત્યસંકલ્પ બની જાય? એવું શું છે કે જે જાણવાથી બધું જ જાણવા મળે, જે જાણવાથી સર્વ લોક અને સર્વ કામો પ્રાપ્ત થાય? આમ, બાહ્ય જગત અને મનની અંદર રહેલા સૂક્ષ્મતમ, ગૂઢતમ જગત વિશેના અનેક પ્રશ્નોનું નિરાકરણ એમ સરળતાથી થતું નથી. પરિણામે પોતાનાં અનુભવ, બુદ્ધિ અને તર્કને આધારે, માણસને જે મર્યાદિત જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે પ્રમાણે તેનો ઉત્તર શોધવા પ્રયત્ન કરે, અને પોતાની વાત જ સાચી છે એમ શ્રદ્ધાપૂર્વક માની તેનું જ પ્રતિપાદન કરે ત્યારે તેમાંથી વાદનો જન્મ થાય. જેમ ધર્મ અને તત્ત્વજ્ઞાનની બાબતમાં, તેમ બીજા અનેક વિષયોમાં સમયે સમયે નવા નવા વાદોનો જન્મ થયો છે અને થયા પણ કરશે.

સત્યનું સંપૂર્ણ દર્શન સાધારણ રીતે થતું નથી. અને સત્યના આંશિક દર્શનને પૂર્ણ દર્શન માની લેવાની ઉતાવળ સહજ રીતે

થાય છે. દરેક વસ્તુ કે પદાર્થના અનેક ગુણદોષ કે ધર્મો હોય છે. તેમાંથી કેટલાકને અમુક જ જણાય છે અને બીજા કેટલાકને એથી તદ્દન જુદા જ જણાય છે. એક દૃષ્ટિકોણથી જોનારનું દર્શન બીજા દૃષ્ટિકોણથી જોનારના દર્શન કરતાં તદ્દન ભિન્ન કે વિપરીત હોઈ શકે છે અને બંને પોતપોતાની મર્યાદિત રીતે સાચા હોઈ શકે છે. પરંતુ આ આંશિક સત્યના દર્શનમાંથી જ્યારે મતાગ્રહ થાય છે ત્યારે તેમાંથી વાદ જન્મે છે ને એમ થાય છે ત્યારે કેટલીક વાર બીજાના દર્શનને ખોટું ઠરાવવાનો સભાન સહેતુક પ્રયત્ન થાય છે. આથી જ કહેવાય છે કે વાદ રાગ અને દ્વેષની વૃદ્ધિ કરનાર છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે रागदोसकरो वादो। પરસ્પરવિરુદ્ધ વાદો વચ્ચે વૈર વધે છે, સંઘર્ષ થાય છે. (वादे वादे वर्धते वैरवह्निः), ક્યારેક યુદ્ધો પણ થયાં છે. સંસારનું સ્વરૂપ જ એવું છે કે વાદ, વાડા, પંથ, સંપ્રદાય વગેરેનો ક્યારેય સર્વથા ઉચ્છેદ થઈ શકશે નહિ.

ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે તેમ વ્યાકરણ અને ન્યાય, યોગ અને અધ્યાત્મ, સાહિત્ય અને વિજ્ઞાન, જ્યોતિષ અને આયુર્વેદ, રાજ્યનીતિ અને અર્થનીતિ વગેરેનાં ક્ષેત્રમાં પણ પ્રાચીન ભારતમાં ભિન્ન ભિન્ન માન્યતાઓ કે વાદો પ્રચલિત હતાં. જેમ કે, જે વાદ એમ માને છે કે કોઈ પણ ક્રિયાનું કંઈ પણ ફળ નથી તે વાદ અફલવાદ છે. જે વાદ એમ માને છે કે પાપ, પુણ્ય વગેરે ક્રિયાઓ જીવ પોતે નથી કરતો તે વાદ અકારકવાદ છે. જે વાદ એમ માને છે કે માત્ર પાંચ મહાભૂતો જ છે અને આત્મા જેવું કંઈ નથી તે પંચમહાભૂતવાદ છે. તે એમ માને છે કે બોલવું, ચાલવું, ખાવું, દોડવું, વગેરે ક્રિયાઓ આ પંચમહાભૂતો જ કરે છે. જે વાદ માને છે કે આ પંચમહાભૂતો એકત્ર થાય છે અને તેમાં તે ઉપરાંત એક જુદી ચેતનશક્તિ ઉત્પન્ન થાય છે અને તે શરીર પાસે બધી ક્રિયાઓ કરાવે છે અને તે શક્તિ પંચમહાભૂતથી ભિન્ન નથી, અને પંચમહાભૂતો સાથે તે શક્તિ પણ નાશ પામે છે તે વાદ તજ્જીવતચ્છરીરવાદ છે. જે વાદ

એમ માને છે કે પંચમહાભૂતો ઉપરાંત છઠ્ઠો આત્મા છે તે વાદ આત્મષષ્ઠવાદ છે. જે વાદ એમ માને છે કે ક્રિયા છે અને ક્રિયાનું ફળ પણ છે એ વાદ ક્રિયાવાદ છે. જે વાદ એમ માને છે કે ઘડો, ઠીંકરું, ઈંટ વગેરેમાં જેમ એક જ માટી અનેકરૂપે દેખાય છે તેમ મનુષ્ય, પશુપક્ષી, વૃક્ષો વગેરે રૂપે દેખાતું વિશ્વ તે એક આત્મરૂપ જ છે તે વાદ એકાન્તવાદ છે. જે વાદ એમ માને છે કે ઇન્દ્રિયસુખોના પૂર્ણ ભોગથી આ જગતમાં જ આત્મા નિર્વાણ પામી શકે છે તે વાદ દૃષ્ટધર્મનિર્વાણવાદ છે. જે વાદ એમ માને છે કે જગત શાશ્વત છે અને આત્મા પણ શાશ્વત છે તે શાશ્વતવાદ છે. જે વાદ એમ માને છે કે મૃત્યુ પછી આત્મા જુદી જુદી દશાને પામે છે તે વાદ ઉદ્ધમાધતનિકવાદ છે. જે વાદ એમ માને છે કે કોઈપણ કારણ વગર જગત અને આત્માની ઉત્પત્તિ થયેલી છે તે વાદ અધિત્યસમુત્પન્નવાદ છે.

આમ, ઈશ્વરવાદ, આત્મવાદ. અજ્ઞાનવાદ, પુરુષવાદ, કાલવાદ, સ્વભાવવાદ, યદૃચ્છાવાદ, જાતિવાદ, વિશેષવાદ, ક્રિયાવાદ, અક્રિયાવાદ, શાશ્વતવાદ, અશાશ્વતવાદ, એકાત્મવાદ, અનેકચવાદ, સત્કાર્યવાદ, અસત્કાર્યવાદ, આસ્તિકવાદ, નાસ્તિકવાદ, માયાવાદ, મિથ્યાવાદ, કારણવાદ, કૃતવાદ, નિયતિવાદ, અવક્તવ્યવાદ, લોકવાદ, લોકાયતિકવાદ, અફલવાદ, સ્થિતિવાદ, દૃષ્ટિવાદ, દષ્યવાદ, કર્મવાદ, વિનયવાદ, વિક્ષેપવાદ, વિનાશવાદ, અકારવાદ, અભેદવાદ, ભૂતવાદ, પંચમહાભૂતિકવાદ, ચાર્વાકવાદ, તજ્જીવતચ્છરીરવાદ, આત્મષષ્ઠવાદ, સિદ્ધિવાદ. સ્થાનવાદ, અપોહવાદ, જ્ઞાનવાદ, અદ્વૈતવાદ, પ્રતીત્યસમુત્પાદવાદ, અનાત્મવાદ, ક્ષણિકવાદ, સર્વાસ્તિવાદ, શૂન્યવાદ, વિભજ્યવાદ, સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, કેવલાદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ, શુદ્ધાદ્વૈતવાદ, દ્વૈતાદ્વૈતવાદ, પ્રકૃતિવાદ, પ્રારબ્ધવાદ, અન્યોન્યવાદ, અજ્ઞેયવાદ, ચાતુર્યામસંવરવાદ, વિધિવાદ, નયવાદ, ચૈત્યવાદ, ગણધરવાદ, નિહ્નવવાદ, સ્થવિરવાદ, વિજ્ઞાનવાદ, અધિત્યસમુત્પન્નવાદ, સુખદુઃખવાદ, આનંદવાદ, તાત્પર્યવાદ, અનુમિતિવાદ, રસવાદ, ધ્વનિવાદ,

અભિધાવાદ, દીર્ઘઅભિધાવાદ, લક્ષણાવાદ, અલંકારવાદ, ચમત્કારવાદ, અભિહિતાન્વયવાદ, અન્વિતાભિધાનવાદ, સ્ફોટવાદ, રીતિવાદ, ઔચિત્યવાદ, વક્રોક્તિવાદ, ગુણવાદ, શબ્દાર્થવાદ, અખંડાર્થવાદ, ધાતુવાદ, વગેરે સંખ્યાબંધ વાદોનાં નામ પ્રાચીન ધર્મગ્રંથોમાં, વ્યાકરણ અને અલંકારશાસ્ત્રના ગ્રંથોમાં, ન્યાય અને તર્કશાસ્ત્રના ગ્રંથોમાં, યોગ, જ્યોતિષ, આયુર્વેદ વગેરેના ગ્રંથોમાં આપણને જોવા મળે છે. આ બધા વાદો પરથી પ્રાચીન ભારતમાં બૌદ્ધિક વિકાસ કેટલી ઉચ્ચ કોટિ સુધી પહોંચ્યો હશે તેનો આપણને ખ્યાલ આવે છે, કારણ કે પોતાનો વાદ પ્રસ્થાપિત કરવો એ સહેલી વાત નથી. આ વાદોમાં કેટલાક વાદો એટલા સૂક્ષ્મ, ગહન અને જટિલ છે કે સામાન્ય માણસનો તો એમાં ચંચુપાત પણ ન થઈ શકે.

પ્રાચીન સમયમાં ભારતમાં એવી પણ પ્રથા હતી કે પરસ્પર વિરુદ્ધ એવા વાદોમાં કોનો વાદ વધારે સાચો છે અથવા ઊંચો છે તે નક્કી કરવા માટે સભાઓ યોજાતી. કેટલીકવાર એવી સભાઓ રાજ્યાશ્રયે યોજાતી. પરંતુ રાજા પક્ષપાતી અને ગુણદ્વેષી ન હોય તો જ તેવી સભાઓ સફળ થતી, નહિ તો વિદ્વાનોને અન્યાય થતો કે ખોટી સજા થતી. એટલા માટે કહેવાતું કે यथार्थवादो विदुषां श्रेयस्करो यदि न गुणप्रद्वेषी राजा । તેમાં પરસ્પરવિરુદ્ધ વાદવાળા વાદીઓ અને એના શિષ્યો સામસામા બેસીને વાદયુદ્ધ કરતા. જે વાદી પોતે એમાં હારી જાય તે પોતાના શિષ્યો સાથે સામા પક્ષના વાદીનો શિષ્ય બની જતો. ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયાર ગણધરો ભગવાન મહાવીર સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા, પણ અંતે પરાજિત થઈ ભગવાન મહાવીરના શિષ્ય બની ગયા.

પરસ્પરભિન્ન મતવાળી વ્યક્તિઓ વચ્ચે પ્રામાણિકપણે, નિષ્ઠાપૂર્વક, કેવળ સત્યની ગવેષણા માટે જ વાદ થતો ત્યારે તેની ફલશ્રુતિ ઘણી મોટી રહેતી. પરંતુ વાદ જ્યારે બીજાને યેનકેન પ્રકારેણ પરાજિત કરવાના આશયથી જ યોજાતો ત્યારે તે વિકૃત સ્વરૂપ

ધારણ કરતો અને તે વિવાદ વિતંડાવાદ, શુષ્કવાદ તરીકે ઓળખાતો. 'નારદભક્તિસૂત્ર'માં એટલા માટે કહ્યું છે કે वादो नावलम्ब्य। 'સ્થાનાંગસૂત્ર'માં બતાવ્યું છે કે વાદસભાઓમાં જે વાદ થાય છે તેમાં કેટલીકવાર વાદીઓ અધ્યક્ષની ભક્તિ કરીને, અધ્યક્ષને પક્ષપાતી બનાવીને જીતી જાય છે, તો કેટલીકવાર અધ્યક્ષ અથવા પ્રતિવાદીને પોતાના શારીરિક બળ વડે ડરાવીને જીતી જાય છે. નબળા મનના માણસોને વાદીઓ પોતાના મત માટે કેવી રીતે સમજાવી જાય છે તેના ઉદાહરણ તરીકે એક પ્રસંગ ટાંકવામાં આવ્યો છે કે એક ગામમાં કેટલાક ધાર્મિક માણસો પ્રાર્થના કરતા હતા. ત્યાં કોઈ વેદાન્તીએ આવીને કહ્યું 'सोऽहं सोऽहं'નો જાપ કરો. એટલે તેઓ બિચારા તે પ્રમાણે જપ કરવા લાગ્યા. થોડી વારે ભક્તિ સંપ્રદાયના હિમાયતીએ આવીને કહ્યું 'दासोऽहं दासोऽहं'નો જપ કરો એટલે તેઓ તેમ કરવા લાગ્યા. થોડી વારે પાછો વેદાન્તી આવ્યો. તેણે 'सदासोऽहं सदासोऽहं'નો જપ કરવા સમજાવ્યું એટલે તેઓ તેમ કરવા લાગ્યા. ત્યાં પાછો ભક્ત વિદ્વાન આવ્યો. એણે સમજાવ્યું 'दासदासोऽहं दासदासोऽहं'નો જપ કરો. આમ ભક્ત અને વેદાન્તી પોતપોતાના વાદમાં ગામના સાધારણ ધાર્મિક માણસોને યુક્તિપૂર્વક ખેંચવાનો પ્રયત્ન કરવા લાગ્યા હતા.

વાદ કરવા માટે સમકક્ષ વ્યક્તિ જ યોગ્ય ગણાતી. ઋગ્વેદમાં કહ્યું છે કે ઘોડાની સ્પર્ધા ઘોડા સાથે જ કરાવવી જોઈએ, ગધેડાં સાથે નહિ. (नाऽवाजिना वाजिनां हासयन्ति, न गर्दं पुरो अश्वान्नयन्ति) તેવી રીતે વ્યવહારમાં પણ સમાન વ્યક્તિઓ વચ્ચે જ વાદ–વિવાદ શોભે. નિશીથભાષ્યમાં કહ્યું છે કે 'अलं विवाएण ण कतमुहेहिं !' કૃતમુખ એટલે કે સમર્થ વિદ્વાનો સાથે વિવાદ ન કરવો જોઈએ. પોતાનું કે અન્યનું ગૌરવ સાચવવા માટે, વિવેક અને ઔચિત્ય જળવાય એ માટે, વિસંવાદ કે સંઘર્ષ ન જન્મે એ માટે, કોઈને અન્યાય ન થાય કે નીચાજોણું ન થાય એ માટે કેટલીક વ્યક્તિઓ

સાથે વિવાદ ન કરવા માટે આપણા શાસ્ત્રકારોએ જણાવ્યું છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે:

ऋत्विक्‌-पुरोहिताचार्यै-मातुलातिथि-संश्रितैः ।
बालवृद्धातुरैर्वैद्य-ज्ञाति-सबन्धि-बान्धवैः ॥
मातापिताभ्यां जामिभि-र्भात्रा पुत्रेण भार्यया ।
दुहित्रा दास वर्गेण, विवादं नो समाचरेत्‌ ॥

[ઋત્વિજ, પુરોહિત, આચાર્ય, મામા, અતિથિ, પોતાનો આશ્રિત, બાળક, વૃદ્ધ, રોગી, વૈદ્ય, જ્ઞાતિ (પિતૃપક્ષનાં સ્વજનો), સંબંધી (જમાઈ, સાળો, બનેવી વગેરે), બાંધવ, માતાપિતા, ભાઈ-બહેન, પુત્ર, પુત્રી, પત્ની, નોકરચાકર વગેરે સાથે વિવાદ ન કરવો].

પ્રાચીન ભારતમાં વાદવિવાદ કરવાની પણ એક પ્રકારની આવડત ગણાતી. પોતાના વાદનું સમર્થન કઈ કઈ દલીલોથી કરવું અને સામેના વાદીની દલીલોનું ખંડન કઈ કઈ દલીલોથી કરવું તે માટે પોતાના વાદના સામર્થ્ય ઉપરાંત અત્યંત ઉચ્ચ તર્કપટુતા અને કુશાગ્ર બુદ્ધિની જરૂર રહેતી. જેઓ વાદ કરવામાં વિજય મેળવતા તેઓને ‘વાદી’નું બિરુદ આપવામાં આવતું. વાદ કરવામાં મલ્લ જેવા હોય તેને ‘મલ્લવાદી’નું બિરુદ આપવામાં આવતું. વાદીઓમાં વેતાળ જેવા હોય તેને ‘વાદીવેતાળ’નું બિરુદ આપવામાં આવતું. એવી રીતે ‘વાદીચંદ્ર’, ‘વાદીસિંહ’, ‘વાદીભૂષણ’, ‘વાદીરાજ’, ‘વાદીશ્વર’, ‘વાદીન્દ્ર’, વગેરે બિરુદો પણ આપવામાં આવતાં. જેમ જાહેર સભાઓમાં તેમ ગ્રંથોમાં પણ પોતાના વાદનું મંડન અને અન્ય વાદ કે વાદીનું ખંડન કરવામાં આવતું અને એવા ગ્રંથો પણ એના કર્તાની અપ્રતિમ બુદ્ધિ અને તર્કશક્તિના નમૂનારૂપ ગણાતા. ‘વાદવિધિ’, ‘દ્વાદશાર નયચક્ર’ ‘વાદકથા’, ‘વાદકુતૂહલ’, ‘વાદગ્રંથ’, ‘વાદતરંગિણી’, ‘વાદ-નક્ષત્રમાલિકા’ ‘વાદનક્ષત્રમાલાસૂર્યોદય’, ‘વાદપરિચ્છેદ’, ‘વાદમંજરી’, ‘વાદમહાર્ણવ,’ ‘વાદાષ્ટક’, ‘વાદરત્નાવલી’, ‘વાદસંગ્રહ’, ‘વાદસુધારક’,

'વાદાર્થ', 'વાદાવલી', વગેરે ગ્રંથો જુદા જુદા વાદોના ખંડનમંડન વિશે લખાયેલા છે. આ બધા ગ્રંથોમાં મલ્લવાદીસૂરિકૃત 'દ્વાદશાર નયચક્ર' ઘણો સમર્થ ગ્રંથ છે, જેમાં ગાડાના પૈડાના બાર આરાની જેમ બાર જુદા જુદા વાદોની એવી રીતે ગોઠવણ કરી છે કે પહેલા વાદનું ખંડન બીજો વાદ કરે, બીજાનું ત્રીજો કરે અને એ રીતે છેલ્લા વાદનું ખંડન પહેલાં વાદમાં આવી જાય અને એ બધા વાદોને અનેકાન્તવાદમાં સમાવી લેવામાં આવ્યા હોય.

ઠેઠ વેદકાળમાં પણ કાલવાદ, સ્વભાવવાદ, ઉદ્યમવાદ, કર્મવાદ, નિયતિવાદ વગેરે વિવિધ પ્રકારના વાદો પ્રચલિત હોવાના નિર્દેશ મળે છે. દેવો અને અસુરો વચ્ચે સંઘર્ષ, મેલી વિદ્યાઓ, યજ્ઞ અને તેમાં પશુઓના બલિદાનથી સ્વર્ગાદિ સુખોની પ્રાપ્તિ માટે નિશ્ચિત થયેલા વિવિધ ક્રિયાકાંડો કે વિધિવિધાનો વગેરે વિશે તે સમયે જે વિવિધ વાદો પ્રચલિત હતા તેને પરિણામે આચાર અને વિચાર વચ્ચે ઘણી અરાજકતા પ્રવર્તતી હતી.

ઉપનિષદોમાં જે તત્ત્વવિચારણા થઈ છે, તેમાં એક મહત્ત્વનો પ્રશ્ન છે: જગતનું મૂળ કારણ શું? પાણી? વાયુ? આકાશ? પ્રાણ? મૃત્યુ? અંડ? સત્? અસત્? પ્રજાપતિ? આત્મા? અમૂર્ત પુરુષ? ઈશ્વર? આ પ્રશ્નની શોધમાં જલવાદ, વાયુવાદ, ઈશ્વરવાદ, પુરુષવાદ, આત્મવાદ વગેરે વિવિધ વાદોનો જન્મ થયો હતો. શ્વેતાશ્વતર ઉપનિષદ, મૈત્રાયણી ઉપનિષદ વગેરેમાં આ ઉપરાંત તે સમયે પ્રવર્તતા વિવિધ પાખંડી અને ભ્રામક વાદોનો પણ ઉલ્લેખ છે. કાલ, સ્વભાવ, નિયતિ, યદૃચ્છા, મહાભૂતો, પુરુષ, ઈશ્વર વગેરેમાં માનતા વિવિધ વાદોની ચર્ચા તેમાં કરવામાં આવી છે.

સાંખ્યવાદીઓએ પોતાનાથી ભિન્ન એવાં બ્રહ્મતંત્ર, પુરુષતંત્ર, શક્તિતંત્ર, નિયતિતંત્ર, કાલતંત્ર, ગુણતંત્ર, અક્ષરતંત્ર, પ્રાણતંત્ર, કર્મતંત્ર, જ્ઞાનતંત્ર, ક્રિયાતંત્ર, માયાતંત્ર વગેરે ૩૨ તંત્રો અર્થાત્ બત્રીસ જુદા જુદા વાદોનો નિર્દેશ 'ષષ્ટિતંત્ર' નામના ગ્રંથમાં કર્યો છે.

વૈદિક અથવા બ્રાહ્મણ પરંપરામાં ઉત્તરકાળમાં જગત, ઈશ્વર, ચિત્, અચિત્, સુખદુઃખ, કર્મ, જ્ઞાન, આનંદ, અવિદ્યા વગેરેનાં સ્વરૂપ અને ધર્મ વિશેના મતમતાંતરમાંથી જે વિવિધ માન્યતાઓ જન્મી અને એના પુરસ્કર્તાઓએ એનો જે પ્રચાર કર્યો તેને પરિણામે સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક મીમાંસા અને વેદાંત એ છ દર્શનો પ્રચારમાં આવ્યાં, એમાંથી શૈવદર્શન, નકુલીશપાશુપતદર્શન, પૂર્ણપ્રજ્ઞદર્શન, પ્રત્યભિજ્ઞદર્શન રસેશ્વરદર્શન, ઔલુકયદર્શન, અક્ષપાદર્શન, જૈમિની-દર્શન, પાણિનીદર્શન, સાંખ્યદર્શન, પાતંજલદર્શન, રામાનુજદર્શન, શાંકરદર્શન વગેરે દર્શનો, વાદો પ્રચલિત બન્યાં.

ભગવાન મહાવીરની પૂર્વે ભગવાન પાર્શ્વનાથના સમયમાં નિર્ગ્રંથ શ્રમણો તે સમયના જૈન ધર્મ પ્રમાણે અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ એ ચાર મહાવ્રતોમાં માનતા હતા. તેઓની આ માન્યતા ચાતુર્યામસંવરવાદ તરીકે ઓળખવામાં આવતી હતી.

ભગવાન મહાવીરે ચાર મહાવ્રતોને છૂટાં પાડી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોનો ઉપદેશ આપ્યો. જૈન ધર્મમાં પણ તદુપરાંત શ્વેતાંબર અને દિગમ્બર એવા બે મહત્ત્વના વાદો ઊભા થયા અને તેની સાથે બીજી કેટલીક બાબતોના મતભેદોને કારણે બીજા પેટા વાદો પણ વધ્યા હતા. અલબત્ત, ભગવાન મહાવીરે પ્રબોધેલ સ્યાદ્વાદે અથવા અનેકાન્તવાદે પોતાનામાં ઘણા વાદોને સમાવી લીધા અને સંઘર્ષ ટાળ્યો.

બૌદ્ધ ગ્રંથ 'દીઘનિકાય'ના બ્રહ્મજાલ સૂત્રમાં નિર્દેશ છે તે પ્રમાણે ભગવાન બુદ્ધના સમયમાં ૬૬ અબૌદ્ધવાદો પ્રચલિત હતા. તેમાં આત્મા અને જગત નિત્ય છે એમ માનનારા શાશ્વતવાદીઓમાં ચાર જુદા જુદા વાદ હતા. અશાશ્વતવાદીઓમાં પણ ચાર જુદા જુદા વાદ હતા. જગત નિત્ય છે કે અનિત્ય એ વિશે મતભેદવાળાં અંતાનતિકોમાં પણ ચાર જુદા જુદા વાદ હતા. કોઈ પ્રશ્નનો સીધો જવાબ ન આપનારા અમરાવિકએપિકોમાં પણ ચાર જુદા જુદા વાદ હતા. કારણ વગર આત્મા

અને જગતની ઉત્પત્તિ માનનારા અધિચ્ચસમુપ્પનિકોમાં બે જુદા જુદા વાદ હતા. મૃત્યુ બાદ આત્મા કઈ દશા પામે છે એ વિશે જુદો જુદો મત ધરાવનાર ઉધ્માધતનિકોમાં ૩૨ જુદા જુદા વાદો હતા. મૃત્યુ બાદ આત્મા નાશ પામે છે એમ માનનારા ઉચ્છેદવાદીઓમાં સાત જુદા જુદા વાદ હતા. ઇન્દ્રિયોનું સુખ ભોગવતાં આ જન્મમાં જ આત્મા નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે એમ માનનારા દષ્ટધર્મનિર્વાણવાદીઓમાં પાંચ જુદા જુદા વાદો હતા.

બૌદ્ધધર્મ કર્મ અને પુનર્જન્મમાં માને છે અને છતાં આત્મામાં માનતો નથી. અનાત્મવાદ, ક્ષણભંગવાદ, શૂન્યવાદ, એ બૌદ્ધ ધર્મની વિશિષ્ટ વિચારસરણી છે. બૌદ્ધ ધર્મ એમ માને છે કે આત્મા નામનો કોઈ પદાર્થ સ્વભાવતઃ નથી. આત્માનું સ્વતંત્ર કોઈ અસ્તિત્વ નથી. રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન એ પાંચ ધર્મો અથવા સ્કંધોનો સમુદાય છે. જેમ રથ નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી, પરંતુ રથાંગોનો–રથના જુદા જુદા ભાગોનો સમુદાય થાય છે ત્યારે રથ નામની આકૃતિ થાય છે. તેવી રીતે માત્ર પાંચ સ્કંધોનો સમુદાય થાય છે. બીજાં દર્શનો જેને આત્મા કહે છે તેવા નિત્ય આત્મામાં બૌદ્ધ ધર્મ માનતો નથી. આ પાંચ સ્કંધ ક્ષણિક , દુઃખકારક છે અને અનાત્મ છે. આ બૌદ્ધ ધર્મનો અનાત્મવાદ છે. પ્રતીત્યસમુત્પાદવાદ, ક્ષણભંગવાદ, શૂન્યવાદ, સર્વાસ્તિવાદ, વિજ્ઞાનવાદ, સૌત્રાન્તિકવાદ, ચૈત્યવાદ, ગોકુલકવાદ, વિભજ્યવાદ, એવા અઢાર જુદા જુદા વાદો બૌદ્ધ દર્શનોમાં જોવા મળે છે.

શ્રમણ પરંપરામાં ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ એ બે મહા-વિભૂતિઓ ઉપરાંત નીચેના પાંચ શ્રમણ આચાર્યો પોતપોતાના વાદ માટે પ્રાચીન ભારતમાં સુપ્રસિદ્ધ હતા : (૧) પૂરણ કાશ્યપ (૨) પકુધ કચ્ચાયન (૩) અજિત કેશકંબલી, (૪) સંજય બેલઠીપુત્ર અને (૫) મખ્ખલિ ગોશાલક.

ભગવાન બુદ્ધનો સમકાલીન પૂરણ કાશ્યપ નામનો નગ્ન તપસ્વી

એમ માનતો હતો કે પુણ્ય કે પાપ જેવું કશું નથી. એ એમ કહેતો કે કોઈએ પ્રાણીનો વધ કર્યો હોય, ચોરી કરી હોય, ધાડ પાડી હોય, જૂઠું બોલ્યો હોય કે વ્યભિચાર કર્યો હોય, તોપણ તેને પાપ લાગતું નથી. પવિત્ર મનાતી ગંગા નદીના દક્ષિણ કિનારે કોઈ મારામારી કરે કે બીજાને ત્રાસ આપે તોપણ તેને પાપ લાગતું નથી અને ગંગા નદીના ઉત્તર કિનારે જઈ દાન આપે, યજ્ઞ કરે, સત્ય બોલે, તપ કરે તો તેથી તેને પુણ્ય પ્રાપ્ત થતું નથી. પોતે કંઈ પણ કરે કે કરાવે તેથી પાપ કે પુણ્ય કશું થતું નથી.

પૂરણ કાશ્યપનો આ મત અક્રિયાવાદ તરીકે અથવા અકારકવાદ તરીકે ઓળખાય છે.

પકુધ કચ્ચાયન એમ માનતો હતો કે આ સૃષ્ટિ પૃથ્વી, પાણી, તેજ, વાયુ, સુખ, દુઃખ અને જીવ એ સાત પદાર્થોની બનેલી છે. આ પદાર્થોનો કોઈપણ કારણથી ક્યારેય વિનાશ થતો નથી. આ પદાર્થ હાલતા નથી, બદલાતા નથી, એક બીજાને સુખ કે દુઃખ આપી શકતા નથી. એ પદાર્થો કોઈના નિર્માણ કરેલા કે દર્શાવેલા નથી. એ પદાર્થો વંધ્ય, કૂટસ્થ અને નગરદ્વારના સ્તંભની જેમ અચલ છે. એટલે એ પદાર્થોને મારનાર, મરાવનાર, કહેનાર, સાંભળનાર, જાણનાર કે વર્ણન કરનાર કોઈ નથી. કોઈ માણસ તીક્ષ્ણ શસ્ત્ર વડે કોઈનું માથું કાપે તેથી તે તેનો જીવ લે છે એમ ન કહી શકાય, કારણ કે એ તીક્ષ્ણ શસ્ત્રે માત્ર એ સાત પદાર્થ વચ્ચે રહેલા અવકાશમાં પ્રવેશ કર્યો છે એમ કહી શકાય. પકુધ કચ્ચાયનના આ વાદને અન્યોન્યવાદ અથવા અનૈકચવાદ કહેવામાં આવે છે.

અજિત કેશકંબલી ભૂતવાદનો પુરસ્કર્તા હતો. તે એમ કહેતો કે કે પૃથ્વી, પાણી, તેજ અને વાયુ એ ચાર ધાતુ અથવા ભૂતોનો મનુષ્ય બનેલો છે. જ્યારે તે મૃત્યુ પામે છે ત્યારે પૃથ્વી ધાતુ પૃથ્વીમાં, પાણી પાણીમાં, તેજ તેજમાં અને વાયુ વાયુમાં ભળી જાય છે અને ઇન્દ્રિયો આકાશમાં જાય છે. મરેલા માણસને ચાર પુરુષો ઠાઠડીમાં નાખી સ્મશાનમાં

લઈ જઈ બાળી નાંખે છે અને ત્યાં તેનાં હાડકાં પડી રહે છે. તેણે દાન, યજ્ઞ, કે બીજી જે કંઈ ક્રિયા કરી હોય તેનું છેવટનું પરિણામ આ રાખ અને હાડકાં છે. માટે દાન, હોમ વગેરે મૂર્ખ માણસોએ શોધી કાઢેલી નિરર્થક ક્રિયાઓ છે. સારાં ખોટાં કર્મનું ફળ જેવું કશું નથી કે આ લોક, પરલોક, દેવદેવીઓ વગેરે જેવું પણ કશું નથી. મૃત્યુ પામ્યા પછી ડાહ્યા અને મૂર્ખ બધાનો ઉચ્છેદ થાય છે. અને તેમનું કશું જ બચતું નથી. જે કોઈ અસ્તિવાદની વાત કરે છે તે બધા જૂઠા માણસો છે.

અજિત કેશકંબલીના આ ભૂતવાદને ઉચ્છેદવાદ અથવા નાસ્તિકવાદ પણ કહેવામાં આવે છે. તે ચાર્વાકના મતનો પુરસ્કર્તા હશે એમ મનાય છે, છતાં એ આત્મવાદી શ્રમણ હતો. અલબત્ત આત્મા વિશેની તેની કલ્પના આ જીવનપૂરતી મર્યાદિત હતી.

સંજય બેલટ્ઠીપુત્ર વિક્ષેપવાદી કહેવાતો. તે એમ કહેતો કે પરલોક છે એવું પણ નથી અને પરલોક નથી એવું પણ નથી. કર્મનાં ફળ હોય છે એવું પણ નથી અને કર્મનાં ફળ નથી એવું પણ નથી. તેના આ વિક્ષેપવાદને અજ્ઞાનવાદ તરીકે ઓળખાવવામાં આવે છે.

ભગવાન મહાવીરનો સમકાલીન મખ્ખલિ ગોશાલક આજીવક સંપ્રદાયનો સંસ્થાપક હતો. એનો વાદ નિયતિવાદ તરીકે અથવા સંસારશુદ્ધિવાદ તરીકે ઓળખાતો હતો. તે એમ માનતો હતો કે માણસમાં સારું અથવા ખોટું કરવાનું કંઈ પણ બળ, વીર્ય અથવા પરાક્રમ નથી. પ્રાણીઓની અપવિત્રતાનું કંઈ પણ કારણ નથી. કંઈ પણ કારણ વગર પ્રાણીઓ શુદ્ધ અને પવિત્ર થાય છે, આ સંસારમાં સુખદુઃખ પરિમિત અને નિયત છે. તેમાં કંઈ પણ ફેરફાર કરાવી શકાય એમ નથી, બધું નિયતિ પ્રમાણે બન્યા કરે છે. નિયતિને કારણે જ જીવો જન્મે છે, જુદી જુદી અવસ્થાઓ ભોગવે છે અને શરીરથી વિખૂટા પડે છે, મૃત્યુ પામે છે.

પ્રાચીન સમયના જે બધા વાદો પ્રચલિત હતા તે બધા વિશે

સ્વતંત્ર ગ્રંથો ઉપલબ્ધ નથી. પરંતુ ભિન્નભિન્ન ગ્રંથોમાં જે છૂટા-છવાયા ઉલ્લેખો મળી આવે છે તે ઉપરથી આપણને તે વિશે કેટલીક માહિતી મળે છે. કેટલાક વાદનાં તો માત્ર નામનિર્દેશ મળે છે. એ વાદ શું કહેવા માગે છે અને તેના સ્થાપક અને પુરસ્કર્તા કોણ હતા તેની વિશેષ માહિતી મળતી નથી.

સૂત્રકૃતાંગ, આચારાંગ, ભગવતીસૂત્ર, નંદિસૂત્ર ઇત્યાદિ જૈન આગમગ્રંથોમાં જુદા જુદા વાદોનો ઉલ્લેખ થયેલો છે. એ સમયે એવા ભિન્નભિન્ન ૩૬૩ વાદો પ્રચલિત હતા એવો નિર્દેશ મળે છે. આ બધા વાદોનું ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદ એમ ચાર મુખ્ય વાદોમાં વર્ગીકરણ પણ કરવામાં આવ્યું છે અને એમાં ૧૮૦ ક્રિયાવાદ, ૮૪ અક્રિયાવાદ ૬૭, અજ્ઞાનવાદ અને ૩૨ વિનયવાદ ગણાવવામાં આવ્યા છે જે બધા મળીને ૩૬૩ જેટલા થયા છે. આ જુદા જુદા વાદના પુરસ્કર્તાઓ કોણ કોણ હતા તેનાં કેટલાંક નામો નોંધાયેલાં છે, જેમકે કૌત્કલ, કાંડેવિદ્ધિ, કૌશિક, હરિશ્મશ્રુ, માંછયિક, રોમસ, હારિત, મુંડ, અશ્વલાયન વગેરે ક્રિયાવાદીઓ હતા. મરીચ, કુમાર, કપિલ, ઉલ્લુક, ગાર્ગ્ય, વ્યાઘ્રભૂતિ, વાધ્ધલિ, માઠર, મૌદ્ગલાયન વગેરે અક્રિયાવાદીઓ હતા. શકલ્ય, વાત્કલ, કૌથુમિ, નારાયણ, માધ્યંદિન, મૌદ, પિપ્લાદે, બાદરાયણ, આંબષ્ઠિ, વસ, જૈમિની વગેરે અજ્ઞાનવાદીઓ હતા અને પારાશર જાતુકર્ણિ, વાલ્મીકિ, રોમર્ષિ, સત્યદત્ત, વ્યાસ, એલાપુત્ર, ઔપમન્વય, ઐન્દ્રદત્ત વગેરે વિનયવાદીઓ હતા.

ક્રિયાવાદ : જે વાદ એમ માને છે કે આત્મા ક્રિયા કરે છે અથવા અમુક ક્રિયા કરવાથી આત્મા બંધન પામે છે અને અમુક ક્રિયા કરીને તે બંધનમાંથી મુક્તિ પામે છે તે ક્રિયાવાદ. તે વાદ કહે છે કે માણસ જે સુખ-દુઃખ પામે છે, શોક કે પરિતાપ અનુભવે છે તે બધું તેનાં પોતાનાં કરેલાં કર્મનું ફળ છે. સંસાર શાશ્વત છે. જન્મમરણનું ચક્ર ચાલ્યા કરે છે. ક્રોધ, માન, માયા, લોભ વગેરેને કારણે જીવ આ જન્મ-મરણના ચક્રમાંથી છૂટી શકતો નથી. પરંતુ જે જીવ પોતાનાં કર્મોનો અંત લાવે

છે તે જીવ આ ચક્રમાંથી મુક્તિ પામે છે. કર્મો પોતાના આત્માને કેવી રીતે લાગે છે અને તેમાંથી કેવી રીતે મુક્ત થઈ શકાય એનું જ્ઞાન થાય અને એ માટે ભવ્ય પુરુષાર્થ આદરી છેવટે તેમાંથી જે મુક્ત થાય તે જીવ મોક્ષનો અધિકારી બને છે અને તેને ફરીથી જન્મમરણના ચક્રમાં આવવાનું રહેતું નથી.

અક્રિયાવાદ : જે વાદ આત્માના અસ્તિત્વમાં માનતો નથી, અથવા આત્માના અસ્તિત્વમાં માનવા છતાં આત્મા કંઈ ક્રિયા કરતો નથી, આત્મા કોઈ ક્રિયાથી એટલે કે પાપપુણ્યથી લેપાતો નથી, માણસો પોતે કરેલાં કર્મો માટે અથવા એનાં ફળ માટે પોતે જવાબદાર નથી, ઈશ્વર જ માણસ પાસે સારાં કર્મ અથવા ખરાબ કર્મ કરાવે છે, આત્મા તો તદ્દન નિષ્ક્રિય છે ઇત્યાદિ માને છે તેને અક્રિયાવાદ તરીકે ઓળખાવાવમાં આવે છે. ઈશ્વરવાદ, આત્મવાદ, નિયતિવાદ, સ્વભાવવાદ, યદૃચ્છાવાદ, કાલવાદ વગેરેનો અક્રિયાવાદમાં સમાવેશ કરવામાં આવે છે.

અજ્ઞાનવાદ : આ વાદ એમ માને છે કે લોકવ્યવહાર એ જ સાચું પ્રમાણ છે, માટે એને અનુસરીને જ લોકોએ પોતાનો વ્યવહાર ચલાવવો જોઈએ. વ્યવહાર ચલાવવા માટે શાસ્ત્રોની કંઈ જ જરૂર નથી. વળી, શાસ્ત્રોમાં પણ અંદર અંદર ઘણા વાદવિવાદ અને ઝઘડા છે, જેથી શાસ્ત્રોને આધારે કોઈ નિર્ણય થઈ શકતો નથી. શાસ્ત્રોના જ્ઞાનની કોઈ આવશ્યકતા નથી. શબ્દોનો જે અર્થ વ્યવહારમાં પ્રચલિત હોય તે માનીને જ વ્યવહાર ચલાવવો જોઈએ, કારણ કે કોઈપણ શાસ્ત્રના આધાર પરથી શબ્દાર્થનો નિર્ણય થઈ શકતો નથી. વસ્તુને તેના યથાર્થ સ્વરૂપમાં ક્યારેય સંપૂર્ણપણે જાણી શકાતું નથી. માટે તે જાણવાનો વૃથા પ્રયત્ન કરવો ન જોઈએ.

વિનયવાદ : વિનય એટલે આચાર વિશેના નિયમો. જે લોકો એમ માને છે કે આચારના કેટલાક નિયમો પાળવાથી શીલશુદ્ધિ થાય છે અને મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ માટે આ શીલશુદ્ધિ જ પર્યાપ્ત છે તેઓ

વિનયવાદી કહેવાય છે. આ વાદ પ્રમાણે જે માણસ કાયાથી કંઈ પાપ ન કરે, કોઈને પીડા થાય તેવી વાણી ન બોલે અને મનમાં કંઈ પાપવૃત્તિ ન રાખે એવો સદાચારી પુરુષ 'સંપન્નકુશલ' કહેવાય, એટલે કે એવો માણસ કરવાનું બધું કરી ચૂકચો છે અને હવે એને કશું કરવાનું બાકી રહેતું નથી. આ વાદમાં માનવાવાળા આચાર ઉપર જ બધો ભાર મૂકી, જ્ઞાન તરફ દુર્લક્ષ કરતા. ભગવાન મહાવીરે અને ભગવાન બુદ્ધે આ વાદનો વિરોધ કર્યો હતો ભગવાન બુદ્ધે કહ્યું હતું કે જો માત્ર મન, વચન અને કાયાથી કંઈ પાપ ન આચરે તો તે સંપન્નકુશલ કહેવાય, તો પછી તરતનું જન્મેલું બાળક સંપન્નકુશલ કહેવાય કારણ કે એણે મન, વચન, કાયાથી હજુ કંઈ પાપ કર્યું નથી.

અજ્ઞેયવાદ : પ્રાચીનકાળમાં એક એવો વર્ગ હતો કે જે પાપ, પુણ્ય, જીવ, આત્મા, જગત વગેરે વિશે અનુભવથી, તર્કથી કે દલીલથી કશો નિર્ણય કરવાને શક્તિમાન ન હોય ત્યારે, ખાસ કરીને ખોટા પડવાના ભયે અથવા બીજા વાદીઓથી પરાજિત થવાના ભયે, કશો જ નિશ્ચિત ઉત્તર આપતા નહિ. તેઓ ગોળગોળ જવાબ આપતા અથવા એમ કહેતા કે 'હું આમ પણ માનતો નથી' અને 'હું એમ પણ માનતો નથી.' અને 'તમારી વાત સાચી છે એમ હું કહેતો નથી' અને 'તમારી વાત ખોટી છે એમ પણ નથી કહેતો.' તેઓ પોતાનો સ્વતંત્ર ભિન્ન અભિપ્રાય આપવાનો પણ ઇન્કાર કરતા, પરંતુ પોતાનો જુદો સ્વતંત્ર ભિન્નવાદ છે અને તે 'અજ્ઞેયવાદ' છે એમ તેઓ ભારપૂર્વક જણાવતા.

જેમ કોઈ પણ સમયે બને છે તેમ પ્રાચીન સમયમાં પણ ભારતમાં લોકોમાં વહેમ કે અંધશ્રદ્ધા ભરેલી કેટલીક માન્યતાઓ પ્રવર્તતી હતી. કેટલીક માન્યતાઓનાં મૂળ શાસ્ત્રોમાં કદાચ હોય, પરંતુ લોકજીવનમાં તે માન્યતાઓ વિકૃત કે અશુદ્ધ સ્વરૂપે દૃઢ થઈ હોય અને તેવી માન્યતાઓ ધરાવનારનો એક વર્ગ જ્યારે ઊભો થાય અને એના પુરસ્કર્તાઓ નીકળી પડે ત્યારે તેવા વાદને લોકવાદ અથવા લોકચિંતા

તરીકે ઓળખાવવામાં આવતો. પ્રાચીન સમયમાં અપુત્રની સદ્ગતિ થતી નથી, ગાયને મારનારની અથવા ગાયની અડફેટમાં આવી મૃત્યુ પામનારની સદ્ગતિ થતી નથી, કૂતરાં યમને જોઈ શકે છે વગેરે લોકમાન્યતાઓની ગણના લોકવાદમાં થતી.

લોકવાદની જેમ સંશયવાદ, મિથ્યાવાદ વગેરે પણ સામાન્ય સંજ્ઞાઓ હતી. જે વાદો દરેક બાબતમાં સંશય કર્યા કરે, નિશ્ચિત બાબતમાં પણ સંશય કરે ત્યારે તેવા વાદની ગણના સંશયવાદમાં થતી. જે વાદો ખોટે માર્ગે જઈ રહ્યા હોય એમ પોતાના મત પ્રમાણે લાગે ત્યારે તેવા વાદોને મિથ્યાવાદ તરીકે ઓળખાવવામાં આવતા.

'અષ્ટકપ્રકરણ'ના વાદાષ્ટકમાં જણાવ્યું છે તે પ્રમાણે તત્ત્વદર્શીઓ બધા વાદોનું વર્ગીકરણ ત્રણ પ્રકારના મુખ્ય વિભાગમાં કરતા : (૧) શુષ્કવાદ, (૨) વિવાદ, અને (૩) ધર્મવાદ.

शुष्कवादो विवादश्च धर्मवादस्तथापरः ।
कीर्तितस्त्रिविधोवाद, इत्येवं तत्त्वदर्शिभिः ॥

જેમ ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે તેમ સાહિત્યના ક્ષેત્રે પણ ઘણા વાદો પ્રાચીન ભારતમાં પ્રવર્તતા હતા. જેમ ધર્મને વિશે તેમ સાહિત્યને વિશે કેટકેટલી પ્રક્રિયાઓનું નિરાકરણ સહેલાઈથી થતું નથી. કવિતા એટલે શું ? શા માટે બધા જ લોકો કવિતા લખી શકતા નથી ? કવિને કવિતા લખવાની પ્રેરણા ક્યાંથી, ક્યારે અને શા માટે મળે છે ? બધી જ કવિતાઓ શા માટે એકસરખી નથી ? ઉત્તમ કવિઓને હાથે પણ શા માટે નિર્બળ કવિતાનું સર્જન થાય છે ? ઉત્તમ કવિતાનું પ્રધાન લક્ષણ શું ? અલંકાર, ગુણ, રીતિ, ઔચિત્ય, વક્રોક્તિ, ધ્વનિ, રસ, રસધ્વનિ વગેરે તત્ત્વોમાંથી કવિતામાં મહત્ત્વનું તત્ત્વ કયું અને શા માટે ? કવિતાના સર્જનવ્યાપારમાં શું શું થાય છે ? નાટક જોતી વખતે રસની અનુભૂતિ ભાવકને કેવી રીતે થાય ? ઇત્યાદિ સંખ્યાબંધ પ્રશ્નો એવા છે કે જેના ઉત્તરમાંથી વિવિધ વાદોનો જન્મ થાય છે. આપણા અલંકારશાસ્ત્રમાં અલંકારવાદ, ગુણવાદ, રીતિવાદ,

ઔચિત્યવાદ, વક્રોક્તિવાદ, અનુમિતિવાદ, ધ્વનિવાદ, રસવાદ વગેરે વાદો સુપ્રસિદ્ધ છે.

ભાષા અને વ્યાકરણના ક્ષેત્રે, શબ્દની ઉત્પત્તિ કેવી રીતે થાય છે? શબ્દનો સંકેત કયાં લક્ષણોમાં સમજાયો? વર્ણ અને શબ્દનો ક્રમ કયા નિયમને આધારે યોજાય છે? અને કયા નિયમને આધારે સમજાય છે? શબ્દનો ચાલુ પ્રચલિત અર્થ ક્યારે અને શા માટે સમજાય છે? વગેરે પ્રશ્નોના જવાબ રૂપે સ્ફોટવાદ, અભિધાવાદ, લક્ષણાવાદ, વ્યંજનાવાદ, તાત્પર્યવાદ, અનુમાનવાદ, વ્યક્તિવાદ, જાતિવાદ, જાત્યાદિવાદ, જાતિ-વિશિષ્ટવ્યક્તિવાદ, અપોહવાદ, અભિહિતાન્વયવાદ, અન્વિતાભિધાનવાદ વગેરે વાદો પ્રચલિત થયા હતા. યોગ અને અધ્યાત્મના ક્ષેત્રે અમુક પ્રકારની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સિદ્ધિઓ અને લબ્ધિઓ કેવી રીતે પ્રગટ થાય છે, અને ચિત્તની વિવિધ શક્તિઓ તેમાં કેવી રીતે કામ કરે છે એ પ્રશ્ન ગહન છે. યમ અને નિયમથી, ધારણાથી, ધ્યાનથી, જપથી, હઠયોગથી, રાજયોગથી એમ એક યા બીજા તત્ત્વ ઉપર ભાર મૂકતાં તે તે વાદનો જન્મ થયો છે.

અનેકાંતવાદ એ જૈન ધર્મનો એક મહત્ત્વનો વાદ અથવા સિદ્ધાંત છે. કોઈપણ વસ્તુના અનેક અંત એટલે કે ગુણધર્મ હોય છે. વસ્તુના પ્રત્યેક ધર્મને, ગુણને, અંતને પૂરી તપાસી તેમાંથી સમગ્રપણે સત્ય તારવવું જોઈએ. કોઈપણ વિષય, વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઇત્યાદિને વધુમાં વધુ દૃષ્ટિકોણથી, વધુમાં વધુ વીગતોથી અને વધુમાં વધુ ઊંડાણથી તપાસવાં અને તેમાં દેખાતાં પરસ્પર વિરોધી એવાં તત્ત્વોનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવું તે અનેકાંતવાદ. સત્ય એક છે, પરંતુ તેનાં સ્વરૂપ અનંત હોઈ શકે છે. એ સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું તે અનેકાન્તવાદ છે.

અનેકાન્તવાદ માટેનો પારિભાષિક શબ્દ છે સ્યાદ્વાદ. સ્યાત્ એટલે કવચિત અર્થાત્ કેટલુંક. એટલે કે કેટલુંક જાણવા મળ્યું છે,

પરંતુ ઘણું જાણવાનું બાકી છે. અનેકાન્તવાદ સિદ્ધાન્ત છે અને એ સિદ્ધાન્તને અમલમાં મૂકવાની રીતિ, પદ્ધતિ કે શૈલી તે સ્યાદ્વાદ અથવા સપ્તનય કે સપ્તભંગી છે. એને સમજવા માટે અંધહસ્તિન્યાયનું ઉદાહરણ સુપ્રસિદ્ધ છે. સાત આંધળા માણસોએ પોતાના હાથ વડે સ્પર્શ કરીને હાથીનો આકાર જાણવાનો પ્રયત્ન કર્યો અને દરેકને તે જુદા જુદા આકારનો લાગ્યો. પરંતુ મહાવતે તેઓને હાથ વડે સ્પર્શ કરાવીને હાથીના આખા આકારનો ખ્યાલ આપ્યો. હાથીના ખંડ-દર્શનને બદલે એનું અખંડદર્શન કરાવનાર મહાવત તે સ્યાદ્વાદના અથવા અનેકાંતવાદના સ્થાને છે.

અનેકાન્તવાદ એટલે વિચારમાં પણ અહિંસા, કારણ કે અનેકાન્ત-વાદ એટલે વિરોધી પક્ષનાં મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી અને પોતાના પક્ષનાં મંતવ્યોની પણ પ્રામાણિકપણે, માધ્યસ્થભાવે, સત્યની જિજ્ઞાસાથી આલોચના કરવી અને મિથ્યાભિમાનનો ત્યાગ કરી, પોતાની ભૂલ હોય તે સુધારવી તથા ઉદારતા અને વિવેકબુદ્ધિથી ઉત્તમ તત્ત્વોનો સમન્વય કરવો.

ભગવાન મહાવીરે પરસ્પર વિરુદ્ધ એવા વિવિધ દાર્શનિક વાદોનો સમન્વય કર્યો છે. ઉદા૦ એક બાજુ ઉપનિષદસંમત બ્રહ્મવાદ અને બીજી બાજુ અનાત્મવાદ કે ક્ષણિકવાદ એ બંનેનો સમન્વય દ્રવ્યનય અને પર્યાયનયનો સ્વીકાર કરીને કર્યો. તેવી જ રીતે વ્યવહારનય અને નિશ્ચયનય એમ બંનેનો સ્વીકાર કરી વ્યવહારસત્ય અને પારમાર્થિક સત્યનો સમન્વય કર્યો. આમ કરવામાં તેમની અહિંસા અને સત્યની ભાવના રહેલી છે. કોઈપણ વાદમાં રહેલા સત્યના નાના સરખા અંશની પણ ઉપેક્ષા ન થઈ જાય તે માટે અને વિસંવાદ તથા સંઘર્ષ દૂર કરવા માટે, પૂરી જાગૃતિ રાખવા માટે અનેકાન્તવાદ એ સૌથી સમર્થ વાદ છે, વાદશિરોમણિ છે.

□

કુવલયમાલા

ભારતીય સંસ્કૃતિએ એના સાચવેલા વારસામાં ભાષા અને સાહિત્યને વારસો પણ ઘણો મોટો અને મહત્ત્વનો છે. વેદાદિ ગ્રંથોની અને રામાયણ મહાભારત વગેરેની સંસ્કૃત ભાષા તો સૌથી અગત્યની છે, પરંતુ આપણું એ મોટું સદ્ભાગ્ય છે કે અઢી હજાર વર્ષ પૂર્વે લોકોમાં બોલાતી પ્રાકૃત ભાષા પણ આપણી પાસે સચવાયેલી મળે છે, જે ભાષા-વિકાસના ઇતિહાસ ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડે છે. લોકભાષા પ્રાકૃતનો આદર કરવાનું અને લોકોને તેઓ સમજી શકે એ માટે તેમની જ ભાષામાં ઉપદેશ આપવાનું કાર્ય ભગવાન મહાવીરે કર્યું અને પોતાના શિષ્યોને પણ તેમ કરવા જણાવ્યું. ભગવાન બુદ્ધે પણ ત્યાર પછી લોકભાષા પ્રાકૃતમાં ઉપદેશ આપ્યો. પરિણામે જૈન અને બૌદ્ધ ધર્મમાં આગમો અને ત્રિપિટકો ઉપરાંત પુષ્કળ સાહિત્ય પ્રાકૃત ભાષામાં મળે છે. પરંતુ સમય જતાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ ભારતમાં સાવ ઘટી ગયો, જ્યારે જૈન ધર્મની જીવંત પરંપરા આજ સુધી અખંડિત ચાલુ રહી. એથી અર્ધમાગધીના પ્રકારની પ્રાકૃત ભાષાના અભ્યાસ અને લેખનનું સાતત્ય જૈન સાધુઓ વગેરે દ્વારા ભારતમાં સતત જળવાઈ રહ્યું.

પ્રાકૃત ભાષામાં ધર્મગ્રંથોના પ્રકારનું તો પુષ્કળ સાહિત્ય લખાયું છે. પરંતુ કવિતા, વાર્તા જેવા લલિત સાહિત્યનું પણ ઠીકઠીક સર્જન થયું છે. એવા ગ્રંથોની રચનામાં પાદલિપ્તાચાર્ય, હરિભદ્રસૂરિ, વિમલસૂરિ, ઉદ્દ્યોતનસૂરિ, સિદ્ધર્ષિગણિ વગેરેએ મૂલ્યવાન ફાળો આપ્યો છે. પ્રાકૃત કથાઓના પ્રાચીન ગ્રંથોમાં બાણ ભટ્ટની 'કાદંબરી'ની તોલે આવે, 'કાદંબરી'નો મુકાબલો કરી શકે, બલ્કે, કોઈ કોઈ બાબતમાં તો 'કાદંબરી' કરતાં પણ અધિક ચડે એવી કૃતિ તે પ્રાકૃત મહાકથા 'કુવલયમાલા' છે.

પ્રાકૃત ભાષાના અનેરા આભૂષણ જેવાં લગભગ ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથશિરોમણિ 'કુવલયમાલા'ની રચના વિક્રમના નવમા સૈકામાં, વિ.સં.૮૩૫માં શ્રી તત્ત્વાચાર્યના શિષ્ય શ્રીઉદ્દ્યોતનસૂરિએ કરી હતી. પરંતુ એક યા બીજા કારણે આ અપૂર્વ ગ્રંથનો અભ્યાસ અન્ય પ્રાચીન જૈન કથાગ્રંથોની સરખામણીમાં બહુ થયો હોય એમ જણાતું નથી. આ ગ્રંથની બહુ હસ્તપ્રતો તૈયાર થઈ હોય અથવા એના ઉપર કોઈ ટીકાની રચના થઈ હોય એવું પણ જોવા મળતું નથી. પરંતુ બીજી બાજુ આ ગ્રંથ તદ્દન અપરિચિત રહ્યો હશે એવું પણ નથી. વિક્રમના અગિયારમા-બારમા સૈકામાં નેમિચંદ્રસૂરિએ 'આખ્યાનમણિકોશ'માં 'કુવલયમાલા'ની માયાદિત્યની કથાનો નિર્દેશ કર્યો છે અને આમ્રદેવસૂરિએ તેના ઉપર રચેલી વૃત્તિમાં માયાદિત્યની કથા સંક્ષેપમાં આપી છે. આ કથા 'કુવલયમાલા'ની કથાને આધારે આપવામાં આવી છે એમાં કંઈ સંશય નથી. એમાં કેટલીક પંક્તિઓ સીધેસીધી 'કુવલયમાલા'માંથી લીધેલી છે. *

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યના ગુરુ શ્રીદેવચંદ્રસૂરિએ પોતાની કૃતિ 'સંતિનાહચરિય'માં 'કુવલયમાલા'ના કર્તાની નીચે

* જુઓ પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી તરફથી પ્રકાશિત થયેલ 'આખ્યાન મણિકોશ' પૃ. ૨૧૮ થી ૨૨૫.

પ્રમાણે સ્તુતિ કરી છે :

दक्खिण्णइंद(ध) सूरि णमामि वरवण्णभासिया सगुणा ।
कुवलयमाला व्व महाकुवलयमाला कहा जस्स ॥

વિક્રમના ચૌદમા સૈકામાં પ્રભાચંદ્રસૂરિએ 'પ્રભાવકચરિત'માં 'કુવલયમાલા'નો નિર્દેશ મહાકવિ સિદ્ધર્ષિના સંબંધમાં કર્યો છે. 'પ્રભાવકચરિત' પ્રમાણે ઉદ્દ્યોતનસૂરિ અને સિદ્ધર્ષિ બંને ગુરુબંધુઓ હતા અને ઉદ્દ્યોતનસૂરિએ હરિભદ્રસૂરિની 'સમરાઈચ્ચકહા'ની અને પોતાની 'કુવલયમાલા'ની રચનાશક્તિ બતાવીને સિદ્ધર્ષિની 'ઉપદેશમાલા બાલાવબોધિની ટીકા'નો ઉપહાસ કર્યો. એટલે એના જવાબમાં સિદ્ધર્ષિએ 'ઉપમિતિભવપ્રપંચા' નામની રમ્ય મહાકથાની રચના કરી અને એથી એમને 'વ્યાખ્યાતૃ'નું બિરુદ આપવામાં આવ્યું. 'પ્રભાવકચરિત'માં આપેલો આ પ્રસંગ માત્ર દંતકથા જ છે. તે પ્રસંગ સાચો નથી કારણ કે 'ઉપમિતિ ભવપ્રપંચા કથા'ની રચના 'કુવલયમાલા'ની રચના પછી ૧૨૭ વર્ષે થઈ છે. પરંતુ પ્રભાચંદ્રસૂરિના સમયમાં કુવલયમાલાની કથા જાણીતી હશે એમ આ દંતકથા પરથી જણાય છે.

વિક્રમના ચૌદમા સૈકામાં રત્નપ્રભસૂરિએ પ્રાકૃત કુવલયમાલા ઉપરથી સંસ્કૃતમાં લગભગ ચાર હજાર શ્લોક પ્રમાણ સંક્ષિપ્ત 'કુવલયમાલા'ની રચના કરી છે. * આરંભમાં જ શ્રીરત્નપ્રભસૂરિએ લખ્યું છે :

---

* વર્તમાન સમયમાં રત્નપ્રભસૂરિની સંસ્કૃત 'કુવલયમાલા'નું સંપાદન પૂ. પ્રવર્તક શ્રીકાંતિવિજયજીના શિષ્ય પૂ. શ્રીચતુરવિજયજી મહારાજે ઈ. સ. ૧૯૧૬માં કર્યું હતું. એ સમયે પ્રાકૃત 'કુવલયમાલા' વિશે સંશોધન થવા લાગ્યું. એમાં સ્વ. ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ તથા મુનિશ્રી જિનવિજયજીએ મહત્ત્વનું કાર્ય કર્યું. પ્રાકૃત 'કુવલયમાલા'ની હાલ બે હસ્તપ્રત મળે છે. એક પૂનાના ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની અને બીજી જેસલમેરના ભંડારની. એ બંને પ્રતોને આધારે ડૉ. આદિનાથ ઉપાધ્યાયે આ કૃતિનું શ્રમ અને ચીવટપૂર્વક

कुवलयमालेव कथा कुवलयमालाह्वया कुवलयेऽस्मिन् ।
अर्थप्रपंचपरिमल–परिमिलिताभिज्ञरोलम्बा ॥
दाक्षिण्यचिह्नमुनिपेन विनिर्मिता या प्राक् प्राकृताविबुधमानसराजहंसीं ॥
तां संस्कृतेन वचसा रचयामि चम्पूं सद्यः प्रसद्य सुधियः प्रविलोकयन्तु ॥

કથાઓની સંકુલતાને કારણે કે ભાષાની કઠિનતાને કારણે કે શૃંગારરસના આલેખનને કારણે કે બીજા કોઈ પણ કારણે પ્રાકૃત 'કુવલયમાલા'નો પ્રચાર પ્રાચીન સમયમાં થવો જોઈએ તેટલો થયેલો જણાતો નથી. સંસ્કૃત સંક્ષિપ્ત 'કુવલયમાલા'ને કારણે પણ તેમ થયું હોય તો નવાઈ નહિ. પરંતુ સંસ્કૃત 'કુવલયમાલા'નો પ્રચાર પણ અન્ય જૈન કથાગ્રંથોની અપેક્ષાએ ખાસ બહુ થયો નથી. 'સીમંધર શોભાતરંગ'માં કામગજેન્દ્રની કથા નિરૂપવામાં આવી છે તે સિવાય 'કુવલયમાલા'ની કથાઓ અન્ય કથાસંગ્રહોમાં લેવાઈ હોય અથવા તેના પર રાસકૃતિની રચના થઈ હોય એવું જોવા મળતું નથી.

પ્રાચીન કૃતિઓમાં ગ્રંથકર્તા કેટલીક વાર પોતાના નામનો ઉલ્લેખ સુધ્ધાં કરતા નથી. એ દૃષ્ટિએ શ્રીઉદ્દ્યોતનસૂરિએ આ ગ્રંથને અંતે પોતે આપેલી પ્રશસ્તિમાં પોતાની ગુરુપરંપરા તથા કુલપરંપરાનો પરિચય આપ્યો છે અને કૃતિનાં રચનાસ્થળ તથા સમય વિશે પણ ચોક્કસાઈપૂર્વક નિર્દેશ કર્યો છે. શ્રીઉદ્દ્યોતનસૂરિએ આ ગ્રંથમાં આપેલી એ બધી માહિતીથી કેટલાક પ્રશ્નોની બાબતમાં ઘણો સારો પ્રકાશ પડયો છે, પરંતુ શ્રીઉદ્દ્યોતનસૂરિ વિશે એમના અન્ય કોઈ ગ્રંથ, શિષ્યપરિવાર કે કાળધર્મનાં સ્થળ-સમય વિશે પ્રાચીન ગ્રંથોમાંથી ખાસ કોઈ વિશેષ માહિતી હજી સુધી સાંપડી નથી.

શ્રીઉદ્દ્યોતનસૂરિએ પોતે આપેલી માહિતી પ્રમાણે તેમના પ્રપિતાનું

સંપાદન તૈયાર કર્યું અને ૧૯૫૯માં તે ભારતીય વિદ્યાભવનની સિંઘી જૈન ગ્રંથમાળામાં પ્રગટ થયું છે. આ લેખમાં 'કુવલયમાલા'ની કંડિકાનો સંખ્યાંક જ્યાં આપ્યો છે તે આ ગ્રંથ પ્રમાણે છે.

નામ પણ ઉદ્દ્યોતન હતું. તેઓ મહાદ્વાર નગરના ક્ષત્રિય રાજા હતા. તેઓ ત્રિકર્માભિરત હતા. તેમના પુત્રનું નામ વટેશ્વર (વડેસર) હતું. વટેશ્વરના પુત્ર તે કવિ ઉદ્દ્યોતન. એમણે તત્ત્વાચાર્ય પાસે દીક્ષા લઈ આચાર્યની પદવી મેળવી હતી. એમનું ઉપનામ 'દાક્ષિણ્યચિહ્નસૂરિ' હતું.

પોતાની ગુરુપરંપરા વિશે જણાવતાં શ્રીઉદ્દ્યોતનસૂરિએ લખ્યું છે કે ઉત્તરાપથની ચંદ્રભાગા નદીના કિનારે આવેલી પર્વતિકા નગરીના શ્રી તોરમાણ રાજાના ગુરુ હરિગુપ્તસૂરિ થઈ ગયા. તેમના શિષ્ય દેવગુપ્ત મહાકવિ હતા. તેમના શિષ્ય શિવચંદ્રગણિ તીર્થયાત્રા કરતા કરતા ભિન્નમાલ(શ્રીમાલ)માં આવીને સ્થિર થયેલા. એમના શિષ્ય યક્ષદત્તગણિ હતા. તેમના ૭ સુપ્રસિદ્ધ શિષ્યો નાગ, વૃંદ, મમ્મટ, દુર્ગ, અગ્નિશર્મ અને વટેશ્વર હતા. એમાંથી વટેશ્વરાચાર્યના શિષ્ય તે તત્ત્વાચાર્ય અને તેમના શિષ્ય તે ઉદ્દ્યોતનસૂરિ. તેઓ ચંદ્રકુલની પરંપરામાં થઈ ગયા. તેમણે સિદ્ધાન્તશાસ્ત્રનું અધ્યયન શ્રીવીરભદ્રાચાર્ય પાસે કર્યું હતું અને ન્યાયશાસ્ત્રનું અધ્યયન શ્રીહરિભદ્રસૂરિ પાસે કર્યું હતું.

ગુજરાતમાં જાબાલિપુરમાં શ્રીવત્સરાજ નામનો રાજા જ્યારે રાજ્ય કરતો હતો ત્યારે ત્યાં વીરભદ્રાચાર્યે ઋષિભજિનેશ્વરનું એક ઊંચું ભવ્ય મંદિર કરાવ્યું હતું. એ મંદિરના ઉપાશ્રયમાં સ્થિર થઈને ઉદ્દ્યોતનસૂરિએ આ ગ્રંથની રચના કરી હતી. તે સમયે શક સંવત ૭૦૦મો (વિ. સં. ૮૩૫) ચાલતો હતો. શ્રીહરિભદ્રસૂરિ તથા શ્રીવીરભદ્રસૂરિ એમના પૂર્વકાલીન હતા.

ઉદ્દ્યોતનસૂરિએ 'કુવલયમાલા' ઉપરાંત બીજા કોઈ ગ્રંથની રચના કરી છે કે નહિ તે વિશે આપણને કશું જાણવા મળતું નથી. એમની કૃતિ તરીકે માત્ર 'કુવલયમાલા'નો જ પ્રાચીન સમયથી ઉલ્લેખ થતો આવ્યો છે. શ્રી ઉદ્દ્યોતનસૂરિએ આપણાં અંગોપાંગાદિ આગમશાસ્ત્રો

ઉપરાંત વ્યાકરણ, ન્યાય, છંદ, કાવ્યાલંકાર, જ્યોતિષ વગેરે શાસ્ત્રોનો પણ સારો અભ્યાસ કર્યો હશે, એમ એમનો ગ્રંથ વાંચતાં જણાય છે. વળી, એમણે ગ્રંથારંભમાં પૂર્વકવિઓ છપ્પણ્ણય, પાદલિપ્તસૂરિ, શાતવાહન (હાલ), ગુણાઢ્ય, વ્યાસ, વાલ્મીકિ, બાણ, વિમલસૂરિ, દેવગુપ્ત, બંદિક, હરિવર્ષ, પ્રભંજન, જડિલ, રવિષેણ, હરિભદ્રસૂરિ વગેરેની સ્તુતિ કરી છે તથા ગૌરવશાલી ગ્રંથરચના વડે 'અભિમાન', 'પરાક્રમ' અને 'સાહસ' અંકવાળા કવિઓનું પણ સ્મરણ કર્યું છે. એ પરથી એ મહાકવિઓની કૃતિઓથી પોતે પરિચિત હોય એ સ્વાભાવિક છે. તદ્ઉપરાંત, સામુદ્રિકવિદ્યા, વૈદ્યક, અશ્વપરીક્ષા, ધાતુવાદ, ભાષાલક્ષણ વગેરે ઘણા ભિન્નભિન્ન વિષયોનો અભ્યાસ એમણે કર્યો હશે, એમ 'કુવલયમાલા' વાંચતાં જણાય છે.

ઉદ્દ્યોતનસૂરિએ 'કુવલયમાલા'માં એના રચનાસમયનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. તેઓ પ્રાન્ત ભાગમાં લખે છે–

सगकाले वोलिणे वरिसाण सएहिं सत्तहिं गएहिं ।
एग-दिणेणूणेहिं रइया अवरण्ह-वेलाए ॥

* * *

तत्थ ठिएणं अह चोद्दसीए चेत्तस्स कण्ह-पक्खम्मि ।
णिम्मविया बोहिकरी भव्वाणं होउ सव्वाणं ॥

એટલે કે શક સંવત ૭૦૦ પૂર્ણ થવામાં એક દિવસ બાકી હતો ત્યારે ચૈત્ર વદ ૧૪ને દિવસે ત્રીજા પહોરે આ ગ્રંથની રચના તેમણે પૂર્ણ કરી હતી. આ સમય એટલે વિક્રમ સંવત ૮૩૫ના ચૈત્ર વદ ૧૪ ને દિવસે, ઈ. સ. ૭૭૯ના માર્ચની ૨૧મી તારીખે આ ગ્રંથની રચના પૂર્ણ થઈ છે.

'કુવલયમાલા'ની રચના અંગે કવિએ જેનો વારંવાર નિર્દેશ ગ્રંથસમાપ્તિની કંડિકામાં કર્યો છે તે હ્રીં દેવીએ પોતાને કરેલી સહાય

વિશે છે. પોતાને આ ગ્રંથ રચવાની સૂચના, પ્રેરણા અને પ્રસાદ એ દેવીએ આપ્યાં છે, એટલું જ નહિ, સર્વ આખ્યાનક પણ એ દેવીએ જ કહ્યું છે અને પોતે તો નિમિત્તમાત્ર છે એમ કર્તાએ જણાવ્યું છે.

આ દેવીની સહાયથી જ તેઓ પ્રહર માત્રમાં સો જેટલી ગાથાની રચના કરી શકયા છે એવો ઉલ્લેખ પણ તેમણે કર્યો છે.

પોતાને દર્શન આપનાર તથા પોતાના ચિત્તમાં આવીને વસનાર આ દેવીનું વર્ણન કરતાં કવિએ લખ્યું છે કે તે કમળના આસન ઉપર બેઠેલી, કમળ જેવી કાંતિવાળી તથા હાથમાં કમળવાળી છે. એ દેવીની સહાયથી પોતે ગ્રંથની રચના કરી છે. છતાં જો કોઈ દોષ હોય તો તે પોતાનો જ છે એમ પણ કવિએ નમ્રતાપૂર્વક જણાવ્યું છે.

ગ્રંથના આરંભમાં કર્તાએ પોતાની કથારચનાની વિશિષ્ટતા વિશે કેટલુંક જણાવેલું છે. તેઓ કથાના પાંચ પ્રકાર જણાવે છે. સકલકથા, ખંડકથા, ઉલ્લાપકથા, પરિહાસકથા, વરાકથા અને એ સર્વ પ્રકારની કથાઓના સમન્વયવાળી પોતાની આ કથાને સંકીર્ણ-કથા તરીકે તેમણે ઓળખાવી છે.

આ કથામાં કોઈક સ્થળે રૂપક રચનાથી, કોઈક સ્થળે મનોહર લાંબાં વાકયોથી, કોઈક સ્થળે ઉલ્લાપથી, કોઈક સ્થળે કુલકોથી, કોઈક સ્થળે ગાથામાં, કોઈક સ્થળે ગીતિકા સહિત દ્રુપદ છંદમાં, કોઈક સ્થળે દંડક તથા નારાચ છંદથી, કોઈક સ્થળે ત્રોટક છંદથી રચના કરેલી છે. કોઈક સ્થળે તરંગથી પણ રચના કરેલી છે. વળી આ કથામાં કોઈક સ્થળે હાસ્યવચનથી તથા કોઈક સ્થળે માળાવચનોથી એમ વિવિધ પ્રકારે રચના કરેલી છે.

કથાની ભાષા અંગે નિર્દેશ કરતાં કવિ ગ્રંથના આરંભમાં ૭મી કંડિકામાં કથા શરૂ કરતાં પહેલાં જણાવે છે કે તાપસો અને જિન-સમુદાય જેનો વ્યવહાર કરે છે તે પ્રાકૃત-ભાષામાં, મહારાષ્ટ્રી તથા

દેશી ભાષામાં પોતે આ મી કથાની રચના કરેલી છે. વળી કોઈક સ્થળે કુતૂહલથી તથા કોઈક સ્થળે પરવચનવશથી સંસ્કૃત ભાષામાં, અપભ્રંશમાં, દ્રાવિડમાં કે પૈશાચી ભાષામાં પણ રચના કરવામાં આવી છે.

पाइय–भासा रइया मरहट्ठय देसि–वण्णय–णिबद्धा ।
सुद्धा सयल कह च्चिय तावस–जिण-सत्य–वाहिल्ला ॥
कोऊहलेण कत्यइ पर–वयण–वसेण सक्कय–णिबद्धा ।
किंचि अवब्भंस–कया दाविय–पेसाय–भासिल्ला ॥

આ કથાને કવિ સર્વગુણયુક્ત, શૃંગાર રસથી મનોહર, સુરચિત અંગવાળી અને સર્વ કલાગમથી સુભગ એવી સંકીર્ણ કથા તરીકે ઓળખાવે છે. વળી અન્ય રીતે કથાના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે, જેમકે ધર્મકથા, અર્થકથા અને કામકથા. જે કથા આ ત્રણે વર્ગને સાધી આપનારી હોય તેને સંકીર્ણકથા કહેવાય છે. 'કુવલયમાલા'માં પણ ધર્મકથા ઉપરાંત કામ અને અર્થની કથા આવતી હોવાથી તેને સંકીર્ણકથા તરીકે કર્તાએ ઓળખાવી છે. વળી, જે અર્થમાં કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યે 'સમરાઇચ્ચકહા'ને સકલકથા તરીકે ઓળખાવી છે, તે અર્થમાં 'કુવલયમાલા'ની કથાને પણ સકલકથા તરીકે ઓળખાવી શકાય છે. આ કથા ગદ્ય અને પદ્યમાં વીગતપ્રચૂર વર્ણનો તથા વિવિધ રસોના આલેખન સાથે રચવામાં આવી છે અને તેથી સ્વરૂપની દૃષ્ટિએ આ કૃતિને ચમ્પૂ કાવ્યના પ્રકારની કૃતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

'કુવલયમાલા'ની કથાની રચનામાં કર્તાએ પોતાની અસાધારણ શક્તિ દાખવી છે. આ આખીયે કથા ઉત્પાદ્ય એટલે કે મૌલિક પ્રકારની, કર્તાએ પોતાની કલ્પનાથી સર્જેલી છે. એમાં એક મુખ્ય કથાની અંદર બીજી ઘણી અવાંતર કથાઓ આવે છે. એમાંની કેટલીક અવાંતર કથાઓ તો મુખ્ય પાત્રોના જન્માંતરની કથારૂપે આવે છે. આ બધી કથાઓનું પૌર્વાપર્ય કર્તાએ એવી ખૂબીથી ગોઠવી કાઢ્યું છે કે

તેથી તે દરેક અવાંતર કથા સ્વતંત્ર રીતે પણ આસ્વાદ્ય બની શકી છે. એવી કેટલીક કથાનું પૌર્વાપર્ય તો જેમ જેમ કથા આપણે આગળ વાંચતાં જઈએ તેમ તેમ સ્પષ્ટ થતું જાય છે. કથાવસ્તુ અને સંકલનાની દૃષ્ટિએ ઔત્સુકય, વૈવિધ્ય, વ્યવસ્થિતતા, સંવાદિતા, ઔચિત્ય, સુશ્લિષ્ટતા વગેરે ગુણલક્ષણો આ કથાની રચનામાં જોવા મળે છે.

અયોધ્યા નગરીના દૃઢવર્મ રાજા અને પ્રિયંગુશ્યામા રાણીને દેવીની ઉપાસનાથી પુત્ર કુવલયચંદ્રની પ્રાપ્તિ થાય છે. સર્વકલાગુણસંપન્ન એ કુમાર સાથે રાજા એક દિવસ અશ્વક્રીડા માટે જાય છે ત્યારે કુમારનું અશ્વ સાથે દિવ્યહરણ થાય છે. આકાશમાર્ગે જતાં જતાં કુમાર અશ્વના પેટમાં છરી ભોંકે છે. એથી અશ્વ સાથે તે નીચે આવે છે. તે સમયે કોઈક અદૃશ્ય અવાજ એને કહે છે: 'કુમાર કુવલયચંદ્ર, દક્ષિણ દિશામાં એક ગાઉ દૂર જા, ત્યાં કોઈ વખત ન જોયેલું એવું કંઈક તારે જોવાનું છે.' કુમાર ત્યાં ગયો. ત્યાં એણે એક સાગરદત્ત મુનિવરને જોયા. તે સિંહને સંલેખના કરાવતા હતા. અશ્વ સાથે થયેલા પોતાના હરણ વિશે પૂછતાં મુનિવરે એક વૃત્તાન્ત કહ્યો. તે વૃત્તાન્ત પ્રમાણે એક વખત કૌશાંબી નગરીના પુરંદરદત્ત રાજા પોતાના મંત્રી સાથે ઉદ્યાનમાં જાય છે. ત્યાં આચાર્ય ધર્મનંદન ચાર ગતિ સ્વરૂપ સંસાર વિશે પોતાના શિષ્યોને ઉપદેશ આપી રહ્યા છે. રાજા ત્યાં બેઠેલા કેટલાક દીક્ષિતે—ચંડસોમ, માનભટ્ટ, માયાદિત્ય, લોભદેવ અને મોહદત્ત વિશે પ્રશ્ન કરે છે અને ધર્મનંદન આચાર્ય તેમના વૃત્તાન્તો જણાવે છે.

ધર્મનંદન મુનિવર ત્યાંથી વિહાર કરીને જાય છે. ચંડસોમ વગેરે પાંચે પરસ્પર ધર્માનુરાગવાળા દીક્ષિતો કાળધર્મ પામી એક જ દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને પરસ્પર ધર્મબોધ કરવાનો સંકેત કરે છે. ત્યાર પછી એક વખતે ધર્મનાથ તીર્થંકર દક્ષિણ ભરત-

ખંડના મધ્ય ભાગમાં વિચરી રહ્યા હતા ત્યારે દેવતાઓએ સમવસરણની રચના કરી. એમાં આવેલા આ પાંચે દેવો પોતાના ભાવિ કલ્યાણ વિશે ધર્મનાથ જિનેશ્વરને પ્રશ્ન પૂછે છે.

ત્યાર પછી તેમાંથી પદ્મપ્રભદેવ ચ્યવીને મનુષ્યલોકમાં સાગરદત્ત વેપારી બને છે અને પછી દીક્ષા લઈ સાગરદત્ત મુનિ બને છે. એ સાગરદત્ત મુનિ તેઓ પોતે છે. તેઓ કુવલયચંદ્રને આ બધો વૃત્તાન્ત કહી રહ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે માનભટ્ટનો જીવ કુલયચંદ્રકુમાર પોતે છે અને માયાદિત્યનો જીવ દેવલોકમાંથી ચ્યવી દક્ષિણ દેશના રાજાની પુત્રી કુમારી કુવલયમાલા તરીકે અવતર્યો છે. તેને પ્રતિબોધ પમાડવાના હેતુથી કુવલયચંદ્રકુમાર ત્યાંથી જ દક્ષિણ દિશામાં પ્રયાણ કરે છે. માર્ગમાં યક્ષ જિનશેખર, વનસુંદરી એણિકા, રાજપુત્ર દર્પફલિહ વગેરેના વૃત્તાન્તો જાણે છે. પછી દક્ષિણ દેશમાં વિજયાનગરી જઈ, પાદપૂર્તિ કરી કુમારી કુવલયમાલાને પરણે છે. તેને સાથે લઈ સ્વદેશ પાછો ફરે છે. માર્ગમાં ભાનુકુમાર મુનિનાં દર્શન કરી સંસારચક્રના ચિત્રપટનો વૃત્તાન્ત જાણે છે.

કુવલયચંદ્રના આગમન પછી દઢવર્મ રાજા દીક્ષા લે છે. કુવલયમાલા કુંવરને જન્મ આપે છે. પૂર્વભવનો મોહદત્તનો જીવ પદ્મકેસર દેવ થયા પછી આ કુંવર તરીકે અવતરે છે. એનું નામ પૃથ્વીસાર રાખવામાં આવે છે. સમય જતાં કુવલયચંદ્રકુમાર અને કુવલયમાલા દીક્ષા લે છે. ત્યાર પછી કેટલેક સમયે પૃથ્વીસાર પણ દીક્ષા લે છે. તેઓ કાળધર્મ પામી ફરીથી દેવ બને છે. સાગરદત્ત મુનિ અને સિંહ પણ દેવ બને છે. એ રીતે એ પાંચે ફરીથી દેવલોકમાં દેવ થઈ પોતાનો કાળ સુખમાં પસાર કરે છે.

ત્યાર પછી છેલ્લા તીર્થંકર શ્રીમહાવીરસ્વામીના સમયમાં કુવલયચંદ્રદેવનો જીવ કાકંદી નગરીમાં કંચનરથ રાજાનો શિકાર–વ્યસની પુત્ર મણિરથકુમાર થાય છે. કંચનરથ રાજાની વિનંતીથી મહાવીર પ્રભુ

એના એક પૂર્વભવની વાત કહે છે, જે સાંભળી વૈરાગ્ય પામેલો મણિરથકુમાર પ્રભુ પાસે દીક્ષા લે છે. મોહદત્તદેવનો જીવ રણગજેન્દ્રનો પુત્ર કામગજેન્દ્ર બને છે. તે પોતાને થયેલા અનુભવની સત્યતા મહાવીર પ્રભુ પાસેથી જાણીને દીક્ષા લે છે. લોભદેવનો જીવ દેવલોકમાંથી ચ્યવી ઋષભપુર નગરના રાજા ચંદ્રગુપ્તનો પુત્ર વજ્રગુપ્ત થાય છે. પ્રાભાતિકના શબ્દથી પ્રતિબોધ પામી મહાવીર પ્રભુ પાસે એ દીક્ષા લે છે. ચંડસોમનો જીવ દેવલોકમાંથી ચ્યવી યજ્ઞદેવ નામના બ્રાહ્મણનો સ્વયંભૂદેવ નામનો પુત્ર થાય છે અને ગરુડ પક્ષીના વૃત્તાન્તથી પ્રતિબોધ પામી મહાવીર પ્રભુ પાસે આવી દીક્ષા લે છે. માયાદિત્યદેવનો જીવ રાજગૃહ નગરમાં શ્રેણિક રાજાનો પુત્ર મહારથ થાય છે. પોતાના સ્વપ્નનો ખુલાસો મહાવીર પ્રભુ પાસેથી સાંભળી વૈરાગ્ય થતાં તે દીક્ષા લે છે. અંતમાં, એ પાંચે અંતિમ સાધના કરી અંતકૃત કેવલી થઈ મોક્ષે જાય છે.

'કુવલયમાલા'ની કથા એટલે મુખ્યત્વે મોહનીય કર્મની કથા. મોહનીય કર્મ એટલે રાગ અને દ્વેષ. તેમાં પણ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો અત્યંત બળવાન અને દુર્જેય હોય છે. એને જે જીતે અને રાગદ્વેષથી મુક્ત થાય તે જ અંતે મોક્ષગતિને પામી શકે.

'કુવલયમાલા'ની કથા એટલે જન્મજન્માંતરની કથા. જૈન કથાની એ વિશેષતા હોય છે, કારણ કે કર્મનો સિદ્ધાન્ત એમાં પ્રધાનપણે અંતર્ગત રહેલો હોય છે. 'કુવલયમાલા'ની કથા એટલે પાંચ ભવની કથા (કુમાર કુવલયચંદ્રની તો કુલ છ ભવની કથા છે). કર્તાએ માન માટે માનભટ્ટ, ક્રોધ માટે ચંડસોમ, માયા માટે માયાદિત્ય, લોભ માટે લોભદેવ અને મોહ માટે મોહદત્ત એવાં રૂપકશૈલીનાં નામો પાત્રો માટે પ્રયોજીને કથાની રચના કરી છે.

કર્તાએ દરેકની પાંચ ભવની કથામાંથી બરાબર વચલા ભવની

કથાને વ્યાપક બનાવી છે અને ત્યાંથી કથાનો આરંભ કર્યો છે. લોભદેવનો જીવ સાગરદત્ત મુનિ બને છે. ચંડસોમદેવનો જીવ સિંહ બને છે. માનભટ્ટદેવનો જીવ કુવલયચંદ્ર બને છે. માયાદિત્યદેવનો જીવ કુવલયમાલા બને છે અને મોહદત્તદેવનો જીવ કુવલયમાલાનો પુત્ર બને છે. આમ, આ પાંચ પાત્રોમાં ત્રણ પાત્રોને ગૌણ બનાવાયાં છે અને કુવલયચંદ્ર તથા કુવલયમાલા એ બંનેને મુખ્ય પાત્રો બનાવી, કથાનાં નાયક અને નાયિકા બનાવી તથા તેમની સાથે બાકીનાં પાત્રોની કથાને સાંકળી લઈ આ કથાની રચના કરવામાં આવી છે. એમ કરવામાં લેખકે પાત્રોની ભવાન્તરની કથા દ્વારા સારું કથાવૈવિધ્ય આણ્યું છે.

કથાવસ્તુમાં પાત્રોની દૃષ્ટિએ પણ ઘણું વૈવિધ્ય જોવા મળે છે. એમાં રાજાઓ, રાણીઓ, મુનિભગવંતો, બ્રાહ્મણો, વેપારીઓ, વિદ્યાધરો, તાપસો, સાર્થવાહો, મ્લેચ્છો, ધાતુવાદીઓ, વેતાલો, યક્ષો, દેવો, રાક્ષસો, બાલિકાઓ, છાત્રો, ગણધરો, વિહરમાન જિનેશ્વરો, વનકન્યાઓ, શબરો વગેરે ભિન્નભિન્ન પ્રકારનાં પાત્રો છે. ઘટનાની દૃષ્ટિએ પણ એમાં સારું વૈવિધ્ય નજરે પડે છે. દુશ્મન રાજ્ય પર ચડાઈ, દેવીની ઉપાસના, અપહરણ, અશ્વક્રીડા, સિંહનું અનશન, આત્મહત્યા, ભાઈ-બહેનની હત્યા, ચિતાપ્રવેશ, કૂવામાં પતન, મિત્રવંચના, સમુદ્રગમન, વહાણનો વિનાશ, પિશાચોનો વાર્તાવિનોદ, રાજાની રાત્રિચર્યા, જલક્રીડા, વચન માટે પ્રાણત્યાગ, ગાંડા હાથીને વશ કરવો, સ્મશાનમાં શબ સાથે રહેવું, શિરચ્છેદ, ખન્યવાદ, ગરુડ પક્ષીનો વૈરાગ્ય વગેરે વિવિધ પ્રકારની ઘટનાઓ આ કથામાં બનતી આલેખાઈ છે. અટવી, નગરી, ઉદ્યાન, પર્વત, પલ્લી, સ્મશાન, ચૌટું, વૃક્ષકોટર, ખેતર, વાપિકા, અરણ્ય, સરોવર, નદી, સમુદ્ર, આકાશ, મહાવિદેહ-ક્ષેત્ર, દેવલોક, નારકી વગેરે ભિન્નભિન્ન પ્રકારનાં સ્થળોમાં આ બધી ઘટનાઓ બને છે. એ દૃષ્ટિએ સ્થળવૈવિધ્ય પણ આ કથામાં સારું જોવા મળે છે.

આમ આ કથામાં પાત્ર, ઘટના, ઇત્યાદિની દૃષ્ટિએ કર્તાએ સારી વિવિધતા આણીને કથાને રોચક અને રસિક બનાવવા પ્રયત્ન કર્યો છે. મુખ્ય કથા અને અવાંતર કથાઓની પરસ્પર ગૂંથણીમાં પણ કર્તાએ અસાધારણ શક્તિ દર્શાવી છે. વાચકને ઉત્તરોત્તર ઔત્સુકય થાય એ રીતે કથાની સંકલના કરવામાં આવી છે.

કથાનો આરંભ કરીને કર્તા તરત જ કથાને ભૂતકાળમાં લઈ જાય છે અને ઘણાં પ્રકરણ પછી તેને કથાના વર્તમાન સમય સાથે સાંકળી લઈ ભવિષ્યમાં ગતિ કરાવે છે. કથાનો અંત જૈન કથાઓમાં સામાન્ય રીતે જોવા મળે છે તેવો, પાંચે પાત્રોની મોક્ષગતિનો છે.

ગ્રંથનું નામ લેખકે કથાની નાયિકા કુવલયમાલાના નામ પરથી આપ્યું છે. આવી રીતે નાયક કે નાયિકાના, વિશેષતઃ નાયિકાના નામપરથી કથાનું નામ આપવાની પ્રણાલિકા કવિઓમાં પ્રાચીન સમય-થી રૂઢ થયેલી છે. બાણની 'કાદંબરી'માં જેમ નાયિકા કાદંબરીનો પ્રવેશ મોડો કરાયો છે તેમ આ કથામાં નાયિકા કુવલયમાલાનો પ્રવેશ પણ મોડો થાય છે. કથાના અંત ભાગમાં પાંચે પાત્રોની અંતિમ આરા-ધના સપ્રયોજન ઘણી વિગતે અપાઈ છે અને એથી ત્યાં કથાપ્રવાહ સ્થગિત થઈ જતો લાગે છે. પરંતુ કથાને સમેટી લેવાની કથાકારની ઉતાવળ તો તેથી પણ પૂર્વે મહારથકુમારની કથામાં જોઈ શકાય છે. દરેક પાત્રની કથાને વિસ્તારથી અવાંતર કથાઓ સાથે વર્ણવવામાં આવી છે, પરંતુ મહારથકુમારની કથા તદ્દન સીધી, સરળ અને માત્ર બે ટૂંકી કંડિકા જેટલા સંક્ષેપમાં રજૂ કરવામાં આવી છે. (એવું પણ કદાચ બન્યું હોય કે કર્તાએ આ કથા વિસ્તારથી આલેખી હોય, પરંતુ સમય જતાં તે હસ્તપ્રતોમાંથી લુપ્ત થઈ હોય.) મુખ્ય કથાનો પ્રવાહ ઘણા વળાંક લઈ ક્યાંથી ક્યાં આગળ વધતો જતો હોય છે. એટલે એ લેખકને સ્પષ્ટ હોય તેટલો વાચકને ન હોય એ સ્વાભાવિક છે. એમાં કર્તા એવી રીતે વાચકને કથાના રસપ્રવાહમાં

ઘસડી જાય છે કે અચાનક વચ્ચે તેને છોડી દેવાયો હોય તો તે ગાઢ વનમાં ભૂલા પડેલા પથિક જેવી સ્થિતિ અનુભવે.

ચમ્પૂસ્વરૂપની આ કૃતિમાં વર્ણનો વિવિધ પ્રકારનાં જોવા મળે છે. સ્ત્રીઓ, પુરુષો, નગરીઓ, અટવીઓ, પર્વતો, સમુદ્રનાં તોફાનો, દુષ્કાળ, રાત્રિ, સંધ્યા, પ્રભાત, ઋતુઓ, દેવલોક, મુનિઓ, નારકી, તિર્યંચગતિનાં દુઃખો, આકાશમાર્ગમાંથી પૃથ્વીલોક, અંતઃપુર, શબરો, વિદ્યાધરો, છાત્રાલય, હાથી, ઘોડા, વાઘણ, પોપટ, વૃક્ષો, કર્ણપૂરક સાથે જલક્રીડા વગેરે ઘણી વસ્તુઓનાં વિગતે વર્ણન કવિએ જુદી જુદી કથાઓના સંદર્ભમાં કર્યાં છે. ક્યારેક સમાસયુક્ત તો ક્યારેક સરળ ભાષામાં, ક્યારેક શ્લેષાત્મક તો ક્યારેક રૂપક શૈલીથી, ક્યારેક ઉપમાઓની હારમાળા વડે તો ક્યારેક અવનવી ઉત્પ્રેક્ષાઓ વડે કર્તાએ વર્ણનો કર્યાં છે. નારી જાતિની ઉપમાઓ વડે દુકાનોની હારનું કવિએ કરેલું વર્ણન જુઓ :

'એ નગરીના દુકાનમાર્ગોમાં કેટલીક દુકાનોની હાર જાણે ચતુર કામીજનોની લીલાની જેમ કેસર, કપૂર, અગર, કસ્તૂરી, સુગંધી, પટવાસની ગોઠવણીવાળી છે. કેટલીક વળી કિનારા પરની વનરાજિ હોય તેમ એલચી, લવિંગ, કંકોલના ઢગલાઓ જેના મધ્યભાગમાં છે એવી છે. બીજી કેટલીક દુકાનોની હાર શેઠની પુત્રીની માફક મોતી, રત્ન, સુવર્ણથી ઉજ્જ્વલ છે. કેટલીક નેતરની દુકાનો કુલટા સ્ત્રીઓની જેમ પરપુરુષને દેખવા માટે તામ્રવર્ણી, શ્યામ, ઉજ્જ્વલ અણિયાળી બે આંખો પ્રસારી છે એવી છે. બીજી કેટલીક ખલપુરુષની ગોષ્ઠીમંડળી જેવી બહુવિધ વ્યસનો(શ્લેષથી બીજો અર્થ વસ્ત્રો)થી ભરેલી છે. કેટલીક ગ્રામયુવતીઓ જેવી પિત્તળના ચળકાટવાળી, શંખનાં બલોયાં તથા કાચમણિની શોભાવાળી અને જેના મુખમાંથી કચૂરાની દુર્ગંધ નીકળે છે એવી છે. બીજી કેટલીક રણભૂમિ જેવી છે, જેમાં બાણ, ધનુષ્ય, તરવાર, ચક્ર, ભાલાના સમૂહો દેખાય છે. કેટલીક

મત્ત હાથીઓની ઘટાઓ જેવી છે, જે લટકાવેલાં શંખ, ચામર, ઘંટની શોભાવાળી તથા સિંદૂરવાળી દેખાય છે. વળી કેટલીક મલય-વનરાજિ જેવી છે, જેમાં જુદી જુદી ઔષધિઓ અને પુષ્કળ ચંદન વગેરે ગોઠવેલાં છે. કેટલીક સજ્જનની પ્રીતિ જેવી નિરંતર સ્નેહ-વાળી (શ્લેષથી ઘણા સ્નિગ્ધ પદાર્થોવાળી) છે, જેમાં ઘણા મનોહર ખાદ્ય-પદાર્થો અને પીણાંઓ છે. કેટલીક મરાઠી સ્ત્રી જેવી એકદમ પીળા રંગવાળી, હળદરની રજથી પ્રગટ રીતે પીળાં કરવામાં આવ્યાં છે સ્તન (શ્લેષથી દુકાનના અર્થમાં 'પયોધર' એટલે માટલાં) એવી મનોહર છે. કેટલીક નંદનભૂમિની જેમ દેવતાઓવાળી (શ્લેષથી દુકાન-ના અર્થમાં 'સસુરા' એટલે મદિરાવાળી) અને જ્યાં હમેશાં વસંત-ઋતુ છે (શ્લેષથી દુકાનના અર્થમાં જ્યાં 'મધુમાસ' એટલે મધુ અને માંસ વેચાય છે) તેવી છે.'

વિનીતાનગરીનું પરિસંખ્યા અલંકાર પ્રયોજી કવિએ કરેલું વર્ણન જુઓ :

'આ નગરીમાં લોકોને વ્યસન હોય તો તે જ્ઞાન અને વિજ્ઞાનનાં છે, ઉત્સાહ હોય તો તે ધનમાં અને રણાંગણમાં છે, પ્રીતિ હોય તો તે દાન અને માનમાં છે; અભ્યાસ હોય તો તે ધર્મ વિશે છે. બેમુખ હોય તો તે મૃદંગમાં છે (અર્થાત્ નગરમાં કોઈ બે-વચની નથી), ખલ (શ્લેષથી ખોળ) હોય તો તે તલના વિકારમાં છે, સૂચક (સોય અથવા એવી અણીદાર વસ્તુ) હોય તો તે કેતકીના ફૂલના ખીલવામાં છે (અર્થાત્ સૂચક એટલે ચાડિયો નગરમાં કોઈ નથી), કઠોરતા હોય તો તે પથ્થરમાં છે, તીક્ષ્ણતા હોય તો તે તરવારની ધારમાં છે, અંદર મલિનતા હોય તો તે ચંદ્રમામાં છે, ભટકવાના સ્વભાવવાળો હોય તો તે ભમરો છે, પ્રવાસે જનાર હોય તો તે હંસ છે (અર્થાત્ લોકોને પ્રવાસથી થતા વિયોગનું દુઃખ નથી), ચિત્રયુક્ત હોય તો તે મોરનાં પીછાં છે (અર્થાત્ લોકો વિચિત્ર સ્વભાવના નથી), લોહી

પીનાર હોય તો તે જળો છે, અજાણ્યાં હોય તો તે બાળકો છે. બીજાને તપાવનાર હોય તો તે અગ્નિ છે.'

'અહીં પરલોકની ચિંતા કરવામાં રત હોય તો તે કેવળ સાધુ ભટ્ટારકો છે. મોટા વૃક્ષની ડાળી ભાંગવાની ક્રિયા (કરભગ્ગ) ફક્ત હાથી-ઓની સૂંઢ વડે કરાય છે (અર્થાત્ કરભાગ એટલે રાજ્ય તરફથી કરનો બોજો લોકોને નથી), 'દંડ', 'પગ ઠોકવા' એવા શબ્દો ફક્ત છત્ર અને નૃત્ય વિશે બોલાય છે (અર્થાત્ લોકોને રાજ્ય તરફથી દંડ કરવો પડે તેવી સ્થિતિ નથી), કપટ માત્ર ઇન્દ્રજાલમાં છે (અર્થાત્ લોકોમાં છેતરપિંડી નથી), વિસંવાદ માત્ર સ્વપ્નમાં બોલવામાં જણાય છે. ખંડિતતા ફક્ત કામિનીના હોઠમાં દેખાય છે, દઢપણે બાંધવાનું માત્ર સોનીઓ વડે મહારત્નનું થાય છે.'

ધર્મ અને તત્ત્વજ્ઞાનના કઠિન વિષયોનાં વર્ણનો પણ કવિએ શાસ્ત્રીય ચોક્કસાઈ સાથે ઉપમાદિ અલંકારો વડે રસિક બનાવ્યાં છે. આત્મતત્ત્વ એટલે કે જીવના સ્વરૂપ વિશે સમજાવતાં તેઓ લખે છે :

'સ્વ દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ વડે કરીને પોતાનું સર્વ છે. પર દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ વડે કરીને સર્વ પોતાનું નથી એ પણ ખરું. જોકે શરીરમાં અપ્રત્યક્ષ એવો જીવ પકડી શકાતો નથી, તોપણ આ ચિહ્નો વડે કરીને અનુમાનથી જાણી શકાય છે. અવગ્રહ, ઇહા, અપોહ, બુદ્ધિ, મેધા, મતિ, વિતર્ક, વિજ્ઞાન, ભાવના, આવા ઘણા પ્રકારના વિકલ્પો, લિંગો, ચિહ્નો વડે અનુમાનથી આત્મા જાણી શકાય છે. આ હું કરું છું, આ હું કરીશ, આ મેં કર્યું એમ ત્રણે કાળ આ જે જાણે તે જીવ. તે જીવ નથી ઉજ્જવળ, નથી શ્યામ, નથી લાલ, નથી નીલ, કે નથી કાપોતરંગનો; માત્ર પુદ્ગલમય દેહમાં વર્ણક્રમ પ્રાપ્ત કરે છે. તે નથી લાંબો, નથી વાંકો, નથી ચોરસ, નથી ગોળ, નથી ઠીંગણો; દેહમાં રહેલો જીવ કર્મથી આકાર પામે છે. જીવ ઠંડો, ગરમ, કઠોર કે કોમળ સ્પર્શવાળો નથી પણ કર્મથી ભારે,

હલકો કે સ્નિગ્ધભાવ દેહને વિષે પામે છે. જીવ ખાટો નથી, મધુર નથી, કડવો કે તીખો નથી, કષાય કે ખારો નથી; શરીરમાં રહેલો હોવાથી દુર્ગંધી કે સુગંધી ભાવને તે પામે છે. તે શરીરની અંદર ઘટ-પટ રૂપ નથી, તેમ જ સર્વવ્યાપી કે માત્ર અંગૂઠા જેવડો પણ જીવ નથી. પોતાના કર્માનુસાર ગ્રહણ કરેલા દેહ પ્રમાણે અને નખ દાંત કેશવર્જિત બાકીના શરીરમાં વ્યાપેલો છે. જેમ તલમાં તેલ અથવા પુષ્પમાં સુગંધ અન્યોન્ય વ્યાપેલાં છે તેમ દેહ અને જીવ પરસ્પર એકબીજાની અંદર વ્યાપીને રહેલા છે. જેમ શરીર ઉપર તેલ કે ચીકાશ લાગેલ હોય અને આપણી જાણ બહાર ધૂળ લાગી જાય તેમ રાગદ્વેષ રૂપી સ્નિગ્ધ કર્મ લાગી જાય છે. જેમ જીવ કોઈ જગ્યા પર જાય તો શરીર પણ સાથે જાય છે તેવી રીતે મૂર્ત કર્મ પણ જીવની નિશ્રાએ સાથે જ જાય છે. જેમ મોર પીછાંઓ સાથે ઊડીને જાય છે તેમ જીવ પણ કર્મસમૂહથી પરિવરેલો જ જાય છે. જેમ કોઈ પુરુષ રસોઈ કરી પોતે જ તેને ખાય છે તેમ જીવ પણ પોતે જ કર્મ કરી સ્વયં ભોગવે છે. જેમ વિશાળ સરોવરમાં ગુંજારવ કરતા વાયરાથી હડ નામનું ઘાસ આમ તેમ હાલે છે તેમ સંસાર-સમુદ્રમાં કર્મ વડે પ્રેરિત જીવ ભ્રમણ કરે છે. જેમ કોઈ માણસ જીર્ણ ઘરમાંથી નીકળી નવીન ઘરમાં જાય છે તેમ જીવ પણ જૂનો દેહ છોડી નવીન દેહમાં પ્રવેશ કરે છે. જેમ મીણમાં છુપાવેલું રત્ન અંદરથી સ્ફુરાયમાન કાંતિવાળું છતાં કોઈક જ જાણે છે તેમ ગૂઢ કર્મસમૂહને કોઈક જ જ્ઞાની જીવ જાણી શકે છે.'

'જેમ દીવો ઊંચા, વિશાળ અને લાંબા ઉત્તમ ઘરમાં હોય તો પ્રકાશ ફેલાવે છે અને બે શકોરાં વચ્ચે રાખેલો હોય તો તેટલા જ ભાગમાં પ્રકાશ કરે છે, તેમ જીવ પણ લાખ જોજન ઊંચો દેહ હોય તો તેને પણ સજીવન કરે છે અને કુંથુના શરીરમાં પ્રવેશ કરે તો તેટલા જ માત્ર દેહથી સંતુષ્ટ રહે છે. જેમ આકાશતલમાં જતો પવન

માણસ દેખી શકતો નથી તેમ ભવમાં ભમતો જીવ પણ આંખથી દેખી શકાતો નથી. જેમ ઘરમાં દ્વારથી પ્રવેશ કરતો વાયુ રોકી શકાય છે તેમ જીવ રૂપી ઘરમાં પાપ આવવાનાં ઇન્દ્રિય-દ્વારો રોકી શકાય છે. જેમ ઘાસ અને લાકડાં મોટી જ્વાળાવાળા અગ્નિ વડે બળી જાય છે તેમ જીવનાં કર્મમલ ધ્યાન યોગ વડે બળીને ભસ્મ થાય છે. જેમ બીજ અને અંકુરનાં કારણ અને કાર્ય જાણી શકાતાં નથી તેમ અનંત કાળનો જીવ અને કર્મનો સહભાવ જાણી શકાતો નથી. જેમ ધાતુ અને પથ્થર જમીનમાં સાથે ઉત્પન્ન થયાં હોય અને પછી અગ્નિમાં પથ્થર અને મલ બાળીને સુવર્ણ ચોખ્ખું કરાય છે તેમ જીવ અને કર્મનો અનાદિકાળનો સંબંધ હોય છે છતાં ધ્યાનયોગથી કર્મરૂપી કીચડની નિર્જરા કરીને જીવ તદ્દન નિર્મળ કરાય છે. જેમ નિર્મળ ચંદ્રકાન્તમણિ ચંદ્રકિરણના યોગથી પાણી ઝરે છે તેમ જીવ પણ સમ્યક્ત્વ પામીને કર્મમલ નિર્ઝરે છે. જેમ સૂર્યકાન્તમણિ સૂર્યથી તપતાં અગ્નિ છોડે છે તેમ જીવ પણ તપ વડે કરી પોતાને શોષતો જ્ઞાન પ્રાપ્ત કરે છે. જેમ કાદવના લેપથી રહિત તુંબડું એકદમ સ્વાભાવિકપણે પાણી ઉપર રહે છે તેમ સમગ્ર કર્મલેપરહિત જીવ પણ લોકાગ્રે સિદ્ધશિલા ઉપર શાશ્વતપણે રહે છે.'

આ ગ્રંથમાં કવિએ જુદી જુદી કથાઓના પ્રસંગમાં કેટલીક નગરીઓનું વર્ણન કર્યું છે. એમાં કેટલેક સ્થળે પ્રથમ મુખ્ય દેશનું અને ત્યાર પછી તેની મુખ્ય નગરીનું વર્ણન કર્યું છે. કુવલયકુમારની કથામાં વિનીતા અયોધ્યાનું, પુરંદરરાજાની કથામાં વત્સદેશની કૌશાંબી નગરીનું, ચંડસોમની કથામાં દમિલાણ દેશની કંચી નગરીનું, માનભટની કથામાં અવંતી દેશની ઉજ્જયિની નગરીનું, માયાદિત્યની કથામાં કાશીદેશની વારાણસી નગરીનું, લોભદેવની કથામાં ઉત્તરાપથની તક્ષશિલા નગરીનું, મોહદત્તની કથામાં કૌશલ દેશની કૌશલા નગરીનું, સાગરદત્તની કથામાં ચંપા નગરીનું, યક્ષ જિનશેખરની કથામાં માકંદી

નગરીનું, દર્પફલિહની કથામાં રત્નાપુરી નગરીનું, કુમારી કુવલયમાલાની કથામાં વિજયા નગરીનું, સંસારચક્રની કથામાં લાટ દેશની દ્વારિકા નગરીનું, મણિરથકુમારની કથામાં કાકંદી નગરીનું, સુંદરીની કથામાં સાકેત નગરનું, કામગજેન્દ્રની કથામાં અરુણાભ નગરનું, વજ્રગુપ્તની કથામાં ઋષભપુરનું વર્ણન કરવામાં આવ્યું છે. ઉજ્જયિની અને અયોધ્યાનું વર્ણન મુખ્ય કથાના પ્રસંગોમાં વિકાસ અનુસાર એક કરતાં વધારે વખત કરાયું છે.

નગરીઓનાં વર્ણનોમાં નગરનું નામ, કિલ્લો, દુકાનમાર્ગો, ઉપવન, સન્નિવેશ, આવાસો, સરોવરો, તળાવો, મંદિરો, વાવડીઓ, જુદા જુદા વર્ણના લોકો, યુવક અને યુવતીઓ, પશુ, પક્ષીઓ, અને ત્યાં પ્રવર્તતી ભિન્ન ભિન્ન ઋતુઓનું અલંકારયુક્ત વર્ણન કરીને કવિએ તેમાં ઘણું મનોહર વૈવિધ્ય આપ્યું છે. કેટલેક સ્થળે વર્ણન સંક્ષેપમાં કર્યું છે, તો કેટલેક સ્થળે વિસ્તારથી પણ કર્યું છે. વિનીતાનગરીનું વર્ણન કરતાં ગ્રંથકારે ભિન્નભિન્ન વસ્તુઓમાં ચોમાસાની અનેક વસ્તુઓની ઉત્પ્રેક્ષા કરી છે. જેમકે 'નિર્દય કરતલ વડે વગાડાતાં તબલાં અને વાજિંત્રો સાથે ગવાતાં ગીતથી જાણે મેઘનાદ ન થતો હોય!' એ નગરીમાં જાણે બારે માસ નવા ચોમાસાનો સમય પ્રવર્તતો હોય તેવી મનોહરતાનું સૂચન કર્યું છે.

રત્નાપુરી નગરીની શ્રેષ્ઠતા બતાવવા માટે કવિ કહે છે તે નગરીમાં જે કંઈ પદાર્થ પરાભવ પામવાથી અધમ કે હલકો ગણાય છે તે પદાર્થ બીજી નગરીમાં જાય તો ત્યાં તે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ગણાય છે.

કવિએ આ ગ્રંથમાં બધી જ ઋતુઓનું વર્ણન કર્યું છે પરંતુ તેમાં શરદ, વર્ષા, વસંત અને ગ્રીષ્મ એ ચાર ઋતુનું વધારે વિગતે આલેખન કર્યું છે. ચંડસોમની કથામાં કવિએ શરદ ઋતુનું વર્ણન કર્યું છે. કાસ જાતિનાં ફૂલ જેવો ઉજ્જવલ નિર્મળ જલના તરંગની

શોભાવાળો, સ્ફટિક હોય તેવો, શરદકાળ ચંદ્રની જ્યોત્સ્ના, ખીલેલાં પુષ્પોની સુગંધ, નવપલ્લવિત લીમડાઓ, ઊગેલા અનાજના છોડ, બળદોના અવાજ વગેરે વડે મનોહર લાગે છે. કવિએ સમાસયુક્ત ભાષામાં રચેલી ચાર કડીમાં આ શરદઋતુનું વર્ણન કર્યું છે,

દર્પફલિહની કથામાં કવિએ વર્ષાઋતુનું વર્ણન કર્યું છે. ઉપમા અલંકાર વડે કરાયેલા આ વર્ણનમાં કવિ લખે છે કે કોઈક જગ્યાએ સરોવરનાં કાદવ અને ઘાસ શરીરે ચોંટેલાં હોય તેવા, વનની ભેંસો જેવા મેઘ ઉતાવળથી વિચરતા હોય તેમ જણાતા હતા. ભયંકર અને ભમરાના અંગ જેવી કાંતિવાળા મેઘ કામી અસુરની જેમ વિચરતા હતા. વળી નવીન પાકતા આંબાની ગંધવાળો ફેલાતો પવન ધમધમ કરતો વનમાં વાઈ રહ્યો હતો. પ્રથમ વર્ષા થવાના યોગે પૃથ્વી અને જળનો સંગમ થવાથી માટીની સૌરભવાળો અને ભેંસોને મદ કરાવનાર સુગંધી પવન વાઈ રહ્યો હતો. તે વખતે નવીન કોમળ અંકુરો જમીનમાંથી બહાર ફૂટવા લાગ્યા. પર્વતનાં શિખરો અને ગુફાઓમાં મોર નૃત્ય કરવા લાગ્યા. પતિ પરદેશ ગયો હોય તેવી ગૃહિણીઓ દીન અને ઉદાસીન રહેવા લાગી. નવા ઊગેલા અંકુરોથી પૃથ્વી શોભવા લાગી. લોકો આકુળવ્યાકુળ બનવા લાગ્યા. પાણીની પરબોના મંડપો છોડાવા લાગ્યા. ખેડૂતો હળ અને ખેતીનાં સાધનો તૈયાર કરવા લાગ્યા. મુસાફરો ઘેર પાછા ફરવા લાગ્યા. ગામોમાં ઘરનાં છાપરાં સરખાં કરાવા લાગ્યાં.'

વર્ષાનું આ વર્ણન કવિએ અત્યંત મનોહર કર્યું છે. તેમાંનું કેટલુંક પદ્યમાં સમાસયુક્ત શૈલીથી કરેલું છે અને કેટલુંક ગદ્યમાં લયયુક્ત નાની નાની ગદ્યપંક્તિઓથી કરેલું છે. વર્ષાના વર્ણનમાં કવિની અવલોકનશક્તિનો આપણને સરસ પરિચય થાય છે.

માનભટ્ટની કથામાં કવિએ કરેલું વસંતઋતુનું વર્ણન વર્ષાઋતુના વર્ણનની અપેક્ષાએ ટૂંકું છે. 'કોકિલાના મધુર શબ્દોવાળું, ભમરાના

ગુંજારવથી વાચાળ, કામબાણથી દુષ્પ્રેક્ષ્ય, નવીન પુષ્પોને કળીરૂપ અંજલિ કરીને નમ્ર બનેલા સામંતો માફક વસંતકાળ આવે છે. વસંતઋતુનું આગમન થતાં સ્વાધીન પતિવાળી સ્ત્રીઓ હર્ષથી પ્રફુલ્લિત બને છે. પ્રોષિતભર્તૃકા દીનમુખવાળી બને છે. બાળકો એકઠાં થઈ મોટા અવાજ કરે છે. યુવક-યુવતીઓની મંડળીઓ રાસડા ગાય છે. મદિરાપાન કરાય છે. ગીતો ગવાય છે અને ઋતુમાં મદનોત્સવ પણ ઊજવાય છે.'

પ્રકૃતિવર્ણનમાં કવિએ દિવસ અને રાત્રિના જુદા જુદા પહોરનું પણ મનોહર વર્ણન કર્યું છે સંધ્યાનું વર્ણન કરતાં કવિ લખે છે, 'બાળક જળાશયમાં તરવા કૂદકો મારે ત્યારે હાથ નીચા કરેલા હોય, મુખ નીચે હોય અને પગ ઊંચે ગયેલા હોય તથા મસ્તક ઊછળતું હોય તેવી રીતે સૂર્ય અસ્તગિરિ પર ફરવા લાગ્યો. પોતાનાં કિરણ-રૂપી દોરડાંથી બાંધેલો સૂર્યરૂપી ઘડો સંધ્યારૂપી પત્ની વડે આકાશ-માંથી સમુદ્રરૂપી કૂવામાં ઉતારાયો. જેનો પ્રતાપ ઓછો થઈ ગયો છે, આંખમાં પડલ આવવાથી તેજ ઘટી ગયું છે અને હાથ સંકોચાઈ ગયા છે એવા વૃદ્ધની જેમ સૂર્ય થયો હતો. જન્મેલાનું નક્કી મૃત્યુ હોય છે અને રિદ્ધિ પણ આપત્તિરૂપ નક્કી થાય છે એ પ્રમાણે કહેતો હોય તેમ સૂર્ય અસ્તગિરિના શિખરથી નીચે પડચો. અત્યંત આકરા કર નાખીને અનુક્રમે સમગ્ર ભુવનને ખલ રાજા ત્રાસ પમાડી પછી એકદમ વિનાશ પામે છે તેમ સૂર્ય અસ્ત પામ્યો. સૂર્યરૂપી નૃપતિ અસ્ત પામતાં કમળરૂપી મુગ્ધ રાણીઓ અશ્રુજળથી મલિન નીચું મુખ કરીને જાણે રુદન કરતી હતી અને રુદન કરતી માતા-ઓને દેખી બાળકો જેમ લાંબા સમય સુધી રુદનનું અનુકરણ કરે તેમ રુદન કરતાં કમળોને દેખી મુગ્ધ ભ્રમરો પણ ગુંજારવ દ્વારા રુદનનું અનુકરણ કરતા હતા. સૂર્યરૂપી મિત્રના વિયોગમાં હંસોએ કરેલા શબ્દરૂપી રુદનને લીધે કમળના હૃદય માફક ચક્રવાકનું યુગલ

વિખૂટું પડયું. જેમ પતિ પાછળ લાલ કસુંબો પહેરી કુલબાલિકા સતી થાય છે તેમ સૂર્યરૂપી નરેન્દ્રનો અસ્ત થયેલો જાણી કુસુમ સરખું લાલ આકાશ ધારણ કરનારી સંધ્યા સૂર્ય પાછળ સમુદ્રમાં મૃત્યુ પામી. વળી, ખલ-ભોગી અને પત્નીના પિયરનાં માણસો યાચના કરે તે સમયે તેમનાં મુખ થોડાં ઝાંખાં પડે તેમ થોડા અંધકારસમૂહ વડે દિશાપત્નીઓનાં મુખ શ્યામ બની ગયાં. મિત્ર-વિયોગરૂપી અગ્નિમાં બળતાં હૃદયોવાળાં પક્ષીઓ વ્યાકુળ બની વિલાપ કરવા લાગ્યાં અને ઈર્ષ્યાળુ રાજાની રાણીઓની જેમ દૂર નજર કરતી દૃષ્ટિઓ રોકાઈ ગઈ. ત્રિભુવનનો ગૃહસ્વામી કાળધર્મ પામે તેવી રીતે સૂર્ય અસ્ત થતાં સંધ્યા સમયે લોકોના શોરબકોરના ઉદ્દામ અવાજરૂપી રુદન જાણે દિશાપત્નીઓ કરતી હતી.'

'તે સમયે ભુવનતલમાં કયો વૃત્તાન્ત પ્રવર્તી રહ્યો હતો? જંગલ-માંથી ગોધન ચરીને પાછું ઘર તરફ આવી રહ્યું હતું. ચોરનાં ટોળાં બહાર નીકળ્યાં હતાં. મુસાફરોના સમુદાય મુકામ નાખતા હતા. વ્યભિચારીઓ, વેશ્યા-વારાંગનાઓ ઉત્કંઠિત થયાં હતાં, મુનિવરો સંધ્યોપાસનાના કાર્યમાં રોકાઈ ગયા હતા, ચક્રવાકી વિરહદુઃખ અનુભવતી હતી. સ્ત્રીપુરુષોનાં હૃદય ઉચ્છ્વાસ લઈ રહ્યાં હતાં, બ્રાહ્મણોનાં ગૃહોમાં ગાયત્રીનો જાપ ચાલી રહ્યો હતો. કાકાકૌઆ મૌન બની ગયા હતા, ઘુવડ ફરવા માંડયાં હતાં. પિંગલિક પક્ષીઓ ચિલ-ચિલ શબ્દ કરતાં હતાં. પક્ષીઓ કૂજન કરતાં હતાં, કાકિણીઓ નાચવા લાગી હતી. ભૂતો ફરવા લાગ્યાં હતાં. શિયાળો રડવા લાગ્યાં હતાં. વળી વૃક્ષોની અંદર પક્ષીઓ નિદ્રાધીન બન્યાં હતાં. અને બાળક જેમ માતાની સોડમાં સૂઈ જાય તેમ વનરાજિ સૂઈ ગઈ હતી.'

'આવા સંધ્યાસમયે કેવા કેવા શબ્દો કઈ કઈ જગ્યાએ સંભળાવા લાગ્યા? મંત્રજાપ કરવાના મંડપોની અંદર હવનમાં ઘી, તલ અને સમિધની આહુતિના તડતડ શબ્દો, બ્રાહ્મણોની પાઠ-

શાળામાં ગંભીર વેદપઠનના શબ્દો, રુદ્રમંદિરમાં મનહર ચિત્તાકર્ષક ગીતનાદો, ધાર્મિક મઠોમાં ગળું ફાટી જાય તેવા શબ્દો, કાપાલિકોના ઘરમાં ઘંટા ડમરુકના શબ્દો, ચૌટા વચ્ચે આવેલા શિવમંદિરમાં વાર્જિંવ અને પોકારના શબ્દો, મકાનોમાં ભગવદ્ગીતાનાં પારાયણ અને ધૂનના શબ્દો, જિનમંદિરોમાં સદ્ભૂત યથાર્થ ગુણની રચનાવાળાં સ્તુતિસ્તોત્રના શબ્દો, બુદ્ધમંદિરમાં એકાંત કરુણ રસવાળાં અર્થગર્ભિત વચનો, નગરગૃહોમાં વગાડેલા મોટા ઘંટનાદો, કાર્તિકસ્વામીના મંદિરમાં મોર કૂકડા અને ચકલાંના શબ્દો અને ઊંચાં દેવમંદિરોમાં મનોહર કામિનીઓનાં ગીતોના તેમ જ મૃદંગ મધુર સ્વરો સંભળાય છે. વળી–

કોઈ જગ્યાએ ગીતનો અવાજ, કોઈ જગ્યાએ તબલાંનો અવાજ તથા કોઈ જગ્યાએ એક સાથે બોલતાં ભજનઆરતીનો અવાજ રાત્રિ શરૂ થતી હતી તે સમયે સંભળાતો હતો.'

'વળી કામિનીગૃહોમાં કેવા કેવા શબ્દો સંભળાતા હતા ? અરે પલ્લવિકા, શયનગૃહ બરાબર તૈયાર કર, ચિત્રામણવાળી ભિતિઓ ઝાપટી નાખ, મંદિરામાં કપૂર નાખ, પુષ્પમાળાનું ગૃહ તૈયાર કર, ભૂમિ ઉપર પત્રવેલની ભાત અને રંગોળીની રચના કરો, પુષ્પોની પથારી બનાવ, ધૂપઘટિકાઓ સળગાવો, મધુર શબ્દ બોલનારાં પાળેલાં પક્ષીઓના સંયોગ કરો, નાગરવેલનાં પાનનાં બીડાં તૈયાર કરો, કપૂર એલચી વગેરેની પેટી મૂકો, કક્કોલક(સુગંધી ફળ)ની ગોળીઓ નાખો, ગવાક્ષમાં શય્યા તૈયાર કરો, શિંગોડાં આપો, ગળાનું આભૂષણ મૂકજો, ચાકળો નાખજો, દીપકો પ્રગટાવજો, મદિરા અંદર લાવજો, વાળ સરખા કરી વધારે વખત સુધી સ્નાનભાજનમાં સ્નાન કરજો, મદિરાની પ્યાલી પાછી માગી લો, દારૂ ભરેલા પ્યાલા હાથમાં આપ અને શયન પાસે જુદા જુદા મેવા, મીઠાઈ અને પીણાં ગોઠવજો.'

કવિએ પ્રકૃતિનાં વિવિધ પ્રકારનાં વર્ણનો કર્યાં છે. તેવી રીતે

પશુપંખીઓ અને જુદાજુદા વર્ગનાં માનવીઓનાં વર્ણનો પણ રસિક તથા વિગતપૂર્ણ કર્યાં છે. જૈન મુનિઓની દિનચર્યાનું વર્ણન કરતાં કવિએ જૈન શાસ્ત્રોનાં નામ એના વિષયો સાથે સાંકળી લીધાં છે. કવિ લખે છે :

'ધર્મ કરવામાં સમુદ્ર જેવા, કર્મરૂપી મહાપર્વતને ચૂર્ણ કરવા માટે વજ્ર જેવા, ક્ષમાનો ગુણ મુખ્યત્વે ધારણ કરનાર, ઉપસર્ગ સહન કરવામાં વૃક્ષ સમાન, પંચ મહાવ્રતરૂપી ફળસમુદાયથી શોભતા, ગુપ્તિપુષ્પથી સુશોભિત, શીલાંગોરૂપી પત્રોથી યુક્ત, કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્ન જેવા તે મુનિઓ છે. કેટલાક જીવ-અજીવના ભેદો, કાર્યાકાર્યના ફળવિચારો, સાધુની સમાચારી અને આચારોના વિચાર કરી રહ્યા છે. કેટલાક સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રનો પરમાર્થ સૂચવતા 'સૂત્રકૃતાંગ' સૂત્રનું અનુગુણન કરે છે, કેટલાક અહીં સંયમમાં સારી રીતે રહેલા 'ઠાણાંગસૂત્ર'નું શ્રવણ કરે છે, કેટલાક બીજા ભાગ્યશાળી સાધુઓ 'સમવાયાંગસૂત્ર' અને સર્વ વિદ્યાઓ ભણે છે, સંસારસ્વરૂપ સમજનાર બીજા કેટલાક મુનિઓ 'વિવાહપ્રજ્ઞપ્તિ' અથવા 'ભગવતીસૂત્ર'નાં અમૃતરસ મિશ્રિત વચનોને મુખ દ્વારા પાન કરી હૃદયમાં ધારણ કરે છે, કેટલાક 'જ્ઞાતાધર્મકથા'નું અને બીજા કેટલાક 'ઉપાશક દશા', 'અંતકૃત દશા,' 'અનુતર દશા' સૂત્રોનું પરાવર્તન કરે છે, કેટલાક જાણકારને પ્રશ્ન પૂછે છે અને ત્રણ લોકના ગુરુ આચાર્ય સ્પષ્ટ પૂછેલા પ્રશ્નોના ઉત્તરસ્વરૂપ 'પ્રશ્ન વ્યાકરણ' સૂત્ર ભણાવે છે. સકલ ત્રિભુવનનો જેમાં વિસ્તૃત અર્થ કહેલ છે, પ્રશસ્ત શાસ્ત્રોના અર્થ જેમાં છે એવાં સેંકડો શાસ્ત્રવાળા 'દૃષ્ટિવાદ' (બારમું અંગ)નો કેટલાક કૃતાર્થ સાધુઓ અભ્યાસ કરે છે. જીવોની પ્રજ્ઞાપના સમજણ જેમાં આપી છે એવા 'પ્રજ્ઞાપના' સૂત્રનું, 'સૂર્યપ્રજ્ઞાપ્તિ' તેમ જ 'ચન્દ્રપ્રજ્ઞાપ્તિ' સૂત્રનું પરાવર્તન કેટલાક કરે છે, તેમ જ બીજા કેટલાક મહર્ષિઓ ગણધરોએ રચેલાં, સામાન્ય કેવળીએ કરેલાં, પ્રત્યેક

બુદ્ધોએ વિરચેલાં શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. કોઈક જગ્યાએ કેટલાક સાધુઓ પાંચ અવયવ, દસ હેતુઓ, પ્રત્યક્ષ પરોક્ષ અનુમાન પ્રમાણ એ ચારેનો વિચાર કરે છે. વળી કેટલાક ભવસમુદ્રમાં વહાણ જેવા રાગ-મોહની બેડીને તોડનાર, આઠ કર્મની ગાંઠને ભેદવામાં વજ્ર સમાન ધર્મોપદેશ આપે છે. વળી, મોહાંધકાર દૂર કરવામાં સૂર્ય જેવા, પરવાદીરૂપ હરણને મારવામાં સિંહ જેવા, નયવાદરૂપી તીક્ષ્ણ નખવાળા વાદીઓ પણ ત્યાં છે. લોકાલોક પ્રકાશિત કરનાર, અતિ સૂક્ષ્મ પદાર્થને પ્રગટ કરનાર, કેવળીઓએ સૂત્રરૂપે જેની રચના કરેલી છે એવા નિમિત્તશાસ્ત્રનો કેટલાક વિચાર કરે છે. જુદા જુદા જીવની ઉત્પત્તિ અને સુવર્ણ, મણિ, રજત, ધાતુના સંયોગ જેમાં રહેલા છે તે 'યોનિપ્રાભૃત'નો કેટલાક અભ્યાસ કરે છે. જેમનાં લોહી અને માંસ તપસ્યાથી સુકાઈ જવાને કારણે હાડકાંના બનાવેલા પાંજરા જેવા દેખાતા અને જેઓ ચાલે ત્યારે હાડકાંના કડકડ શબ્દો થાય છે તેવા સેંકડો તપસ્વીઓને રાજા જુએ છે. મનોહર વચનયુક્ત અર્થ-ગંભીર અને સર્વ અલંકારયુક્ત હોવાથી સુંદર અને અમૃતના પ્રવાહ જેવાં મધુર કાવ્યોની રચના કરતા, કેટલાક જ્યોતિષીઓએ ભણાવેલું પરાવર્તન કરતા, કેટલાક સિદ્ધાંતના સારને યાદ કરતા, કેટલાક મન વચન અને કાયાને ગોપવતા, કેટલાક શ્વાસોચ્છ્વાસને રોકતા, કેટલાક આંખને સ્થિર કરતા, કેટલાક જિનવચનનું ધ્યાન ધરતા, કેટલાક પ્રતિમાને વહન કરતા એવા અનેક મુનિવરોને રાજાએ જોયા.'

'કોઈ જગ્યાએ પ્રતિમાની જેમ સ્થિર બેઠેલા, કોઈ જગ્યાએ નિયમ લઈને રહેલા, કોઈ જગ્યાએ વીરાસન કરીને બેઠેલા, કોઈ જગ્યાએ ઉત્કુટાસને રહેલા, કોઈ ગાય દોહવાની જેમ આસને રહેલા અને કોઈ જગ્યાએ પદ્માસને રહેલા સાધુઓને જોયા.'

'કુવલયમાલા'માં કુવલયકુમાર અને કુમારી કુવલયમાલાની મુખ્ય કથામાં બીજી ઘણી કથાઓ કર્તાએ સંકલિત કરી લીધી છે. આ આખા

ગ્રંથમાં એમણે શૃંગાર, વીર, કરુણ, હાસ્ય, બીભત્સ, શાંત વગેરે રસોનું આલેખન કરેલું છે. અહીં શૃંગારરસનું જે આલેખન કરવામાં આવ્યું છે તે જોઈ કોઈકને પ્રશ્ન થાય છે કે એક જૈનાચાર્યે કરેલી આ ધર્મકથાની રચનામાં શૃંગારરસને સ્થાન કેમ હોઈ શકે? આ દષ્ટિબિંદુથી જોતાં કોઈકને કદાચ આ કથામાં નિરૂપાયેલો શૃંગારરસ ટીકારૂપ પણ લાગે પરંતુ લેખક પોતે આ વસ્તુસ્થિતિથી અનભિજ્ઞ નથી. તેમણે શૃંગારરસનું જે આલેખન કર્યું છે તે સપ્રયોજન છે અને પોતાનો માથે આવો અપવાદ કદાચ આવે એમ સમજીને તેમણે ગ્રંથને અંતે એ બાબતનો ખુલાસો પણ કરેલો છે.

ગ્રંથના આરંભમાં તેમણે બતાવ્યું છે કે જુદા જુદા પ્રકારના જીવ, પરિણામ ભાવ જાણવા માટે સર્વ ઉપાય કરવામાં નિપુણ જિનેશ્વર ભગવંતે ચાર પ્રકારની કથા કહી છે, જેમકે ૧. આક્ષેપણી, ૨. વિક્ષેપણી, ૩. સંવેગજનની, ૪. નિર્વેદજનની. આક્ષેપણી કથા તે વાચકને પ્રથમ શ્રવણ તરફ આકર્ષી અને અંતે ધર્મ તરફ આકર્ષનાર બને છે. વિક્ષેપણી કથા તેને સંસારથી દૂર લઈ જનાર બને છે. સંવેગજનની કથા વાચકને મોક્ષાભિલાષી બનાવે છે અને નિર્વેદજનની કથા તેનામાં સંસાર પ્રત્યે નિર્વેદ જન્માવે છે. આ કથાપ્રકારો જણાવ્યા પછી કવિ કહે છે એમ અહીં પણ ચાર પ્રકારની ધર્મકથા શરૂ કરી છે, તેમાં કોઈ કોઈ કામશાસ્ત્રનો સંબંધ પણ કહેવાશે માટે તેને નિરર્થક ન ગણશો, પરંતુ ધર્મપ્રાપ્તિ કરાવવામાં તે આકર્ષણ કરનાર છે એમ ગણીને તેનું બહુમાન કરશો. ગ્રંથના અંતે પણ કવિ કહે છે કે અમારા પર ઈર્ષા કરનાર ખલ, પિશુન, રાગી, મૂઢ વગેરે ન બોલવા યોગ્ય બોલશે અને કહેશે કે આમાં રાગ બહુ વર્ણવ્યો છે. તો રાગ-બંધન ઉત્પન્ન થાય તેવી રચના શા માટે કરવી? તેના ઉત્તરમાં કર્તા કહે છે કે રાગવાળું ચિત્ત હોય તેને પ્રથમ રાગ દેખાડવાથી પછીથી વૈરાગ્ય થાય છે. આ રાગ વૈરાગ્યનો હેતુ બને છે. વળી કોઈ પ્રશ્ન

કરે કે ધર્મની આ વાર્તામાં પુરુષોનાં લક્ષણો શા માટે કહેવાય છે? તેના જવાબમાં કર્તા કહે છે કે શ્રોતાઓનું આકર્ષણ કરવું એ કવિઓનો ધર્મ છે. વળી, આવી રીતે ધર્મકથામાં રાગ વર્ણવાયો હોય એવી પોતાની પુરોગામી કથા તરીકે વસુદેવહિંડી અને ધમ્મિલહિંડીનો એ સંદર્ભમાં કવિએ નિર્દેશ પણ કરેલો છે.

શ્રી ઉદ્દ્યોતનસૂરિએ આ કથાની રચના એવી રીતે કરી છે અને એમાં અવાંતર કથાઓ એવી રીતે ગૂંથી લીધી છે, કે જેથી તેમાં જુદા જુદા પ્રસંગે પ્રસંગોચિત ધર્મતત્ત્વની વિચારણા પોતાના દ્વારા કે કોઈ પાત્ર દ્વારા કરવામાં આવે. ચંપૂપ્રકારની આ રચના હોઈને તેમાં કથાતત્ત્વનો પ્રવાહ વચ્ચે વચ્ચે મંદ બને અને વર્ણન કે વિવેચન પ્રધાનસ્થાન લે એ સ્વાભાવિક છે. વળી અહીં તો કર્તાનો ઉદ્દેશ એક સંકીર્ણ ધર્મકથા કહેવાનો છે અને તેથી કથા કે કવિતા કરતાં ધર્મવિચારણા અને ધર્મોપદેશ તેમાં પ્રાધાન્ય ભોગવે એ પણ સ્વાભાવિક છે. કવિ પોતે જૈન છે. પોતાનાં ધર્મશાસ્ત્રોના તેઓ મહાન જ્ઞાતા પણ છે એની પ્રતીતિ આ ગ્રંથ વાંચતાં વારંવાર આપણને થાય છે. જૈન ધર્મની બધી જ મહત્ત્વની વિચારણા તેમણે આમાં પ્રસંગોપાત્ત ગૂંથી લીધી છે એટલું જ નહિ સ્થૂળ ધાર્મિક ક્રિયાઓનાં વર્ણનો પણ તેમણે વચ્ચે વચ્ચે મૂકયાં છે. સમ્યક્ત્વનાં લક્ષણો, બાર ભાવના, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દેશવિરતિ, સર્વવિરતિ, કર્મમીમાંસા, નારકી અને તિર્યંચ ગતિનાં દુઃખો, કષાયનું સ્વરૂપ, લેશ્યા વિચારણા, મુનિચર્યા, મહાવિદેહક્ષેત્ર, મનુષ્ય જન્મની દુર્લભતા, દેવગતિ અને ચ્યવન સમય, બાલમરણ, અને પંડિતમરણ, જીવનના જન્મમરણની અનંતતા, પંચપરમેષ્ઠિને નમસ્કાર, ચાર શરણ વગેરે વિશે આમાં વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે. કવિનું તત્ત્વચિંતન અત્યંત વિશુદ્ધ છે; વળી ભાષા ઉપરનું પ્રભુત્વ અસાધારણ છે અને છંદો પરનું પ્રભુત્વ પણ અપ્રતિમ છે. એટલે આવો શાસ્ત્રોપદેશ તેમણે ઘણુંખરું પદ્યમાં અને તે પણ સરળ

પ્રવાહી ગાથાની પ્રાસાદિક પંક્તિઓમાં આપ્યો છે. આ ઉપદેશ તેમણે રૂપક, ઉપમા કે દૃષ્ટાંત દ્વારા અત્યંત સચોટ અને વાંચનારને તરત ગળે ઊતરી જાય તેવી રીતે રજૂ કર્યો છે. આથી તત્ત્વજ્ઞાનની શુષ્ક વાતો પણ કવિતાની ઉચ્ચ કોટિએ પહોંચેલી આ ગ્રંથમાં અનેકવાર આપણને જોવા મળે છે. વિમળમંત્રીને પતંગિયું અને ગરુડનો પ્રસંગ કહી રાજર્ષિ ભગવંત ધર્મનું સ્વરૂપ વિસ્તારથી સમજાવે છે. મણિરથકુમારની કથામાં બાર ભાવનાઓ સમજાવવામાં આવી છે, અને ત્યાર પછી સ્ત્રી, પુરુષ, નપુંસક, આંધળો, બહેરો, અપંગ, જ્ઞાની કે અજ્ઞાની વગેરે ભેદો કયા કર્મફળને કારણે થાય છે તે સમજાવવામાં આવ્યું છે. સંસારચક્રના ચિત્રપટ દ્વારા ચારે ગતિનાં દૃશ્યો, કર્મોની વિષમતા, પરિગ્રહનું પાપ વગેરે સમજાવીને પ્રત્યેક વ્યવસાયનો આધ્યાત્મિક અર્થ કેવી રીતે ઘટાવવો તે સચોટ રીતે સમજાવ્યું છે. વળી કવિએ તત્કાળે ભારતમાં પ્રવર્તતા જુદા જુદા ધર્મોના સંપ્રદાયમાં કેવી કેવી ત્રુટિઓ રહેલી છે તે સંક્ષેપમાં સમજવા માટે ધર્મવાદીને બોલાવે છે અને તે દરેક ધર્મવાદી પોતાના ધર્મનાં ઉત્તમ તત્ત્વો ગાથાની એક પંક્તિમાં રજૂ કરે છે અને એના વિશે રાજા જે ચિંતન કરે છે તે પણ ગાથાની એક પંક્તિમાં રજૂ કરાયું છે. એ બધાને અંતે યથાર્થ ધર્મની ચકાસણી કરી રાજા જિનધર્મની દીક્ષા અંગીકાર કરે છે. આવા દરેક પ્રસંગે ગ્રંથકારે શાસ્ત્રમીમાંસા કરવાની સારી તક ઝડપી છે. વસ્તુતઃ કર્તાએ પોતે જણાવ્યું છે તે પ્રમાણે કવિતાના ઉદ્દેશથી પ્રેરાઈને નહિ પણ ધર્માનુરાગથી પ્રેરાઈને પોતે આ ધર્મકથાનું સર્જન કર્યું છે અને માટે જ આ કથામાં કોઈ કોઈ સ્થળે એવા પ્રસંગો રજૂ કરવામાં આવ્યા છે અને એવો સચોટ ધર્મોપદેશ અપાયો છે કે તે વાંચીને સુજ્ઞ વાંચનારના ચિત્તમાં તત્કાળ વૈરાગ્યના અંકુર ફૂટે તો નવાઈ નહિ. જીવનપરિવર્તન કરાવવાનો સંભાર અને શક્તિ આ ગ્રંથમાં પડચાં છે, એ નિઃસંશય છે. એટલે લેખકે એને ધર્મકથા તરીકે ઓળખાવી છે એ એટલું જ સાચું છે. અલબત્ત, એને ધર્મકથા કહેવાથી શ્રેષ્ઠ કૃતિ તરીકેનું એનું ગૌરવ

જરા પણ ઓછું થતું નથી.

આ ગ્રંથમાં મુખ્ય કથાના અને તેની અવાંતર કથાઓના પ્રસંગો-માં કવિએ જીવનની ઘણી ભિન્નભિન્ન બાજુઓનું આલેખન કરીને તેમાં પુષ્કળ વૈવિધ્ય આપ્યું છે. એ સર્વનો આસ્વાદ માણતાં કથા-કારે જગતનું અને જીવનનું કેટલું સૂક્ષ્મ અવલોકન કર્યું હશે તેની આપણને પ્રતીતિ થાય છે. આ ઉપરાંત, કવિએ ભિન્નભિન્ન શાસ્ત્રો, જાતિઓ, વ્યવહાર, ધર્મ, ભાષાઓ વગેરેનો કેટલો અભ્યાસ કર્યો હશે તેનો પણ વખતોવખત આપણને પરિચય થાય છે. રાશિફળાદેશ, ઘોડાની જાતિઓ, વિવિધ કળાઓ, ધાતુવાદ, ખન્યવાદ, શકુનવિચાર, સામુદ્રિક લક્ષણો, પ્રહેલિકાઓ વગેરે સંબંધવાળાં લક્ષણો લેખકની બહુશ્રુતતાની પ્રતીતિ કરાવે છે.

'કુવલયમાલા'માં તત્કાલીન લોકજીવનનું સુંદર પ્રતિબિમ્બ પડ્યું છે. કુવલયકુમાર વિજયાનગરીમાં જાય છે, ત્યારે રાજકન્યા કુવલયમાલા વિશેના સમાચાર મેળવવા માટે પનિહારીઓની વાતો સાંભળે છે, છાત્રાલયમાં જાય છે અને બજારમાં જાય છે. તે પ્રસંગે કેવા કેવા લોકોને કેવી કેવી વાતો કરતાં તે સાંભળે છે તેનું વિગતે, તાદશ અને ચિત્રાત્મક વર્ણન કવિ કરે છે. છાત્રાલયમાં જે વિદ્યાર્થીઓ હતા તે લાટ દેશના, કર્ણાટકના, માલવાના, કનોજના, ગોલ્લદેશના, મહારાષ્ટ્રના, સૌરાષ્ટ્રના, ઢક્કદેશના, કાશ્મીરના, અંગદેશના અને સિંધ-દેશના હતા. છાત્રાલયમાં છાત્રોના જુદા જુદા વર્ગો ચાલતા હતા. તેમાં જુદાં જુદાં શાસ્ત્રોના વર્ગોનું વર્ણન કરતાં કવિ લખે છે :

'એક વર્ગમાં પ્રકૃતિ, પ્રત્યય, લોપ, આગમ, વર્ણવિકાર, આદેશ, સમાસ, ઉપસર્ગ વગેરે વિભાગ કરવામાં નિપુણ એવા વ્યાકરણની વ્યાખ્યા ચાલતી હતી. બીજા વર્ગમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દના સંયોગ માત્ર કલ્પનાના છે, રૂપમાં ક્ષણભંગુરતા છે, ક્ષણેક્ષણે વિનાશ પામવાના સ્વભાવવાળું છે એવી બૌદ્ધદર્શનની વ્યાખ્યાઓ ચાલતી હતી. કોઈક

જગ્યાએ ઉત્પત્તિ, વિનાશ, પરિહાર, અવસ્થિત, નિત્ય, અપાય, સ્વરૂપ, પ્રકૃતિ, વિશેષ, ઉપનીત, સુખદુઃખાનુભવનું સ્વરૂપ વગેરે સાંખ્યદર્શનની વ્યાખ્યાઓ ચાલતી હતી. કોઈક મંડળીમાં દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ સમવાય, પદાર્થ, રૂપનિરૂપણા, અવસ્થિત, ભિન્નગુણ અવયવ વગેરેની પ્રરૂપણા કરનાર વૈશેષિક દર્શનની વ્યાખ્યાઓ ચાલતી હતી. કોઈક જગ્યાએ પ્રત્યક્ષ, અનુમાન, પ્રમાણ, છ નિરૂપિત નિત્ય જીવાદિ નથી, સર્વસવાદ પદ, વાકય, પ્રમાણાદિવાદી મીમાંસાદર્શનની વ્યાખ્યાઓ ચાલતી હતી. કોઈક જગ્યાએ પ્રમેય, સંશય, નિર્ણય, છલ જાતિ, નિગ્રહ સ્થાનવાદી નૈયાયિકદર્શનની વ્યાખ્યાઓ ચાલતી હતી. કોઈક જગ્યાએ જીવાજીવાદિક પદાર્થમાં રહેલા દ્રવ્યસ્થિત પર્યાય, નય નિરૂપણ, વિભાગ, નિત્ય, અનિત્ય વગેરે જૈનદર્શનના અનેકાન્તવાદની વ્યાખ્યાઓ ચાલતી હતી. કોઈક જગ્યાએ પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, આકાશ, સંયોગ વિશેષથી ઉત્પન્ન થયેલ ચૈતન્ય વગેરે વિશે વાદ કરનાર લોકાયતિકવાદની વ્યાખ્યાઓ ચાલતી હતી.'

એક બાજુ જેમ શાસ્ત્રચર્ચા કરનાર બુદ્ધિશાળી છાત્રોનું ચિત્ર કવિએ દોર્યું છે તેમ બીજી બાજુ ઠોઠ છાત્રોનું ચિત્ર દોરતાં કવિ લખે છે, 'માત્ર ખાવાપીવામાં રસ ધરાવનાર તે છાત્રો કેવા હતા ? વાંકા વાળને હાથથી સરખા કર્યા કરનાર, નિષ્ઠુરપણે પગ ઠોકીને ચાલવાવાળા, પહોળા શરીરવાળા, ભુજાઓની ઉન્નત ટોચવાળા, પારકાંને ત્યાંથી ભોજન મેળવી હૃષ્ટપુષ્ટ માંસપૂર્ણ શરીરવાળા, મોટી મૂછવાળા, ધર્મ, અર્થ અને કામથી રહિત, કંઈક બાળવયમાં અને કંઈક યૌવનવયમાં આવેલા, બંધુ મિત્ર તથા ધનથી દૂરથી ત્યજાયેલા, પારકી યુવતીઓ સામે જોવાના મનવાળા, પોતે સ્વરૂપવાન અને સૌભાગ્યવાળા છે એવો ગર્વ ધરાવનારા, ઊંચું મુખ અને ઊંચી આંખો કરવાની ટેવવાળા હતા.'

જેમ છાત્રાલયમાં દેશદેશના છાત્રો હતા તેમ બજારમાં દેશદેશના

વેપારીઓ એકઠા થયા હતા. વર્તમાન સમયમાં પણ જેમ દરેક દેશની પ્રજાની પોતાની ભાષાકીય લઢણ હોય છે અને કેટલાક શબ્દોનું ઉચ્ચારણ એ એમની ખાસિયત હોય છે તેમ કવિના સમયમાં પ્રાકૃત ભાષાના ઉચ્ચારણમાં પણ દેશદેશના લોકોની જુદી જુદી ખાસિયત હતી. વળી, એ દરેક દેશના લોકો માટે લોકમાન્યતા કેવી હતી તેનો પણ નિર્દેશ કવિએ કર્યો છે. અહીં કવિએ લોકોનું જેવું લાક્ષણિક શબ્દચિત્ર આપ્યું છે તેવું આપણા પ્રાચીન સાહિત્યમાં ક્યાંય જોવા મળતું નથી. એથી ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ શબ્દચિત્ર ઘણું ઉપયોગી છે. કવિ લખે છે:

(૧) કાળા, નિષ્ઠુર વચન બોલનારા, બહુ તકરાર કે મારામારી કરનારા, લજ્જા વગરના અને ' અડડે ' એવા શબ્દો બોલનારા ગૌલ્લ દેશના વેપારીઓ જોયા.

(૨) ન્યાય, નીતિ, સંધિ, વિગ્રહ કરવામાં કુશળ, બહુ બોલવાન સ્વભાવવાળા, અને ' તેરે મેરે આઉ' એવા શબ્દો બોલનારા મધ્યદેશના વેપારીઓને જોયા.

(૩) બહાર નીકળેલા મોટા પેટવાળા, ખરાબ વર્ણવાળા, ઠીંગણા, કામક્રીડાના રસિક, ' અંગે લે ' એવા શબ્દો બોલનારા મગધ દેશના વેપારીઓ જોયા.

(૪) ભૂરી માંજરી આંખવાળા, આખો દિવસ ફક્ત ભોજનની જ વાતો કરવાવાળા અને 'કિતા કિમ્મો' એવા પ્રિય શબ્દો બોલનારા અંતર્વેદી (ગંગાજમનાની વચ્ચેનો પ્રદેશ) દેશના વેપારીઓને જોયા.

(૫) ઊંચા અને જાડા નાકવાળા, સુવર્ણ જેવા વર્ણવાળા, ભાર વહન કરનારા અને ' સરિ પારિ ' એવા શબ્દો બોલનારા કીર (એટલે કાશ્મીર) દેશના વેપારીઓને જોયા.

(૬) દાક્ષિણ્ય, દાન, પૌરુષ, વિજ્ઞાન, દયા વગેરેથી વર્જિત શરીર-વાળા, 'એહં તેહં' એવા શબ્દો બોલનારા ઢક્ક દેશના વેપારી-ઓને જોયા.

(૭) મનોહર, મૃદુ, મંદ ગતિવાળા, સંગીતપ્રિય અને સુગંધપ્રિય, પોતાના દેશ તરફ જવાના ચિત્તવાળા, દેખાવડા 'ચઉડય મે' એવા શબ્દો બોલનારા સિંધ દેશના વેપારીઓને જોયા.

(૮) વાંકા, જડ, જાડા, બહુ ભોજન કરનારા તથા કઠણુ પુષ્ટ અને મુક્ત શરીરવાળા, 'અપ્પાં તુપ્પાં' એવા શબ્દો બોલનારા મરુ-દેશના (મારવાડના) વેપારીઓને જોયા.

(૯) ઘી અને લવણુવાળાં ભોજન કરનાર, પુષ્ટ અંગવાળા, ધર્મ-પરાયણુ, સંધિવિગ્રહમાં નિપુણુ 'ણુઉ રે ભલ્લઉ' એવા શબ્દો બોલનારા ગુર્જર દેશના વેપારીઓને જોયા.

(૧૦) સ્નાન કરનાર, તેલ ચોળનાર, વિલેપન કરનાર, વાળમાં સેંથો પાડનાર, સુશોભિત ગાત્રોવાળા 'અમ્હ કાઉ તુમ્હ' એવા શબ્દો બોલનાર લાટ દેશના વેપારીઓને જોયા.

(૧૧) સહેજ કાળા, નીચા શરીરવાળા, કોપ કરવાના સ્વભાવવાળા, માનથી જીવનારા, રૌદ્ર સ્વરૂપના અને 'ભાઉય ભઈણી તુમ્હે' એવા શબ્દો બોલનારા માલવદેશના વેપારીઓને જોયા.

(૧૨) ઉત્કટ, અભિમાની, પ્રિયાને મોહ પમાડનાર, રૌદ્ર સ્વભાવવાળા, પતંગિયા જેવી વૃત્તિવાળા 'અડિ પાંડી મરે' એવા શબ્દો બોલનાર કર્ણાટક દેશના વેપારીઓને જોયા.

(૧૩) સુતરાઉ વસ્ત્ર પહેરનાર, માંસાહારની રુચિવાળા, મદિરાપાન કરવાવાળા અને કામવાસનાવાળા 'ઇસિ કિસિ મિસિ' એવા શબ્દો બોલનાર તાઈ (થાઈ કે તામિલ ?) દેશના વેપારીઓ જોયા.

(૧૪) સર્વ કળામાં નિપુણુ, માની, પ્રિયા તરફ કોપ કરવાવાળા,

કઠણ શરીરના અને ' જલ તલ લે ' એવા શબ્દો બોલનારા કોશલદેશના વેપારીઓને જોયા.

(૧૫) મજબૂત, નીચા, શ્યામ શરીરવાળા, સહન કરનાર, અભિમાની અને તકરાર કરવાના સ્વભાવવાળા ' દિણ્ણલ્લે ગહિયલ્લે ' એવા શબ્દો બોલનાર મહારાષ્ટ્ર દેશના વેપારીઓને જોયા.

(૧૬) મહિલા અને સંગ્રામ વિશે અનુરાગવાળા, સુંદર અવયવવાળા, ભોજનમાં રૌદ્ર, ' અટિ પુટિ રટિ ' એમ બોલનારા આંધ્રદેશના વેપારીઓને જોયા.

આમ વિવિધ દેશના લોકો દેખાવ અને સ્વભાવે કેવા હતા અને તેમના કેટલાક લાક્ષણિક શબ્દોચ્ચારો કેવા હતા તેનું સુંદર વર્ણન કવિએ અહીં કર્યું છે. કવિની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને બહુશ્રુતતાની આમ આ ગ્રંથમાં ઘણે સ્થળે પ્રતીતિ થાય છે.

ચંપૂસ્વરૂપની આ કૃતિમાં અલંકારસમૃદ્ધિ અપાર હોય એ સ્વાભાવિક છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં એ પ્રકારની લખાયેલી કૃતિઓમાં આ કૃતિને અવશ્ય અગ્રસ્થાન સાંપડે છે. અલંકારસમૃદ્ધિની દૃષ્ટિએ આ કૃતિ બાણભટ્ટની ' કાદંબરી 'ની સરસાઈ કરવાને પણ શક્તિમાન જણાશે. ઉપમા, રૂપક અને ઉત્પ્રેક્ષા જેવા અલંકારો તો એમાં પદેપદે છે એમ કહેવામાં અત્યુક્તિ નહિ થાય. અલંકારશાસ્ત્રને અનેકવિધ અલંકારોનાં ઉત્તમ ઉદાહરણ પૂરાં પાડી શકે એવો આ ગ્રંથ છે. નમૂનારૂપ થોડા જુઓ :

લક્ષ્મી માટે જુદા જુદા પ્રકારની નાયિકાઓની ઉપમાઓ ૧૩૦મી કંડિકામાં આપવામાં આવી છે, જેમકે :

आलिंगिय पि मुंचइ लच्छी पुरिसं ति साहस-विहूणं ।
गोत्त-क्खलण-विलक्खा पियव्व दइया ण संदेहो ॥

વ્યતિરેક અલંકારનું ઉદાહરણ ૧૧ મી કંડિકામાં જુઓ :

हूं, बुज्झइ, वट्टइ खलु खलो ज्जि जइसउ,
उज्झिय–सिणेहु पसु–भत्तो य ।
तहेव खलो वि वराओ पीलिज्जंतो विमुक्क–णेहु
अयाणंतो य पसूहिं खज्जइ ॥

અને પરિસંખ્યાનું ઉદાહરણ કંડિકા ૧૭મી માં જુઓ :

जत्थ य जणवये ण दीसइ खलो विहलो व। दीसइ सज्जणो समिद्धो व। वसणं णाणाविण्णाणे व, उच्छाहो धणे रणे व, पीई दाणे माणे व, अब्भासो धम्मे धम्मे व त्ति। जत्थ य दो–सुहउ णवर मुइंगो वि। खलो तिल विचारो वि।

શ્લેષાલંકારની રચના તો કવિએ ઘણે સ્થળે કરી છે. ઉદાહરણ તરીકે ૧૫મી કંડિકા જુઓ:

अण्णा णंदण–भूमिओ इव ससुराओ संणिहिय–महुमासाओं त्ति।

આમ, અલંકારોનાં ઉદાહરણો તો આ ગ્રંથમાં સ્થળેસ્થળે જોવા મળે છે અને એમાં કવિએ દાખવેલી અપ્રતિમ શક્તિને કારણે જ આ કથાગ્રંથ ઉત્તમ કાવ્યકોટિમાં બિરાજે છે.

સંવાદ એ પણ આ કથાગ્રંથનું એક આગવું લક્ષણ છે. કથાના નિરૂપણમાં લેખકે વખતોવખત નાટ્યતત્ત્વ આણ્યું છે અને તેમાંયે સંવાદો દ્વારા કથાને રસિક અને વાસ્તવિક બનાવી છે. લેખકના સંવાદ સચોટ, માર્મિક, ધારદાર, અને ક્યારેક હાસ્યરસિક બન્યા છે. કુમાર કોના જેવો છે તે વિશે યુવતીઓની વાતચીત, છાત્રોની વાતચીત, દર્પફલિહ અને કુવલયકુમાર વચ્ચેની વાત, ધર્મવાદીઓ સાથે દઢવર્મા રાજાનો વાર્તાલાપ, મહેન્દ્રકુમાર અને કુવલયકુમાર વચ્ચેનો સંવાદ, પિશાચોનો વાર્તાવિનોદ વગેરેમાં લેખકની અસાધારણ સંવાદકલા નિહાળી શકાય છે.

કુમાર કુવલયચંદ્રનાં ગુણલક્ષણોનું જુદે જુદે પ્રસંગે જુદી જુદી રીતે વર્ણન કવિએ કર્યું છે તેમાંથી યુવતીઓના વાર્તાલાપ દ્વારા કરાયેલું વ્યતિરેકના પ્રકારનું વર્ણન પણ રોચક છે. જુઓ :

એક યુવતીએ કહ્યું, 'સખી રૂપથી તો કુમાર કામદેવ જેવો દેખાય છે.'

બીજી યુવતીએ કહ્યું, 'ભોળી, એમ ન બોલ. જો તે કામદેવ હોય તો યુવતીઓના સમુદાય ઉપર પ્રહાર કરે. આ તો શત્રુઓના મોટા હાથીઓના દાંત તોડે એવો છે.'

વળી, એક યુવતીએ કહ્યું, 'સખી, જો જો વક્ષસ્થળ જોવાથી તો તે નારાયણ જણાય છે.'

બીજી યુવતીએ કહ્યું, 'જો તે શ્યામ કાજળની જેવી કાંતિવાળો હોય તો પ્રગટ નારાયણ જેવો હોય; પરંતુ કુમાર તો તપાવેલા સુવર્ણની કાંતિવાળો છે.'

વળી, એક યુવતીએ કહ્યું, 'સખી, કાંતિથી તો તે પૂર્ણિમાના ચંદ્ર જેવો જણાય છે.'

બીજી યુવતીએ કહ્યું, 'હા ચંદ્રની કાંતિ ઘટી શકે, પરંતુ જો ચંદ્રની અંદરથી મૃગનું શ્યામ કલંક નીકળી જાય તો. આ તો કલંક-રહિત સકલ સંપૂર્ણ કળાવાળો છે.' વળી, કોઈ એક યુવતીએ કહ્યું, શક્તિમાં તો તે ઇન્દ્ર જેવો જણાય છે.'

બીજી યુવતીએ કહ્યું, 'જો તે ઇન્દ્ર હોય તો તેને હજાર આંખ હોવી જોઈએ; પરંતુ આ તો કઠોર, કસાયેલ, પુષ્ટ, દૃઢ અને મનોહર શરીરવાળો છે.'

વળી, એ યુવતીએ કહ્યું, 'શરીરે તો તે મહાદેવ જેવો દેખાય છે.'

બીજી યુવતીએ કહ્યું, 'જો મહાદેવ જેવો હોય તો એનું ડાબું

અડધું અંગ સ્ત્રીનું અને નીચું હોવું જોઈએ. પરંતુ આ તો સમગ્ર રીતે પૂર્ણ અને ચતુરસ્ર સંસ્થાનવાળો છે.'

વળી, એક યુવતીએ કહ્યું, 'તેજમાં તો તે સૂર્ય જેવો છે.'

બીજી યુવતીએ કહ્યું, 'જો તે ખરેખર સૂર્ય જેવો હોય તો તે પ્રચંડ અને ભુવનતલને તપાવનાર હોય. આ તો લોકોનાં મન અને નયનને શીતળતા આપનાર અમૃતમય છે.'

વળી એક યુવતીએ કહ્યું, 'મુગ્ધપણામાં તે કાર્તિકસ્વામી જણાય છે.'

બીજી યુવતીએ કહ્યું, 'જો તે ખરેખર કાર્તિકસ્વામી હોય તો ઘણા ટુકડાથી સાંધેલા શરીરવાળો જણાય પરંતુ રૂપમાં પણ ચડિયાતા રૂપવાળો આ તો ઘણો જ શોભી રહેલો છે.'

'ખરેખર, જેણે ઘણો અભ્યાસ કર્યો હશે એવા દેવતાઓની મુગ્ધ દેવીઓએ કાળજીપૂર્વક થોડો થોડો કરીને આ કુમારને ઘડચો હશે.'

'કુવલયમાલા'ના કર્તાનો ઉદ્દેશ ચમ્પૂ સ્વરૂપની રચના કરવાનો હોઈ એ સ્વરૂપ માટે સ્વાભાવિક એવી પાંડિત્યભરી ભાષા અને શૈલીનાં દર્શન આ ગ્રંથમાં કરી શકાય છે. સંસ્કૃત અને પ્રાકૃત ઉભય ભાષા ઉપરનું લેખકનું અસાધારણ પ્રભુત્વ છે એવી પ્રતીતિ આ ગ્રંથ વાંચતા સહેજે થશે. તેમની ચંપૂકવિની શૈલી વિગતોમાં રાચતી હોઈ દીર્ઘ સમાસપ્રચુર વાકચોમાં સરી પડે એ સ્વાભાવિક છે. વળી, પ્રસંગે-પ્રસંગે રૂઢ શબ્દને નવીન અર્થમાં પ્રયોજતી અને નવીન શબ્દ રૂઢ અર્થમાં પ્રયોજતી કવિની ભાષાશૈલી કવિત્વને સાધવાનું લક્ષ્ય પણ રાખતી હોય છે; કચારેક સરળ ભાષામાં પણ તે વહે છે અને કચારેક આત્મકથનાત્મક, કચારેક નાટચાત્મક, કચારેક સુભાષિતાત્મક, કચારેક ઉપદેશાત્મક, કચારેક પ્રાસાદિક, કયારેક ઓજસવંતી એવાં વિવિધ સ્વરૂપ તે ધારણ કરે છે.

ગદ્યની જેમ પદ્ય ઉપર પણ શ્રી ઉદ્દ્યોતનસૂરિનું પ્રભુત્વ જોવા મળે છે. તેમની પદ્યપંક્તિઓ પાણીના રેલાની જેમ વહેતી હોય છે. ગાથા ઉપર આ કવિનું જેવું પ્રભુત્વ છે તેવું પ્રાકૃતમાં બહુ ઓછા કવિઓનું જોવા મળશે.

આમ, 'કુવલયમાલા' એ માત્ર પ્રાકૃત ભાષાનું જ અનેરું આભૂષણ નથી, જગતના તમામ સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન પામી શકે એવું અણમોલ રત્ન છે.

હેમચન્દ્રાચાર્ય : એમનું જીવન અને કવન

ગુજરાતના ઇતિહાસમાં સુખ, સમૃદ્ધિ અને સંસ્કારિતાની દૃષ્ટિએ મહાન કહી શકાય એવો યુગ તે સોલંકી યુગ. આ યુગમાં મૂળરાજ, ભીમ, કર્ણ, સિદ્ધરાજ, કુમારપાળ એમ એક પછી એક પરાક્રમી, પ્રજાવત્સલ અને દૂરંદેશી રાજાઓ રાજ્ય કરી ગયા અને ગુજરાતની કીર્તિને એની ટોચે પહોંચાડી. લગભગ ત્રણસો વર્ષનો આ જમાનો ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે ઓળખાવા લાગ્યો. આ સુવર્ણ-યુગને એની પરાકાષ્ઠાએ પહોંચાડનાર સિદ્ધરાજ અને કુમારપાળ હતા. અને એ બન્ને રાજવીઓને મહાન બનાવનાર કલિકાલસર્વજ્ઞ, યુગપ્રવર્તક હેમચન્દ્રાચાર્ય હતા. જે સ્થાન વિક્રમાદિત્યના રાજ્યમાં કવિ કાલિદાસનું હતું, જે સ્થાન હર્ષના રાજ્યમાં બાણભટ્ટનું હતું, તે સ્થાન સિદ્ધરાજ અને કુમારપાળના વખતમાં હેમચન્દ્રાચાર્યનું હતું. ઇતિહાસમાંથી હેમચન્દ્રાચાર્યને જો આપણે ખસેડી લઈએ તો એ સમયનું અપૂર્ણ અને અંધકારમય ચિત્ર આપણી સામે ખડું થવાનું. હેમચન્દ્રાચાર્ય ન હોત તો તત્કાલીન પ્રજા અને એ પ્રજાનાં ભાષા અને સાહિત્ય આટલાં સમૃદ્ધ ન હોત.

હેમચન્દ્રાચાર્યના જીવન વિષે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ગ્રંથોમાંથી પુષ્કળ માહિતી મળે છે. પ્રદ્યુમ્નસૂરિના 'પ્રભાવકચરિત્ર', મેરુતુંગાચાર્યના 'પ્રબંધચિંતામણિ,' રાજશેખરના 'પ્રબંધકોશ' અને જિનમંડન ઉપાધ્યાયના 'કુમારપાળચરિત્ર' નામના ગ્રંથોમાંથી હેમચન્દ્રાચાર્ય વિષે પુષ્કળ માહિતી મળી આવી છે. જેમ નરસિંહ અને મીરાં, તુકારામ અને જ્ઞાનેશ્વર, કબીર અને ચૈતન્ય જેવા સંતોના જીવન વિષે તેમ જ કાલિદાસ અને ભવભૂતિ જેવા કવિઓ કે વિક્રમ અને ભોજ જેવા રાજવીઓ વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે, તેમ હેમચન્દ્રાચાર્ય વિશે પણ ઘણી દંતકથાઓ પ્રચલિત છે. હેમચન્દ્રાચાર્યે પોતાના યોગના પ્રભાવ વડે અમાસની પૂનમ કરી નાખી હતી, મહમ્મદ ગઝનીને વિમાનમાં પોતાની પાસે આણ્યો હતો કે તાડપત્રી ખૂટતાં નવાં ઝાડ ઉગાડયાં હતાં—એવી એવી દંતકથાઓ હેમચન્દ્રાચાર્ય વિશે પ્રચલિત છે.

હેમચન્દ્રાચાર્યનો જન્મ સંવત ૧૧૪૫માં કારતક સુદિ પૂનમને દિવસે ધંધૂકામાં થયો હતો. એમના પિતાનું નામ ચાચ અને માતાનું નામ ચાહિણી (અથવા પાહિણી) હતું. હેમચન્દ્રાચાર્યનું બાલપણનું નામ ચંગ હતું. એમ કહેવાય છે કે એક વખત ધંધૂકામાં દેવચન્દ્રસૂરિ પધારેલા તે સમયે ચાહિણી એમને વંદન કરવા જાય છે અને પોતે સ્વપ્નમાં એક રત્નચિંતામણિ જોયો હતો તેની વાત કરે છે. જ્યોતિષના જાણકાર દેવચન્દ્રસૂરિ ચાહિણીના ચહેરાની રેખાઓ પારખી કહે છે કે: તું એક રત્નચિંતામણિ જેવા પુત્રને જન્મ આપીશ. ત્યાર પછી દેવચન્દ્રસૂરિ વિહાર કરતા ચાલ્યા ગયા. ફરી કેટલાંક વર્ષે જ્યારે દેવચન્દ્રસૂરિ પાછા ધંધૂકામાં આવ્યા ત્યારે ચાહિણી એમને વંદન કરવા ગઈ. સાથે પાંચેક વર્ષનો ચંગ હતો. ચાહિણી જ્યારે વંદન કરતી હતી ત્યારે ચંગ મહારાજની પાટે ચઢી એમની પાસે બેસી ગયો હતો. તે સમયે દેવચન્દ્રસૂરિએ ચાહિણીને પેલા રત્નચિંતામણિની યાદ આપી, અને પુત્ર પોતાને સોંપવા કહ્યું. ચાહિણીનો

પતિ તે સમયે બહારગામ વેપારાર્થે ગયો હતો; એટલે એને પૂછ્યા વિના પુત્ર કેવી રીતે આપી શકાય? દેવચન્દ્રસૂરિએ ચાહિણીને ખૂબ સમજાવી અને કહ્યું કે પતિ બહારગામ છે એ કદાચ ઈશ્વરી સંકેત હશે. અંતે ચાહિણીએ પોતાનો પુત્ર દીક્ષાર્થે દેવચન્દ્રસૂરિને સોંપી દીધો, અને દેવચન્દ્રસૂરિ વિહાર કરતા ખંભાત પહોંચ્યા. દરમ્યાન ચાચ બહારગામથી પાછો આવ્યો. પુત્રને ન જોતાં તુરત ગુસ્સે થઈ, ખાધા-પીધા વિના પગપાળો ખંભાત આવી પહોંચ્યો અને મેલાઘેલા વેશે ઉદયન મંત્રી પાસે જઈ એણે ફરિયાદ કરી. ઉદયન મંત્રીએ દેવચન્દ્ર-સૂરિ પાસેથી એનો પુત્ર મંગાવી એને પાછો સોંપ્યો, અને પછી સમજાવ્યું કે 'આ પુત્ર તમારી પાસે રાખશો તો બહુ બહુ તો એ ધંધૂકાનો નગરશેઠ બનશે; અને દેવચન્દ્રસૂરિને સોંપશો તો એક મહાન આચાર્ય થશે અને આખી દુનિયામાં નામ કાઢશે.' ઘણું સમજાવ્યા પછી ચાચે પોતાનો પુત્ર દેવચન્દ્રસૂરિને પાછો સોંપ્યો.

ત્યાર પછી નવમે વર્ષે ચંગને દીક્ષા આપવામાં આવી અને એનું નામ પાડવામાં આવ્યું સોમચન્દ્ર. નાના સોમચન્દ્રે ત્યાર પછી સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનો અભ્યાસ કર્યો. સાથે સાથે વ્યાકરણ, કાવ્યાલંકાર, યોગ, ન્યાય, ઇતિહાસ, પુરાણ, તત્ત્વજ્ઞાન વગેરે ભિન્ન ભિન્ન શાખાઓનો પણ ઊંડો અભ્યાસ કર્યો. વિદ્યામાં પારંગત બનતાં આ સંયમી, અલ્પભાષી, તેજસ્વી યુવાન સાધુને વધુ અભ્યાસાર્થે કાશ્મીર જવાની ઇચ્છા થઈ. ગુરુએ એને સમજાવ્યું કે તારું સ્થાન ગુજરાતમાં છે, ગુજરાત બહાર જવાનાં સ્વપ્નાં સેવવા-ની જરૂર નથી. ઉત્તરોત્તર ગુરુને પણ પ્રતીતિ થતી જાય છે કે સોમચન્દ્રની દૃષ્ટિનો ઘણો વિકાસ થયો છે, એની પ્રજ્ઞા પરિણત બનવા લાગી છે, એની તેજસ્વિતા વધતી જ ચાલી છે. એટલે એમણે પોતાની પાટે આચાર્યપદે સોમચન્દ્રને સ્થાપવાનો નિશ્ચય કર્યો. અને વિ. સં. ૧૧૬૬માં સોમચન્દ્રને એકવીસમે વર્ષે દેવચન્દ્રસૂરિએ ખંભાતમાં

વિધિપૂર્વક આચાર્યપદે સ્થાપ્યા અને એમનું નામ પાડવામાં આવ્યું હેમચન્દ્ર. એ સમયે હેમચન્દ્રાચાર્યની માતા, જેમણે પણ પાછળથી દીક્ષા લીધેલી છે તે હાજર હોય છે. માતાપુત્ર બંને આ રીતે સાધુ-જીવનમાં એકબીજાને નિહાળી પ્રસન્નતા અનુભવે છે. હેમચન્દ્રાચાર્ય પોતાની માતાને એ વખતે પ્રવર્તિનીનું પદ અપાવે છે.

અહીંથી હવે હેમચન્દ્રાચાર્યનો કીર્તિકાળ શરૂ થાય છે. પાટણમાં તે સમયે સિદ્ધરાજ(લોકોમાં જાણીતા સધરા જેસંગ)નું રાજ્ય ચાલતું હતું. એ સમયે હેમચન્દ્રાચાર્ય દેવસૂરિ સાથે પાટણમાં આવે છે અને બનારસથી આવેલ કુમુદચન્દ્ર સાથે ધર્મચર્ચામાં ભાગ લે છે. ત્યારથી સિદ્ધરાજને હેમચન્દ્રાચાર્યની પ્રતિભાનો પરિચય થાય છે. તે સમયે સિદ્ધરાજની વિદ્દ્દસભામાં રાજકવિ તરીકે શ્રીપાલને સ્થાન હતું, અને રાજપંડિત તરીકે દેવબોધને સ્થાન હતું, એ બન્નેને એકબીજા પ્રત્યે તેજોદ્વેષ હતો અને એકંદરે રાજાને એ બંનેથી અસંતોષ હતો. એટલે સિદ્ધરાજે પોતાની વિદ્દ્દસભામાં એ બંનેને બદલે હેમચન્દ્રાચાર્યને સ્થાન આપ્યું.

ત્યાર પછી સિદ્ધરાજે માલવા પર ચઢાઈ કરી. એમાં એમને ફત્તેહ મળી. માલવાની અઢળક સમૃદ્ધિ ગુજરાતમાં લાવવા સાથે એના માણસો માલવાથી ગાડાંનાં ગાડાં ભરી હસ્તપ્રતો પણ લાવ્યા. એમાં સિદ્ધરાજે 'ભોજવ્યાકરણ'ની પ્રત જોઈ પંડિતોને પૂછ્યું તો ગુજરાતમાં કયાંક 'ભોજ વ્યાકરણ,' કયાંક કયાંક કા તંત્રનું વ્યાકરણ ચાલતું હતું. ગુજરાત પાસે પોતાનું કહી શકાય એવું વ્યાકરણ રચવાને માત્ર હેમચન્દ્રાચાર્ય સમર્થ છે એમ પંડિતોએ જણાવ્યું અને સિદ્ધરાજે હેમચન્દ્રાચાર્યને એવું વ્યાકરણ રચવાની વિનતિ કરી. એ માટે કાશ્મીરથી અને હિંદના બીજા ભાગોમાંથી ભિન્ન ભિન્ન વ્યાકરણોની પ્રતો સિદ્ધરાજે મંગાવી આપી. એનો સતત અને ઊંડો અભ્યાસ કરી હેમચન્દ્રાચાર્યે એક ઉત્તમ વ્યાકરણની રચના કરી. સિદ્ધરાજની વિનતિથી એ લખાયું માટે

એમની યાદગીરી રહે એટલા માટે હેમચન્દ્રાચાર્યે વ્યાકરણનું નામ આપ્યું 'સિદ્ધહેમ.' આ વ્યાકરણની પંડિતોએ મુક્ત કંઠે પ્રશંસા કરી. સિદ્ધરાજે એની પહેલી હસ્તપ્રત હાથી પર અંબાડીમાં મૂકી નગરમાં ફેરવી અને એનો ઢંઢેરો પિટાવ્યો. ત્યાર પછી વિદ્વત્સભામાં એનું વિધિસરનું પઠન થયું. એ વ્યાકરણની હસ્તપ્રતો તૈયાર કરવા માટે ગુજરાતમાંથી ૩૦૦ જેટલા લહિયાઓને બોલાવવામાં આવ્યા. હસ્તપ્રતો તૈયાર થતાં હિંદુસ્તાનમાં ઠેર ઠેર મોકલવામાં આવી. એની એક સુંદર હસ્તપ્રત રાજ-ભંડારમાં પણ મૂકવામાં આવી અને ત્યારથી ગુજરાતમાં 'સિદ્ધહેમ' શીખવવાનું શરૂ થયું. કાકલ નામના એક વિદ્વાન પંડિતની પાટણમાં વ્યાકરણ શીખવવા માટે નિમણૂક કરવામાં આવી. આમ, સિદ્ધરાજે હેમચન્દ્રાચાર્યના વ્યાકરણનું બહુમાન કર્યું.

સિદ્ધરાજ હેમચન્દ્રાચાર્યની પ્રતિભાથી એટલા બધા પ્રભાવિત થયા કે ત્યારથી હેમચન્દ્રાચાર્યે સિદ્ધરાજના મિત્ર અને માર્ગદર્શકનું સ્થાન લીધું. એને પરિણામે, સિદ્ધરાજનો જૈન ધર્મ પ્રત્યેનો અનુરાગ વધ્યો; એને પરિણામે, હેમચન્દ્રાચાર્યે સિદ્ધરાજના જીવન અને સોલંકી યુગ વિશે સંસ્કૃતમાં 'દ્વયાશ્રય' મહાકાવ્ય લખ્યું, એને પરિણામે, સિદ્ધરાજ હેમચન્દ્રાચાર્ય સાથે જૈન દેરાસરમાં દર્શન કરવા જતા અને હેમચન્દ્રાચાર્ય સિદ્ધરાજ સાથે સોમનાથની યાત્રાએ ગયા. ધાર્મિક સંકુચિતતા અને અસહિષ્ણુતાના એ જમાનામાં હેમચન્દ્રાચાર્ય ધર્મના સાંપ્રદાયિક સ્વરૂપથી પર હતા, અને માટે જ સોમનાથના શિવલિંગને ब्रह्मा वा विष्णुर्वा महेश्वरो वा नमस्तस्मै । કહીને પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા હતા. સિદ્ધરાજને સર્વધર્મસમન્વયનું માહાત્મ્ય સમજાવનાર પણ હેમચન્દ્રાચાર્ય જ હતા. કોઈ પણ ધર્મ માત્ર પોતે જ સાચો છે એવું મિથ્યાભિમાન ધરાવી ન શકે. દરેક ધર્મમાં કંઈક અવનવું રહસ્ય સમાયેલું છે; અને માટે જ સંજીવની ન્યાય પ્રમાણે બધા ધર્મનો સમભાવપૂર્વક અભ્યાસ કરનાર જ સાચો ધર્મ પામી શકે છે એમ હેમચન્દ્રાચાર્ય માનતા હતા અને એ પ્રમાણે માનતા સિદ્ધરાજને કર્યા હતા.

સિદ્ધરાજને સંતાન ન હોવાથી એમની ગાદીએ આવે છે એમના ભત્રીજા કુમારપાળ; અને અહીંથી હેમચન્દ્રાચાર્યના જીવનનો ત્રીજો તબક્કો શરૂ થાય છે. જ્યોતિષના જાણકાર હેમચન્દ્રાચાર્યને અગાઉથી ખબર પડી ગઈ હતી કે નહિ તે વાત બાજુ પર રાખીએ, પણ એટલું તો જરૂર કહી શકાય કે હેમચન્દ્રાચાર્યે સાધુબાવાને વેશે ભટકતા કુમારપાળને, સિદ્ધરાજના માણસો એમનું ખૂન કરવા ફરતા હતા ત્યારે માત્ર માનવતાથી પ્રેરાઈને ઉપાશ્રયયમાં તાડપત્રી નીચે સંતાડી દીધા હતા. આ ઉપકાર કુમારપાળ ભૂલ્યા ન હતા. રાજ્યારોહણ પછી કુમારપાળનાં શરૂઆતનાં પંદરેક વર્ષ રાજ્ય સ્થિર કરવામાં અને વિસ્તારવામાં ગયાં. હેમચન્દ્રાચાર્યની ઇચ્છા મુજબ રાજ્યમાં પશુવધ, જુગાર, શિકાર, માંસભક્ષણ, દારૂ વગેરે પર કુમારપાળે પ્રતિબંધ ફરમાવ્યો. રાજ્યની કુલદેવી કંટેશ્વરીને અપાતું બલિદાન બંધ કરાવ્યું. પુત્રરહિત વિધવાનું ધન જપ્ત થતું બંધ કરાવ્યું. જૈન ધર્મ પ્રત્યેના અનુરાગને લીધે ઠેરઠેર જૈન મન્દિરો બંધાવ્યાં અને પરમાર્હતનું બિરુદ લોકો તરફથી મેળવ્યું. સિદ્ધરાજની જેમ કુમારપાળને પણ પુત્ર ન હોવાથી જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં એમની નિરાશા વધી ગઈ હતી. તે સમયે એમના મનનું સમાધાન કરાવવા માટે હેમચન્દ્રાચાર્યે યોગશાસ્ત્રની રચના કરી.

હેમચન્દ્રાચાર્યનું આખું જીવન સતત ઉદ્યોગપરાયણ હતું. એકંદરે દીર્ઘાયુષ્ય એમને સાંપડ્યું હતું. પોતાની આયુષ્યમર્યાદા પૂરી થવા આવેલી જાણી તેમણે અનશનવ્રત શરૂ કર્યું. શિષ્યોને પણ અગાઉથી સૂચના આપી દીધી હતી. એમ કરતાં સં૦ ૧૨૨૯માં ૮૪ વર્ષની વયે તેઓ કાળધર્મ પામ્યા.

સાહિત્યના ક્ષેત્રમાં પણ હેમચન્દ્રાચાર્યનું અર્પણ જેવુંતેવું નથી. માત્ર હિંદુસ્તાનની અન્ય ભાષાઓના સાહિત્યમાં જ નહિ, વિશ્વસાહિત્યમાં જેને મૂકી શકાય એવી સર્વતોમુખી પ્રતિભાવાળા હેમચન્દ્રાચાર્ય હતા. એમની કીર્તિ દેશવિદેશના પ્રાચીન ભાષાસાહિત્યના અભ્યાસીઓમાં

પ્રસરેલી છે. આશ્ચર્ય થશે કે અર્વાચીન સમયમાં એમના જીવન અને સાહિત્ય ઉપર સૌ પ્રથમ સુંદર સમીક્ષા કરનાર એક જર્મન પંડિત ડૉ૦ બુલ્હર છે. શ્રી કનૈયાલાલ મુનશીએ હેમચન્દ્રાચાર્યને યોગ્ય રીતે રીતે જ ગુજરાતના મહાન જ્યોતિર્ધર તરીકે ઓળખાવ્યા છે. હેમચન્દ્રાચાર્યની સાહિત્યસેવાનો સુંદર, સચોટ અને સંક્ષિપ્ત પરિચય સોમપ્રભસૂરિએ એક શ્લોકમાં આપ્યો છે :

> क्लृप्तं व्याकरणं नवं विरचितं छन्दो नवं द्व्याश्रया-
> ऽलंकारौ प्रथितौ नवौ प्रकटितौ श्री योगशास्त्रं नवम् ।
> तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं
> बद्धं येन न केन विधिना मोहः कृतो दूरतः ॥

અર્થાત્—" નવું વ્યાકરણ, નવું છંદશાસ્ત્ર, દ્વયાશ્રય મહાકાવ્ય, નવું અલંકારશાસ્ત્ર, નવું યોગશાસ્ત્ર, નવું તર્કશાસ્ત્ર અને જિનવરોનાં નવાં ચરિત્ર—આ સઘળું જેમણે રચ્યું તે હેમચન્દ્રાચાર્યે લોકોનો મોહ કઈ કઈ રીતે દૂર નથી કર્યો ?"

એમણે સિદ્ધહેમ-શબ્દાનુશાસન નામના વ્યાકરણની રચના કરી. એ વ્યાકરણની એ સમયથી તે અત્યાર સુધી પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના એક આધારભૂત વ્યાકરણ તરીકે ગણના થાય છે. પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના બંધારણ વિષે આપણને હેમચન્દ્રાચાર્યના વ્યાકરણ જેવું આધારભૂત વ્યાકરણ બીજું એકે મળતું નથી; એટલે ભવિષ્યમાં પણ વર્ષો સુધી એમનું આ વ્યાકરણ જ આધારગ્રંથ તરીકે રહેશે. હેમચન્દ્રાચાર્યે આ વ્યાકરણમાં—વિશેષતઃ અપભ્રંશ ભાષાના વ્યાકરણના નિયમોમાં—ઉદાહરણ તરીકે વ્યવહાર, પ્રેમ, શૌર્ય અને શૃંગારના જે દુહાઓ આપ્યા છે તે વ્યાકરણના ઉદાહરણ તરીકે જાણીતા છે તેના કરતાં ઉત્તમ કવિતા તરીકે વધુ જાણીતા થયા છે. એ દુહાઓ એ જમાનાનો આપણને ખ્યાલ આપે છે અને સાથે સાથે સાધુ હેમચન્દ્રાચાર્ય સાંસારિક બાબતોને પણ અલિપ્ત રહી કેટલી ઝીણવટથી

નિહાળતા હશે તેનો પણ ખ્યાલ આપે છે.

આ ઉપરાંત, એમણે અનેકાર્થસંગ્રહ, અભિધાનચિંતામણિ અને દેશીનામમાલા જેવા શબ્દસંગ્રહો તૈયાર કર્યા. એ જમાનામાં એમણે એક નહિ, પણ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુથી ત્રણ ત્રણ શબ્દકોષ તૈયાર કર્યા. સિદ્ધહેમ–શબ્દાનુશાસન પછી એમણે લિંગાનુશાસન, છંદાનુશાસન અને કાવ્યાનુશાસન એમ ત્રણ બીજાં શાસનોની રચના કરી. વ્યાકરણના નિયમના ઉદાહરણ તરીકે પણ રજૂ થઈ શકે એવા શ્લોકની રચના વડે એમણે સંસ્કૃત અને પ્રાકૃતમાં 'દ્વયાશ્રય' નામનું મહાકાવ્ય લખ્યું. 'યોગશાસ્ત્ર', 'મહાવીરચરિત્ર' અને પુરાણોની તોલે મૂકી શકાય એવા 'ત્રિષષ્ઠીશલાકાપુરુષચરિત્ર' જેવા મહાન ગ્રંથો લખ્યા. એટલે સાહિત્યના ક્ષેત્રે પણ ભિન્નભિન્ન શાખાઓમાં એમણે પોતાનો વિશિષ્ટ મૂલ્યવાન ફાળો નોંધાવ્યો. હેમચન્દ્રાચાર્ય મહાન વિદ્વાન હતા, મહાન કોષકાર હતા, મહાન કવિ હતા અને મહાન વૈયાકરણ પણ હતા. એમની અજોડ પ્રતિભા વ્યાકરણ જેવા શુષ્ક ગણાતા વિષયમાં અને કવિતા જેવા રસિક ગણાતા વિષયમાં એકસરખી આસાનીથી વિહરતી. જ્ઞાનની ઉપાસનામાં એમણે પોતાની જિંદગીનાં લગભગ ૬૪ જેટલાં વર્ષ આપ્યાં. એમણે પોતાના સમયમાં સાહિત્યનો એક વિશિષ્ટ યુગ પ્રવર્તાવ્યો. લોકોએ એમને 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ આપ્યું.

હેમચન્દ્રાચાર્ય એક જૈનાચાર્ય અને પ્રખર સાહિત્યકાર તરીકે તો મહાન હતા, પણ માનવ તરીકે પણ તેઓ મહાન હતા. તેઓ અત્યંત તેજસ્વી અને વિનમ્ર હતા. હૃદયની વિશાળતા અને ઉદારતા વડે એમણે દેવબોધ કે શ્રીપાલ જેવા વિરોધી કે પ્રતિસ્પર્ધીને જીતી લીધા હતા. તેઓ સાધુ હતા, તેમનું સમગ્ર જીવન સાધુતાથી સભર હતું. સંસારના રંગથી રંગાયા વિના તેઓ સાંસારિક પ્રવૃત્તિઓને પોતાના સાધુત્વના રંગથી રંગી દેતા. તેઓ હમેશાં સંપ્રદાયથી પર જ રહ્યા હતા. પોતાના જીવન દરમ્યાન એક નહિ પણ બે રાજાઓને

પોતાના વ્યક્તિત્વથી પ્રભાવિત કર્યા હતા અને દક્ષતા, કાર્યકુશલતા અને સમભાવ વડે પોતાની ઇચ્છા મુજબ તેમની પાસે મહાન કાર્યો કરાવી શકયા હતા. લાખોની સંખ્યામાં એમના અનુયાયીઓ હતા અને છતાં જુદો પંથ પ્રવર્તાવવાની એમણે કદી મહત્ત્વાકાંક્ષા સેવી નહોતી. એમના શિષ્યો તો એમનાં ગુણગાન ગાતાં થાકતા જ નહિ. કેટલાક તો विद्यांभोनिधिमंथमंदरगिरिः श्रीहेमचन्द्रो गुरुः । જેવી પંક્તિઓ ઉચ્ચારી વર્ષોનાં વર્ષો સુધી પ્રાતઃકાળમાં એમનું સ્મરણ કરતા.

હેમચન્દ્રાચાર્ય માત્ર ગુજરાતનું કે ભારતનું નહિ, જગતનું અનુપમ ગૌરવ છે.

ભાલણના કહેવાતા બીજા 'નળાખ્યાન'નું પગેરું

ભાલણે ' નળાખ્યાન ' લખ્યું હતું એ વાત જાણીતી હતી, પરંતુ એણે ' નળાખ્યાન ' બે વાર લખ્યું હતું એ ' પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકો પાસેથી જ આપણને પહેલી વાર જાણવા મળ્યું હતું. પ્રા. કા.માં આ બીજું ' નળાખ્યાન ' છપાયું ત્યાં સુધી ભાલણના આ બીજા ' નળાખ્યાન ' વિશે કોઈને માહિતી ન હતી. ભાલણને બીજી વાર નળાખ્યાન લખવાનું પ્રયોજન શું ? એ પ્રશ્નનો જવાબ સંપાદકો આપણને બીજીવારના નળાખ્યાનની પંક્તિઓ ટાંકીને આપે છે :

" આ નળાખ્યાન કવિની બીજી વારની કૃતિ છે. પ્રથમ તેમણે જે નળાખ્યાન લખ્યું હતું તે કોઈ લઈ ગયું અને તેણે પાછું ન આપ્યું ત્યારે આ ફરી લખી કાઢયું છે. કવિની પ્રથમ કૃતિ આના કરતાં કદાચ વધારે સુંદર હશે એમ અનુમાન થાય છે. કેમકે ઉત્સાહના પહેલા તરંગનું એ કાર્ય હતું. આ વિશે કવિ નળાખ્યાનને છેવટે લખે છે કે :

નાગરકાજે શ્રમ દુવેળા, કવિને કરમે લાગ્યો જી,
ધ્રુવાખ્યાન ને નળાખ્યાન બે, પુનરપિ કરી અનુરાગ્યો જી,

ગાંધીને કે'વું મરી માટે, મૂર્ખ જાણે નહિ મરીની ખોટજી,
ગુરુકૃપાએ કવિતાસાગરમાં, આવે ગ્રંથરૂપી ભરતીઓટજી."

'પ્રાચીન કાવ્યમાળા'માં આ નળાખ્યાન છપાયા પછી ઈ. સ. ૧૮૯૫માં તે 'બૃહત્કાવ્યદોહન'ના ગ્રંથ ૫માં છપાયું. પરંતુ 'પ્રાચીન કાવ્યમાળા' કરતાં તેમાં સ્થળેસ્થળે પાઠફેર જોવા મળે છે, અને કેટલીક કડીઓ ઓછી જોવા મળે છે. આમ, આ બે ગ્રંથોમાં આ 'નળાખ્યાન' છપાયા પછી પાંત્રીસેક વરસ સુધી તે ભાલણની કૃતિ તરીકે જ સ્વીકારાયું અને આપણા સાહિત્યના ઇતિહાસોમાં અને અન્ય ગ્રંથોમાં ભાલણની અસંદિગ્ધ કૃતિ તરીકે જ તે ઉલ્લેખ પામ્યું. આ સમય દરમિયાન ભાલણનું કહેવાતું પહેલું નળાખ્યાન અનુપલબ્ધ હોવાનું જ મનાતું હતું.

ભાલણના આ બીજા કહેવાતા નળાખ્યાનનું સંપાદન સ્વ. રામલાલ મોદીએ હાથ ધર્યું ત્યારે કેવી આકસ્મિક રીતે એમને ભાલણનું પહેલું નળાખ્યાન મળી આવ્યું તે એમણે બે 'નળાખ્યાનો'ની પ્રસ્તાવનામાં બતાવ્યું છે. વળી, આ કહેવાતા બીજા 'નળાખ્યાન'ની એક પણ હસ્તપ્રત એમને મળી નહિ એ પણ એમણે નોંધ્યું છે. ઈ. સ. ૧૯૨૪માં આ બંને નળાખ્યાનો તેમણે પ્રગટ કર્યાં ત્યારે આ બીજા નળાખ્યાન વિશે તેમણે થોડીક શંકા વ્યક્ત કરી અને તે માટે કેટલાંક કારણો આપ્યાં. * બીજી બાજુ, એમણે ભાલણની ઉતાવળમાં લખાયેલી એ કૃતિ હોવા વિશે શક્યતા પણ વિચારી જોઈ છે. ભાલણની આ કૃતિ નથી એવો બેધડક અભિપ્રાય એમણે આપ્યો નથી. વળી, આ અર્વાચીન કૃતિ છે એવો પણ સ્પષ્ટ અને નિશ્ચિત અભિપ્રાય એમણે આપ્યો નથી કારણ કે આ કૃતિ પ્રાચીન કાળના કોઈ કવિએ રચીને ભાલણના નામે ચઢાવી હોવાનો સંભવ પણ તેઓ વિચારે છે.

* "બે નળાખ્યાન" પ્રસ્તાવના, પૃ. ૨૨

સ્વ. રામલાલ મોદીએ વ્યક્ત કરેલી આ શંકાને ત્યાર પછી કંઈ વેગ મળ્યો નથી. એટલું જ નહિ, ઈ. સ. ૧૯૩૯માં શ્રી કે. કા શાસ્ત્રી તરફથી 'કવિચરિત ભાગ-૧'માં એનો સ્વીકાર પણ થયો છે. શ્રી. કે. કા. શાસ્ત્રીએ ભાલણના કહેવાતા આ નળાખ્યાનમાંથી અવતરણો આપી તેમાં મધ્યકાલીન ભાષાની પ્રથમ અને દ્વિતીય ભૂમિકાના અંશો અત્રતત્ર છૂટાછવાયા હોવાનું પણ બતાવ્યું.

આમ, ૧૯૨૪માં સ્વ. રામલાલ મોદીએ આ નળાખ્યાન વિશે શંકા વ્યક્ત કરી, ત્યાર પછી એ શંકાને દૃઢ કરે એવાં કોઈ વધુ પ્રમાણો હજુ રજૂ થયાં નથી. પરંતુ શ્રી કે. કા. શાસ્ત્રીએ ભાલણના સમય અંગે અને એના આ નળાખ્યાનના અનુસંધાનમાં કર્તૃત્વ અંગે પોતાનો અભિપ્રાય હવે બદલ્યો છે. તેઓ લખે છે, "મૃદુ પ્રકૃતિના સ્વ. મોદી આમ શંકાની નજરે જુએ એ જ આ કૃતિનું ભાલણનું કર્તૃત્વ નથી એ પુરવાર કરવા પૂરતું છે. વસ્તુસ્થિતિએ એની કોઈ હાથપ્રત મળી જ નથી અને મજા તો એ છે કે સાલવાળી કડી માત્ર પ્રા. કા. માળાની વાચનામાં જ છે. જ્યારે ગુજરાતી પ્રેસની બુ. કા. ની વાચનામાં નથી...આ પરિસ્થિતિમાં નરસિંહ મહેતાને નામે ચઢાવેલાં 'સુરત-સંગ્રામ' અને 'ગોવિંદગમન'ની ભાષામાં તો ભળતાં, અને કેટલીક વાર ખોટાં મધ્યકાલીન શબ્દસ્વરૂપ દાખલ કરી એ બેઉ કાવ્યોને જુનવાણી હોવાનું કહેવામાં આવ્યું છે તેવું જ આ બીજા નળા-ખ્યાનના વિષયમાં પણ બન્યું હોવા વિશે મને તો શંકા હવે રહી નથી."

આમ શ્રી કે. કા. શાસ્ત્રીનો અભિપ્રાય હવે બદલાયો છે. પરંતુ તેમણે આ બીજા નળાખ્યાનના કર્તૃત્વ વિશે વિશેષ કંઈ સ્વતંત્ર વિચાર કર્યો નથી. ભાલણના પહેલા નળાખ્યાન સાથે એમણે આ બીજું નળાખ્યાન સરખાવી જોયું નથી અને સ્વ. રામલાલ મોદીએ વ્યક્ત કરેલી શંકા ઉપરાંત તેમણે એક પણ નવું પ્રમાણ પોતાના અભિપ્રાયના

સમર્થનમાં આપ્યું નથી. સ્વ. રામલાલ મોદીએ પણ આ નળાખ્યાનના કર્તૃત્વ વિશે શંકા વ્યક્ત કરીને તેનાં કારણો આપ્યાં છે, પરંતુ લાક્ષણિક ઉદાહરણો લઈ એ કારણોની વિગતે ચર્ચા કરી નથી અને આ બંને નળાખ્યાનોને વિગતે સરખાવ્યાં પણ નથી.

અહીં આપણે પ્રથમ આ બંને નળાખ્યાનોને સરખાવીને એનાં આંતરપ્રમાણોનો વિચાર કરીશું અને પછી એનાં બાહ્યપ્રમાણોનો વિચાર કરી એના કર્તૃત્વનો નિર્ણય બાંધીશું.

સૌથી પહેલી મહત્ત્વની દલીલ તો એ છે કે કોઈ પણ કવિ પોતાની કૃતિની બીજી વાર રચના કરે અને તે ગમે તેટલી ઉતાવળથી કરે તોપણ ૪૦૦ કરતાંયે વધારે કડીઓમાં એની એક પણ પંક્તિ અથવા અડધી પંક્તિ પણ મળતી ન આવે એવું સામાન્ય રીતે બને જ નહિ. ભાલણના ‘ નળાખ્યાન ’ની એક પણ પંક્તિ એના કહેવાતા આ બીજા ‘ નળાખ્યાન ’માં જોવા મળતી નથી.

બીજી મહત્ત્વની દલીલ એ છે કે કવિએ પોતાની પહેલી કૃતિમાં જે મનોહર, મૌલિક કલ્પનાઓ કરી હોય તે બીજી કૃતિમાં ઉતાર્યા વગર રહી શકે ખરો ? ઉતાવળને લીધે પહેલાં જેટલી સારી રીતે અને સરસ ભાષામાં તે કદાચ ન ઉતારે, અથવા બધી જ કલ્પનાઓ ન ઉતારે, પરંતુ બિલકુલ એક પણ કલ્પના ન ઉતારે એ કેવી રીતે બને ? અને ઉતાવળ હોય તો જે કલ્પના એણે પહેલી કૃતિમાં ઓછા શબ્દોમાં રમતાં રમતાં ઉતારી હોય તેને માટે બીજી કૃતિમાં તે નિરાંતે વધુ પંક્તિઓ કેવી રીતે લખી શકે ? ભાલણના નળાખ્યાનની એક પણ મૌલિક કલ્પના આ બીજા નળાખ્યાનમાં જોવા મળતી નથી એ ઘણી આશ્ચર્યની વાત છે. બીજી બાજુ, આ બીજી કૃતિમાં એ જે મૌલિક કલ્પનાઓ બતાવે છે તેમાંની એક પણ એ પહેલી કૃતિમાં ન બતાવે એ પણ ઓછી આશ્ચર્યની વાત છે ? (સિવાય કે એ બધી જ કલ્પનાઓ પાછળથી એને સૂઝી હોય) અને પહેલી કૃતિમાં ઉચ્ચ

પ્રકારની કવિત્વમય અને સુરુચિપૂર્ણ કલ્પનાઓ રજૂ કરે અને પાછળથી લખાયેલી કૃતિમાં નિકૃષ્ટ પ્રકારની, કવિત્વહીન, સુરુચિનો ભંગ કરે એવી કલ્પનાઓ રજૂ કરે તે કઈ રીતે સંભવી શકે? ભાલણે પોતાના નળાખ્યાનમાં સરોવરની, દેવો નળનું સ્વરૂપ ધારણ કરે છે તે પ્રસંગની, દમયંતીએ દેવોનાં બતાવેલાં કલંકોનાં, દેવોના યાચકપણા વિશે નળના વિચારોની જે મૌલિક કલ્પના બતાવી છે તેનું આ નળાખ્યાનમાં નામનિશાન નથી. બીજી બાજુ, બીજા નળાખ્યાનમાં આવતી 'રતિયુદ્ધ'ની, 'વિહાર વૃક્ષના ફળની' કે 'માખણ તારવા'ની મૌલિક કલ્પનાનું ભાલણના પહેલા નળાખ્યાનમાં ક્યાંય નામનિશાન મળતું નથી. આ થઈ મૌલિક કલ્પનાની વાત. 'નૈષધીયચરિત'માંથી ભાલણે પોતાના નળાખ્યાનમાં જે સંખ્યાબંધ કલ્પનાઓ લીધી છે તેમાંની એક પણ કલ્પના બીજા નળાખ્યાનમાં જોવા મળતી નથી. પહેલી વારની કૃતિમાં 'નૈષધીયચરિત'ની આટલી બધી છાપ હોય અને બીજી વારની કૃતિમાં તે બિલકુલ ન હોય એ કઈ રીતે સંભવી શકે?

આ ઉપરાંત, ભાલણે પોતાના 'નળાખ્યાન'માં મહાભારતની મૂળ કથામાં ન હોય એવા જે કેટલાક નાના મૌલિક પ્રસંગો ઉમેર્યા છે તેમાંનો એક પણ આ બીજા 'નળાખ્યાન'માં નથી. અગ્નિશર્મા નામના બ્રાહ્મણ-પથિકનો પ્રસંગ, પુષ્કર બળદ લઈ દ્યૂત રમવા આવે છે તે પ્રસંગ, દમયંતી હંસ ઉપર ઓઢણી નાખે છે તે પ્રસંગ, નળને શોધવા માટે દમયંતી સખીઓ સાથે હાથાજોડી કરે છે તે પ્રસંગ – આવા કેટલાક પ્રસંગો ભાલણે નળાખ્યાનમાં જે મૂક્યા છે તે આ બીજા 'નળાખ્યાન'માં નથી.

વળી, મૂળ મહાભારતની કથા સમજવામાં ભાલણે પોતાના નળાખ્યાન'માં ભૂલ ન કરી હોય તો આ બીજી વારના 'નળાખ્યાન'માં કરે ખરો? પહેલી વાર યમ, વરુણ અને હુતાશન એ ત્રણ દેવો ઇન્દ્ર

પાસે આવ્યા એમ લખનાર ભાલણ બીજી વારના ‘નળાખ્યાનમાં યમ, વરુણ અને ચંદ્ર લખે ખરો? પહેલી વારના ‘નળાખ્યાન ’માં ‘ દશ સહસ્ર વેતન પરઠિયું’ લખનાર ભાલણ બીજી વારના ‘નળાખ્યાન ’માં દશ સહસ્ર નિષ્ક તુજને રે, હું આપું પ્રતિ માસ ’ એમ લખે ખરો ? મહાભારતના તો નહિ, પણ ખુદ ભાલણના પોતાના સમયમાં પણ માસિક પગાર આપવાનો રિવાજ નહોતો ત્યારે આ કઈ રીતે લખી શકે ? પહેલી વાર, મહાભારત પ્રમાણે, ઋતુપર્ણની પાસાની અને ગણિતની વિદ્યાને એક ગણનાર ભાલણ બીજી વારના ‘ નળાખ્યાન ’માં ભૂલથી બે વિદ્યા કઈ રીતે ગણાવી શકે ?

આ ઉપરાંત, ભાલણના ‘ નળાખ્યાન ’ અને આ કહેવાતા બીજા નળાખ્યાન વચ્ચે નીચેની કેટલીક બાબતોમાં તફાવત જોવા મળે છે :

ભાલણે પોતાના નળાખ્યાનમાં ગુરુ અને સરસ્વતીને પ્રણામ-એક જ પંક્તિમાં કર્યા છે. આ ઉતાવળે લખાયેલા કહેવાતા બીજા ‘ નળાખ્યાન ’ માં પાર્વતી, શંકર, ગણપતિ અને સરસ્વતીને બાવીસેક જેટલી પંક્તિમાં કવિ પ્રણામ કરે છે.

સામાન્ય રીતે આખ્યાનકારો આખ્યાનનું કથાવસ્તુ કયાંથી લીધું છે તેનો નિર્દેશ કરે છે. ભાલણ, નાકર અને પ્રેમાનંદ આરણ્યક પર્વનો ઉલ્લેખ કરે છે. આ બીજા નળાખ્યાનમાં આવો કંઈ નિર્દેશ કર્યા વિના જ સીધી કથા ચાલુ થાય છે.

ભાલણના ‘ નળાખ્યાન ’માં નળ અને દમયંતીનાં પાત્રોનું આલેખન જેવું થયું છે તેની સરખામણીમાં આમાં તે તદ્દન ફિક્કું થયું છે. તેવી રીતે હંસને પકડવાનો નળનો અને પછી દમયંતીનો પ્રસંગ ભાલણે જેવી સારી રીતે આલેખ્યો છે તેની સાથે આ ‘ નળાખ્યાન ’ના પ્રસંગો સરખાવવા જેવા જ નથી.

મહાભારતમાં દમયંતીની સખીઓ એની આ વિરહવ્યથાની વાત ભીમ રાજાને કરે છે. ભાલણે પોતાના નળાખ્યાનમાં લખ્યું છે કે

પુત્રીની વિરહવ્યથાની વાત ભીમરાજાને કાને આવી, એને બદલે આ બીજા નળાખ્યાનમાં લખ્યું છે કે 'દમયંતીની વિરહવ્યથા જોઈ દાસી- એ ભીમરાજાને કહ્યું કે દમયંતીને નળ પ્રત્યે પ્રેમ થયો છે. માટે એને એની સાથે પરણાવો !'

ભાલણે પોતાના નળાખ્યાનમાં દેવોની વાત આવતાં બે ત્રણ સ્થળે રંભા, ઉર્વશી, મેનકા, ઘૃતાચી, પુલોમિ, પદ્મદ્વારા વગેરે અપ્સરાઓનો ઉલ્લેખ કર્યો છે. આ બીજા નળાખ્યાનમાં તેનો ક્યાંયે ઉલ્લેખ નથી.

ભાલણના 'નળાખ્યાન'માં દેવોના દૂત તરીકે નળ જાય છે એ પ્રસંગનું મૌલિક નિરૂપણ થયું છે. આ બીજા 'નળાખ્યાન'માં તે મહાભારતને અનુસરીને આપવામાં આવ્યું છે. ભાલણના નળાખ્યાનમાં નળ પોતાનું કે પોતાના પિતાનું નામ તરત આપતો નથી. આ 'નળાખ્યાન'માં તે મહાભારત પ્રમાણે તરત નામ આપે છે.

ભાલણના 'નળાખ્યાન'માં સ્વયંવરમાં દમયંતીને રાજાઓનો પરિચય એની સખી આપે છે. આ 'નળાખ્યાન'માં ભાટ આપે છે.

ભાલણના 'નળાખ્યાન'માં કલિ નળની વાડીમાં આવેલા એક બેહેડાના વૃક્ષમાં આશ્રય લે છે. આ 'નળાખ્યાન'માં તે પ્રમાણે નથી. ભાલણના 'નળાખ્યાન'માં પુષ્કરને દ્યૂતમાં રોજેરોજ જીતેલું ધન લઈને રાતના પોતાના આશ્રમે જતો બતાવ્યો છે. આ બીજા 'નળાખ્યાન'માં તે પ્રમાણે બતાવ્યું નથી.

ભાલણના 'નળાખ્યાન'માં ઋતુપર્ણ જે ફળ અને પત્રની સંખ્યા બતાવે છે તેના કરતાં આ 'નળાખ્યાન'માં બતાવેલી સંખ્યા જુદી છે.

ભાલણના 'નળાખ્યાન'માં પુનર્મિલન પછી નળ ભીમ રાજાને ત્યાં એક સંવત્સર રહે છે, આ 'નળાખ્યાન' પ્રમાણે તે ઘણાં વર્ષ રહે છે.

ભાલણનું 'નળાખ્યાન' ત્રીસ કડવાંનું છે. આ ઉતાવળે લખાયેલું કહેવાતું નળાખ્યાન ૨૮ કડવાંનું છે. એમાં ખરેખર જો ક્યાંય ઉતાવળ કરવામાં આવી હોય તો ૨૬મા કડવાને અંતે અને ૨૭મા કડવામાં. ૨૮મા કડવામાં નહીં. ઋતુપર્ણની ગણિતવિદ્યાના પ્રસંગ પછી ત્યાંથી આગળની કથાનું નિરૂપણ ભાલણે ૧૧૫ જેટલી કડીમાં કર્યું છે તે આ બીજા નળાખ્યાનના કવિએ માત્ર દસ કડીમાં કર્યું છે.

આખ્યાનના સ્વરૂપની દૃષ્ટિએ વિચારીએ તો એક મહત્ત્વનો તફાવત એ જણાય છે કે ભાલણના પોતાના 'નળાખ્યાન'માં કે એના બીજા કોઈ આખ્યાનમાં આખું કડવું સળંગ દોહરામાં લખાયેલું નથી. આ બીજા 'નળાખ્યાન'માં ૨૬મું આખું કડવું દોહરામાં લખાયેલું છે. વળી, ભાલણ પોતાનાં આખ્યાનોમાં ક્યાંય રચ્યાસંવત આપતો નથી. આ બીજા 'નળાખ્યાન'ની પ્રા. કા. માળાની વાચનામાં તેની સાલ આપી છે.

આમ, આ બંને 'નળાખ્યાન' જો ભાલણે જ રચ્યાં હોય તો આટલા મોટા પ્રમાણમાં ભાષાફેર, શૈલીફેર, વિગતફેર, વસ્તુફેર અને સ્વરૂપફેર કઈ રીતે હોઈ શકે? અને ગમે તેટલી ઉતાવળમાં લખ્યું હોય તોપણ બંને કૃતિઓની ગુણવત્તામાં આટલો બધો ફેર કઈ રીતે પડે કે જેથી પ્રથમની કૃતિનો જરા સરખોયે કાવ્યગુણાંશ બીજી કૃતિમાં આવે જ નહિ? આ પરથી સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે આ બંને 'નળાખ્યાનો'નું કર્તૃત્વ ભિન્ન ભિન્ન વ્યક્તિઓનું છે એટલે કે બીજા 'નળાખ્યાન'નું કર્તૃત્વ ભાલણનું નથી જ.

તો આ બીજું 'નળાખ્યાન' મધ્યકાલીન કોઈ કવિએ પોતે રચીને ભાલણને નામે ચડાવી દીધું કે અર્વાચીન સમયની કોઈ બનાવટ છે? નીચે આપેલા એક વિશેષ નવા પુરાવાથી પુરવાર થાય છે કે ભાલણનું કહેવાતું આ બીજું નળાખ્યાન એ અર્વાચીન સમયની એક બનાવટ છે.

આ બીજું 'નળાખ્યાન' મણિશંકર મહાનંદ ભટ્ટે ભાઈશંકર નાનાભાઈ સૉલિસિટરની સહાયથી તૈયાર કરાવેલ અને ત્રિપાઠી ઍન્ડ કં.એ ઈ. સ. ૧૮૮૮માં પ્રગટ કરેલ મહાભારતના ગુજરાતી ભાષાંતર પરથી રચવામાં આવ્યું છે. એ મૂળ સંસ્કૃત મહાભારતની નલકથા, એનું ગુજરાતી ભાષાંતર અને 'નળાખ્યાન'ની કડીઓ સરખાવતાં અચૂક પુરવાર થયેલું જણાશે. અહીં આપણે આખું નળાખ્યાન સરખાવી શકીએ એટલો અવકાશ નથી માટે તેમાંથી થોડીક અત્યંત મહત્ત્વની પંક્તિઓ સરખાવી જોઈશું. તેમાં પ્રથમ લઈશું મહાભારતની પંક્તિઓ, પછી ગુજરાતી ભાષાંતરની પંક્તિઓ અને પછી ભાલણના કહેવાતા બીજા નળાખ્યાનની પંક્તિઓ:

(૧) एवमुक्त : स शक्रेण नलः प्राग्जलिरब्रवीत् ।
एकार्थं समुपेतं मां न प्रेषयितुमर्हथ. ॥ ५५–७

कथं नु जातसंकल्प स्त्रियमुत्सहते पुमान् ।
परार्थमीदर्श वक्तुंतत् क्षयन्तु महेश्वराः ॥ ५५–८

(મહાભારત)

× × ×

'એ પ્રમાણે ઇન્દ્રે કહ્યું ત્યારે નળ રાજાએ હાથ જોડને કહ્યું કે 'હે દેવતાઓ! જે તમારા મનમાં મતલબ છે તે જ મારા મનમાં પણ મતલબ છે. માટે તમે મને મોકલો નહિ. પુરુષ જે સ્ત્રીની સાથે પોતાનો વિવાહ કરવાની ઇચ્છા રાખતો હોય તેનો ત્યાગ કેમ કરે? પારકા સારુ તેની પાસે જઈને, તમારા કહેવા પ્રમાણે કેમ કહે? હે દેવતાઓ તમે મારો અપરાધ ક્ષમા કરો.'

(ભાષાંતર)

× × ×

સુણી નળરાય બોલીઓ, હાથ જોડી ત્યાંહિ;
વાંચ્છના જે દેવ ધરતા, તે છિ મમ મનમાંહિ. ૯–૧૪

વળી જે નારીતણી ઇચ્છા કરે પુરુષ જાત;
ત્યાગ તિનો કિમ કરે? એહ વિપરીત વાત. ૯–૧૬

વળી દૂત થઈ અવરનો, કિમ કહે જઈ કુવેણુ;
અપરાધ ક્ષમા કીજિયે, હે ઇન્દ્રરાય સુખદેણુ. ૯–૧૭

(નળાખ્યાન)

(१) य ईमां पृथिवीं कृत्स्नां संक्षिप्य ग्रसते पुनः ।
हुताशमीशं देवानां का तं न वरयेत् पतिम् ॥ ५६–९

यस्य दण्डभयात् सर्वे भूतग्रामाः समागताः ।
धर्ममेवानुरुध्यन्ति का तं न वरयेत् पतिम् ॥ ५६–१०

धर्मात्मानं महात्मानं दैत्यदानवमर्दनम् ।
महेन्द्रं सर्वदेवानां का तं न वरयेत पतिम् ॥ ५७–११

क्रियतामविशंङ्केन मनसा यदि मन्यसे ।
वरुणं लोकपालानां सुहृद्वाक्यमिदं शृणु ॥ ५७–१२

(મહાભારત)

× × ×

‘જે સર્વ પૃથ્વીને ગ્રાસ કરવા સમર્થ છે એવા અગ્નિને તથા જેના દંડના ભયે કરીને મળેલા સર્વ ભૂતપ્રાણી પોતપોતાના ધર્મમાં રહે છે એવા યમરાજાને અને ધર્મયુક્ત અંતઃકરણવાળા મહાત્મા, દૈત્યો તથા રાક્ષસોનો નાશ કરનાર અને દેવતાઓના રાજા ઇન્દ્રને તથા લોકપાલોમાં મુખ્ય વરુણને પતિરૂપે ન વરે એવી કઈ કન્યા છે? હે દમયંતી! તું મનથી શંકારહિત થઈ મને કરીને મારા પ્રમાણે કર.’

(ભાષાંતર)

× × ×

સર્વનો સંહાર કરતા, વરો અગ્નિ ભગવાન;
નિયમ રાખે સર્વનો ને, ધર્માધર્મ લખે જેહ.
એવા યમને વરો શ્યામા, કહું નિઃસંદેહ. ૧૧–૧૧

ધર્મ ધારે ધ્યાનમાં ને, સુર અસુરનો રાય,
વરો મહિલા તેહને તો કાર્ય સિદ્ધ થાય. ૧૧–૧૨

લોકપાલમાં અગ્રણી વરુણ એવું નામ;
વરો કન્યા તેહને થાયે સહુ શુભ કામ. ૧૧–૧૩

એવી કન્યા કોણ જે દેવ મૂકી વરે નર;
અજ્ઞાન જાણે તેહને, લહે નહિ ખાળ ને માનસસર. ૧૧–૧૪

મારામાં જો સ્નેહ તુંને, કહ્યું માનો મારું;
શંકા સહુ નિવર્ત કિજે, રૂડું તેમાં ધારું. ૧૧–૧૫

(નળાખ્યાન)

(૩) ततो बाष्पाकुलं वाचं दमयन्ती शुचिस्मिता ।
प्रत्याहरन्ती शनकैर्नल राजानमब्रवीत् ॥ ५६–१८

उपायोऽयं मया दृष्टो निरपायो नरेश्वर ।
येन दोषो न भविता तव राजन् कथंचन ॥ ५६–१९

(મહાભારત)

'દમયંતી નેત્રોમાં અશ્રુ આવવાથી વ્યાકુળ વાણીએ નળરાજાને ઉત્તર આપતાં આસ્તેથી બોલી કે, 'હે મનુષ્યોના રાજા ! મેં તમને પરણવાનો ઉપાય જાણ્યો છે જેને કરીને તમને કશો દોષ લાગશે નહિ.'

(ભાષાંતર)

× × ×

ધીમેથી તવ નારી બોલી, કરું સ્વામી ઇમ;
વ્યાકુળ ચિત્તથી શું કહું, પણ સર્વ થાશે ક્ષિમ. ૧૧–૨૩

હે પ્રાણપતિ, અમિ લહ્યો છે, પરણવાતણો ઉપાય;
દોષ ન લાગે આપને, કારજ સહુ સિદ્ધ થાય. ૧૧–૨૪
(નળાખ્યાન)

(४) ततः सकीर्त्यमानेषु राज्ञां नामसु भारत ।
ददर्श भैमी पुरुषान पञ्चतुल्याकृतीनथ ॥ ५७–१०

तान् रामीक्ष्य ततः सर्वान् निर्विशेषाकृतीन् स्थितान् ।
संदेहादथ वैदर्भी नाभ्यजानान्नलं नृपम् ॥ ५७–११

यं यं हि ददृशे तेषां तं तं मेने नल नृपम् ।
सा चिन्तयन्ति बुद्धयाथ तर्कयामास भाविनी ॥ ५७–१२

कथं हि देवाञ्जानीयां कथं विद्या नलं नृपम् ।
एवं संचिन्तयन्ती सा वैदर्भी भृश दुःखिता ॥ ५७–१३

श्रुतानि देवलिङ्गानि तर्कयामास भारत ।
तानीहं तिष्ठता भूमावेकस्यापि न लक्ष्यते ॥ ५७–१४

सा विनिश्चित्य बहुधा विचार्य च पुनः पुनः ।
शरणं प्रति देवानां प्राप्तकालममन्यत ॥ ५७–१५

वाचा च मनसा चैव नमस्कार प्रयुज्य सा ।
देवेभ्यः प्राञ्जलिर्भूत्वा वेपमानेदमब्रवीत् ॥ ५७–१६

हंसानां वचनं श्रुत्वा यथा मे नैषधो वृत्तः ।
पतित्वे तेन सत्येन देवास्तं प्रदिशन्तु मे ॥ ५७–१७

वचसा मनसा चैवयथा नाभिचराम्यहम् ।
तेन सत्येन मे विबुधास्तमेव प्रदिशन्तु मे ॥ ५७–१८

यथा देवैः स मे भर्ता विहितो निषधाधिप ।
तेन सत्येन मे देवास्तमेव प्रदिशन्तु मे ॥ ५७–१९

यथेदं व्रतमारब्धं नलस्याराधने मया ।
तेन सत्येन मे देवास्तमेव प्रदिशन्तु मे ॥ ५७–२०

स्वं चैव रूपं कुर्वन्तु लोकपालामहेश्वराः ।
यथाहमभिजानीयां पुण्यश्लोकं नराधिपम् ॥ ५७-२१

(મહાભારત)

જ્યારે સ્વયંવરના મંડપમાં બેઠેલા સર્વ રાજાઓનાં નામનું વર્ણન થવા લાગ્યું ત્યારે દમયંતી તે સભામાં સૌની સરખી જ આકૃતિવાળા પાંચ પુરુષોને જોઈને, તેઓની સામું વારંવાર જોવા લાગી. પણ તેણે તેઓમાંથી જેની સામું જોયું તેને નળરૂપ માનવાને લીધે નળને ઓળખ્યો નહિ. પછી નળનું ચિંતવન કરતી અને તેમાં જ પ્રીતિમાન દમયંતી પોતાની બુદ્ધિએ કરી તર્ક કરવા લાગી કે હું દેવતાઓને તથા નળરાજાને કેમ ઓળખું ? એ પ્રમાણે ચિંતવન કરતી દમયંતી અત્યંત દુઃખયુક્ત થઈ પોતે દેવતાઓનાં જે ચિહ્નો સાંભળ્યાં હતાં તેનો પોતાના મનમાં વિચાર કરવા લાગી કે મેં વૃદ્ધ પુરુષો પાસેથી દેવતાઓનાં જે ચિહ્નો સાંભળ્યાં છે તે આ પૃથ્વી ઉપર ઊભેલા પાંચે જણાઓથી કોઈને વિશે દેખાતાં નથી ! હે રાજન ! પછી દમયંતીએ મનમાં નિશ્ચયયુક્ત વારંવાર ઘણો વિચાર કરી દેવતાઓને શરણે જવું એમ માની, વાણી તથા મને કરીને તેમને નમસ્કાર કરી, દેવતાઓની સામે હાથ જોડીને, થરથર કાંપતાં કહ્યું કે, 'હે દેવતાઓ, હું જેવી રીતે હંસ પક્ષીઓનાં વચન સાંભળીને નળરાજાને વરી છું, જેમ મારી વાણી તથા મને કરીને બીજા પતિની ઇચ્છા કરતી નથી, જેમ દેવતાઓએ મારો પતિ નિષધ દેશનો રાજા નળ નિર્માણ કર્યો છે તથા જેવી રીતે મેં નળરાજાની પ્રાપ્તિ થવા સારુ સ્વયંવરરૂપી વ્રતપ્રારંભ કર્યું છે, તે મારા સત્યપણાએ કરીને, તમે મને નળરાજાની પ્રાપ્તિ કરાવો. હે મોટા ઈશ્વરો ! જેમ હું પવિત્ર, યશવાન નળરાજાને જ ઓળખું તેમ તમો પોતપોતાનાં સ્વરૂપ ધારણ કરો.'

(ભાષાંતર)

*   *   *

નામ ગુણનું વર્ણન કરતા, ભાટ સાથે જેહ રે. ૧૩-૧૨
દમયંતીએ નિરખિયા, પંચાકૃતિ નળ એક રે;
વારંવાર અવલોકિયું, નવિ રૂપમાં મીનમેખ રે. ૧૩-૧૩
નળરાય ન ઓળખ્યો નારી પામી દુઃખ રે;
નળતણું ચિંતવન કરે, દેવ પમાડો સુખ રે. ૧૩-૧૪
દેવ નળ હું કિમ લહું, ઈમ કરે તર્ક અપાર રે;
ચિંતવન કરતી ચતુરા વળી વળી, ગ્રહે ન સાચો સાર રે. ૧૩-૧૫
વૃદ્ધ સાધુ મુનિ થકી, સુણ્યાં સુરનરનાં ચિહ્ન રે;
પંચમાં તિ નવિ જણાઈ નહિ કોઈ ભિન્ન રે. ૧૩-૧૬
વારંવાર નિશ્વાસ મૂકી કર્યો ઘણો વિચાર રે;
શરણ જાવું દેવને ધરી, કર્યો છિ નમસ્કાર રે. ૧૩-૧૭
થરથર કંપે કામિની, દીન સ્વરે બોલી બાળ રે;
હે દેવના સહુ દેવ આવ્યા દેખાડો નળ ભૂપાળ રે. ૧૩-૧૮
હંસપક્ષીએ જે કહ્યો હું વરી નળ નિઃસંદેહ રે;
મનવાણીથી ન અન્ય ઇચ્છું સત્ય કરો ઉજેહ રે. ૧૩-૧૯
સ્વયંવરનું વ્રત કીધું, પામવા નળ ભૂપ રે;
પૂજન કરી હું દેવ પ્રણમું પ્રસન્ન થાઓ અનુપ રે. ૧૩-૨૦
વ્રત કેરી પ્રાપ્તિમાં આપો નળ નરેશ રે;
નળરાયને હું ઓળખું ઈમ કરો સર્વેશ રે. ૧૩-૨૧
સ્વરૂપ ગ્રહો સ્વયં સ્વયંતણાં, તો થાય મન પ્રસન્ન રે;
બૃહદશ્વ મુનિ ઉચ્ચરઈ, સુણો ધર્મ રાજન રે. ૧૩-૨૨

(નળાખ્યાન)

* * *

(५) निशाम्य दमयन्त्यास्तत्करणं परिदेवितम् ५७-२२

* * *

यथोक्तं चक्रिहे देवाः सामर्थ्यं लिङ्गजधारणे ५७-२३

'એ પ્રમાણે સર્વ દેવતાઓએ દમયંતીનો કરુણાયુક્ત વિલાપ સાંભળી શાસ્ત્રમાં કહેલાં પોતાનાં ચિહ્ન પોતાને વિશે ધારણ કર્યાં.'

(ભાષાંતર)

દીનવાણી સુણી દેવ, થયા મન રળિયાત રે;
શાસ્ત્રમાં જે ચિત્ર કહ્યાં તેવાં રૂપ ધરઈ તત્કાળ રે. ૧૩-૨૩

(નળાખ્યાન)

(૬) प्रत्यक्षदर्शनं यज्ञे गतिं चानुत्तमां शुभाम् ।
नैषधाय ददौ शक्रः प्रीयमाणः शचीपतिः ॥ ५७-३५

अग्निरात्मभवं प्रादाद् यत्र वाग्-छति नैषधः ।
लोकानात्मप्रभाश्चैव ददौ तस्मै हुताशनः ॥ ५७-३६

यमस्त्वन्नरसं प्रादाद् धर्मे च परमां स्थितिम् ।
अयांपतिरयां भावं यत्र वाग्-छति नैषधः ॥ ५७-३७

स्रजश्चोत्तमगन्धाढया सर्वे च मिथुनं ददुः ।
वरानेव प्रदायास्य देवास्ते त्रिदिवं गताः ॥ ५७-३८

पार्थिवाश्चानुभूयास्य विवाहं विस्मयान्विताः ।
दमयन्त्याश्च मुदिताः प्रतिजग्मुर्यथागतम् ॥ ५७-३९

गतेषु पार्थिवेन्द्रेषु भीमः प्रीतो महामनाः ।
विवाहं कारयामास दमयन्त्या नलस्य च ॥ ५७-४०

उष्य तत्र यथाकाम नैषधो द्विपदां वरः ।
भीमेन समनुज्ञातो जगाम नगरं स्वकम् ॥ ५७-४१

अवाप्य नारीरत्नं तु पुण्यश्लोकोऽपि पार्थिवः ।
रेमे सह तया राजन् शच्येव वलवृत्रहा ॥ ५७-४२

अतीव मुदितो राजा भ्राजमानोऽशुमानिव ।
अरग्-जयत् प्रजा वीरो धर्मेण परिपालयन् ॥ ५७-४३

ईजे चाप्यश्वमेधेन ययातिरिव नाहुषः ।
अन्यैश्च बहुभिर्धीमान् क्रतुश्चाप्त दक्षिणैः ॥ ५७-४४

पुनश्च रमणीयेषु वनेषूपवनेषु च ।
दमयन्त्या सह नलो विजहारामरोपमः ॥ ५७-४५

जनयामास च नलो दमयन्त्यां महामनाः ।
इन्द्रसेन सुतं चापि इन्द्रसेनां च कन्यकाम् ॥ ५७-४६

एवं स यजमानश्च विहरंश्च नराधिपः ।
ररक्ष वसुसंपूर्णां वसुधां वसुधाधिपः ॥ ५७-४७

(મહાભારત)

'......દેવતાઓએ નળરાજાને આઠ વરદાન આપ્યાં તે એવી રીતે કે ઇન્દ્રે યજ્ઞમાં પોતાનું પ્રત્યક્ષ દેખાડવું તથા પરમ શ્રેષ્ઠ ગતિની પ્રાપ્તિ. અગ્નિએ નળરાજા જ્યાં ઇચ્છા કરે ત્યાં પોતાને ઉત્પન્ન થવું અને પોતાના સરખા પ્રકાશમાન શ્રેષ્ઠ લોકની પ્રાપ્તિ. યમરાજાએ અન્નરૂપી રસ તથા ઉત્કૃષ્ટ ધર્મમાં સ્થિતિ અને જળના રાજા વરુણ દેવતાએ જ્યાં નળ ઇચ્છા કરે ત્યાં પોતાએ જળરૂપ થવું તથા ઉત્તમ સુગંધવાળી પુષ્પની માળા આપી. એ પ્રમાણે ચારે દેવતાઓ નળ રાજાને બબ્બે વરદાન આપીને સ્વર્ગ પ્રત્યે ગયા ત્યારે સર્વ રાજાઓ પણ નળ તથા દમયંતીનો વિવાહ થયો તે જાણી હર્ષયુક્ત થઈને જેવી રીતે આવ્યા હતા તેવી રીતે પાછા પોતપોતાના દેશો પ્રત્યે ગયા. મોટા મનવાળા ભીમરાજાએ નળ અને દમયંતીનો વિધિપૂર્વક વિવાહ કર્યો ત્યાર પછી બે પગવાળાં મનુષ્યોમાં શ્રેષ્ઠ પોતાના મનમાં અત્યંત હર્ષયુક્ત થયેલો અને સૂર્ય સરખો પ્રકાશમાન નિષધ દેશનો રાજા નળ પોતાની ઇચ્છા પ્રમાણે ભીમરાજાની પુરીમાં રહ્યા પછી રાજાની રજા લઈને પોતાના શહેર પ્રત્યે ગયો. ધર્મે કરીને પ્રજાનું પાલન કરતા તેમને પોતામાં પ્રીતિયુક્ત કરતો હતો. નળ, યયાતિ તથા નહુષ રાજાની પેઠે અશ્વમેધ અને બીજા પણ ઘણી દક્ષિણાઓ-

વાળા યજ્ઞ કરીને દમયંતી સહિત રમણીય વન તથા બગીચાઓમાં પ્રવેશ કરી વિહાર કરતો હતો. હે રાજન, એ પ્રમાણે વિહાર કરતા એવા મોટા મનવાળા નળરાજાએ દમયંતીને વિષે ઇન્દ્રસેન નામનો એક પુત્ર તથા ઇન્દ્રસેના નામની એક કન્યા ઉત્પન્ન કરી. એ પ્રમાણે પૃથ્વીનો પતિ નળ યજ્ઞો તથા વિહાર કરતાં દ્રવ્યે કરીને પરિપૂર્ણ સર્વ પૃથ્વીનું પાલન કરતો હતો.

(ભાષાંતર)

* * *

ઇન્દ્રે આપ્યાં બે વરદાનજી, યજ્ઞમાં પ્રત્યક્ષ આવું માનજી;
પરમ શ્રેષ્ઠ ગતિને પામોજી, વર સુણી દુઃખને વમોજી. ૧૪-૬

અગ્નિએ આપ્યાં બે વરદાનજી, પ્રગટ થઉં ઇચ્છે જ્યાં રાજનજી;
સ્વયં શા પ્રકાશલોકની પ્રાપ્તિજી, થાય દેહની જ્યારે સમાપ્તિજી.

યમરાજાએ આપ્યાં વરદાનજી અન્નરસ જાણે રાજનજી;
ધર્મમાં રહે મન સ્થિરજી કે'વાય મહાબળિ વીરજી.

જળરાય વરુણે આપ્યા બેયજી સુણો શ્રોતા દાખું તેયજી;
નળઇચ્છાએ ઉત્પન્ન થાવુંજી, માળ આપી ન જાણે કુમળાવુંજી.

ધર્મનંદન એણી વિધેજી, નળરાયના મનોરથ સિધેજી;
બબે વર આપી ગયા દેવજી અન્ય રાજા કરતા પછે સેવજી.

ગયા પોત પોતાને દેશજી, ત્યાં રહ્યું નહિ કોઈ શેષજી;
વિધિપૂર્વક વિવાહ કીધોજી, ભીમ નરપતિએ જશ લીધોજી.

નરશ્રેષ્ઠ રહ્યો નળ ત્યાંયજી, સ્વેચ્છાએ ગયો નગ્રમાંયજી;
જઈ ધર્મે પાળે પ્રજાયજી, જોઈ દંપતી સુખ સહુને થાયજી.

યયાતિએ કીધા યાગજી તેવો નળ ધરે પુણ્યમાં રાગજી;
નહુષે મેળવી કીર્તિ જેવી જી નળરાય મેળવતો તેવી જી.

કર્યા અશ્વમેધ ને બીજા યાગજી દક્ષિણામાં આપ્યા ભૂમિભાગજી;
વન ઉપવનમાં નારિ સાથિજી, કર્યો વિહાર નિષધ નાથિજી.
વિહારવૃક્ષ તો ફળિયું જજી, ફળ ઇન્દ્રસેન સહુએ કળિયું જી;
ઇન્દ્રસેન પુત્રીની વધાઈ જી, યાચકજન નળગુણ ગાઈજી.
થઈ ઇન્દ્રસેના એક પુત્રીજી, પસરી કીર્તિ સહુ સૂત્રીજી;
ભાલણ પ્રભુ રઘુનાથજી, પુણ્યશ્લોકનો શોભે સાથજી.

(કડવું ૧૪૦ કડી ૬થી૧૬)
(નળાખ્યાન)

(૭) स वै विवस्त्रो विकटो मलिन पांशुगुष्ठितः ।
दमयन्त्या सह श्रान्तः सुष्वाप धरणीतले. ॥ ६२-६

(મહાભારત)

'વસ્ત્ર વગરનો, પાથરવા ઘાસની સાદડી પણ જેની પાસે હતી નહિ એવો, મેલ તથા ધૂળયુક્ત શરીરવાળો, અને દમયંતી સહિત થાકી ગયેલો નળ પૃથ્વી ઉપર સૂતો.' (ભાષાંતર)

*　　　*　　　*

એવે એક શૂન્ય આવ્યું સ્થાન બેઠા ત્યાંહિ રાણી રાજાન;
ઘાસની નથી સાદડી, બેસવા આપદા આવી આવડી.
સૂતો પૃથ્વી ઉપર ભૂપાળ, સૂતી દમયંતી ત્યાં તતકાળ. ૧૯-૫

(નળાખ્યાન)

હવે વનનાં વૃક્ષોની યાદી સરખાવો:-

(૮) शालवेणुधवाश्वत्थतिन्दुकेङ्गुदकिंशुकैः ।
अर्जुनारिष्टसंच्छन्नं स्यन्दनैश्च सशाल्मलैः ॥ ६४-३

जम्ब्वाम्रखदिरशालवेत्रसमाकुलम् ।
मध्र्कामलकप्लक्षकदम्बोदुम्बरावृतम् ॥ ६४-४

बदरी बिल्वसंच्छन्नंन्यग्रोधेश्च समाकुलम् ।
प्रियाल्तालखजूरीहरीतक विभीतकैः ॥ ६४-५

' ...સાગ, વાંસ, ધાવડી પિપળા, ટેમ્બુરણી, ઇંગોઠિયા, ખાખરા, અર્જુન, કડવા લીંબડા સાવરી, કસ્તૂરી, મોગરા, જાંબુ, આંબા, લોધ્રા, ખેર, નેતર, દેવદાર, આંબલી, પીપળી, કદંબ, ઉમરા, બોરડી, બીલી, વડ, ચારોળી, તાડ, ખજૂરી, હરડાં તથા બેહોડાંનાં વૃક્ષોવાળા વનમાં આગળ ચાલી ત્યારે...

(ભાષાંતર)

સાગ, અર્જુન, વાંસકેરાં, ઝાડ છે વનમાંય રે;
પીપળી, ધાવડી, ટેમ્બુરી ઇંગોળી દરશે ત્યાંય. ૨૧-૫
નિલ, ખાખર, સાવરી, કસ્તુરી, મોગર જાંબ રે;
દેવતરુ, ચિંચુ પીપળી, ખેર, નેતર, આંબ. ૨૧-૬
તાડ, ખજુરી, ચારોળીકેરાં, કદંબકેરા વૃક્ષ રે;
બીલી બોરડી, ત્રિફળા છે ઉમરા પશ્યતિ સમક્ષ. ૨૧-૭

(નળાખ્યાન)

અહીં ભાષાંતરકારે જે વૃક્ષોનાં નામ વધારાનાં આપ્યાં છે તે 'નળાખ્યાન'કારે પણ આપ્યાં છે. બાકીનાં નામો પણ 'નળાખ્યાન'કારે ભાષાંતરને આધારે જ આપ્યાં છે એ પણ સ્પષ્ટ જોઈ શકાશે.

(૯) उत्सृज्य दमयन्ती ते नलो राजा विशांपते ।
ददर्श दावं दह्यन्तं महान्तं गहने वने ॥ ६६-१
तत्र शुश्राव शब्द वै मध्ये भूतस्य कस्यचित् ।
अभिधाव नलेत्युच्चैः पुण्यश्लोकेति चासकृत् ॥ ६६-२
मा भैरिति नलश्लोक्त्वा मध्यमग्ने प्रविश्य तम् ।
ददर्श नागराजानं शयान कुंडलीकृतम् ॥ ६६-३

स नागः प्राञ्जलिर्भूत्वा वेषमानो नलं तदा ।
उवाच मां विद्धि राजन् नागं कर्कोटकं नृप ॥ ६६-४

मया प्रलब्धो ब्रह्मर्षिनारद सुमहातपाः ।
तेन मन्युपरीतेन शप्तोऽस्मि मनुजाधिप ॥ ६६-५

तिष्ठ त्वं स्थावर इव यावदेव नल क्वचित् ।
ईतो नेता हि तत्र त्वं शापान्मोक्ष्यसि मत्कृतात् ॥ ६६-६

तस्य शापेन्न शक्तोऽस्मि पदाद्विचलितुं पदम् ।
उपदेक्ष्यामि ते श्रेयस्त्रातुमर्हति मां भवान् ॥ ६६-७

सखा च ते भविष्यामि मत्समो मत्समो नास्ति पन्नगः ।
लघुश्च ते भविष्यामि शीघ्रमादाय गच्छमाम् ॥ ६६-८

एवमुक्त्वा स नागेन्द्रो बभूवाङ्गुष्ठमात्रक ।
तं गृहीत्वा नलःप्रायाद् देशं दावबिवर्जितम ॥ ६६-९

आकाशदेशमासाद्य विमुक्तं कृष्णवर्त्मना ।
उत्स्रष्टुकामं तं नागः पुनः कर्कोटकोऽब्रवीत ॥ ६६-१०

पदानि गणयन् गच्छ स्वानि नैषध कानिचित् ।
तत्र तेऽहं महाबाहो श्रेयो धास्थामि यत् वरम् ॥ ६६-११

(મહાભારત)

'હે યુધિષ્ઠિર, હવે નળરાજા દમયંતીનો ત્યાગ કરીને ગયો ત્યારે વનમાં મોટો દાવાનળ બળતો હતો. તે જોયો. પછી તેણે તેમાં કોઈએ હે પવિત્ર યશવાળા નળ, તું જલદીથી દોડ એમ મોટો શબ્દ કર્યો. તે સાંભળી તું કંઈ ભય પામતો નહિ એમ સામો ઉત્તર આપી તેણે અગ્નિમાં પ્રવેશ કર્યો. તેમાં ગુંછળું વળીને સૂતેલા નાગને જોયો. તે વખતે થરથર કાંપતા એવા તે નાગે હાથ જોડીને કહ્યું કે હે રાજન્ હું કર્કોટક નામે નાગ છું. મેં પરમ તપસ્વી નારદજીનો છળ કર્યો તેથી તેમણે ક્રોધયુક્ત થઈ મને શાપ આપ્યો કે હે નાગ, તું જ્યાં

સુધી નળ રાજા આવે ત્યાં સુધી વૃક્ષની પેઠે સ્થિર રહીશ. જ્યારે તને ઉપાડીને અહીંથી બીજે ઠેકાણે લઈ જશે ત્યારે મારા શાપથી મુકાઈશ. એવી રીતે મને નારદજીએ શાપ આપ્યો છે માટે હું એક પગલું પણ ચાલવા સમર્થ નથી. વાસ્તે તમે આ અગ્નિથી મારી રક્ષા કરો. હે નળરાજા હું તમને તમારું શ્રેય થાય એવો ઉપદેશ કરીશ તથા સખા થઈશ. મારા સરખો કોઈ પણ સર્પ નથી. માટે હું તમારાથી ઊપડી શકે એવું નાનું સ્વરૂપ ધારણ કરીશ. વાસ્તે મને જલદીથી આ અગ્નિની બહાર લઈ જાઓ, હે યુધિષ્ઠિર. એ પ્રમાણે કહી કર્કોટક નાગે અંગૂઠાના પ્રવર જેવડું નાનું સ્વરૂપ ધારણ કર્યું. નળ રાજા તેને લઈ ત્યાંથી અગ્નિ વગરના સ્થાનક પ્રત્યે ગયો. પછી જ્યારે તેણે અગ્નિથી મુકાવેલા નાગને ત્યાગ કરવાની મરજી કરી ત્યારે કર્કોટક ફરીથી બોલ્યો કે હે નિષધ દેશના રાજા નળ, તું પૃથ્વી ઉપર થોડેક સુધી પોતાનાં પગલાં ગણતાં ગણિત કર જેથી હું તારું શ્રેય થાય એમ કરીશ.'

(ભાષાંતર)

* * *

સુણ યુધિષ્ઠિર મહારાજ જી, કહે નળરાજાનું કાજ જી,
કાજ કહું નળ નૃપતણું સુણો હો ભૂપાળ;
તજી વનમાં તારુણી ગયો ક્યાંહી નૃપાળ.
ઈક વનમાં ગયો રાજા, દવ બળતો ત્યાંહી;
'નળ દોડ' એવો શબ્દ સુણિયો ભય પામીશ નહિ મનમાંહિ
એમ કહીને અગ્નિમાં પડ્યો નળ ભૂપાળ;
ફણાવાળો નાગ કંપે કહે કાઢ હે દયાળ.
કર્કોટક છે નામ મારું મેં છળ્યો નારદ મુન્ય;
શાપ દીધો તેમણે હર્યું મારું સુખ પુણ્ય.
સ્થિર રહીશ એમ ભાખિયા, અટકે નળનો હાથ;

ઉંચકીને લઈ જશે નળરાય તુંને સાથ.
ત્યારે મુક્ત થઈશ તું શાપથી ઈમ નારદે કહ્યું વચન;
ચાલવા સમર્થ નથી હું ઉંચક હે રાજન.
અગ્નિથી રક્ષા કરો, અહો નળ નૃપાળ;
હું શ્રેય કરીશ કઈ તાહરું વળી મિત્ર થઈશ ભૂપાળ,
મુજ સમા કો સર્પ નહિ, જો લઘુરૂપ કરું હું રાય;
અગ્નિથી લઈ બાર મૂકો કાર્ય મારું થાય.
અજાતશત્રુ સાંભળો, થયો કર્કોટક લઘુરૂપ;
પ્રવર જેવડું સ્વરૂપ જોઈ, હરખ્યો મનમાં ભૂપ.
વન્હિ વિનાને સ્થાન ચાલ્યો લઈ કરમાં નાગ;
મૂકવા મન કરે રાજા, કર્કોટક બોલ્યો હે મહાભાગ,
નિષધ દેશના રાયજી થોડી ગતિ કરો દયાળ;
શ્રેય થાશે તાહરું ઈમ કરીશ હું ભૂપાળ.

(કડવું ૨૩ કડી ૧–૧૨) (નળાખ્યાન)

અહીં બીજા સામ્ય ઉપરાંત 'પ્રવર' શબ્દ ઘણો મહત્ત્વનો છે. મહાભારતમાં એ નથી. ભાષાન્તરકારે એ ખોટો શબ્દ વધારાનો મૂકચો છે તેને અનુસરી 'નળાખ્યાન'કારે પણ મૂકચો છે.

(૧૦) यानि शिल्पानि लोकेऽस्मिन् यच्चैवान्यत् सुदुष्करम् ।
सर्वं यतिष्ये तत्कर्तुमृतुपर्ण भरस्व माम् ॥ ६७ ४

वस बाहुक भद्रं ते सर्वमेतत् करिष्यामि ।
शीघ्रयाने सदा बुद्धिर्ध्रियते मे विशेषतः ॥ ६७–५

स त्वमातिष्ठ योगं तं येन शीघ्रा हया मम ।
भवेयुरश्वाध्यक्षोऽसि वेतनं ते शतं शताः ॥ ६७–६

(મહાભારત)

'હું આ જગતમાં જેટલી જાતનાં શિલ્પકામો છે તે બીજા

કોઈથી ન બની શકે એવાં કામ વિશે પણ તમારે ત્યાં રહીને યત્ન કરીશ. માટે તમે મારું ભરણપોષણ કરો.' ઋતુપર્ણે કહ્યું કે, હે બાહુક 'તારું કલ્યાણ થાઓ ને હું તારા કહેવા પ્રમાણે સર્વ કરીશ એમ મને ભરોસો છે. પણ મારા રથના અશ્વો ઘણા જલદીથી ચાલે એવી મને બુદ્ધિ સદૈવ રહે છે. માટે તું જેવી રીતે મારા અશ્વો ઘણા જલદીથી ચાલે એવો ઉપાય કર. હું તને એક માસના દશ હજારના સિક્કા પ્રમાણે પગાર આપીશ.'

(ભાષાંતર)

*   *   *

શિલ્પકામ જાણું અમિ રે, બીજાં જાણું ઘણાં હું કામ;
ભરણપોષણ કરી રાખશો રે, તો હું રહું આ ઠામ ૨૪–૫
ઋતુપર્ણ કહે સુખે રહો રે, મનગમતું કરીશ કાજ;
પણ અશ્વ રથના ચાલે ઘણા રે ઈમ કરજો કહે રાજ. ૨૪–૬
દશ સહસ્ર નિષ્ક તુજને રે, હું આપું પ્રતિ માસ;
વાર્ષ્ણેય આદિ સારથી રે, સહુ થાશે તારા દાસ. ૨૪–૭

(નળાખ્યાન)

અહીં ભાષાન્તરકારે ભાષાન્તરમાં 'એક માસના' એવા શબ્દો પોતાના તરફથી ઉમેર્યા, તેને અનુસરી 'નળાખ્યાન'કારે પણ 'પ્રતિ માસ' શબ્દો મૂકચા.

આ પછી ઋતુપર્ણ બાહુકને અક્ષવિદ્યા આપે છે ત્યાંથી તે અંત સુધી 'નળાખ્યાન'કારે દસેક કડીમાં કથા આટોપી લીધી છે એટલે તેમાં ભાષાન્તર સાથે કશું સરખાવવાનું રહેતું નથી.

આ પુરાવા પછી 'નળાખ્યાન'કારે પોતાની કૃતિની રચના મહાભારતના આ અર્વાચીન સમયના ભાષાન્તર પરથી કરી છે એ વિશે કોઈને જરા સરખી પણ શંકા રહેશે નહિ. 'નળાખ્યાન'કારે કૃતિને

પ્રાચીન બનાવવાનો સભાન પ્રયત્ન કર્યો છે (અથવા એમાં બીજા કોઈની મદદ લેવાઈ પણ હોય) એ માટે સ્થળેસ્થળે સાચાંખોટાં જૂનાં શબ્દરૂપો મૂકયાં છે. દરેક કડવાને અંતે 'ભાલણ પ્રભુ રઘુનાથ' એવા શબ્દો મૂકયાં છે. એકાદ સ્થળે લીટી મૂળ પ્રતમાં નથી (૧૦-૧૫) એમ પણ બતાવ્યું છે એટલું જ નહિ, 'બૃહત્ કાવ્યદોહન' ને માટે તૈયાર કરી આપેલી નકલ તે બીજી હસ્તપ્રત પરથી છે એવું બતાવવા પાઠાંતરો પણ ઉપજાવી કાઢયાં છે અને ૨૬ કડવાં સુધી મહાભારત પ્રમાણે બરાબર કથા આપ્યા પછી આગળ કથા લંબાવવા જતાં બીજાં છ-સાત કડવાં રોકવાં પડે અને ભાલણના સમયમાં ભાલણ કે એના સમકાલીન બીજા કવિએ એટલી લાંબી રચના કરી નથી માટે દસેક કડીમાં કથા આટોપી કડવાંની સંખ્યા વધતી અટકાવી છે. આમ, ઉતાવળ કરવાને માટે કદાચ બીજું બહારનું પણ કોઈ કારણ હોઈ શકે પરંતુ આવી છેલ્લે કરેલી ઉતાવળ તથા એકંદરે પોતાની સામાન્ય કક્ષાની કૃતિ છે તેને કારણે ભાલણને નામે આ રચના કરતી વખતે ભાલણે 'નળાખ્યાન'ની રચના કરી છે એવી માહિતી આ નળાખ્યાન-કાર અને સંપાદકોને હોવી જ જોઈએ અને એટલા માટે આ ભાલણનું બીજું નળાખ્યાન છે એવી વાત વહેતી મૂકવામાં આવે અને બીજી વારની રચના કરવા માટે કારણ કલ્પી કાઢવામાં આવે તો જ આ કૃતિ વિશે બહુ શંકા ઊભી થાય નહિ એવો તર્ક તેમણે દોડાવ્યો લાગે છે. અને એ તર્ક પોતે રજૂ કરે તેનાં કરતાં કવિની કૃતિમાં જ, કવિના શબ્દોમાં જ આવી જાય તો તે વધારે પ્રમાણભૂત લેખાય માટે તેમણે તે માટે છેલ્લા કડવામાં એવી પંક્તિઓ યોજી કાઢી. આથી જ ઉતાવળથી કથા પૂરી કર્યા પછી આ છેલ્લા કડવાની રચનામાં નિરાંત બતાવાઈ છે. આ 'નળાખ્યાન'નાં આગળનાં બધાં કડવાંની શૈલી કરતાં આ કડવાની શૈલીમાં પ્રૌઢી વધારે જોવા મળે છે એ પરથી લાગે છે કે આ છેલ્લું ફલશ્રુતિનું કડવું કદાચ બીજી કોઈ વ્યક્તિને હાથે લખાયું હોય. આ છેલ્લા કડવામાં ભાલણનાં અને પ્રેમાનંદનાં

આખ્યાનોની ફલશ્રુતિના કેટલાક શબ્દો ગોઠવીને પંક્તિઓ યોજવામાં આવી છે એવું લાગે છે.

આમ, ભાલણના કહેવાતા બીજા 'નળાખ્યાન'નું કર્તૃત્વ ભાલણનું નથી પણ અર્વાચીન સમયનું છે એમ આથી સિદ્ધ થાય છે.

'પ્રાચીન કાવ્યમાળા'માં પ્રગટ થયેલાં પ્રેમાનંદનાં કહેવાતાં નાટકોની બનાવટમાં સંડોવાયેલી વ્યક્તિઓમાંની એક વ્યક્તિ તે છોટાલાલ નરભેરામ ભટ્ટ છે. ત્રિપાઠી ઍન્ડ કું.એ ઈ.સ. ૧૮૮૮માં પ્રગટ કરેલ 'મહાભારત'ના ગુજરાતી ભાષાંતરમાં ભાષાન્તરકાર તરીકે છોટાલાલ નરભેરાય ભટ્ટનું નામ છે. ભાલણના કહેવાતા બીજા નળાખ્યાનની રચના કરનાર અર્વાચીન કવિ-લેખકે આ ભાષાંતર પોતાની નજર સમક્ષ રાખ્યું છે. બલ્કે એકમાત્ર એનો જ આધાર લીધો છે. આથી એક સંભવ એવો છે કે ખુદ છોટાલાલ નરભેરામ ભટ્ટે પોતે જ પોતાના ભાષાંતરના આધારે આ બનાવટી નળાખ્યાનની રચના કરી હોય !

□

યશોવિજયજી અને એમનો જંબૂસ્વામી રાસ

(૧) યશોવિજયજી

'લઘુ હરિભદ્રસૂરિ', 'દ્વિતીય હેમચન્દ્રાચાર્ય,' 'સ્મારિત શ્રુતકેવલી,' 'કુર્ચાલી શારદ', 'મહાન તાર્કિક', 'ન્યાયવિશારદ', 'ન્યાયાચાર્ય', 'વાચકવર્ય', 'ઉપાધ્યાયજી' ઇત્યાદિ તરીકે જૈન સંપ્રદાયમાં જેઓ સુપ્રસિદ્ધ છે એ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિક્રમના સત્તરમા અઢારમાં શતકમાં ગુજરાતમાં થઈ ગયેલી એક મહાન ભારતીય વિભૂતિ છે, કવિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય પછી અત્યાર સુધીના સમયમાં તેમના જેવી મહાન વિભૂતિ જૈન શાસનમાં થઈ હોય તો માત્ર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી છે એમ કહેવાય છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીના જીવન અને લેખનકાર્ય વિશે છેલ્લાં થોડાં વર્ષોમાં વધુ માહિતી મળી છે. લગભગ ૪૦ વર્ષ પહેલાં પાટણમાં પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીને મહોપાધ્યાય શ્રી યશોવિજયજીના જીવન વિશે એમના સમકાલીન શ્રી કાંતિવિજયજીએ રચેલી કૃતિ 'સુજસવેલી ભાસ' વિશે ભાળ લાગી ત્યાર પછી શ્રી યશોવિજયજીના જીવન ઉપર થોડો વધુ પ્રકાશ પડયો છે. તદુપરાંત એ

ભાસે ઉપાધ્યાયજી મહારાજના જન્મ અને સ્વર્ગવાસનાં વર્ષો વિશે ચાલુ માન્યતામાં કેટલીક વિષમતા જગાડી એ વિશે આપણને ગંભીરપણે વિચારતા કર્યા છે.

'સુજસવેલી ભાસ'માં જણાવ્યા પ્રમાણે ગુર્જર દેશમાં કનોડું નામે ગામ છે. ત્યાં નારાયણ નામે વેપારી વસતો હતો. તેની પત્નીનું નામ સોભાગદે. તેઓને જસવંત નામે ગુણવાન પુત્ર હતો. કુણગેરમાં ચોમાસુ કરીને સં. ૧૬૮૮માં પંડિતવર્ય શ્રી નયવિજયજી કનોડું ગામમાં પધાર્યા. માતા સોભાગદેએ પુત્ર સાથે ઉલ્લાસથી તે સાધુ પુરુષનાં ચરણોમાં વંદન કર્યું, અને સદ્‌ગુરુના ધર્મોપદેશથી જસવંતકુમારને વૈરાગ્યનો પ્રકાશ થયો. અણહિલપુર પાટણમાં જઈને તે જ ગુરુ પાસે જસવંતકુમારે દીક્ષા લીધી અને તેમનું નામ શ્રી જસવિજય (યશોવિજય) રાખવામાં આવ્યું.

વળી, સોભાગદેના બીજા પુત્ર, જસવંતના નાના ભાઈ પદ્મસિંહે પણ દીક્ષા લીધી અને તેમનું નામ શ્રી પદ્મવિજય રાખવામાં આવ્યું. આ બંને મુનિઓને સં. ૧૬૮૮માં તપાગચ્છના આચાર્ય શ્રી દેવવિજયસૂરિના હસ્તે વડી દીક્ષા આપવામાં આવી.

અહીં ભાસકારે શ્રી યશોવિજયજીના જન્મસ્થળનો સ્પષ્ટ નિર્દેશ કર્યો નથી. પરંતુ શ્રી નયવિજયજી ગુરુનાં સૌ પ્રથમ દર્શન શ્રી યશોવિજયજીને કનોડુંમાં થયાં હતાં, અને તે સમયે તેમનાં માતાપિતા કનોડુંમાં રહેતાં હતાં એ હકીકત સુનિશ્ચિત છે. સંભવ છે કે શ્રી યશોવિજયજીનો જન્મ કનોડુંમાં થયો હોય અને તેમનું બાળપણ પણ કનોડુંમાં જ વીત્યું હોય. જ્યાં સુધી એમના જન્મસ્થળ વિશે અન્ય કાંઈ પ્રમાણો ન મળે ત્યાં સુધી એમની જન્મભૂમિ કનોડું હતી એમ માનવામાં ખાસ કંઈ બાધ નથી *

---

* કનોડું ઉત્તર ગુજરાતમાં મહેસાણાથી પાટણને રસ્તે ધીણોજ ગામથી ચારેક માઇલને અંતરે આવેલું છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીના જન્મવર્ષની વિચારણા× માટે પરસ્પર ભિન્ન એવાં બે અત્યંત મહત્ત્વનાં પ્રમાણો મળે છે અને એથી એમના જન્મ-સમય વિશે હજુ છેવટનો સર્વમાન્ય નિશ્ચિત નિર્ણય થઈ શક્યો નથી. આ બે પ્રમાણો તે (૧) વિ.સં. ૧૬૬૩ માં વસ્ત્ર પર આલેખાયેલો મેરુ પર્વતનો ચિત્રપટ, અને (૨) ઉપા૦ શ્રી યશોવિજયજીના સમકાલીન મુનિ શ્રી કાંતિવિજયજીકૃત 'સુજસવેલી ભાસ'. આ બંનેમાં અલબત્ત, એમના જન્મ-સમય વિશે કશો ચોક્કસ નિર્દેશ નથી. પરંતુ તેમાં આપેલી માહિતી પરથી જન્મ-સમય વિશે કેટલુંક અનુમાન કરી શકાય છે.

વિ. સં. ૧૬૬૩માં શ્રી યશોવિજયજીના ગુરુ શ્રી નયવિજયજીએ પોતે વસ્ત્રપટ પર મેરુ પર્વતનું આલેખન કર્યું હતું. આ ચિત્રપટ આજ દિન સુધી સચવાઈ રહ્યો છે. એની પુષ્પિકામાં આપેલી માહિતી પ્રમાણે શ્રી નયવિજયજીએ આચાર્ય શ્રી વિજયસેનસૂરિના સમયમાં કણુસાગર નામના ગામડામાં રહીને સં. ૧૬૬૩માં પોતાના શિષ્ય શ્રી જસવિજયજી માટે આ પટ આલેખવાનો પ્રયાસ કર્યો છે. પુષ્પિકા પ્રમાણે શ્રી નયવિજયજી તે સમયે ગણિ અને પંન્યાસનું પદ ધરાવતા હતા. તેઓ શ્રી કલ્યાણવિજયજીના શિષ્ય હતા અને જેમને માટે આ પટ બનાવવામાં આવ્યો તે શ્રી જસવિજયજી પણ 'ગણિ'નું પદ ધરાવતા હતા.

હવે આ ચિત્રપટની માહિતી પ્રમાણે વિચાર કરીએ તો સં. ૧૬૬૩માં શ્રી યશોવિજયજી ગણિ હતા. સામાન્ય રીતે દીક્ષા પછી ઓછામાં ઓછાં દસ વર્ષ પછી ગણિપદ આપવામાં આવે છે. (કોઈ

× એ વિશે જુઓ 'શ્રી યશોવિજયજી સ્મૃતિગ્રંથ'માં મુનિશ્રી પુણ્યવિજયજીનો આમુખ તથા વિદ્યમાન મુનિ શ્રી યશોવિજયજીકૃત લેખ, ઐતિહાસિક ચિત્રપટનો પરિચય અને મહોપાધ્યાય શ્રી યશોવિજયજીની સાલમીમાંસા' (જૈનયુગ, જાન્યુઆરી, ૧૯૫૯).

અપવાદરૂપ પ્રસંગોમાં એથી ઓછાં વર્ષે પણ ગણિપદ અપાય છે.) તે મુજબ, સં. ૧૬૬૩ માં જ જો શ્રી યશોવિજયજીને ગણિપદ અપાયું હોય તો સં. ૧૬૫૩ની આસપાસ એમને દીક્ષા અપાઈ હોય એમ માની શકાય. અને જો તેઓ બાલદીક્ષિત હોય અને દીક્ષા સમયે તેમની ઉંમર આઠેક વર્ષની ધારીએ તો સં. ૧૬૪૫ની આસપાસ તેમનો જન્મ થયો હોવો જોઈએ એમ માની શયાય. તેમનો સ્વર્ગ-વાસ સં. ૧૭૪૩–૪૪માં થયો હતો. એટલે સં. ૧૬૪૫ થી ૧૭૪૪ સુધીનું, લગભગ સો વર્ષનું આયુષ્ય તેમનું હશે એમ આ પટના આધારે માની શકાય.

બીજી બાજુ 'સુજસવેલી ભાસ'માં લખ્યું છે:

સંવત સોલ અઠ્યાસિયેંજી, રહી કુણગિરિ ચોમાસિ;
શ્રી નયવિજય પંડિતવરૂજી, આવ્યા કન્હોડે ઉલ્લાસિ.

વળી આગળ લખ્યું છે:

વિજયદેવ ગુરુ હાથનીજી, વડી દીક્ષા હુઈ ખાસ;
સંવત સોલ અઠ્યાસિયેંજી, કરતા યોગ અભ્યાસ.

આમ 'સુજસવેલી ભાસ' પ્રમાણે સં. ૧૬૮૮માં શ્રી નયવિજયજી કન્હોડું પધારે છે અને એ જ સાલમાં પાટણમાં શ્રી યશોવિજયજીને વડી દીક્ષા અપાય છે. એટલે કે લઘુ દીક્ષા અને વડી દીક્ષા એક જ વર્ષમાં સં. ૧૬૮૮ માં અપાઈ છે. વળી, દીક્ષા-સમયે એમની ઉંમર નાની હતી એમ 'લઘુતા પણ બુદ્ધે આગળો જી, નામે કુંવર જસવંત' એ પંક્તિ પરથી જણાય છે. એટલે દીક્ષા સમયે એમની ઉંમર આઠ-નવ વર્ષની હોવી જોઈએ. જો તે પ્રમાણે હોય તો તેમનો જન્મ સં. ૧૬૭૯–૮૦માં થયો હોવો જોઈએ, અને તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૪૩–૪૪માં થયો હતો તે પ્રમાણે ગણતરી કરીએ તો ૬૪–૬૫ વર્ષનું તેમનું આયુષ્ય હોવું જોઈએ એમ નક્કી થાય.

આમ, ચિત્રપટ પ્રમાણે સં. ૧૬૪૫-૪૬ની આસપાસ તેમનો જન્મ થયો હોવો જોઈએ અને 'સુજસવેલી ભાસ' પ્રમાણે સં. ૧૬૭૯-૮૦માં થયો હોવો જોઈએ. આ બંને પ્રમાણોમાંથી કયા પ્રમાણને આપણે વધારે આધારભૂત માનવું ? ચિત્રપટની બાબતમાં એ મૂળ વસ્તુ આપણને મળે છે અને 'સુજસવેલી ભાસ'ની બાબતમાં કર્તાના હસ્તાક્ષરની નહિ, પણ પાછળથી થયેલી એની નકલની હસ્તપ્રત મળે છે. સંભવ છે કે પાછળથી થયેલી એની નકલમાં એક યા બીજા કારણે દીક્ષાની સાલ લખવામાં કંઈ ભૂલ થઈ હોય. વળી, 'સુજસવેલી ભાસ'કાર શ્રી યશોવિજયજીના સમકાલીન હતા, જ્યારે શ્રી નયવિજયજી ગણિ તો શ્રી યશોવિજયજીના ગુરુ હતા. એટલે આ દૃષ્ટિએ જોતાં પણ ચિત્રપટ વધારે વિશ્વસનીય ગણાય, છતાં આ બાબતમાં અત્યારે નિર્ણય બાંધવાની ઉતાવળ કરવા કરતાં વધુ પ્રમાણો મળવાની રાહ જોવી સારી એમ કહી શકાય.

ઉપાધ્યાયજી મહારાજના બાળપણ વિશે આપણને ખાસ કંઈ માહિતી મળતી નથી. એમના બાળપણના દિવસો વિશે એક એવી દંતકથા પ્રચલિત છે કે એમની માતા સૌભાગ્યદેવીને એવો નિયમ હતો કે જ્યાં સુધી તે 'ભક્તામરસ્તોત્ર' ન સાંભળે ત્યાં સુધી અન્નપાણી લેતાં નહિ. તે સાંભળવા માટે તે રોજ ગુરુ મહારાજ પાસે જતાં. એક વખત શ્રાવણ મહિનામાં સતત મુશળધાર વર્ષા થઈ અને તેથી સૌભાગ્યદેવી ગુરુમહારાજ પાસે જઈ 'ભક્તામરસ્તોત્ર' સાંભળી શકયાં નહિ. એવી રીતે ત્રણ દિવસ સુધી એમને ઉપવાસ થયા. ચોથે દિવસે પણ વરસાદ બંધ ન રહેવાને લીધે સૌભાગ્યદેવીએ જ્યારે ઉપવાસ કર્યો ત્યારે બાળક જસવંતે એનું કારણ પૂછ્યું, અને માતાએ તેનું કારણ કહ્યું. એ વખતે બાળક જસવંતે માતાને 'ભક્તામર સ્તોત્ર' સંભળાવ્યું અને અઠ્ઠમનું પારણું કરાવ્યું. રોજ પોતે માતા સાથે ગુરુમહારાજ પાસે જતો અને ભકતામર સ્તોત્ર સાંભળતો. તે

એણે કંઠસ્થ કરી લીધું હતું. બાળકની આવી અદ્ભુત સ્મરણશક્તિ જોઈ માતાને સાનંદાશ્ચર્ય થયું અને એ વાત ગુરુમહારાજે જ્યારે જાણી ત્યારે તેમને પણ તે પ્રમાણે સાનંદાશ્ચર્ય થયું.

દીક્ષા પછી ગુરુ શ્રી નયવિજય ગણિ સાથે વિહાર કરતા કરતા શ્રી યશોવિજયજી અમદાવાદ નગરમાં પધાર્યા હતા. તે સમય દરમિયાન તેમણે અમદાવાદમાં ગુરુમહારાજની હાજરીમાં આઠ અવધાનનો પ્રયોગ કરી બતાવ્યો. એમના આ પ્રયોગથી ઉપસ્થિત જનસમુદાય આશ્ચર્યમુગ્ધ બની ગયો. એમની આવી બુદ્ધિ અને સ્મરણશક્તિની પ્રશંસા થવા લાગી. એમાંના એક શ્રેષ્ઠી ધનજી સૂરાને શ્રી યશોવિજયજીની આવી અદ્ભુત સ્મરણશક્તિ પ્રત્યે આદર થયો અને તેમણે ગુરુમહારાજ શ્રી નયવિજયજીને વિનંતી કરી કે "આ શ્રી યશોવિજયજી વિદ્યાજ્ઞાન મેળવવા માટે યોગ્ય પાત્ર છે. એમને જો ભણાવવામાં આવે તો તે બીજા હેમચન્દ્રાચાર્ય થાય. જો કાશી જઈ બીજાં છ દર્શનોનો અભ્યાસ કરે તો તે વડે જૈન દર્શનને તેઓ વધારે ઉજ્જવળ બનાવે." ગુરુમહારાજે કહ્યું, "કાશી જઈ અભ્યાસ કરવામાં લક્ષ્મીની જરૂર પડે એમ છે, કારણ કે કાશીના પંડિતો પૈસા વગર શીખવતા નથી" ધનજી સૂરાએ ઉત્સાહપૂર્વક કહ્યું, "બે હજાર દીનારનું ખર્ચ હું આપીશ અને પંડિતનો પણ યથાયોગ્ય વારંવાર સત્કાર કરીશ."

આમ ખર્ચની બાબતમાં શેઠ ધનજી સૂરા તરફથી સંમતિ મળતાં ગુરુએ કાશી તરફ વિહાર કર્યો. ધનજી સૂરાએ ખર્ચ માટે હૂંડી લખી આપી જે કાશી મોકલવામાં આવી કાશીમાં ષડ્ દર્શનોના રહસ્યના જ્ઞાતા એવા એક ભટ્ટાચાર્ય હતા. એમની પાસે કહેવાય છે કે સાતસો શિષ્યો દર્શનોનો અભ્યાસ કરતા હતા. તેમની પાસે ન્યાય, મીમાંસા, સાંખ્ય, વૈશેષિક ઇત્યાદિનો ત્રણ વર્ષ સુધી સતત પરિશ્રમપૂર્વક શ્રી યશોવિજયજીએ અભ્યાસ કર્યો. તેમના તરફથી ભટ્ટાચાર્યને

વિદ્યાભ્યાસ કરાવવા માટે રોજ એક રૂપિયો આપવામાં આવતો. તેમણે 'ચિંતામણિ' જેવા ન્યાયગ્રંથોનો અભ્યાસ કરી વાદીઓના સમૂહથી ન જીતી શકાય એવા પંડિતોમાં શિરોમણિનું સ્થાન મેળવ્યું, તે વખતે કાશીમાં આવેલા એક સંન્યાસીએ શ્રી યશોવિજયજી સાથે વાદ-શાસ્ત્રાર્થ શરૂ કર્યો. પરંતુ શ્રી યશોવિજયજીનું અદ્ભુત જ્ઞાન જોઈને તે સંન્યાસી પોતાનું અભિમાન છોડી ચાલ્યો ગયો. શ્રી યશોવિજયજીએ મેળવેલી આ જીતનો પ્રસંગ ત્યાં વાજતેગાજતે ઊજવવામાં આવ્યો હતો, અને ભારે સત્કાર સાથે તેમને પોતાના સ્થાને લઈ જવામાં આવ્યા હતા. આ પ્રસંગથી શ્રી યશોવિજયજીની 'ન્યાય-વિશારદ' તરીકે ગણના થવા લાગી. એમણે કાશીમાં ત્રણ વર્ષ રહી અભ્યાસ કર્યો, ત્યારથી તેઓ 'તાર્કિક શિરોમણિ'ના નામથી પણ ઓળખાવા લાગ્યા હતા.

કાશીમાં અભ્યાસ પૂરો કરી તેઓ પોતાના ગુરુમહારાજ સાથે આગ્રામાં આવ્યા. તેમની વિદ્વત્તાથી આકર્ષાઈ આગ્રાના જૈન સંઘે તેમની આગળ સાતસો રૂપિયા સદુપયોગ માટે ભેટ ધર્યા. તેમણે તેનો ઉપયોગ ગ્રંથો લેવા-લખાવવામાં કરાવ્યો અને પછી તે ગ્રંથો વિદ્યાભ્યાસીઓને આપવામાં આવ્યા.

ત્યાર પછી આગ્રાથી વિહાર કરી, સ્થળે સ્થળે વાદ કરી, વાદીઓને પરાજિત કરી, તેઓ ગુજરાતના રાજનગર અમદાવાદમાં પધાર્યા.

એ સમયે અમદાવાદમાં મહોબતખાન નામનો મુસલમાન સૂબો રહેતો હતો. તે સદ્ગુણીની કદર કરનાર ઉદાર દિલનો હતો. એની રાજસભામાં એક વખત શ્રી યશોવિજયજીનાં અગાધ જ્ઞાન, ઊંચી બુદ્ધિપ્રતિભા તથા અદ્ભુત સ્મરણશક્તિની પ્રશંસા થઈ. તે સાંભળીને મહોબતખાનને આવા મુનિ મહારાજને મળવાની તીવ્ર ઉત્કંઠા થઈ. તેણે શ્રાવકો મારફત શ્રી યશોવિજયજીને પોતાની સભામાં પધારવાની

વિનંતી કરી. ગુરુ મહારાજની આજ્ઞા મળતાં શ્રી યશોવિજયજીએ તે વિનંતીનો સ્વીકાર કર્યો; એથી મહોબ્બતખાનને ઘણો આનંદ થયો. તેણે રાજસભામાં જૈન મુનિમહારાજ માટે બેસવાની યોગ્ય સગવડ કરી. નિશ્ચિત કરેલા દિવસે અને સમયે શ્રી યશોવિજયજી મહારાજ અગ્રગણ્ય શ્રાવકો સાથે મહોબ્બતખાનની સભામાં ગયા અને ત્યાં સભાજનો સમક્ષ ૧૮ અવધાનનો પ્રયોગ કરી બતાવ્યો. તેમની આવી શક્તિ અને વિદ્વત્તાથી મહોબ્બતખાન પ્રભાવિત અને આનંદિત થયો. તેણે ઉત્સાહપૂર્વક અને ઉત્સવપૂર્વક શ્રી યશોવિજયજી મહારાજનું ઘણું મોટું સન્માન કર્યું. જૈન ધર્મમાં પણ આવા મહાન વિદ્વાન મુનિઓ છે એની તેને ખાતરી થઈ.

આ પ્રસંગ પછી અમદાવાદના શ્રી સંઘે તે સમયના ગચ્છનાયક આચાર્ય શ્રી વિજયદેવસૂરિ આગળ એવી વિનંતી કરી કે, "મુનિ શ્રી જસવિજયજીએ જૈન ધર્મની જે સેવા બજાવી છે અને બહુશ્રુતતા પ્રાપ્ત કરી છે તે માટે તેમને ઉપાધ્યાયની પદવી આપવામાં આવે." શ્રી સંઘની વિનંતીને માન આપી, અને શ્રી યશોવિજયજીની તે માટેની યોગ્યતા જાણી આચાર્ય મહારાજે તેમને ઉપાધ્યાયની પદવી આપવાનું નક્કી કર્યું. તે પછી શ્રી યશોવિજયજીએ 'વીસ સ્થાન'ના તપની આરાધના કરી. તપને અંતે શ્રી વિજયદેવસૂરિની આજ્ઞાથી તેમના શિષ્ય શ્રી વિજયપ્રભસૂરિએ શ્રી સંઘના મોટા ઉત્સવ સાથે વિ.સં. ૧૭૧૮માં અમદાવાદમાં ઉપાધ્યાયની પદવી આપી. ત્યારથી શ્રી યશોવિજયજી મહારાજ 'ઉપાધ્યાય શ્રી યશોવિજયજી' બન્યા.

શ્રી યશોવિજયજીના વિદ્યાગુરુ વિશે આ પ્રમાણે એક દંતકથા છે: એક વખત શ્રી યશોવિજયજી મહારાજ ખંભાતમાં પધાર્યા હતા. એક દિવસ તેઓ વ્યાખ્યાન આપી રહ્યા હતા તે વખતે ત્યાં ઉપાશ્રયમાં કોઈ એક વયોવૃદ્ધ માણસ આવ્યો અને વ્યાખ્યાન સાંભળવા બેસી ગયો. મહારાજની તરત તેના પર નજર પડી અને તેમને ઘણું

આશ્ચર્ય થયું. તેમણે તે વ્યક્તિને વંદન કર્યું. એથી સૌ તે વૃદ્ધ તરફ જોવા લાગ્યા, અને તે વ્યક્તિ કોણ હશે એ વિશે તર્ક કરવા લાગ્યા. તે સમયે ઉપાધ્યાયજીએ કહ્યું કે 'આ એ વ્યક્તિ છે કે જેની પાસે કાશીમાં મેં નવ્યન્યાયનું અધ્યયન કર્યું છે. મારા એ વિદ્યાગુરુ પ્રત્યે હું અત્યંત ઋણી છું. તમારે એમનો યોગ્ય સત્કાર કરવો જોઈએ.' એ સાંભળી ખંભાતના શ્રી સંઘે તરત રૂપિયા સત્તર હજારની રકમ એકઠી કરી અને તે બ્રાહ્મણ પંડિતને ગુરુદક્ષિણામાં આપી. પોતાના શિષ્યનો આવો પ્રભાવ જોઈ હર્ષ પામી વિદ્યાગુરુએ વિદાય લીધી.

શ્રી યશોવિજયજીએ 'પ્રતિમાશતક' નામની પોતાની કૃતિ ઉપર પોતે જ રચેલી વૃત્તિમાં પોતાની ગુરુપરંપરાનો પરિચય આપ્યો છે. તેમાં તેમણે અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિથી શરૂઆત કરી છે. તેમાં તેમણે શ્રી હીરવિજયસૂરિના શિષ્ય શ્રી કલ્યાણવિજય, તેમના શિષ્ય શ્રી લાભવિજય અને તેમના બે શિષ્યો તે શ્રી જીતવિજય અને શ્રી નયવિજયનો ઉલ્લેખ કર્યો છે. શ્રી નયવિજય ગણિ શ્રી યશોવિજયના દીક્ષાગુરુ હતા. શ્રી યશોવિજયના ભાઈએ પણ શ્રી નયવિજય પાસે જ દીક્ષા લીધી હતી. આ રીતે શ્રી યશોવિજયજીની ગુરુપરંપરા નીચે પ્રમાણે દર્શાવી શકાય :

- શ્રી હીરવિજયસૂરિ
  - ઉપા. કલ્યાણવિજય
    - પં. લાભવિજય ગણિ
      - શ્રી જીતવિજય
      - શ્રી નયવિજય ગણિ
        - શ્રી પદ્મવિજય
        - ઉપા. યશોવિજય
  - શ્રી વિજયસેનસૂરિ
    - શ્રી વિજયદેવસૂરિ
      - શ્રી વિજયસિંહસૂરિ
      - શ્રી વિજયપ્રભસૂરિ
        - પં. શ્રી સત્યવિજયજી
  - શ્રી કીર્તિવિજય ઉપાધ્યાય
    - શ્રી વિનયવિજય ઉપાધ્યાય

ભિન્નભિન્ન કૃતિઓમાં મળતા ઉલ્લેખો અને અન્ય પ્રમાણો પરથી અત્યાર સુધીમાં મળેલી માહિતી પ્રમાણે શ્રી યશોવિજયજીની શિષ્ય-પરંપરા નીચે મુજબ દર્શાવવામાં આવે છે:

- શ્રી યશોવિજય ગણિ
  - શ્રી ગુણવિજય ગણિ
    - શ્રી કેસરવિજય ગણિ
      - શ્રી વિનીતવિજય ગણિ
        - શ્રી દેવવિજય ગણિ
    - શ્રી સુમતિવિજય
      - શ્રી પ્રતાપવિજય
  - શ્રી તત્ત્વવિજય
  - શ્રી લક્ષ્મીવિજય ગણિ

શ્રી યશોવિજયજી મહારાજ અને શ્રી આનંદઘનજી મહારાજ સમકાલીન હતા અને શ્રી યશોવિજયજી શ્રી આનંદઘનજીનાં દર્શન માટે અત્યંત ઉત્સુક હતા તથા તે બંનેનું મિલન થતાં શ્રી યશો-વિજયજીને ઘણો આનંદ થયો હતો. એ ઘટના ઐતિહાસિક અને નિર્વિવાદ છે. શ્રી યશોવિજયજીએ આનંદઘનજીની સ્તુતિરૂપ રચેલી 'અષ્ટ-પદી' તેના પુરાવારૂપ છે. એ અષ્ટપદીમાંની 'જસવિજય કહે આનંદઘન હમ તુમ મિલે હજૂર', 'જસ કહે સોહી આનંદઘન પાવત, અંતરજ્યોત જગાવે', 'આનંદકી ગત આનંદઘન જાણે', 'એસી દશા જબ પ્રગટે ચિત્ત અંતર, સોહી આનંદઘન પિછાને', 'એહી આજ આનંદ ભયો મેરે, તેરો મુખ નીરખ નીરખ રોમરોમ શીતલ ભયો અંગોઅંગ' ઇત્યાદિ પંક્તિઓ શ્રી યશોવિજયજીને શ્રી આનંદઘનજી પ્રત્યે કેટલો બધો ઉચ્ચાદર હતો તે દર્શાવે છે. આનંદઘનજીનાં દર્શનનો પોતાના જીવન ઉપર કેટલો બધો પ્રભાવ પડ્યો છે તે નમ્રતાપૂર્વક દર્શાવતાં તેઓ લખે છે :

'આનંદઘનકે સંગ સુજસહી મિલે જબ,
તબ આનંદસમ ભયો સુજસ,
પારસ સંગ લોહા જો ફરસત,
કંચન હોતકી તાકે કસ. આનંદ૦'

મહોપાધ્યાયજીને આનંદઘનજી ક્યારે મળ્યા હશે, ક્યારે અને કેવી રીતે મળ્યા હશે તે વિશે નિશ્ચિતપણે આપણને કશું જાણવા મળતું નથી. દંતકથા એમ કહે છે કે શ્રી યશોવિજયજી આબુ તરફ વિહાર કરતા હતા. તે સમયે તેઓ સાધુઓમાં બહુશ્રુત ગણાતા હતા. બીજી બાજુ, આનંદઘનજી પણ અધ્યાત્મજ્ઞાનમાં ઘણાં ઊંડા ઊતર્યા હતા. તેઓ આબુની આસપાસના પ્રદેશમાં વિચરે છે એમ જાણી શ્રી યશોવિજયજી તેમને મળવા માટે ઉત્સુક હતા. બીજી બાજુ, શ્રી યશોવિજયજી આસપાસના પ્રદેશમાં આવ્યા છે એમ જાણી શ્રી આનંદઘનજી પણ

તેમને મળવા ઉત્સુક હતા. એક દિવસ શ્રી યશોવિજયજી ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપતા હતા ત્યારે તે સાંભળવા માટે આસપાસના પ્રદેશ-માંથી આવીને બેઠેલા બીજા યતિઓ સાથે આનંદઘનજી પણ આવીને બેસી ગયા હતા. શ્રી યશોવિજયજીનું અધ્યાત્મ વિશેનું વ્યાખ્યાન સાંભળીને સૌ પ્રસન્ન બન્યા હતા ત્યારે એક જીર્ણવેષધારી સાધુના ચહેરા પર એટલો હર્ષ જણાતો નહોતો. શ્રી યશોવિજયજીએ એમને પૂછ્યું, "અરે વૃદ્ધ સાધુ ! તમને વ્યાખ્યાનમાં બરાબર સમજણ પડી કે નહીં ?' તેમનો સાથે વાતચીત કરતાં શ્રી યશોવિજયજીને જાણવા મળ્યું કે તેઓ તો આનંદઘનજી છે. પછી ઉપાધ્યાયજીએ પોતે જે શ્લોક પર વિવેચન કરતું વ્યાખ્યાન આપ્યું હતું તે શ્લોક પર વ્યાખ્યાન આપવા માટે આનંદઘનજીને આગ્રહ કર્યો. આનંદઘનજીએ એ એક શ્લોક પર ત્રણ કલાક વ્યાખ્યાન આપ્યું. એ સાંભળી સૌ શ્રોતાજનો ડોલવા લાગ્યા, અને શ્રી યશોવિજયજીએ પણ એકચિત્તથી એ વ્યાખ્યાન સાંભળી અત્યંત હર્ષ અનુભવ્યો, અને આ પ્રસંગથી શ્રી આનંદઘનજી પ્રત્યે તેમને ઘણો પૂજ્યભાવ થયો.

આ પછી, દંતકથા પ્રમાણે, બીજી એક વાર શ્રી યશોવિજયજીને શ્રી આનંદઘનજીને મળવાની ઇચ્છા થઈ. બાવાઓને પૂછતા પૂછતા આબુ પરની એક ગુફા પાસે તેઓ આવી પહોંચ્યા. તે સમયે આનંદ-ઘનજી ધ્યાનમાંથી ઊઠીને બહાર નીકળ્યા હતા અને સ્વરચિત આધ્યાત્મિક રચના ગાતા હતા. શ્રી યશોવિજયજીને જોતાં જ તેઓ સામા જઈ તેમને ભેટચા હતા. કહેવાય છે કે આ પ્રસંગ પછી શ્રી યશોવિજયજીએ શ્રી આનંદઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી બનાવી હતી.

શ્રી યશોવિજયજીનો સ્વર્ગવાસ ડભોઈમાં થયો હતો તે નિર્વિવાદ હકીકત છે. પરંતુ તેમના જન્મવર્ષની જેમ તેમના સ્વર્ગવાસનો સમય પણ આપણને સુનિશ્ચિતપણે જાણવા મળતો નથી. તેમ છતાં, તેમના જન્મવર્ષ વિશેની જુદીજુદી શકયતાઓ વચ્ચેનો ગાળો જેટલો

મોટા છે તેટલો ગાળો તેમના સ્વર્ગવાસના વર્ષની બાબતમાં નથી. સ્વર્ગવાસની બાબતમાં મતભેદ માત્ર એક-બે વર્ષ જેટલો જ અત્યારે તો છે. તેમાં પણ માસ અને તિથિ નહિ, પણ વર્ષ વિશે ચોક્કસ અનુમાન પર આવવું બહુ અઘરું નથી.

અત્યાર સુધી સં. ૧૭૪૫ (શકે ૧૬૧૧)ના માગશર સુદ ૧૧ એમની કાળધર્મની તિથિ મનાતી અને કેટલાંક જૈન પંચાગોમાં એ પ્રમાણે આપવામાં આવતી. ડભોઈના ગુરુમંદિરની પાદુકાના લેખને આધારે તેમ બનવા પામ્યું હોવાનો સંભવ છે. પરંતુ એમાં આપેલાં સાલ-તિથિ ઉપાધ્યાયજીના કાળધર્મનાં નથી, પરંતુ પાદુકાની અમદાવાદમાં પ્રતિષ્ઠા કરાવ્યાનાં છે.

'સુજસવેલી ભાસ'ની નીચેની કડી હવે તે વિશે વધારે પ્રકાશ પાડે છે :

સત્તર ત્રયાલિ ચોમાસું રહ્યા, પાઠક નગર ડભોઈ રે;
તિહાં સુરપદવી અણસરી, અણસણિ કરિ પાતક ધોઈ રે.

આમાં જણાવ્યા પ્રમાણે શ્રી યશોવિજયજી સં. ૧૭૪૩માં ડભોઈમાં ચોમાસું રહ્યા અને ત્યાં અનશન કરી સ્વર્ગવાસી થયા. આમાં, અલબત્ત, ચોક્કસ માસ-તિથિ જણાવ્યાં નથી. વળી જૈન સાધુઓનું ચોમાસું અષાડ સુદ ૧૪થી શરૂ થઈ કાર્તિક સુદ ૧૪ને દિવસે પૂર્ણ થાય. એટલે કે ચોમાસા દરમિયાન જ નવું સંવત વર્ષ બેસે. અહીં ભાસકારે ઉપાધ્યાયજીએ સં. ૧૭૪૩નું ચોમાસું ડભોઈમાં કર્યાનું જણાવ્યું છે, પણ એમનો સ્વર્ગવાસ ચોમાસા દરમિયાન થયો કે ચોમાસા પછી, અને ચોમાસામાં પણ સં. ૧૭૪૩માં થયો કે સં. ૧૭૪૪માં તે વિશે કશું જણાવ્યું નથી.

ઉપાધ્યાયજી મહારાજે પોતાની કેટલીક કૃતિઓમાં એની રચના-સાલ જણાવી છે. તેમાં મોડામાં મોડી સં. ૧૭૩૯માં ખંભાતમાં '**જંબૂસ્વામી રાસ**'ની કરેલી રચના મળે છે. આ ઉપરાંત,

સૂરતમાં ચાતુર્માસ દરમિયાન તેમણે રચેલી 'પ્રતિક્રમણુ હેતુ સ્વાધ્યાય' અને 'અગિયાર અંગ સ્વાધ્યાય' એ બે કૃતિઓમાં એની રચનાસાલ 'યુગ યુગ મુનિ વિધુ વત્સરઈ' એ પ્રમાણે જણાવી છે. તેમાં યુગની સંખ્યા ૪ લઈએ તો સં. ૧૭૪૪ થાય અને તેની સંખ્યા ૨ લઈએ તો સં. ૧૭૨૨ થાય. પરંતુ અહીં સં. ૧૭૪૪ લેવી સર્વ રીતે સુસંગત જણાતી નથી. * એટલે જ્યાં સુધી બીજાં કંઈ વધુ પ્રમાણો ન મળે ત્યાં સુધી સં. ૧૭૪૩માં ડભોઈમાં શ્રી યશોવિજયજી મહોપાધ્યાયનો સ્વર્ગવાસ થયો એમ માનવામાં ખાસ બાધ નથી.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ સંસ્કૃત અને પ્રાકૃતમાં ઘણી વિદ્વદ્‌ભોગ્ય કૃતિઓની રચના કરી છે; તેવી જ રીતે, તેમણે પોતાના સમયની બોલાતી ગુજરાતી ભાષામાં પણ ઘણી કૃતિઓની રચના કરી છે. લોકભાષા ગુજરાતીમાં કૃતિ રચવા અંગે તેમને વિશે એક દંતકથા એવી છે કે જ્યારે તેઓ કાશીમાં અભ્યાસ પૂરો કરી પોતાના ગુરુમહારાજ સાથે વિહાર કરતા હતા ત્યારે કોઈ એક ગામમાં સાંજે પ્રતિક્રમણમાં એક શ્રાવકે શ્રી નયવિજયજી મહારાજને વિનંતી કરી, શ્રી યશોવિજયજી મહારાજ પાસેથી સજ્ઝાય સાંભળવાની ઇચ્છા દર્શાવી. જવાબમાં શ્રી યશોવિજયજીએ જણાવ્યું કે 'મને કોઈ સજ્ઝાય કંઠસ્થ નથી'. એ સાંભળી તે શ્રાવકે કહ્યું, "ત્યારે શું બાર વરસ કાશીમાં રહીને ઘાસ કાપ્યું?' એ સમયે મહોપાધ્યાયજી મૌન રહ્યા. તેમને વિચાર કરતાં જણાયું કે સંસ્કૃત, પ્રાકૃત ઉપરાંત લોક-ભાષામાં પણ પોતે રચના કરવી જોઈએ કે જેથી વધુ લોકો બોધ પામી શકે. તરત નિશ્ચય કરી તેમણે તે અમલમાં મૂકયો. તેમણે સમકિતના ૬૭ બોલની સજ્ઝાય બનાવી અને તે મોઢે પણ કરી લીધી અને બીજે દિવસે પ્રતિક્રમણમાં તે બોલવા માટે આદેશ માગ્યો.

---

* જુઓ મુનિશ્રી યશોવિજયજીકૃત લેખ 'મહો૦ પૂ. યશોવિજયજીની સ્વર્ગવાસ સાલ અને તિથિ કઈ?—જૈનયુગ, ફેબ્રુઆરી, ૧૯૫૯.

આદેશ મળતાં સજ્ઝાય બોલવી તેમણે શરૂ કરી. સજ્ઝાય ઘણી લાંબી હતી એટલે શ્રાવકો પૂછવા લાગ્યા, 'હવે કેટલી બાકી રહી?' ઘાસ કાપવાનું કહેનાર તે શ્રાવકે પણ અધીરા બની એમ પૂછ્યું. એટલે મહોપાધ્યાયજીએ કહ્યું, 'બાર વરસ ઘાસ કાપ્યું તેના આજે પૂળા બંધાય છે, એટલે વધારે સમય લાગે એમાં નવાઈ શી?' શ્રાવક તરત વાત સમજી ગયો અને પોતે કહેલ વચન માટે માફી માગવા લાગ્યો.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ પ્રાચીન તથા નવ્યન્યાય, વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છંદ, કાવ્ય, તર્ક, આગમ, નય, પ્રમાણ, યોગ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, આચાર, ઉપદેશ, કથા, ભક્તિ તથા સિદ્ધાંત ઇત્યાદિ ઘણા વિષયો પર સંસ્કૃત પ્રાકૃત, અને ગુજરાતી તથા હિંદી અને મારવાડી ભાષામાં વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે. તેમની કૃતિઓમાં નાનું બાળક પણ સમજી શકે એટલી સરળ કૃતિઓ છે અને પ્રખર વિદ્વાન પણ સહેલાઈથી ન સમજી શકે એટલી ગૂઢ રહસ્યવાળી કૃતિઓ પણ છે. એમણે રચેલી સંસ્કૃત પ્રાકૃત કૃતિઓમાંથી અત્યારે ઉપલબ્ધ કૃતિઓ નીચે પ્રમાણે છે. એમાંની કેટલીક કૃતિઓ છપાયેલી પણ છે.

૧. અધ્યાત્મ મતપરીક્ષા : આ ગ્રંથનું બીજું નામ 'અધ્યાત્મ મતખંડન' છે. કર્તાએ મૂળગ્રંથ પ્રાકૃત ભાષામાં ૧૮૪ ગાથાનો લખ્યો છે અને તેના ઉપર પોતે જ ૪૦૦૦ શ્લોકમાં ટીકા રચેલી છે. આ ગ્રંથ અને એની ટીકામાં કર્તાએ કેવલી ભગવંતોને કવલાહાર હોય જ નહિ એ દિગંબર માન્યતાનું ખંડન કર્યું છે અને કેવલીને કવલાહાર હોઈ શકે એમ સાબિત કર્યું છે. દિગંબરોની બીજી માન્યતા કે પ્રભુને ધાતુરહિત પરમૌદારિક શરીર હોય છે, તેનું પણ આ ગ્રંથમાં ખંડન કરવામાં આવ્યું છે.

૨. અધ્યાત્મસાર : સાત મુખ્ય પ્રબંધમાં વહેંચાયેલા, ૧૩૦૩ શ્લોકોપ્રમાણ આ ગ્રંથમાં કર્તાએ અધ્યાત્મનું સ્વરૂપ, દંભત્યાગ,

ભવસ્વરૂપ, વૈરાગ્યસંભવ, વૈરાગ્યના ભેદ, ત્યાગ, સમતા, સદનુષ્ઠાન, સમ્યક્ત્વ, મિથ્યાત્વત્યાગ, યોગ, ધ્યાન, આત્મનિશ્ચય વગેરે વિષયોનું નિરૂપણ કર્યું છે.

૩. **અધ્યાત્મોપનિષદ :** સંસ્કૃતમાં અનુષ્ટુપ છંદના ૨૩૧ શ્લોકમાં આ ગ્રંથની રચના થઈ છે. તેના ચાર અધિકાર – શાસ્ત્રયોગ-શુદ્ધિ અધિકાર, જ્ઞાનયોગાધિકાર, ક્રિયાધિકાર અને સામ્યાધિકાર – માં કર્તાએ તે તે વિષયોની છણાવટ કરી છે.

૪. **અનેકાંતવ્યવસ્થા :** કર્તાએ ૩૩૫૭ શ્લોકમાં આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ છપાયો છે.

૫. **દેવધર્મપરીક્ષા :** ૪૨૫ શ્લોકમાં આ ગ્રંથની રચના કરવામાં આવી છે. દેવો સ્વર્ગમાં પ્રભુની પ્રતિમાની પૂજા કરે છે. પ્રતિમામાં નહિ માનનારા સ્થાનકમાર્ગીઓ તે દેવોને અધર્મી કહે છે, તે વાત ખોટી છે એમ સાબિત કરવા માટે કર્તાએ આ ગ્રંથની રચના કરી છે.

૬. **જૈન તર્કપરિભાષા :** કર્તાએ ૮૦૦ શ્લોકમાં આ ગ્રંથની રચના કરી છે. તેના (૧) પ્રમાણ, (૨) નય અને (૩) નિક્ષેપ, એ નામના ત્રણ પરિચ્છેદમાં તેમણે તે તે વિષયનું વિગતે તર્કયુક્ત નિરૂપણ કર્યું છે.

૭. **ગુરુતત્ત્વવિનિશ્ચય :** કર્તાએ મૂળ ગ્રંથ પ્રાકૃતમાં ૯૦૫ શ્લોકપ્રમાણનો રચ્યો છે અને તેના ઉપર પોતે જ સંસ્કૃત ગદ્યમાં ૭૦૦૦ શ્લોકમાં ટીકા લખી છે. આ ગ્રંથમાં કર્તાએ ગુરુતત્ત્વના યથાર્થ સ્વરૂપનું નિરૂપણ ચાર ઉલ્લાસમાં કર્યું છે.

૮. **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા :** આ ગ્રંથમાં કર્તાએ દાન, દેશના માર્ગ, ભક્તિ, ધર્મવ્યવસ્થા, કથા, યોગ, સમ્યગ્ દૃષ્ટિ ઇત્યાદિ ૩૨ વિષયોનું યથાર્થ સ્વરૂપ સમજાવવા માટે ૩૨ વિભાગ પાડયા છે અને તે દરેક વિભાગમાં બત્રીસ શ્લોકની રચના કરી છે. આમ, ૧૦૨૪ શ્લોકમાં આ ગ્રંથની રચના થઈ છે, અને તેના ઉપર પોતે જ રચેલી ટીકાની

શ્લોકસંખ્યા મળીને કુલ ૫૫૦૦ શ્લોકનો આ સટીક ગ્રંથ બન્યો છે.

૯. **યતિલક્ષણસમુચ્ચય :** આ ગ્રંથમાં કર્તાએ પ્રાકૃતમાં ૨૬૩ ગાથામાં સાધુનાં સાત લક્ષણો વિસ્તારથી જણાવ્યાં છે.

૧૦. **નયરહસ્ય :** આ ગ્રંથમાં નૈગમાદિ સાત નયોનું સ્વરૂપ વિગતે સમજાવવામાં આવ્યું છે.

૧૧. **નયપ્રદીપ :** સંસ્કૃતમાં લગભગ ૫૦૦ શ્લોકયુક્ત ગદ્યમાં રચાયેલો આ ગ્રંથ 'સપ્તભંગીસમર્થન' અને 'નયસમર્થન' એ નામના બે સર્ગમાં વહેંચાયેલો છે.

૧૨. **નયોપદેશ :** કર્તાએ આ ગ્રંથની સટીક રચના કરી છે અને તેમાં સાતે નયોનું સ્વરૂપ સમજાવ્યું છે.

૧૩. **જ્ઞાનબિંદુ :** સાડા બારસો શ્લોકમાં રચયેલા આ ગ્રંથમાં કર્તાએ જ્ઞાનના પ્રકાર, લક્ષણ, સ્વરૂપ ઇત્યાદિની વિસ્તારથી મીમાંસા કરી છે.

૧૪. **જ્ઞાનસાર :** આઠ શ્લોકનું એક અષ્ટક એવાં ૩૨ અષ્ટકોમાં કર્તાએ આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ ઉપર કર્તાએ પોતે બાલાવબોધ(ટબો)ની રચના કરી છે. આત્મસ્વરૂપ સમજવાને માટે જે જે સાધનોની જરૂર પડે તે તે સાધનોનું ક્રમબદ્ધ નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

૧૫. **ન્યાયખંડનખંડખાદ્ય :** ૫૫૦૦ શ્લોકમાં રચાયેલ આ ગ્રંથ નવ્યન્યાયની વિશિષ્ટ કોટિનો, અર્થગંભીર અને જટિલ છે, અને કર્તાના ઉચ્ચ કોટિના પાંડિત્યની પ્રતીતિ કરાવે એવો છે.

૧૬. **ન્યાયલોક :** આ ગ્રંથમાં ન્યાય-દષ્ટિએ સ્યાદ્વાદાદિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

૧૭. **પ્રતિમાશતક :** કર્તાએ મૂળ સો શ્લોકમાં આ ગ્રંથની રચના કરી પછી તે ઉપર પોતે મોટી ટીકા રચી છે. તેમાં તેમણે

જિન-પ્રતિમાની પૂજા નહિ કરવાનું જણાવતા મતોનું ખંડન કર્યું છે અને જિન-પ્રતિમાની પૂજા કરવાના મતનું પ્રતિપાદન કર્યું છે.

આ ગ્રંથો ઉપરાંત, ઐન્દ્રસ્તુતિઓ, ઉપદેશ-રહસ્ય, આરાધક-વિરાધક, ચતુર્ભંગી, આદિજિન સ્તવન, તત્ત્વવિવેક, તિઙ્ન્વયોક્તિ, ધર્મપરીક્ષા, જ્ઞાનાર્ણવ, અસ્પૃશદ્ ગતિવાદ, પંચનિગ્રંથી પ્રકરણ, પરમજ્યોતિઃ પંચવિંશિકા, પરમાત્મપંચવિંશિકા, પ્રતિમાસ્થાપનન્યાય, ફ્લાફ્લવિષયક પ્રશ્નોત્તર, ભાષારહસ્ય, માર્ગપરિશુદ્ધિ, મુક્તાશુક્તિ, યતિદિનચર્યા પ્રકરણ, વૈરાગ્યકલ્પલતા, શ્રી ગોડીપાર્શ્વસ્તોત્ર, વિજય-પ્રભસૂરિસ્વાધ્યાય, શંખેશ્વરપાર્શ્વસ્તોત્ર, સમીકાપાર્શ્વસ્ત્રોત્ર, સામાચારી પ્રકરણ, સ્તોત્રાવલિ ઇત્યાદિ મૌલિક ગ્રંથોની રચના શ્રી યશોવિજય મહોપાધ્યાયજીએ કરેલી છે. આ ઉપરાંત, તેમણે અષ્ટસહસ્રી વિવરણ, કર્મપ્રકૃતિ–બૃહદ ટીકા, કર્મપ્રકૃતિ–લઘુ ટીકા, તત્ત્વાર્થવૃત્તિ, દ્વાદશાર ચક્રોદ્ધાર વિવરણ, ધર્મસંગ્રહ ટિપ્પણ, પાતંજલ યોગસૂત્રવૃત્તિ, યોગ-વિંશિકા વિવરણ, શાસ્ત્રવાર્તા સમુચ્ચયવૃત્તિ, ષોડશકવૃત્તિ, સ્તવપરિજ્ઞા પદ્ધતિ ઇત્યાદિ ટીકાગ્રંથોની રચના કરી છે.

શ્રી યશોવિજયજીના કેટલાક ગ્રંથો હજુ પણ અનુપલબ્ધ છે. આવા અનુપલબ્ધ ગ્રંથોમાંથી, અધ્યાત્મબિંદુ, અધ્યાત્મોપદેશ, અલંકારચૂડામણિટીકા, ન્યાયબિંદુ, મંગલવાદ, વેદાંતનિર્ણય વગેરે પચ્ચીસ કરતાંયે વધુ ગ્રંથોના ઉલ્લેખો મળે છે. આમ, ઉપલબ્ધ, અનુપલબ્ધ મૌલિક ગ્રંથો અને ટીકા ગ્રંથો મળીને લગભગ ૮૦ કરતાંય વધુ ગ્રંથોની સંસ્કૃત પ્રાકૃતમાં મહોપાધ્યાયજીએ રચના કરી છે, જે પરથી એમની વિદ્વત્તા અને પ્રતિભાનો સારો પરિચય આપણને મળી રહે છે.

ઉપાધ્યાયજી મહારાજે ગુજરાતી ભાષામાં પણ ઘણી રચનાઓ કરી છે, જે એમને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં

મહત્ત્વનું સ્થાન અપાવે છે.* ગુજરાતીમાં એમણે સ્તવન, સજ્ઝાય, પદગીત, બાલાવબોધ, હરિયાલી, સંવાદ, રાસ ઇત્યાદિ પ્રકારો ખેડયા છે અને તે દરેકમાં ઊંચા પ્રકારની કવિત્વશક્તિ દાખવી ગુજરાતી સાહિત્યને અનોખું પ્રદાન કર્યું છે.

સ્તવનોમાં એમણે ચોવીસ તીર્થંકરોનાં ચોવીસ સ્તવનોની એક ચોવીસી એવી ત્રણ ચોવીસીઓની રચના કરી છે, અને વિહરમાન વીસ જિનેશ્વરોનાં વીસ સ્તવનોની એક વીસીની રચના કરી છે. તદુપરાંત, એમણે કેટલાક વિશિષ્ટ પ્રાચીન પવિત્ર તીર્થોના તીર્થંકરોની પ્રતિમાની સ્તુતિ કરતાં સ્તવનોની પણ રચના કરી છે. એમનાં મોટાં સ્તવનોમાં સવાસો ગાથાનાં, દોઢસો ગાથાનાં અને સાડી ત્રણસો ગાથાનાં એમ ત્રણ સ્તવનો મળે છે, જે અનુક્રમે 'શ્રી સીમંધર સ્વામીની વિનતિરૂપ નયરહસ્યગર્ભિત સ્તવન' (૧૨૫ ગાથા), 'કુમતિમદગાલન શ્રી વીરસ્તુતિરૂપ હૂંડીનું સ્તવન' (૧૫૦ ગાથા) અને 'સિદ્ધાંતવિચારરહસ્યગર્ભિત શ્રી સીમંધર જિન સ્તવન' (૩૫૦ ગાથા) એ પ્રમાણે છે. એમનાં બીજાં મોટાં સ્તવનોમાં મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું સ્તવન (બાર ઢાળની ૬૩ ગાથા) નિશ્ચયવ્યવહારગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન (૬ ઢાળની ૪૮ ગાથા) અને નિશ્ચયવ્યવહારગર્ભિત શ્રી સીમંધરસ્વામી સ્તવન (૪ ઢાળની ૪૧ ગાથા) એ ત્રણ છે.

ચોવીસીઓમાંની એકમાં કવિએ વિશેષતઃ તીર્થંકરોનાં માતાપિતા, નગર, લાંછન, આયુષ્ય વગેરેનો પરિચય આપ્યો છે અને બીજી બેમાં તીર્થંકરોના ગુણોનું ઉપમાદિ અલંકારો વડે વર્ણન કર્યું છે અને પોતાના પર કૃપા કરવા માટે તેમને વિનતિ કરી છે. કવિની

* એમની ગુર્જર ભાષાની લગભગ ઘણીખરી કૃતિઓ 'ગુર્જર સાહિત્ય સંગ્રહ ભાગ ૧ અને ૨ (શ્રી ભદ્રંકરવિજયજીએ સંપાદિત કરેલ)માં પ્રગટ થઈ છે.

આ રચનાઓમાં સ્થળે સ્થળે આપણને એમની ઊંચી કવિત્વશક્તિનાં દર્શન થાય છે. ઉ. ત. શ્રી ઋષભદેવની સ્તુતિ કરતાં કવિ લખે છે :

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમીશશિસમ ભાલ;
વદન તે શારદ ચાંદલો, વાણી અતિહિ રસાળ. લા૦

×

ઇન્દ્ર, ચંદ્ર, રવિ, ગિરિ તણા, ગુણ લેઈ ઘડિયું અંગ,
ભાગ્ય કિહાં થકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ. લા૦

શ્રી અજિતનાથની સ્તુતિ કરતાં એમણે એક પછી એક કડીમાં કેવાં નવાં નવાં કાવ્યોચિત દૃષ્ટાન્તો આપ્યાં છે :

અજિત જિણંદસ્યૂં પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહીયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે.
ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાળ કે;
સરોવર જળ જળધર વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે.
કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
આછાં તરુઅર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે.
કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ શું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના નવિ ચાહે હો કમળા નિજચિત્ત કે.

શ્રી સુમતિનાથના સ્તવનમાં કવિ લખે છે :

સુમતિનાથ ગુણસ્યું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહિ ભલી રીતિ.
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ.
સજ્જન શું જે પ્રીતડીજી, છાની તે જ રહાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહી માંહિ મહકાય.
અંગુલીયે નવિ મેરુ ઢંકાયે, છાબડીયેં રવિતેજ,
અંજલિમાં જિમ ગંગ ન માએ, મુજ મન તિમ પ્રભુ હેજ.

છુઓ છિપે નહિ અધર અરુણુ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણુ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ.
ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક જશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર.

આમ, જોઈ શકાશે કે શ્રી યશોવિજયજીનાં સ્તવનો એ માત્ર સ્તુતિના પ્રકારની સામાન્ય રચનાઓ નથી પરંતુ ઊંચા પ્રકારની કાવ્યરચનાઓ છે. કવિ પાસે ઉપમા, રૂપક, દૃષ્ટાંતાદિ અલંકારો પુષ્કળ છે અને એ વડે તથા એમની ભાષાની પ્રાસાદિકતા વડે એમની રચનાઓ ખરેખર શોભી ઊઠે છે.

વિહરમાન વીસ જિનેશ્વરોનાં વીસ સ્તવનોમાં એમણે જિનેશ્વરો પ્રત્યેની પોતાની ચોલ મજીઠના રંગ જેવી પાકી પ્રીત વ્યક્ત કરી છે, અને પ્રભુની કૃપાની યાચના કરતાં કરતાં તેઓ, સામાન્ય રીતે, છેલ્લી એક-બે કડીમાં તે તે જિનેશ્વરોનાં માતાપિતા, લાંછન ઇત્યાદિનું સ્મરણ કરે છે. કવિની બાની કેટલી સચોટ છે તે જુઓ :

મસિ વણિ જે લિખ્યા તુજ ગુણે, અક્ષર પ્રેમના ચિત્ત રે;
ધોઈએ તિમ તિમ ઊઘડે, ભગતિ જલે તેહ નિત્ય રે.

(શ્રી વીરસેન જિનસ્તવન)

× × ×

ચખની સમક્તિ સુખડી રે, હેળવીઓ હું બાળ રે;
કેવળરત્ન લહ્યા વિના રે, ન તજું ચરણ ત્રિકાળ રે.

(શ્રી સ્વયંપ્રભ જિનસ્તવન)

× × ×

ઊગે ભાનુ આકાશ, સરવર કમલ હસેરી;
દેખી ચંદ ચકોર પીવા અમીઅ ધસેરી.

દૂર થકી પણ તેમ, પ્રભુશું ચિત્ત મિળ્યું'રી;
શ્રી નયવિજયસુશિષ્ય, કહે ગુણ હેજે હિળ્યું'રી.
(શ્રી સુજાત જિનસ્તવન)

કવિએ કેટલાંક સામાન્ય જિનસ્તવનોની રચના કરી છે. એ સ્તવનો જુદીજુદી રાગરાગિણીઓમાં રચાયેલાં છે, અને તેની ભાષા વ્રજ છે. આ સ્તવનોમાં કવિની વાણી માધુર્ય અને પ્રસાદગુણથી વિશેષ ઝળકે છે. વિશિષ્ટ જિનસ્તવનોમાં તે તે સ્થળ-વિશેષનો પણ કવિએ નિર્દેશ કર્યો છે.

શ્રી સીમંધર સ્વામીના સવાસો ગાથાના સ્તવનમાં આરંભમાં કવિએ શ્રી સીમંધર સ્વામીને વિનંતિ કરી કુગુરુઓનાં અનિષ્ટ આચરણો પર પ્રહાર કર્યો છે. આવા કુગુરુના વચનમાં લોકો ફસાયા છે તેમને એક સદ્ગુરુ સાચો બોધ આપે છે. તે ગુરુ લોકોને કહે છે :

પર ઘર જોતાં રે ધર્મ તુમે ફરો, નિજ ઘર ન લહો રે ધર્મ;
જેમ નવિ જાણે રે મૃગકસ્તૂરીઓ, મૃગમદ પરિમલ મર્મ.
જેમ તે ભૂલો રે મૃગ દિશિ દિશિ ફરે, લેવા મૃગમદ ગંધ;
તેમ જગ ઢૂંઢે રે બાહિર ધર્મને, મિથ્યા-દૃષ્ટિ રે અંધ.
જાતિઅંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ;
મિથ્યા દૃષ્ટિ રે તેહથી આકરો માને અર્થ અનર્થ.

પછી આત્મદ્રવ્યનું શુદ્ધ સ્વરૂપ સમજવા અને ઓળખવા માટે કહેવામાં આવે છે, અને સાચી જ્ઞાનદશાનું મહત્ત્વ બતાવવામાં આવે છે. આગળ જતાં શિષ્યની શંકાનું સમાધાન કરતાં ગુરુ નિશ્ચય અને વ્યવહાર બંનેનાં સ્વરૂપ અને મહત્ત્વ સમજાવે છે. કવિએ આ પ્રસંગે ઉપમા આપી છે :

નિશ્ચય-દૃષ્ટિ હૃદય ધરીજી, પાલે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.

તુરંગ ચઢી જેમ પામીએજી, વેગે પુરનો પંથ;
માર્ગ તેમ શિવનો લહેજી, વ્યવહારે નિર્ગ્રન્થ.
મહેલ ચઢંતા જેમ નહીંજી, તેહ તુરંગનું કાજ;
સફલ નહિ નિશ્ચય લહેજી, તેમ તનુ કિરિયા સાજ.

એ પછી કવિએ મોક્ષ-માર્ગ અને દ્રવ્ય-ભાવ સ્તવનનું નિરૂપણ કરી, જિનપૂજા અને તેમાંયે સાચી ભક્તિનું રહસ્ય સમજાવી સ્તવન પૂરું કર્યું છે.

શ્રી વીરસ્તુતિરૂપ દોઢસો ગાથાના હૂંડીના સ્તવનમાં કવિએ જિન-પ્રતિમાની પૂજા કરવા વિશે આગમ ગ્રંથોમાંથી પ્રમાણો આપી સમજાવ્યું છે, અને જિનપ્રતિમાની પૂજા ન કરવામાં માનવાવાળાના મતનો પરિહાર કર્યો છે. આ સ્તવનમાં કવિએ જિનપ્રતિમાની પૂજાને લગતાં પ્રાચીન વ્યક્તિઓનાં ઘણાં દૃષ્ટાન્તો આપ્યાં છે. આ સ્તવનની રચના એમણે સં. ૧૭૩૩માં ઇંદલપુરમાં કરી છે.

શ્રી સીમંધર સ્વામીના સિદ્ધાન્ત-વિચાર-રહસ્ય ગર્ભિત સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં કવિ શ્રી સીમંધર સ્વામીને વિનંતિ કરે છે કે 'હે ભગવન્! કૃપા કરીને મને શુદ્ધ માર્ગ બતાવો. આ કલિયુગમાં લોકો અંધશ્રદ્ધાપૂર્વક વર્તી રહ્યા છે, સૂત્રવિરુદ્ધ આચારે ચાલી રહ્યા છે અને છતાં પોતે સાચા માર્ગે ચાલે છે એમ બતાવી ભોળા લોકને ભોળવી રહ્યા છે. માટે મારી વિનતિ તમે સાંભળો.' કવિ લખે છે :

ચાલે સૂત્ર વિરુદ્ધાચારે, ભાખે સૂત્ર વિરુદ્ધા;
એક કહે અમે મારગ રાખું. તે કેમ માનું શુદ્ધારે.
આલંબન કૂડાં દેખાડી, મુગધ લોકને પાડે;
આણાભંગ તિલક તે કાળું, થાયે આપ નિલાડે રે...જિનજી૦

બીજે એક સ્થળે કવિ લખે છે :

મારો મોટાઈમાં જે મુનિ, ચલવે ટાકડમાલા;
શુદ્ધ પ્રરૂપણ ગુણ વિણ ન ઘટે, તસ ભવ અરહટ્ટમાલા...ધન્ય૦

નિજ ગુણ સંચે. મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તે ન રહે વ્રત પંચે...ધન્ય૦

કવિએ અજ્ઞાની લોકોની અંધશ્રદ્ધા પર અને કુગુરુના વર્તન પર સખત પ્રહારો કર્યા છે. જેઓ કષ્ટ કરવામાં જ મુનિપણું રહેલું માને છે તેને માટે કવિ લખે છે :

જો કષ્ટે મુનિ મારગ પાવે, બળદ થાય તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારો.

આવા મુનિઓ અને તેમનાં આચરણો ઉઘાડાં પાડી કવિ ઉત્તમ મુનિઓનું ચિત્ર દોરે છે :

ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે;
ભવસાગર લીલાએ ઊતરે, સંયમ કિરિયા નાવે,
ભોગપંક તજી ઉપર બેઠા, પંકજ પેરે જે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા.
જ્ઞાનવંત જ્ઞાની શું મળતા, તન મન વાચને સાચા;
દ્રવ્ય ભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા.

વિવિધ દેશીઓમાં રચાયેલા સત્તર ઢાલના આ સ્તવનમાં કવિએ તત્કાલીન લોકો અને મુનિઓનાં આચરણો, ખ્યાલો ઇત્યાદિનું નિર્ભયતાપૂર્વક સાચું ચિત્ર દોર્યું છે, જેમાંથી કોઈ પણ યુગના મુનિઓએ અને લોકોએ ઘણો બોધ લેવા જેવો છે.

શ્રી યશોવિજયજીએ સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય, અઢાર પાપ-સ્થાનકની સજ્ઝાય, પ્રતિક્રમણ હેતુગર્ભની સજ્ઝાય, અગિયાર અંગની સજ્ઝાય, આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય, સુગુરુની સજ્ઝાય, પાંચ કુગુરુની સજ્ઝાય, ચડ્યા-પડ્યાની સજ્ઝાય, અમૃતવેલીની સજ્ઝાય (નાની અને મોટી), જિનપ્રતિમાસ્થાન સજ્ઝાય, ચાર આહારની સજ્ઝાય, સંયમશ્રેણિ વિચાર સજ્ઝાય ઇત્યાદિ સજ્ઝાયોની રચના

કરી છે. સજ્ઝાય(સ્વાધ્યાય)નો રચનાપ્રકાર જ એવો છે કે જેમાં કોઈ વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાવવામાં આવ્યું હોય અને આત્મબોધ આપવામાં આવ્યો હોય. શ્રી યશોવિજયજીની સજ્ઝાયોમાં ધર્મનું પારિભાષિક જ્ઞાન ઠીકઠીક આપવામાં આવ્યું છે. 'સમ્યક્ત્વના સડસઠ બોલ', 'અઢાર પાપસ્થાનક' અને 'પ્રતિક્રમણ હેતુગર્ભ' એ ત્રણ એમની મોટી સજ્ઝાયો છે.

સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય બાર ઢાલની અડસઠ ગાથામાં લખાયેલી છે. તેમાં ચાર સદ્દહણા, ત્રણ લિંગ, દશ પ્રકારના વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ, આઠ પ્રભાવક, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ યત્ના, છ આગાર, છ ભાવના અને છ સ્થાનક એમ મળી સડસઠ બોલ સમજાવવામાં આવ્યા છે. સજ્ઝાયના આરંભમાં કવિ એનો નિર્દેશ કરતાં લખે છે:

ચઉ સદ્દહણા તિ લિંગ છે, દશવિધ વિનય વિચારો રે;
ત્રિણિ શુદ્ધિ પણ દૂષણાં, આઠ પ્રભાવક ધારો રે.
પ્રભાવક અઠ, પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ;
ષટ્ જયણા ષટ્ આગાર ભાવના, છવ્વિહા મન આણીએ;
ષટ્ ઠાણ સમકિત તણા સડસઠ, ભેદ એહ ઉદાર એ;
એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ.

એ પછી સદ્દહણા, લિંગ, વિનય, શુદ્ધિ ઇત્યાદિ એક એક ઢાલમાં સમજાવવામાં આવ્યાં છે.

અઢાર પાપસ્થાનકની સજ્ઝાય અઢાર ઢાલની ૧૩૮ ગાથામાં લખવામાં આવી છે. એમાં જૈન ધર્મ પ્રમાણે હિંસા, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મચર્ય, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિઅરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનો ગણાય છે તે સમજાવવામાં

આવ્યાં છે, અને તે બધાંથી મુક્ત રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ સજ્ઝાયમાં ધર્મની પારિભાષિક બાબતો ઓછી આવતી હોવાથી અને એ પાપસ્થાનો રોજિંદા જીવનમાં જાણીતાં હોવાથી જૈનજૈનેતર સૌ કોઈને આ સજ્ઝાય સહેલાઈથી સમજાય એવી અને ગમે એવી છે. એમાંની થોડીક પંક્તિઓ જુઓ :

'મર' કહેતાં પણ દુઃખ હુવે રે, મારે કિમ નવિ હોય?
હિંસા ભગિની અતિ બૂરી રે, વૈશ્વાનરની જોય રે.

× × ×

રાય વિવેક કન્યા ક્ષમા રે, પરણાવે જસ સાથ;
તેહ થકી દૂરે ટલે રે, હિંસા નામ બલાય રે.

(હિંસા પાપસ્થાનક)

× × ×

સ્વયંભૂરમણ સમુદ્ર, કોઈ જે અવગાહી શકે;
તે પણ લોભસમુદ્ર, પાર ન પામે બલ થકે.
કોઈક લોભને હેત, તપ-શ્રુત જે હારે જડા;
કાગ ઉડાવણહેત, સુરમણિ નાંખે તે ખડા.

(લોભ પાપસ્થાનક)

ચાડી કરતાં હો કે વાડી ગુણ તણી.
સૂકે ચૂકે હો કે ખેતી પુણ્ય તણી.

(પૈશુન્ય પાપસ્થાનક)

પ્રતિક્રમણ હેતુગર્ભની સજ્ઝાય ઓગણીસ ઢાલની ૨૧૮ ગાથામાં લખાયેલી છે. એમાં પ્રતિક્રમણ અને તેના છ પ્રકાર, બાર અધિકાર, અતિચારશુદ્ધિ અને આઠ પર્યાય સમજાવવામાં આવ્યાં છે. તે પછી પ્રતિક્રમણ(દેવસી, રાઈ, પખી, ચઉમાસી)ની વિધિ સમજાવ્યા પછી પ્રતિક્રમણનો અર્થ બતાવવામાં આવ્યો છે અને 'પ્રતિકરણ', 'પતિહરણા',

'વારણા', 'નિવૃત્તિ,' 'નિંદા,' 'ગર્હા,' 'શુદ્ધિશોધન' એ પ્રતિક્રમણના બીજા સાત પર્યાયો દૃષ્ટાન્તકથાઓ સાથે સમજાવવામાં આવ્યા છે. કવિએ સૂરતમાં ચાતુર્માસ દરમિયાન આ સજ્ઝાયની રચના કરી હતી. એની રચનાસાલ વિષે – 'યુગયુગ મુનિ વિધુ વત્સરે' એ શબ્દોની સંખ્યા વિષે – વિદ્વાનોમાં મતભેદ છે.

શ્રી યશોવિજયજીની અન્ય કૃતિઓમાં ગીતો, પદો વગેરેના પ્રકારની લઘુ રચનાઓ ઉપરાંત રાસ, સંવાદ ઇત્યાદિના પ્રકારની મોટી રચનાઓ પણ છે. એમની અત્યાર સુધીમાં મળી આવતી આવી કૃતિઓમાં (૧) દ્રવ્યગુણપર્યાય રાસ (૨) જંબૂસ્વામી રાસ (૩) સમુદ્રવહાણ સંવાદ (૪) સમતાશતક (૫) સમાધિશતક (૬) પંચપરમેષ્ઠિ ગીતા (૭) સમ્યક્ત્વનાં છ સ્થાનની ચોપાઈ (૮) જંબૂસ્વામી બ્રહ્મગીતા (૯) દિક્પટ ચોરાશી બોલ (૧૦) યતિધર્મ બત્રીસી (૧૧) આનંદઘન અષ્ટપદી (૧૨) જસવિલાસ-આધ્યાત્મિક પદો (૧૩) ઉપદેશમાલા (૧૪) અધ્યાત્મમત પરીક્ષાનો ટબો (૧૫) જ્ઞાનસારનો ટબો (૧૬) તત્ત્વાર્થસૂત્રનો ટબો (૧૭) વિચારબિંદુ અને એનો ટબો (૧૮) શઠ-પ્રકરણ બાલાવબોધ (૧૯) લોકનાલિ બાલાવબોધ (૨૦) જેસલમેરના પત્રો (૨૧) શ્રી વિનયવિજયજીકૃત અપૂર્ણ રહેલ 'શ્રીપાલરાસ'નો ઉત્તર ભાગ (૨૨) સાધુવંદના (૨૩) ગણધર ભાસ (૨૪) નેમરાજુલનાં ગીતો ઇત્યાદિ કૃતિઓ ગણાય છે.

'દ્રવ્યગુણપર્યાય રાસ' સત્તર ઢાલની ૨૮૪ ગાથામાં લખાયેલી એક અત્યંત મહત્ત્વની કૃતિ છે. આ રાસની સં. ૧૭૧૧ની શ્રી યશોવિજયજીના ગુરુ શ્રીનયવિજયજીએ સિદ્ધપુરમાં લખેલી હસ્તપ્રત મળે છે. એટલે આ રાસની રચના સં. ૧૭૦૮ની આસપાસ થઈ હોય એવું માનવામાં આવે છે. આ રાસમાં કવિએ તત્ત્વજ્ઞાનને કવિતામાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. મધ્યકાલીન કવિ અખાની યાદ અપાવે એ પ્રકારની આ કૃતિ છે. એમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનાં લક્ષણો,

સ્વરૂપો ઇત્યાદિનું વર્ણન અનેક મતમતાંતર અને દૃષ્ટાન્તો તથા આધારગ્રંથોના ઉલ્લેખો સાથે કરવામાં આવ્યું છે. કવિની સમર્થ શક્તિનું આ સચોટ ઉદાહરણ પૂરું પાડે છે. આ રાસનું પછીના કાળમાં સંસ્કૃતમાં ભાષાંતર થયું છે એ જ એની મહત્તા સમજાવવા માટે બસ છે.

'સમુદ્રવહાણ સંવાદ' સં. ૧૭૧૭માં ઘોઘા બંદરમાં કવિએ રચેલી સંવાદના પ્રકારની એક ઉત્તમ કૃતિ છે. ૧૭ ઢાલ તથા દૂહાની મળીને ૩૦૬ ગાથામાં રચાયેલી આ કૃતિમાં કવિએ સમુદ્ર અને વહાણ વચ્ચે સચોટ સંવાદ રજૂ કરી વહાણે સમુદ્રનો ગર્વ કેવી રીતે ઉતાર્યો તેનું આલેખન કર્યું છે. નાની વસ્તુ પણ કેટલું મહત્ત્વનું કાર્ય કરે છે તે સમજાવતાં વહાણ સમુદ્રને કહે છે :

હલુઆ પિણ અમ્હે તારૂજી, સાયર ! સાંભલો.
બહુ જનને પાર ઉતારૂજી, સાયર ! સાંભલો.

સ્યું કિજે તુમ્હ મોટાઈજી ? જે બોલે લોગ લોગાઇજી.
તુમ્હે નામ ધરાવો છો મોટાજી, પણિ કામની વેલાઇ ખોટાજી.
તુમ્હે કેવલ જાણ્યું વાધ્યાજી, નવિ જાણ્યું પરહિત સાધ્યાજી.
તુ મોટાઇ મત રાચોજી, હીરો નાનો પણિ હોઇ જાચોજી.
વાધે ઊકરડો ઘણું મોટોજી, તિહાં જઇએ લેઇ લોટોજી.

આપણાં સંવાદકાવ્યોમાંનાં ઉત્તમ કાવ્યોમાં સ્થાન પામે એ પ્રકારની આ કૃતિ છે. સૌ કોઈ સહેલાઈથી આસ્વાદી શકે એવી અને કવિની સંવાદશક્તિનો અને જ્ઞાનનો સારો પરિચય કરાવે એવી આ કૃતિ છે.

કવિએ જુદીજુદી દેશીઓમાં પાંત્રીસેક અધ્યાત્મનાં પદોની રચના કરી છે. એમાં પ્રભુભજન, ચેતન અને કર્મ, મનની સ્થિરતા, સમતા અને મમતા, ઉપશમ, ચેતના, આત્મદર્શન, સાચો ધર્મ, સાચા મુનિ

વગેરે વિષયો લેવામાં આવ્યા છે. કવિની ઘણીખરી આ રચનાઓ વ્રજભાષામાં કે વ્રજભાષાની છાંટવાળી છે અને કવિતાની ઊંચી કોટિએ પહોંચે એવી છે.

આમ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ગુજરાતી ભાષામાં પણ વિપુલ સહિત્ય આપણને આપ્યું છે, જે વડે આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તેઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એમના તમામ સાહિત્ય માટે એમણે પોતે 'શ્રીપાળ રાસ'ની બારમી ઢાળમાં કહ્યું છે તે પ્રમાણે અવશ્ય કહી શકીએ,

'વાણી વાચક જસ તણી કોઈ નયે ન અધૂરી જી.'

મહોપાધ્યાયજી મહારાજે પોતે જે જે ગ્રંથોની રચના કરી તેમાંના કેટલાક ગ્રંથોની પ્રતિઓ તેમના પોતાના હસ્તાક્ષરમાં મળે છે. એમાંની કેટલીક પ્રતિઓ મૂળ ખરડારૂપે પણ છે. આવી પાંત્રીસેક જેટલી હસ્તપ્રતો આપણને જુદાજુદા ભંડારોમાં મળી આવી છે. પ્રાચીન સમયના એક જ લેખકની આટલી બધી હસ્તપ્રતો એના પોતાના હસ્તાક્ષરમાં મળી આવે એ ઘટના અત્યંત વિરલ અને ગૌરવપૂર્ણ છે. આવી હસ્તપ્રતિઓ મેળવવામાં સૌથી વધુ ફાળો મુનિ શ્રી પુણ્યવિજયજીનો છે; તથા સૂરિસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તથા તેમના પરિવારનો ફાળો તથા વિદ્યમાન મુનિ શ્રી યશોવિજયજીનો ફાળો પણ પ્રશંસાપાત્ર છે. મહોપાધ્યાયજીના નીચે મુજબ ગ્રંથો એમના પોતાના હસ્તાક્ષરમાં લખાયેલા મળી આવ્યા છે:

૧. આર્ષભીય મહાકાવ્ય (અપૂર્ણ) ૨. તિઙન્વયોક્તિ (અપૂર્ણ) ૩. નિશામુક્તિપ્રકરણ ૪. વિજયપ્રભસૂરિ ક્ષામણક વિજ્ઞપ્તિપત્ર; ૫. સિદ્ધાંતમંજરી શબ્દખંડ ટીકા (અપૂર્ણ) ૬. જંબૂસ્વામી રાસ ૭. આરાધક–વિરાધક ચતુર્ભંગી–સ્વોપજ્ઞ ટીકાસહ ૮. અધ્યાત્મસાર ૯. પ્રમેયમાલા (અપૂર્ણ) ૧૦. દ્રવ્યગુણપર્યાય રાસ બાલાવબોધ ૧૧. ધર્મ-પરીક્ષા સ્વોપજ્ઞ ટીકામાં ઉમેરણ ૧૨. આત્મખ્યાતિ ૧૩. ગુરુતત્ત્વ-

વિનિશ્ચય ગ્રંથનો અંતિમભાગ ૧૪. નયરહસ્ય ૧૫. ભાષારહસ્ય ૧૬. વાદમાલા (અપૂર્ણ) ૧૭. સ્યાદ્વાદરહસ્ય ૧૮. માર્ગપરિશુદ્ધિ ૧૯. વૈરાગ્યકલ્પલતા ૨૦. યોગબિંદુ અવચૂરી ૨૧. યોગદષ્ટિ સમુચ્ચય અવચૂરી (અપૂર્ણ) ૨૨. સ્વાદ્વાદરહસ્ય બૃહદ્ (અપૂર્ણ) ૨૩. તત્ત્વાર્થવૃત્તિ ૨૪. વૈરાગ્યરતિ (અપૂર્ણ) ૨૫. સ્તોત્રત્રિક ૨૬. ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણ ટીકા (અપૂર્ણ) ૨૭. ન્યાયાલોક ૨૮. યોગવિંશિકાવૃત્તિ ૧૯. વિષયતાવાદ ૩૦. સ્તોત્રાવલી–સ્તોત્રત્રિક ૩૧. અષ્ટસહસ્રી ૩૨. કાવ્યપ્રકાશટીકા (અપૂર્ણ).

આ ઉપરાંત બીજા કેટલાક ગ્રંથો પણ એમના હસ્તાક્ષરમાં મળી આવે એવો સંભવ છે. એમના કેટલાક ગ્રંથોનાં પાનાં વેરવિખેર, છૂટાંછવાયાં થઈ નષ્ટ પામ્યાં છે. કચરા તરીકે માની સાબરમતી નદીમાં પધરાવવા માટે લઈ જવાતાં પાનાંના સંગ્રહમાંથી 'યોગવિંશિકાવૃત્તિ' જેવા ગ્રંથો મળી આવ્યા છે.

શ્રી યશોવિજયજીના હસ્તાક્ષરમાં એમણે બીજા ગ્રંથકારોના ગ્રંથોની પોતાના ઉપયોગ માટે કરેલી નકલો પણ ઠીકઠીક સંખ્યામાં મળે છે. બીજી બાજુ, એમણે પોતે રચેલા ગ્રંથોની એમના ગુરુ શ્રી નયવિજયગણિએ કરી આપેલી નકલો પણ આપણને મળે છે એ પણ એક આનંદગૌરવની વાત છે.

પંડિત સુખલાલજીનો અભિપ્રાય

શ્રી યશોવિજયજી મહારાજે મહાન જૈન પૂર્વાચાર્યોની ઘણી કૃતિઓનો, મહત્ત્વની ઉપલબ્ધ લગભગ બધી જ કૃતિઓનો, ઊંડો અભ્યાસ કર્યો હતો. તદુપરાંત, એમણે અન્ય દર્શનોનો પણ ઘણો ઊંડો અભ્યાસ કર્યો હતો. એમના જેટલી અને જેવી બહુશ્રુતતા બહુ જ વિરલ વ્યક્તિઓમાં આપણને જોવા મળે છે. પૂ. પંડિત સુખલાલજીએ શ્રી યશોવિજયજીકૃત 'પાતઞ્જલ યોગદર્શનવૃત્તિ' તથા 'હારિભદ્રી યોગ-

વિંશિકા ટીકા'ના હિંદીમાં સારસહિત કરેલા સંપાદનમાં શ્રી યશો-વિજયજી માટે નીચે મુજબ અભિપ્રાય દર્શાવ્યો છે :

'वाचक यशोविजयका परिचय इतनेहीमें कर लेना चाहिए कि उनकी सी समन्वय शक्ति रखनेवाला, जैनजैनेतर मौलिक ग्रंथोका गहरा दोहन करनेवाला, प्रत्येक विषयकी तहतक पहुँचकर उस पर समभाव-पूर्वक अपना स्पष्ट मन्तव्य प्रकाशित करनेवाला, शास्त्रीय व लौकिक भाषामें विविध साहित्य रचकर अपने सरल और कठिन विचारोंको सब जिज्ञासु तक पहुँचानेकी चेष्टा करनेवाला और संप्रदायमें रहकर भी संप्रदायके बंधनकी परवा न कर जो कुछ उचित जान पडा उस पर निर्भयतापूर्वक लिखनेवाला केवल श्वेताम्बर, दिगंबर समाजमें ही नहीं बल्कि जैनेतर समाजमें भी उनका सा कोई विशिष्ट विद्वान अभी तक हमारे ध्यानमें नहीं आया। पाठक स्मरणमें रक्खें, यह अत्युक्ति नहीं है। हमने उपाध्यायजी के और दूसरे विद्वानों के ग्रंथो का अभीतक जो अल्प मात्र अवलोकन किया है उसके आधार पर तोल–नाप कर उपरके वाक्य लिखे हैं। निःसन्देह श्वताम्बर और दिगंबर समाजमें अनेक बहुश्रुत विद्वान हो गये हैं। वदिक तथा बौद्ध सम्प्रदायमें भी प्रचंड विद्वानोंकी कमी नहीं रही है; खास कर वैदिक विद्वान तो सदाहीसे उच्च स्थान लेते आये हैं; विद्या मानो उनकी बपोती ही है; पर इसमें शक नहीं कि कोई बौद्ध या कोई वैदिक विद्वान आजतक ऐसा नहीं हुआ है जिसके ग्रन्थके अव-लोकनसे यह जान पडे कि वह वैदिक या बौद्धशास्त्रके उपरांत जैन शास्त्रका भी वास्तविक गहरा और सर्वव्यापी ज्ञान रखता हो। इसके विप-रीत उपाध्यायजी जैन थे इस लिए जैनशास्त्रका गहरा ज्ञान उनके लिए सहज था पर उपनिषद, दर्शन आदि वैदिक ग्रन्थोका तथा बौद्ध ग्रन्थोका इतना वास्तविक परिपूर्ण और स्पष्ट ज्ञान उनकी अपूर्व प्रतिभा और काशी सेवनका ही परिणाम है।'

બીજે એક સ્થળે એમણે લખ્યું છે : 'તેઓ જન્મસંસ્કારસંપન્ન,

શ્રુતયોગસંપન્ન અને આજન્મ બ્રહ્મચારી ધુરંધર આચાર્ય હતા. સામાન્ય રીતે પોતાના બધા ટીકાગ્રંથોમાં તેમણે જે જે કહ્યું છે તે બધાનું ઉપપાદન પ્રાચીન અને પ્રામાણિક ગ્રંથોની સમ્મતિ દ્વારા કર્યું છે, ક્યાંયે કોઈ ગ્રંથનો અર્થ કાઢવામાં ખેંચતાણ નથી કરી... માત્ર અમારી દૃષ્ટિએ નહિ, પણ હરકોઈ તટસ્થ વિદ્વાનની દૃષ્ટિએ જૈન સંપ્રદાયમા ઉપાધ્યાયજીનું સ્થાન વૈદિક સંપ્રદાયના શંકરાચાર્ય જેવું છે.'*

ઉપાધ્યાયજી મહારાજ દાર્શનિક વિષયોના પારદ્રષ્ટા હતા. તેમણે જૈન દર્શનોને નવ્યન્યાય શૈલીમાં રજૂ કર્યાં છે. તેમના આ મહાન કાર્ય વિશે શ્રી દલસુખભાઈ માલવણિયાએ લખ્યું છે, '...એ સાડા-ચારસો વર્ષના વિકાસનો સમાવેશ એકલે હાથે વાચક યશોવિજયજીએ જૈનશાસ્ત્રમાં કર્યો છે. તેમના આ મહાન કાર્યનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તેમની પ્રતિભાને નમન કર્યા વિના છૂટકો નથી થતો. તેમણે અનેક વિષયોના અનેક ગ્રંથો લખ્યા છે, પણ તે ન જ લખ્યા હોત તોપણ તેમણે જે જૈન દર્શનને નવ્યન્યાયની શૈલીમાં મૂકીને અપૂર્વ કાર્ય કર્યું છે તેને લઈને તેઓ અમર થઈ ગયા છે... આધુ-નિક દર્શનશાસ્ત્રમાંથી ગ્રાહ્ય કે ત્યાજ્યનો વિચાર કરનાર હજુ કોઈ જૈન દાર્શનિક પાકયો નથી. એ જ્યાં સુધી નહિ પાકે ત્યાં સુધી વાચક યશોવિજયજી જૈન દર્શન વિશે અંતિમ પ્રમાણ રહેશે.'+

જેમ દર્શનશાસ્ત્રમાં તેમ અધ્યાત્મયોગમાં પણ તેમનું અર્પણ મૂલ્યવાન છે. તેમને શ્રી હરિભદ્રસૂરિએ વર્ણવેલા યોગમાર્ગના આદ્ય વિવેચક તરીકે ઓળખાવવામાં આવે છે. તેઓ જેવા જ્ઞાની હતા તેવા ક્રિયાવાદી પણ હતા. તેમની પ્રતિભા અને તેમનાં કાર્યો આપણને મહાન પૂર્વાચાર્યોનાં સ્મરણ કરાવે છે. ડૉ. ભગવાનદાસ મહેતા લખે

---

* યશોવિજયજીના 'ગુરુ તત્ત્વવિનિશ્ચય' નામના ગ્રંથની પ્રસ્તાવના.

+'શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ'માં 'અમર યશોવિજયજી' નામનો લેખ, પૃ. ૬૭

છે, 'આ મહાત્મા પ્રતિભામાં જાણે સિદ્ધસેન દિવાકરના પુનરવતાર હોય, દાર્શનિક અભ્યાસમાં જાણે લઘુ હરિભદ્ર હોય, શ્રુતજ્ઞાનમાં જાણે બીજા હેમાચાર્ય હોય, અધ્યાત્મવિદ્યામાં જાણે આનંદઘનજીના અનુગામી હોય એમ આપણને સહેજે પ્રતિભાસે છે.' * શ્રી ભદ્રંકરવિજયજી ગણિ લખે છે, 'વાચક યશોવિજયમાં હરિભદ્રાચાર્ય જેવી મધ્યસ્થ બુદ્ધિ અને પરીક્ષક શક્તિ તથા હેમચન્દ્રાચાર્ય જેવી સન્માર્ગદેશક અને સન્માર્ગરક્ષક વૃત્તિ તરી આવે છે. તદુપરાંત, પૂર્વના મહાન આચાર્યોની જેમ ગુરુભક્તિ, તીર્થભક્તિ, સંઘભક્તિ, શાસનપ્રેમ, ધર્મપ્રેમ, સંસારજુગુપ્સા, સંવેગરસ, નમ્રતા, લઘુતા, સરળતા, દઢતા, ઉદારતા, ધીરતા, ગંભીરતા, પરોપકારરસિકતા ઇત્યાદિ અગણિત ગુણો જણાઈ આવે છે. અને એ બધા અપૂર્વ ગુણોના કારણે તેમની કૃતિઓ એક નાનું બાળક પણ સમજી શકે એટલી હદ સુધીની સરળ અને એક પ્રૌઢતમ વિદ્વાન પણ ન સમજી શકે એટલી હદ સુધીની ગંભીર મળી શકે છે.' ×

આમ, અનેકવિધ પ્રતિભા ધરાવનાર, અનેક ક્ષેત્રમાં પોતાનું મૂલ્યવાન અર્પણ કરનાર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આપણા મહાન જ્યોતિર્ધર છે. તાર્કિકશિરોમણિ, સ્મારિત શ્રુતકેવલી, લઘુ હરિભદ્ર, દ્વિતીય હેમચન્દ્ર, યોગવિશારદ, સત્યગવેષક, સમયવિચારક, 'ઐઁ' બીજમંત્ર પદના પ્રસ્થાપક, 'કુર્ચાલી શારદ' (પુરુષરૂપે અવતરેલ મૂછવાળી સરસ્વતી)નું વિરલ બિરુદ પામેલા, મહાન સમન્વયકાર, પ્રખર નૈયાયિક, વાદીમદભંજક, શુદ્ધાચાર ક્રિયાપાલક, દ્રવ્યાનુયોગનો દરિયો ઉલ્લંઘી જનાર ઇત્યાદિ શબ્દો વડે જેમને બિરદાવવામાં આવે છે એવા મહાન જ્યોતિર્ધર શ્રી યશોવિજયજીને આપણાં કોટિશઃ વંદન હો!

(૨) જંબૂસ્વામી રાસ

સંસ્કૃત અને પ્રાકૃતિમાં અનેક ગ્રંથોની રચના કરનાર મહો-

* શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ પૃ. ૭૯

× શ્રી યશોવિજય સ્મતિગ્રંથ પૃ. ૧૬

પાધ્યાય શ્રી યશોવિજયજીએ ગુજરાતી ભાષામાં પણ ઘણી રચનાઓ કરી છે. જંબૂસ્વામી રાસ એમના જીવનની ઉત્તરાવસ્થાની, સં. ૧૭૩૯માં રચાયેલી કૃતિ છે. આ રાસ એમની સમગ્ર ગુજરાતી કૃતિઓમાં કદની દૃષ્ટિએ મોટામાં મોટી કૃતિ છે. આ પૂર્વે એમણે ગુજરાતીમાં બીજી ઘણી નાનીમોટી કૃતિઓની રચના કરેલી છે. એટલે જંબૂસ્વામી રાસમાં એમનું ગુજરાતી ભાષા પરનું પ્રભુત્વ ઘણું સારું જોઈ શકાય છે.

જંબૂસ્વામી રાસ પૂર્વે શ્રી યશોવિજયજીએ સ્તવન, સજ્ઝાય, સંવાદ વગેરે પ્રકારની કેટલીયે રચનાઓ જુદીજુદી દેશીઓમાં કે રાગ-રાગિણીઓમાં લખાયેલી ઢાળોમાં કરી હતી. તદુપરાંત, એમણે શ્રી વિનયવિજયજીના અપૂર્ણ 'શ્રીપાલ રાસ'ના ઉત્તર ભાગની રચના કરેલી હતી અને 'દ્રવ્ય ગુણપર્યાય રાસ'માં તથા 'ષટ્સ્થાનક ચોપાઈ'માં તત્ત્વજ્ઞાન જેવા કઠિન વિષયને કવિતામાં—રાસના પ્રકારની રચનામાં ઉતારવાનો પ્રયત્ન કર્યો હતો. એટલે જંબૂસ્વામી રાસની રચના એમને માટે હસ્તામલક જેવી વાત હતી. દ્રવ્યગુણપર્યાય રાસની રચના માત્ર ઢાળોમાં થઈ છે અને તેનું વસ્તુ પણ માત્ર તત્ત્વજ્ઞાનનું છે. જ્યારે જંબૂસ્વામી રાસ પ્રાચીન જૈન રાસાપદ્ધતિએ ઢાળ અને દૂહાની કડી-ઓમાં લખાયેલો છે અને એમાં વસ્તુ તરીકે શ્રી જંબૂસ્વામીની કથા લેવામાં આવી છે.

સં. ૧૭૩૮–૩૯માં શ્રી ઉપાધ્યાયજી મહારાજ ખંભાતમાં ચોમાસું રહ્યા હતા. એ અરસામાં સં. ૧૭૩૮માં એમણે 'શ્રી જંબૂસ્વામી બ્રહ્મગીતા' નામની એક નાની કૃતિની રચના કરી હતી.* અને ત્યાર પછી એ જ ચોમાસા દરમિયાન એમણે, આ 'જંબૂસ્વામી રાસ'ની રચના એમના ગુરુ શ્રી નયવિજયજીના સાન્નિધ્યમાં રહીને

* ખંભ નયરે થુણ્યા ચિત્તિ હર્ષે જંબૂ વસુ૮, ભુવન૩, મુનિ૭, ચંદ૧ વર્ષે :
શ્રી નયવિજય બુધ સુગુરુ સીસ, કહે અધિક પૂરયો મન જગીસ.

કરી છે. એટલે જંબૂસ્વામી વિશે એ લઘુકૃતિ પરથી આ મોટી કૃતિ રચવા તરફ તેઓ પ્રેરાયા હોય એમ લાગે છે. લઘુકૃતિ ફાગ અને દૂહાની ૨૯ કડીમાં લખાયેલી છે. એમાં જંબૂસ્વામીના ચરિત્રની મુખ્ય મુખ્ય ઘટનાઓનો માત્ર નિર્દેશ જ છે અને મદન ઉપર તેઓ કેવો વિજય મેળવે છે તેનું નિરૂપણ છે. રચનાની દૃષ્ટિએ એમાં બ્રહ્મગીતા અને રાસ બંને ભિન્નભિન્ન છે, એટલે કલ્પના, અલંકાર, તર્ક કે ભાષાની દૃષ્ટિએ એમાં સામ્ય ન હોય એ સ્વાભાવિક છે. તેમ છતાં બ્રહ્મ-ગીતાની નીચેની પંક્તિઓ જેવી પંક્તિઓ રાસમાં પણ આપણને અન્ય સંદર્ભમાં જોવા મળે છે :

આઠ તે કામિની ઓરડી, ગોરડી ચોરડી ચિત્ત;
મોરડી પરિં મદિ માચતી, નાચતી રાચતી ગીત.

આની સાથે સરખાવો 'જંબૂસ્વામી રાસ'ના ચોથા અધિકારની ૧૩૫મી કડી :

મદન ગુણ ઊરડી ગોરડી, ચોરડી તરુણ મન તેહ રે;
કામી પગબંધન દોરડી, લવણિમાલિંગિત દેહ રે.

શ્રી યશોવિજયજી મહારાજે આ 'જંબૂસ્વામી રાસ'ની રચના માટે શ્રી હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ના પરિશિષ્ટ પર્વમાં આપેલા જંબૂસ્વામીના ચરિત્રનો મુખ્યત્વે આધાર લીધો છે. શ્રી જંબૂસ્વામીના ચરિત્ર વિશે સંસ્કૃતપ્રાકૃતમાં રચનાઓ થયેલી છે અને તેમાં શ્રી હેમચંદ્રાચાર્યની રચના વધુ વિસ્તૃત અને સમર્થ છે, એટલે તેનો આધાર આ રાસની રચના માટે લેવાય એ સ્વાભાવિક છે.

શ્રી જંબૂસ્વામીનું ચરિત્ર પ્રાચીન ગ્રંથોમાં આપણને ઈ.સ.ના છઠ્ઠા સૈકાના 'વસુદેવહિંડી' (સંઘદાસગણિકૃત)માં જોવા મળે છે. તેમાં જંબૂસ્વામીનું ચરિત્ર, 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ની સરખામણીમાં ઘણું જ ટૂંકમાં આપવામાં આવ્યું છે. વસ્તુતઃ વસુદેવની કથાનો આરંભ

બતાવવાના નિમિત્તે જ તેમાં જંબૂસ્વામીની કથા આપવામાં આવી છે. 'વસુદેવહિંડી'માં જણાવ્યા પ્રમાણે શ્રી સુધર્માસ્વામીએ શ્રી જંબૂસ્વામીને વસુદેવચરિત કહેલું હતું; તેથી 'વસુદેવહિંડી'માં માત્ર 'કથાની ઉત્પત્તિ' તરીકે જંબૂસ્વામીનું ચરિત્ર આપવામાં આવ્યું છે. જંબૂસ્વામી વિશે અત્યાર સુધીમાં મળતી આ જૂનામાં જૂની કથા હોવાથી તેની મુખ્ય મુખ્ય ઘટનાઓ આપણે જોઈ લઈએ.

મગધા નામે જનપદમાં, રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. એ નગરમાં ઋષભદત્ત નામે શાહુકાર રહેતો હતો. એની પત્ની ધારિણીને એક વાર પાંચ સ્વપ્નો આવેલાં. એ પરથી ઋષભદત્તે આગાહી કરી હતી કે, 'ભગવાન અરહંતે આવાં સ્વપ્નોનું ફળ દર્શાવ્યું છે તે પ્રમાણે, તને પ્રભાવશાળી પુત્ર થશે.' ત્યાર પછી બ્રહ્મલોકથી આવેલો દેવ તેની કૂખે અવતર્યો. ધારિણીએ સ્વપ્નમાં જાંબુફળનું દર્શન કર્યું હતું એટલે પુત્રનું નામ જંબૂકુમાર રાખવામાં આવ્યું.

જંબૂકુમાર યુવાવસ્થામાં આવ્યા તે સમયે શ્રી સુધર્માસ્વામી ગણધર રાજગૃહ નગરના ચૈત્યમાં પધાર્યા હતા. જંબૂકુમાર તેમને વંદન કરવા જાય છે અને તેમની પાસેથી ઉપદેશ સાંભળી દીક્ષા લેવા પ્રેરાય છે. દીક્ષા માટે તે માતાપિતાની આજ્ઞા માગવા જાય છે, પરંતુ નગરમાં પ્રવેશવા જાય છે ત્યાં યુદ્ધની તૈયારી નિહાળે છે અને કુમરણનો ભય જણાતાં ગુરુ પાસે જઈ પહેલાં આજીવન બ્રહ્મચર્યનું વ્રત લે છે અને પછી ઘરે પહોંચી માતાપિતાને વાત કરે છે. માતાપિતા જંબૂકુમારને દીક્ષા ન લેવા માટે સમજાવે છે. જવાબમાં જંબૂકુમાર શ્રી સુધર્માસ્વામીએ કહેલ ઇભ્યપુત્રની કથા, દુર્લભ ધનપ્રાપ્તિના વિષયમાં મિત્રોની કથા અને ઇન્દ્રિય વિષયોની આસક્તિ સંબંધે વાંદરાની કથા માતાપિતાને કહી, ત્યાર પછી, માતાપિતાના આગ્રહને લીધે દીક્ષા લેતા પહેલાં પાણિગ્રહણ કરવાનું જંબૂકુમાર

સ્વીકારે છે; કારણ કે તેમનો વિવાહ આઠ શ્રેષ્ઠીઓની કન્યાઓ સાથે તે પહેલાં કરવામાં આવ્યો હતો.

જંબૂકુમારનાં લગ્ન થાય છે. લગ્નને દિવસે સાંજે ભોજન પછી જંબુકુમાર આઠ પત્નીઓ સાથે વાસઘરમાં જાય છે, તે સમયે પ્રભવ નામનો ચોર પોતાના સાથીઓ સાથે ત્યાં આવી, પોતાની અવસ્વાપિની વિદ્યા વડે બધાંને ઉંઘાડી વસ્ત્રાભરણ ચોરી જવા પ્રયત્ન કરે છે. તે સમયે જંબૂકુમાર જાગ્રત હોય છે અને એમના શબ્દોથી તે ચોરો નિશ્ચેષ્ટ થઈ જાય છે. પ્રભવ ચોર આથી આશ્ચર્ય પામી આવી 'સ્તંભિની' અને 'મોચની' વિદ્યા પોતાની અવસ્વાપિની વિદ્યાના બદલામાં આપવા માટે જંબૂકુમારને કહે છે. પરંતુ જંબૂકુમાર પ્રભવને જણાવે છે કે પોતે સંસારનો ત્યાગ કરી આવતી કાલે શ્રી સુધર્માસ્વામી પાસે દીક્ષા લેવાના છે. પ્રભવ તેમને દીક્ષા ન લેવા માટે કહે છે. તેના જવાબમાં જંબૂકુમાર તેને મધુબિંદુની કથા કહે છે અને પ્રભવની બીજી દલીલોના ઉત્તરમાં લલિતાંગકુમારની, કુબેરદત્તની, ગોપ યુવકની, મહેશ્વરદત્તની અને વણિકની કથા કહે છે.

ત્યાર પછી જંબૂકુમારે સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. તેમની સાથે તેમનાં માતાપિતા, પત્નીઓ અને પ્રભવે પણ દીક્ષા લીધી. ગુરુ સાથે વિહાર કરતા જંબૂસ્વામી ચંપાનગરીમાં પધાર્યા તે સમયે શ્રેણિક રાજાના પુત્ર કોણિકે સુધર્માસ્વામીને જંબૂસ્વામી વિશે પૂછ્યું, 'ભગવાન ! આ સાધુ આટલા બધા તેજસંપત્તિવાળા દેખાય છે તો તેમણે કેવા પ્રકારનું તપ કર્યું હતું ?' ગુરુએ કહ્યું, "હે રાજન ! જ્યારે તારા પિતાએ શ્રી મહાવીર પ્રભુને પૂછ્યું ત્યારે તેમણે જે કહ્યું હતું તે સાંભળ." એમ કહી ગુરુએ શ્રી મહાવીર પ્રભુએ કહેલી પ્રસન્નચન્દ્ર અને વલ્કલચીરીની કથા કહી. ત્યાર પછી જંબૂસ્વામીની પૂર્વભવની કથામાં શ્રી મહાવીર પ્રભુએ કહેલી ભવદેવ અને ભવદત્તના સંબંધની તથા સાગરદત્ત અને શિવકુમારના સંબંધની અને અનાઢિય

દેવની કથા ગુરુએ કહી.

ત્યાર પછી શ્રેણિક રાજાના પ્રશ્નના જવાબમાં શ્રી મહાવીર પ્રભુએ કહેલું વસુદેવનું ચરિત્ર 'વસુદેવહિંડી'માં આપવામાં આવ્યું છે

આમ 'વસુદેવહિંડી'ની શ્રી જંબૂસ્વામીની કથા આપણે જોઈ. એ પછી હેમચન્દ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માં એ કથા આપણને આ પ્રમાણે જોવા મળે છે:

શ્રેણિક રાજા પોતાના નગરમાં શ્રી મહાવીર પ્રભુ સમોવસર્યા છે જાણી તેમને વંદન કરવા જાય છે. રસ્તામાં તેના સૈનિકો પ્રસન્નચંદ્ર રાજર્ષિને જુએ છે અને તેમના વિશે વાત કરે છે. રાજા તે વિશે વીરપ્રભુને પૂછે છે અને વીરપ્રભુ તેમને પ્રસન્નચંદ્રના જીવન વિશે કહે છે. ત્યાર પછી રાજા છેલ્લા કેવળજ્ઞાની કોણ થશે એ વિશે પૂછે છે અને ભગવાન એમને ચરમ કેવળી શ્રી જંબૂસ્વામી વિશે કહે છે. તે સમયે અનાઢિય દેવ ત્યાં આવી પોતાના કુળની પ્રશંસા કરે છે; અને એને વિશે રાજાએ કરેલા પ્રશ્નના જવાબમાં શ્રી વીરપ્રભુ ઋષભદત્ત અને જિનદાસની કથા કહે છે. પછી રાજા ત્રિદ્યુન્માલી દેવ વિશે પૂછે છે અને તેના જવાબમાં પ્રભુ એમને ભવદત્ત અને ભવદેવના ભવની અને પછી સાગરદત્ત અને શિવકુમારના ભવની કથા કહે છે. ત્યાર પછી વિદ્યુન્માલી દેવ આવીને જંબૂકુમાર તરીકે અવતરે છે.

પછી પ્રભવ ચોરનો પ્રસંગ આવે છે. તેને ઉપદેશ આપવા માટે અને તેની દલીલોનો જવાબ આપવા માટે જંબૂસ્વામી એને મધુબિંદુની, કુબેરદત્તની અને મહેશ્વરદત્તની કથા કહે છે. ત્યાર પછી જંબૂસ્વામી આઠ પત્નીઓને સમજાવે છે, અને તેમણે કથારૂપે કરેલી દલાલીનો કથારૂપે જવાબ આપે છે. તેમાં સમુદ્રશ્રી બક ખેડૂતની કથા કહે છે, જવાબમાં જંબૂસ્વામી કાગડાની કથા કહે છે; પદ્મશ્રી વાનરની કથા કહે છે, જવાબમાં જંબૂસ્વામી અંગારકારકની કથા કહે છે; પદ્મસેના નૂપુરપંડિતાની કથા કહે છે, જવાબમાં

જંબૂસ્વામી વિન્ધુમાલીની કથા કહે છે; કનકસેના શંખધમકની કથા કહે છે, જવાબમાં જંબૂસ્વામી વાનરની કથા કહે છે; નભસેના બુદ્ધિસિદ્ધિની કથા કહે છે, જવાબમાં જંબૂસ્વામી જાતિવંત ઘોડાની કથા કહે છે; કનકશ્રી મુખીના પુત્રની કથા કહે છે, જવાબમાં જંબૂસ્વામી સોલ્લકની કથા કહે છે; કમલવતી 'મા સાહસ' પક્ષીની કથા કહે છે, જવાબમાં જંબૂસ્વામી ત્રણ મિત્રોની કથા કહે છે; જયશ્રી 'નાગશ્રીની કથા' કહે છે, જવાબમાં જંબૂસ્વામી લલિતાંગકુમારની કથા કહે છે.

આમ, 'વસુદેવહિંડી'માં ગણિકા અને ઈભ્યપુત્રની કથા તથા દુર્લભ ધનપ્રાપ્તિના વિષયમાં મિત્રોની કથા જે જંબૂસ્વામી પોતાના માતાપિતાને કહે છે તે, તથા પ્રભવની સાથે દલીલમાં જંબૂસ્વામી ગોપ યુવકની કથા અને વણિકની કથા કહે છે તે કથા 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માં નથી. ત્રિષષ્ટિશલાકા'માં માતાપિતાને સમજાવવા માટે જંબૂસ્વામી તરફથી કોઈ કથા રજૂ થતી નથી એ નોંધપાત્ર છે. પ્રસન્નચન્દ્ર અને વલ્કલચીરીની કથા વસુદેવહિંડીમાં જંબૂસ્વામીની દીક્ષા પછી, આગળ બની ગયેલી ઘટનારૂપે કહેવામાં આવી છે, ત્યારે "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માં એ કથા આરંભમાં મૂકવામાં આવી છે અને ત્યાર પછી જંબૂસ્વામીની કથા કહેવામાં આવી છે.

આમ, 'વસુદેવહિંડી'ની જંબૂસ્વામીની કથા પછીના સમયમાં વિકાસ પામે છે અને તેમાં નવી દષ્ટાન્ત-કથાઓ પૂર્વ પક્ષ અને ઉત્તર પક્ષરૂપે ઉમેરાતી જાય છે. હેમચન્દ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં આપણને તેનું નવું વિકસેલું સ્વરૂપ જોવા મળે છે. એમાં 'વસુદેવહિંડી'ની કેટલીક દષ્ટાન્ત-કથાઓ છોડી દેવામાં આવી છે અને બીજી ઘણી નવી દષ્ટાન્ત-કથાઓ ઉમેરવામાં આવી છે. વસુદેવહિંડીમાં જંબૂસ્વામી અને આઠ કન્યાઓ વચ્ચે દલીલોરૂપે દષ્ટાન્ત-કથાઓ આપવામાં આવી નથી. 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માં એવી કથાઓ આપવામાં આવી છે અને એ રીતે આઠ કથાઓ આઠ કન્યાઓ તરફથી

કહેવામાં આવે છે અને તેના જવાબમાં આઠ કથાઓ જંબૂસ્વામી તરફથી કહેવામાં આવે છે. એ રીતે તેમાં સોળ કથાઓ ઉમેરાયેલી આપણને જોવા મળે છે. પરંતુ તે સોળમાંથી કનકસેનાની દલીલના જવાબમાં જંબૂસ્વામીએ કહેલી 'વાનરની કથા', અને નાગશ્રીની દલીલના જવાબમાં એમણે કહેલી 'લલિતાંગકુમારની કથા' વસુદેવહિંડીમાં આવી જાય છે. એટલે કન્યાઓ સાથેની દલીલમાં બંને પક્ષની મળી ચૌદ વધુ કથાઓ ઉમેરાય છે. આ ચૌદ કથાઓનાં મૂળ પૂર્વેની કઈ કૃતિઓમાં રહેલાં છે એ સંશોધનનો એક રસિક પ્રશ્ન છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ શ્રી હેમચન્દ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ને બરાબર અનુસરી જંબૂસ્વામીની કથાનું નિરૂપણ આ રાસમાં કર્યું છે. કેટલીક નાની નાની વિગતોમાં પણ એમણે 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'નો આધાર લીધો છે અને કોઈ કોઈ સ્થળે તો (ઉ.ત., પહેલા અધિકારની ચોથી ઢાલ, કડી ૯૪; ચોથા અધિકારની પહેલી ઢાલ, કડી ૧૫-૧૬, અને ૧૮-૧૯) કલ્પના, તર્ક કે અલંકાર પણ એમણે 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માંથી લીધાં છે. આમ છતાં, એકંદરે રાસનું નિરૂપણ એમણે પોતાની સ્વતંત્ર, મૌલિક શક્તિ અને દૃષ્ટિથી કર્યું છે. તેમ કરવામાં કેટલેક સ્થળે તેઓ માત્ર મૂળ કથા પદ્યમાં આપે છે અને કેટલેક સ્થળે પ્રસંગ કે પાત્રને બહલાવી નિરૂપણને કાવ્યની ઊંચી કોટિ સુધી પહોંચાડે છે. પાંચમા અધિકારમાં લલિતાંગકુમારની કથા પછીની કથાસામગ્રીનું આલેખન એમણે 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' કરતાં ઘણું વધારે વિગતે આપ્યું છે અને તેમાં આઠ કન્યાઓની જંબૂકુમાર સાથે દીક્ષા લેવાની તત્પરતા, પ્રભવને જંબૂકુમારે આપેલી શિખામણ, સાર્થવાહ જંબૂકુમારના સંઘનું રૂપક, જંબૂકુમારનું દીક્ષા લેવા માટે નીકળવું, અને તે સમયે એમને જોવા ઉત્સુક બનેલી સ્ત્રીઓનું ચિત્ર ઇત્યાદિનું કવિએ અત્યંત હૃદયંગમ આલેખન કર્યું છે.

જંબૂસ્વામીની કથાનું સ્વરૂપ એવું છે કે તેમાં એક સળંગ કથામાં નાનીનાની કથાઓની હારમાળા સમાવી લેવામાં આવી છે. આ નાનીનાની કથાઓ મુખ્ય કથામાં સપ્રયોજન આવે છે. જંબૂસ્વામીએ દીક્ષા લેવી કે ન લેવી એ વિશે બંને પક્ષની દલીલોના સમર્થનમાં દૃષ્ટાંતકથાઓ રજૂ થાય છે. એમાં એક પક્ષે જંબૂસ્વામી છે અને બીજે પક્ષે એમનાં માતાપિતા, પ્રભવ ચોર અને જંબૂસ્વામીની આઠ પત્નીઓ છે. આટલી બધી વ્યક્તિઓ સાથેના વિવાદમાં બંને પક્ષ તરફથી રજૂ થયેલી કથાઓની સંખ્યા ઠીકઠીક હોય એ સ્વાભાવિક છે. આવી કથાઓથી મુખ્ય કથાનો પ્રવાહ સ્થગિત થઈ જવાનો કદાચ ભય રહે, પરંતુ અહીં તો મુખ્ય કથાનું સ્વરૂપ જ એવું છે કે જેથી આ ભય રહેતો નથી; એટલું જ નહિ, બંને પક્ષમાંથી કયો પક્ષ વધુ સબળ રીતે રજૂ થાય છે અને બંને પક્ષ તરફથી પોતપોતાની દલીલોના સમર્થનમાં કેવી કથા રજૂ થાય છે, અને અંતે કોનો વિજય થાય છે એ વિશે રસિક કુતૂહલ જાગે છે. સચોટ કથાથી પોતાની દલીલ સચોટ રીતે સમજાવી શકાય છે અને પરસ્પર વિરુદ્ધ એવાં કોઈ પણ વસ્તુ કે વિચાર માટે એને અનુરૂપ કંઈક ને કંઈક કથા મળી આવે છે, એ બંને વસ્તુ અહીં આપણે જોઈ શકીએ છીએ.

આ રાસમાં એક બાજુ ભોગવિલાસની અને બીજી બાજુ સંયમ-ઉપશમની કથાઓ જોવા મળે છે. આથી શૃંગાર અને શાંત એ બે રસોના આલેખનને, અને તેમાંયે અંતે વૈરાગ્ય અને સંયમનો વિજય બતાવ્યો હોવાથી તેના આલેખનને વધુ અવકાશ રહે એ સ્વાભાવિક છે. તેમ છતાં, કવિએ પોતાની ઉચ્ચ કવિત્વશક્તિ વડે, પોતાના કલ્પનાવૈભવ અને અલંકારસમૃદ્ધિ વડે આ રાસને ઊંચી કક્ષાની કૃતિ બનાવ્યો છે. અલબત્ત, કેટલેક પ્રસંગે માત્ર કથા જ નિરૂપાતી હોય એવું પણ લાગશે, કારણ કે નાનીનાની કથાઓ આમાં ઘણી આવતી હોવાથી કથાતત્ત્વનું પ્રમાણ થોડું વધે એ સ્વાભાવિક છે. પરંતુ એકંદરે

જોતાં, આ રાસમાં કવિએ જુદેજુદે સ્થળે પ્રસંગ કે પાત્રનું જે નિરૂપણ કર્યું તેમાં કવિની ઉચ્ચ કવિત્વશક્તિનાં વારંવાર આપણને દર્શન થાય છે. કવિ માત્ર પદ્યમાં કથા રજૂ કરનાર નહિ, પણ ઊંચી કક્ષાના કવિ છે એની આપણને ખાસ પ્રતીતિ થાય છે. કવિનાં એવાં આલેખનોમાંથી થોડાંક આપણે જોઈએ. રાસની શરૂઆતમાં જ ભવદેવની વિરહની પીડાનું આલેખન કવિએ કેટલું સચોટ કર્યું છે તે જુઓ :

જન જાણઈં કાંઈ દુબલા, પણિ વિરહની પીડ ન જાણઇ રે;
ખાધું પીધું નવિ ગમઇં, નિદ્રા પણિ નાવઈ ટાણઇ રે.
સોહલી સહવી આગિની, પણિ દોહિલી વિરહની જાલા રે.
તે ઉલ્હાઈ નીરથી, એ તો નયન જલઇં અસરાલા રે.
અંક ન છઇં એ ચંદનઇ, કોઇ વિરહઇં રિદય છઇં દાધું રે;
વિરહ લિખિત ભાલઈ જવલઇં, હરનઈ ન ત્રિલોચન બાધું રે.
અધર સુધા મુખ ચન્દ્રમા, વાણી સાકર બાંહ મૃણાલી રે;
તે પઈઠી મુજ ચિત્તમાં, તેણીઇં કાયા કહો કિમ બાલી રે.

આવી જ રીતે, રાજગૃહ નગરીનું વર્ણન પણ થોડીક પંક્તિઓમાં કેટલું મનોરમ કર્યું છે તે જુઓ:

જિહાં જિન ચૈત્યમાં ધૂપનો, દેખી ધૂમ આગાસિં રે;
મર્દલ ગર્જિત ઘન ભ્રમઇં, શિખિ નિતિ નૃત્ય ઉલ્લાસિં રે;
જેહમાં સૌધ ફટિક દ્યુતિ, છબિ મરકતની લાધી રે;
માનું ગંગાઇં આવી ઝીલવા, યમુના રવિ અંક દાધી રે;
જેણી હરવી માનું જલનિધિં, દુખભર લંકા ઝંપાવી રે;
મુખ નવિ દાખઇ અમરાવતી, અલકા નામઇં જચાવી રે.

જંબુકુમાર લગ્ન માટે સજ્જ થાય છે તે પ્રસંગનું તાદૃશ વર્ણન કવિએ કર્યું છે :

ગંધકારી અધિવાસઈ રે, જંબૂ કેશ ઉલ્લાસઈ રે;
ધરઇ ધૂપ કપૂર અગરનો ઉત્તંસતા રે.
ધમ્મિલ તે બાંધ્યો રે, સુમદામ પ્રસાધ્યો રે;
શૃંગાર આરાધ્યો માનું દોઈ રૂપથી.
મુખકમલ જઇ પાસઇ રે, હંસયુગલ વિલાસઇ રે;
સોહઈ કુંડલ મોતીનાં જંબૂ પહરિયાં રે.
ચંદન શુચિ અંગો રે, મૌક્તિક સર્વંગો રે;
જાણયે તારાસ્યું રંગઇ ચંગઇ શશિ બન્યો રે.
દોઈ વસ્ત્ર તે પહરઇ રે, વિવાહ મંગલ ગહરઇ રે;
દસિ યાવડ પડવડ અંગજ ઋષભનો રે.

અને હવે જંબૂકુમારના વરઘોડાનું વર્ણન જુઓ :

જાત્ય અશ્વ આરોહઈ રે, છત્ર મયૂર સોહઇ રે;
જન મોહઈ જગિ કો હઈ બીજો તસ સમો રે.
ગાઈ જઈ મંગલ રે, વાજઈ ભેરી ભુંગલ રે;
સરણાઈ તે સરલી, સઘલઇ ચહચહી રે.
ઝાલરિં ઝંકારઈ રે, માદલ દોંકારઈ રે;
વર તુડિઅ પ્રકારિં ગગન રવ પૂરિઉ રે.
લૂણ ઉતારઇ પાસઇ રે, દોઈ વધૂઅ ઉલ્લાસઈ રે;
બંદી બિરુદ ભણંતે મંડપ આવિયા રે.
સુવાસિણિ દિઇં અર્ઘો રે, દધિ આદિ મહર્ઘો રે;
તિહાં જંબૂકુમાર કુમાર સમાનઈ રે.
મન શુભ સંદર્ભિંત રે, પગિ અગનિં ગર્ભિંત રે;
ભાંજી સંપુટ શરાવ તે માતૃગૃહિં ગયો રે.

પદ્મશ્રીએ કહેલી વાનરની કથામાં વાનરી સ્ત્રી બને છે, તેના સૌન્દર્યનું બેએક કડીમાં અત્યંત સચોટ અને લાઘવયુક્ત ભાષામાં કવિએ નિરૂપણ કર્યું છે :

કોકિલકંઠી, શશિમુખી, સુણો રાજિઆ રે,
ઉરુ કુચ કેસરિ મધ્ય કઇ, બહુ ગુણ ગાજિયા રે;
પીન જઘન કરચરણથી, સુણો રાજિઆ રે,
જીતઇ કમલની ઋદ્ધ કઇં, બહુ ગુણ ગાજિયા રે.
ગંગામૃત્તિકા તિલકસ્યું, સુણો રાજિઆ રે,
સોહતી સંયત કેશ કંઇ, બહુ ગુણ ગાજિયા રે;
વન કેતક સેહર કુમલ બન્યા, સુણો રાજિઆ રે,
કુંડલ તાલ નિવેશ કઇ, બહુ ગુણ ગાજિયા રે.

(તૃતીય અધિકાર, ઢાલ ૩)

દુર્ગિલા નદીમાં સ્નાન કરવા જાય છે તે સમયનું તાદૃશ ચિત્ર ખડું કરતાં કવિ વર્ણવે છે :

પહિરણ અર્ધ કુચઇ ઠવી, જલિ પઇઠી ક્રીડા હેત;
મનમથ દગધ જીવાડતી, સરસ મધુરાલાપ સંકેત.
આલિંગઇ તેહનઇ નદી, વિસ્તારી વર કરવીચિ;
સ્નિગ્ધ સખી પરિ દોઇ મિલઇ, તે હિયડઇ હિયડું ભીચિ.
નીર વિદારી કરઇ ઠરઈ, તિહાં જિમ નૌ દંડઇ નાવ;
હંસ ચક્રવાક ઊસરઇ, માનું ગતિ કુચ કૃત લઘુભાવ.
નાહતાં નીર વિષેરતાં, વલિ કેલિ કરત ચિરકાલ;
ચંચલ કર તેહના કરઈ, વર કમલ નૃત્ય અનુકાર.
શ્લથ ઇક વસન સવેપથૂ, વરિ ધૌત અધર ચ્યુત કેશ;
જલક્રીડા કરતી તે બની, રત ઉત્થિત સંગત વેસ.

જંબૂકુમાર દીક્ષા લેવા તૈયાર થાય છે તે સમયે એમની આઠે પત્નીઓ કહે છે કે પતિ કરતાં પોતે કોઇ પણ રીતે ભિન્ન નથી. પતિની સાથે તેઓ આઠે દીક્ષા લેવા તૈયાર છે એમ બતાવી કવિ એક પછી એક અવનવાં રૂપકોની જે લાંબી હારમાળા પ્રયોજે છે તે એમની કવિત્વશક્તિનો સારો પરિચય કરાવે છે :

થે સિદ્ધ તો મ્હે સિદ્ધિ છાં રે, હર તો મૂરતિ આઠ;
થે અંબર મ્હે દિસિ ભલી રે, વાસ જો ચંદન કાઠ.
થે ચાંદા મ્હે ચાંદણી રે, થે તરુઅરિ મ્હે વેલિ;
સૂકાં પણિ મુકાં નહી રે, લાગી રહું રંગ રેલિ.
થે વન તો મ્હે કેતકી રે, થે દીપક મ્હે જ્યોતિ;
થે યોગી મ્હે ભૂતિ છાં રે, અધિકારી તો દોતિ.
થે આંબા મ્હે માંજરી રે, થે પંકજ મ્હે બાગ;
થે સૂરય મ્હે પદ્મિની રે, થે રસ તો મ્હે રંગ.
થે ધરણીધર મ્હે ધરા રે, ષેત્ર ફળ્યા તો વાડિ;
થે પુણ્ય તો મ્હે વાસના રે, ભાગ્ય તો રેખા નલાડિ.
થે સાયર તો મ્હે નદી રે, થે ઘન તો મ્હે વીજ;
શત શાખાઇં વિસ્તર્યાં રે, થે વડ તો મ્હે બીજ.
થે કંચન મ્હે વર્ણિકા રે, નંગ તો મુદ્રા સાર;
થે ચંપક મ્હે પાંખડી રે, મણિ આ જો થે હાર.
જો પ્રાસાદ તો વેદિકા રે, સૌધ તો ધ્વજ લહકંત;
દ્વીપ હુતાં જગતી હુસ્યાં રે, મેલજ્યું રસના દંત.
જો સંયમ તો ધારણા રે, જો રૂપી તો રૂપ;
સાકારઇં સાકારતા રે, અનુભવમાંહિ અનુપ.

જંબૂકુમાર દીક્ષા લેવા માટે નીકળે છે તે સમયે એમને જોવા માટે દોડી જતી સ્ત્રીઓનું કવિએ દોરેલું ચિત્ર કાલિદાસે રઘુવંશમાં દોરેલા એવા ચિત્રની યાદ અપાવે છે; ઉત્સુક બનેલી સ્ત્રીઓ કેવું ભાન ભૂલે છે તેનું રસિક ચિત્ર કવિના શબ્દોમાં જ જોઈએ :

ગાજાં વાજાં સુણી નઇ અર્ધ તિલક કરિ એક,
અર્ધાંજિત દગ ઇક જોવા ચાલી છેક;
એક નેઉર પહરઈ એક જ ચરણ પખલાઈ,
આધી કંચુકી પહરી જોવા કાંઈક ચાલઈ.

ધસમસતી કાઈક કજ્જલ ગલઈ ઘાલઈ,
કસ્તૂરી લોચન ઠવતી આવી ચાલઈ;
બાવના ચંદન રસ પાઇ લગાવઇ બાલા,
અલતો રિદય સ્થલિ લાઇ કરઇ ચકચાલા.
કટિમેખલ કંઠઈ ઘાલી ઉતાવલિ દોડઈ,
ઇક હાર એકાવલિ શ્રોણી તટઈ નિજ જોડઈ;
ભુજવલિં નેઉર કંકણુ ઘાલઇ પાઇ,
પહરણ ઓઢણનાં વસ્ત્ર વિપર્યય થાઈ.
ઢલતા ઘીના ગાડુઆ મુંકઇ તે પાડુઆ લાગઇ,
લાડુઆ સમ નારી નઇ જોવાનો રસ જાગઇ;
બાલ રોતાં મુકઇ મારગિં, પરનાં બાલ,
રોતાં નિજ બાલક ભ્રાંતિ લિઈ સુકમાલ.
પરિધાન શિથિલ હુઇ ગાઢ બંધન ન કરાઈ
વાયુ વેગિં મસ્તક ઓઢણુ ઊડી જાઈ;
ઇમ જોતાં વધૂજન હુઇ કુમારી રૂપ,
કૌતુકનઇ પણિ તવ કૌતુક લાગું અનુપ.

કવિએ શ્રેણિકરાજા, ઋષભદત્ત અને ધારિણીનું પાત્રાલેખન થોડીક પંક્તિઓમાં કેટલું સચોટ અને સુંદર કર્યું છે :

જેહનઇ તેજઇ પરાભવ્યો, ભાનું ભમઈ માનું ગગનિં રે;
ઉષ્ણુ હુઓ તસ કિરણુ તે, તાસ અમર્ષની અગનિં રે.
તાસ સભામાંહિં શોભતો, ઋષભદત્ત હુઉ સેઠિ રે;
ધનદ તે તેહજ ધનપતિ, બીજો કુબેર તે હેઠિ રે.
પથ તરુફલ સર જલ પરિં, તસ ધન સવિહિત આવઇ રે;
જેહસ્યું સુરતરુ તોલિઇ, ઊંચો ગયો લઘુ ભાવઇ રે.
ઈંદ તે જેહનઇ નિતિ રહઈ, કર અગ્નિ શત કોટિ રે;
ચંદ તે સકલ કલા વરિઉ, પહ્મી તસ સવિ મોટી રે.

ધારિણી સધરમચારિણી, ચિત ઠારિણી હુઇ તાસ રે;
કારણી સુખ દુઃખ વારણી, મનોહારિણિ સુવિલાસ રે.
રૂપઇ તે રંભા હરાવતી, ભાવતી ચિતિ જિન વયણાં રે;
સુલલિત સીલ સોહામણી, સહજ સલૂણડાં નયણાં રે.
મિલિઅ રહઈ નખમાંસ જિઉં, તિ દંપતી સસનેહો રે;
નવનવ રંગ ભરઈં રમઈં, એક જ જીવ દોઈ દેહો રે.

સુધર્માસ્વામીની મહત્તા એક જ કડીમાં ચાર જુદાંજુદાં રૂપકો યોજીને કવિએ કેવી સરસ રીતે બતાવી છે:

ક્રોધ જલન શમ જલધરૂ, માન મહાતરુ હસ્તી રે;
દંભ ઉરગવિષ જાંગુલી, લોભ સમુદ્ર અગસ્તી રે.

બુદ્ધિ અને સિદ્ધિની કથામાં બુદ્ધિની બે અવસ્થા વચ્ચેના તફાવતનું કેટલું લાક્ષણિક અને વાસ્તવિક ચિત્ર કવિએ આલેખ્યું છે:

સુહણઇ પણિ જેણીઇ નવિ દીઠા, વેસ વિભૂષણ સાર.
હુઇ પહરતી તે નવનવલા, રાણી જેમ ઉદાર.
પહલાં જેહની કદિઈ ન પૂગી, આછણની પણિ આસ;
હુઈ હજાર ધેનું ઘરિ તેહનઈ, દેષઇ લોક તમાસા.
તૃણ કુટિર જીરણ જે રહતી, જનમ થકી પણિ દુહ લઈ;
તે પુહુઢતી હુઈ સુખશય્યા, સાત ભૂંમિઇ મહલઈ.
જે જીવતી હુતી પરઘરમાં, છાણ પૂંજો બહુ કરતી;
હુઈ સેવતી તેહનઇ દાસી, કર સિત ચામર ધરતી.
હુઈ ગ્રાસ ચિંતાઇ જે દુખિણી, માંડચા સત્રૂકાર;
તેણીઈ પોષ્યા યાચક સઘલા, વિરચી દીનોદ્ધાર.
અશન ઉત્તર જેણીઇં નવિ પામ્યો, પૂગીનો પણિ કટકો;
દીસઇ તસ મુખિ મૃગમદ વાસિત, લાલ તંબોલઈ લટકો.

કવિની પાત્રાલેખનની શક્તિનો વિશેષ પરિચય આપણને થાય

છે લલિતાંગકુમારના પાત્રાલેખનમાં. કવિની અલંકૃત ગૌરવયુક્ત વાણી ઊંચી સપાટી પર રહેવા છતાં કેવી સરળતાથી વહી જાય છે :

ધમ્મિલ્લ મસ્તક દ્વિક ધાર, મૃગમદ પંકિલ મુંછિ ઉદાર ;
જાણે મદ ઝરતો હાથિઊ, લીલાઇં ધનપતિ સાથિઊ.
વૃષભ ખંધ ઉર વિકટ વિશાલ, ચરણ પાણિ પંકજ સુકુમાલ;
ગ્રીવા કર ચરણે વિન્યસ્ત, કંચન ભૂષણ અતિહિ પ્રશસ્ત.
નવ કર્પૂર સહિત તંબોલ, અરુણિત મુખ સૌરભ રંગરોલ;
ભાલતિલક માનું મદન પતાક, અંગરાગ છલ લવણિમ પાક.
ધૂપાયિત અંશુક આમોદ, મેદુર મારગ વિહિત વિનોદ;
પ્રથમ અનંગ અદસ્ય નીમડ્યો, શ્રીસુત મનુ બીજો વિધિ ઘડિઊ.
શંકર ભાલ હુતાશનિ કાય, સ્મર હોમઇ તિણિ એ ભવ થાઈ;
સી સી નવિ ઉપમા સંભવઇ, તે દેષી લલિતા ચિંતવઇ.

કવિ પાસે અલંકારની સમૃદ્ધિ ઘણી સારી છે. ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, દૃષ્ટાન્તાદિ અલંકારો તેઓ પૂરી સાહજિકતાથી પ્રયોજે છે અને એ વડે પાત્રો, પ્રસંગો વગેરેના આલેખનને રસિક બનાવે છે. ઋષભદત્ત અને જિનદાસ બંને ભાઈઓ વચ્ચે કેટલું બધું અંતર હતું તે બતાવતાં કવિ લખે છે :

ન્યાય અન્યાય ચરિત્રઇં તેહ, પ્રથમ ચરમ યુગ માનું સદેહ;
એક જનિતનઇં અંતર તે તું, અમૃત હલાહલનઇં હુઇં જેતું.

ભવદેવની નવોઢાના શણગારનું કવિએ ઉત્પ્રેક્ષા અલંકાર વડે કેવું મનોહર વર્ણન કર્યું છે તે જુઓ :

કેશ પાશ સુત્ર પુરિત બાંધિઊ, ચોરિત ધનયુત જોર;
નાંઠો દેષી ઊગ્યો રે મુખશશી, અંધકાર માનું ચોર.
તિલક બનાવ્યું રે કેસરનું ભલું, સોહઇ લાલ વિશાલ;
અંકુર ઊગ્યો રે માનું મદન તણો, જેહ દગધ હરભાલ.

અમલ કપોલઇ રે પત્ર લતા કરી, કસ્તૂરીની વિચિત્ર;
માનું એહ પ્રશસ્તિ મદનતણી, જગ જયકારિ ચરિત્ર.

જંબૂકુમારને લગ્ન માટે સજ્જ કરવામાં આવે છે તે સમયે પીઠી ચોળ્યા પછી એમણે સ્નાન કર્યું ત્યારે એમના વાળમાંથી પાણી ટપકી રહ્યું હતું તે જાણે ભવિષ્યમાં પોતાનો લોચ નજીક આવેલો જોઈને વાળ રડી ન રહ્યા હોય એવું લાગતું હતું, એવી ઉત્પ્રેક્ષા કરીને કવિએ ભવિષ્યમાં જંબૂકુમાર જે દીક્ષા લેવાના છે તેનું સૂચન અલંકાર દ્વારા કરી દીધું છે :

નીચોઈનું પાણી રે, ન્હાયા જંબૂ શિર જાણી રે;
લોચ ઢૂકડો માનું એ કેશ આંસૂ ઝરઈ રે.

સ્ત્રીઓ વિલાસનું કારણ હોવા છતાં પોતાની આઠ પત્નીઓ આગળ જંબૂકુમાર નિર્વિકાર રહી શકયા એ એમની લોકોત્તરતા બતાવવા માટે કવિ લખે છે :

અહો રહઈ જંબૂ તિહાં, નિર્વિકાર પ્રિયા પાસ;
ગોરો કોરો કુણ રહઈ, મસિ ભરો કરિ વાસ.

કવિએ અલંકારશાસ્ત્ર અને વ્યાકરણમાંથી પણ કેટલાક અલંકારો પ્રયોજ્યા છે. આત્માને સાંસારિક બંધનોમાંથી છોડાવે તે જ સાચો બંધુ, બીજા બંધુઓ બંધનકર્તા છે. એ માટે કવિ પૃષોદર સમાસનો દાખલો આપે છે :

બંધુ છોડવઇ જે બંધુ તે, ગણુ પૃષોદરનું એ રૂપ કંઈ;
બંધુ સુજસ ગુરુ તે ભલો, બીજા બંધ સ્વરૂપ.

કવિતા કેવી હોવી જોઈએ તે માટે કવિએ ઉપમા આપી છે :

પ્રગટ ન ગુજરી કુચ પરિં, છન્ન ન અંધ્રિ સંકાસ;
સુભગ અર્થ હુઈ મરહઠી, કુચ પરિ છન્ન પ્રકાસ.

કવિની વાણી સામાન્ય માણસોની વાણીથી કેવી જુદી પડી જાય છે તે બતાવતાં તેઓ કહે છે કે કવિ અને સામાન્ય માણસની ભાષા એક જ છે, પરંતુ કવિની પાસે શબ્દો ગોઠવવાની જે કલા છે તે સામાન્ય માણસ પાસે નથી. અહીં ભીલડી અને નગરમાં વસનારી સ્ત્રીનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. વનમાં વસનારી ભીલડી આખી આંખ ઉઘાડીને સીધી જોશે, જ્યારે નગરની સ્ત્રી નયનકટાક્ષથી જોશે. ભીલડી ભાવ વગર જોશે, જ્યારે નગરની સ્ત્રી આંખ દ્વારા જ પોતાનો ભાવ વ્યક્ત કરશે.

અક્ષર તેહજ, તેહજ પદ, કવિ રચના કાંઈ અન્ય;
દગ ત્રિભાગ નાગરિ જુઈ, પામરી લોઅણ પુન્ન.

કવિતા વિશે બીજે એક સ્થળે કવિ લખે છે :

મુગધા પ્રૌઢા પરિ હુઈ, અથવા સવિ સુવિલાસ,
હૃદયંગમ પતિ સમ મિલઇ, જો કવિ ઉચિત અસાસ.
તર્કવિષમ પણિ સુકવિનું વયણ, સાહિત્યઇં સુકુમાર;
અરિ ગજ ગંજન પણિ દયિત, નારી મૃદુ ઉપચાર.

નાના દૂહામાં રહેલા ગહન અર્થ વિશે કવિ લખે છે :

છોટી તુકમંઈ અરથ બહુ, દુહા કવિતકો રાય;
વિસ્તર પદ બલિ બલનકું, માનું વામન કાય.
છોટી તુકમંઈ અરથ બહુ, દુહા કરઇ કવિ રાય;
પંચાલી કે ચીર જિઉં, ભાવ વઢત વઢિ જાઇ.

લલિતાદેવીનું વર્ણન કરતાં કવિએ લખ્યું છે :

સહસ નેત્રનું પણિ મન હરઇ, નેત્ર ત્રિભાગ પ્રસાદ જુ કરઇ;
કલા ચોસઠિ તસ અંગિ વસઇ, ચ્યાર ચંદ સેવઇ તે મિસઇ.

જંબૂસ્વામીની કથા એટલે વૈરાગ્યના અને સંયમ–ઉપશમના બોધની કથા; એટલે આ રાસમાં એવો બોધ આવે એ અત્યંત

સ્વાભાવિક છે. કવિએ એવી પંક્તિઓ કેટલેક સ્થળે, ખાસ કરીને દૂહામાં પ્રયોજી છે, અને તેમાં પણ અવનવા અલંકારો વડે તેને રોચક અને મનોરમ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. કવિએ આવી પ્રયોજેલી પંક્તિઓમાંથી નમૂના લેખે થોડી જોઈએ :

વામા વયણ વિલાસથી, ચૂકા ચતુર અનેક;
તસ ચિત આગમ વાસિઉં, તેહની ન ટલી ટેક.
મૃગતૃષ્ણા જલ સમ વડિં, વનિતા વયણ વિલાસ;
પહલાં લાલચિ લાઇ કઈં, પછઇ કરઇ નિરાસ.
વામા વયણે વેધિયા, વીસારઇ જે સથ્થ;
તે મૃગ પરિ પાસઇ પડયા, પામઇ બહુલ અણથ્થ.
વહઈ પૂરનઇ પાછલિ, દીસઇ તેહ અનેક;
સાહમઇ પૂરઇ વિષયનઇ, ઉતરઇ તે સુવિવેક.

(ત્રીજો અધિકાર)

× × ×

બહુ અંતર વિષ વિષયમઇ, ઇક ખાયો દુઃખકાર,
ઇક ધ્યાયો હી દુખ દિઈ, પંડિત કરો વિચાર;
બહુ અંતર વિષ વિષયમઈ, વરણ અધિક અધિકાત,
એક મરણ દિઇ વિષ વિષય, વિષય મરણ બહુ જાત.

(ત્રીજો અધિકાર)

× × ×

હંસ ન ખેલઇ ખાલ જલિં, ગંગા ઝીલણ-હાર;
જેણિં ચાખ્યું પીયૂષ તે, ઇચ્છઇ જલ કિમ ષાર
પૂગઇ ફલ સહકારની, આંબિલિઈ કિમ હુંસિ;
ઠુંબરિ વલિ વરકૂરની, ઠાંઠું ભરિઉ ઠુંસિ
કોડીઈ કિમ કોડિની, મણિની પાહણઇ કેમ;
ઇચ્છા પૂગઇ ભવસુખઇ, શિવની મુજ નવિ તેમ.

સોનાનું જિમ જાડપણુ, વધ્યનું મંડન જેમ;
ભવ ઉનમાદ વિષય વિષમ, ભાસઇ મુજ મન તેમ.
મીઠું લાગઈ તેલ તસ, ધૃત નવિ દીઠું જેણુ;
ભવસુખ તિમ રાચઇ ન કો, શિવસુખ સંભરણેણ.
દુખથી વિરચઇ જનસકલ, સુખથી વિરચઇ બુદ્ધ;
સુખદુખ સરખાં લેખવઇ, ભવનાં તે મનિ શુદ્ધ

(ચતુર્થ અધિકાર)

ચોથા અધિકારને અંતે જંબૂકુમાર ધર્મની મહત્તા બતાવતાં જે કહે છે તે કડીઓ પણ સુંદર અને સચોટ છે. તેમાં છેલ્લી કડીમાં તે કહે છે:

પડતો રાખઇ તાત પરિ, અખઇ મિત્ર પરિ મગ્ગ;
પોષઇ નિજ માતા પરિં, ધર્મ તે અચલ અભગ્ગ.

પાંચમા અધિકારમાં વ્રત લેવા માટે પોતાનાં માતાપિતાને પૂછવા જનાર પ્રભવને જંબૂકુમાર જે ઉપદેશ આપે છે તેમાં એક પ્રકારનું ગૌરવ અને ગાંભીર્ય રહેલું છે. કવિની આ દીર્ઘ લયની પંક્તિઓની આખી ઢાલમાં આપણને શાંત રસની સરિતાનાં દર્શન થાય છે. એમાંની થોડીક કડીઓ જુઓ:

જંબૂ ભાષઇ સુણયો સાચા મિત્ત, ચારિત્ર તે જગતારૂ છઇ જો;
ધર્મઇં ઢીલ ન કીજઇ સાચા મિત્ર, વિલંબ તે ન વારૂ છઇ જો.
કીધું ગાંઠિ બાંધ્યું સાચા મિત્ર, ઉધારોનો સાંસો છઇ જો;
કાલિ તણો દિન ભરવો સાચા મિત્ર, અણદાતાનો ફાંસો છઇ જો.
ચઢતઇ ભાવઇ આવઈ સાચા મિત્ર, શ્રદ્ધા તે વષાણી છઇ જો,
ધમ્યું સોનું વાઇં જાઇં સાચા મિત્ર, ધર્મઇં શ્રદ્ધા ભાજઇ છઇ જો.
બંદીખાણુઈ પડિઉ સાચા મિત્ર, લગન ન જોસ ન જોવઇ છઇ જો;
સંધિ જે વેલા પામઈ સાચા મિત્ર, નીસરવું તવ હોવઇં છઇ જો.
નેહઇ તિલ પીલાઈ સાચા મિત્ર, વેલુ નવિ પીલાઇ છઇ જો;
સસનેહું દધિ મથિઇં સાચા મિત્ર, યંત્રઇં ઇકખુ ગલાઇ છઇ જો.

નેહ ન કીજઇ કોઇસું સાચા મિત્ર, કીજઇ તો ઇક સાહુસું જો;
સાયર તરિઇ નાવઈ સાચા મિત્ર, કિમ તરિઇ નિજ બાહુસું જો.

સમયસુંદરની જેમ કવિ શ્રી યશોવિજયજી પણ સંગીતના સારા જાણકાર હોવા જોઈએ, એમ એમણે આ રાસમાં તેમજ અન્ય સ્તવન, સજ્ઝાય વગેરે કૃતિઓમાં ભિન્નભિન્ન રાગરાગિણીઓ અને લોકપ્રચલિત દેશીઓમાં પ્રયોજેલી ઢાળ કે લઘુકૃતિઓ પરથી જોઈ શકાય છે. કવિ પાસે દેશીઓનું વૈવિધ્ય ઘણું સારું છે. આ 'જંબૂસ્વામી રાસ'માં એમણે એક પણ દેશીનો બીજી વાર ઉપયોગ કર્યો નથી. રાસમાં બધી મળી ૩૬-૩૭ ઢાળ છે અને તે દરેક માટે તેમણે નવી જુદી દેશી પ્રયોજી છે. એમાંની ઝાંઝરિયાની, વીંછિયાની, બટાઉની, તુક બાવનીની, જયમાલની વગેરે દેશીઓ એ સમયે એ નામથી લોકપ્રચલિત બની ગઈ હતી. બીજી દેશીઓમાંથી ઘણીખરી – સીમંધર જિન, બાહુ જિણેસર, ઋષભદેવ, ચંદનબાલા, જિનવર પૂજો રે, શ્રેણિક રહવાડી ચડચો, નાભિરાયાં કે બાર, સતીય સુભદ્રા, સુરતિ મંડન પાસ જિણિંદા, વગેરે – તે સમયે જૈનોમાં ખાસ પ્રચલિત હોય એવી લેવામાં આવી છે. 'રામપુરા બાજારમાં', 'અહો મતવાલે સાજનાં', 'જવહરી સાચો રે અકબર રાયજી', 'વહુઅર વીનવઈ હો, અલગી રહીઅ ઉદાસ', 'ચંદન...હું ભરિ પાઉં રે પિઉં રંગપ્યાલા', 'બેડલઇ ભાર ઘણો છઇ રાજિ, વાતાં કેમ કરો છો' ઇત્યાદિ જનસામાન્યમાં પ્રચલિત હોય એવી કેટલીક દેશીઓ પણ આ રાસમાં જોવા મળે છે. એકંદરે અવનવી અને સુમધુર દેશીઓમાં રાસની ઢાળોની રચના કરી, કવિએ આ રાસમાં સંગીતનું ઘણું સારું વૈવિધ્ય આણ્યું છે.

શ્રી યશોવિજયજીના પોતાના હસ્તાક્ષરમાં જ લખાયેલી 'જંબૂસ્વામી રાસ' ની પ્રતિ આપણને મળે છે એ પરથી કવિના સમયમાં કેવી ભાષા બોલાતી હશે એનો સૌથી વધુ પ્રમાણભૂત ખ્યાલ આપણને મળે છે. કવિએ આ રાસની રચના સં. ૧૭૩૯માં કરી છે, એટલે

તેઓ પ્રેમાનંદના સમકાલીન છે એમ કહી શકાય છે. પ્રેમાનંદના સમયથી અર્વાચીન ગુજરાતી ભાષા શરૂ થઈ એમ સામાન્ય રીતે મનાય છે; તેમ છતાં, આ રાસ જોતાં આપણને જણાશે કે તેમાં જૂની ગુજરાતી-નાં ઘણાં રૂપો હજુ જળવાઈ રહ્યાં છે, જે પ્રેમાનંદની કૃતિઓમાં, તેની હસ્તપ્રતો એથી વધુ ઉત્તરકાલીન હોઈને, જોવાં મળતાં નથી. એટલે પ્રેમાનંદનાં આખ્યાનોમાં જે ભાષા આપણને જોવા મળે છે તેના કરતાં સહેજ જૂના સ્વરૂપની, આ રાસમાં છે તેવી, ભાષા પ્રેમાનંદ અને એના સમયની પ્રજા બોલતી હશે એમ આપણે કહી શકીએ. શ્રી યશોવિજય મહારાજ વિદ્યાભ્યાસાર્થે કાશીમાં અને ત્યાર પછી આગ્રામાં રહ્યા હતા એટલે અને જૈન સાધુઓ ગુજરાત ઉપરાંત રાજસ્થાનમાં પણ ઘણુંખરું વિહાર કરતા હોઈને આ રાસમાં હિંદી અને માર-વાડી ભાષાની છાંટ પણ કોઈ કોઈ સ્થળે આવી છે. એમની આ રાસકૃતિ તત્કાલીન ભાષાના પ્રમાણભૂત સ્વરૂપને ઓળખવા માટે ઘણી જ ઉપયોગી થઈ પડે તેમ છે.

લાઘવ એ શ્રી યશોવિજયજીની ભાષાનું એક મહત્ત્વનું લક્ષણ છે. તેઓ પોતાનું વક્તવ્ય અત્યંત મિત ભાષામાં કુશળ અને સચોટ રીતે રજૂ કરે છે. એમની ભાષામાં ગૌરવ, માર્મિકતા, પ્રસાદ અને માધુર્ય જોઈ શકાય છે. ક્યારેક એમની ભાષા સંસ્કૃતપ્રચુર બને છે. એમની વાણીનો પ્રવાહ અનાયાસ, સરળ ખળખળ કરતો વહ્યા કરે છે. અનુપ્રાસયુક્ત એમની પંક્તિઓ રાગ કે દેશીના યોગ્ય માપમાં એટલી જ સાહજિકતાથી એક પછી એક આવ્યા કરે છે. શબ્દો પરનું એમનું પ્રભુત્વ પણ કવચિત્ તો આપણને આશ્ચર્યમુગ્ધ કરી દે એટલું સારું છે. એમની સર્જકપ્રતિભાની સાથે એમની વિદ્વત્ પ્રતિભાનાં દર્શન પણ આ રાસમાં આપણને ઘણી સારી રીતે થાય છે.

આમ, એકંદરે જોતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ જીવનની ઉત્તરાવસ્થામાં આ એક સુંદર રાસકૃતિ આપીને આપણા મધ્યકાલીન રાસાકવિઓમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. □

વિનયપ્રભરચિત ગૌતમસ્વામીનો રાસ

રાસકૃતિઓના સર્જન માટે જૈન સાધુકવિઓએ જે ભિન્ન-ભિન્ન ઐતિહાસિક કે કાલ્પનિક કથાનકો પસંદ કર્યાં છે તેમાં ગૌતમ-સ્વામીનું ઐતિહાસિક કથાનક પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગૌતમ-સ્વામી વિશે જૂની ગુજરાતીમાં લખાયેલી રાસકૃતિઓમાં આરંભના સમયની જે એક રાસકૃતિ આપણને સાંપડે છે તે પરંપરાની દૃષ્ટિએ તેમજ તેની સર્જનાત્મક મૂલ્યવત્તાની દૃષ્ટિએ સવિશેષ નોંધપાત્ર છે. આ કૃતિની રચના ખરતર ગચ્છીય શ્રી જિનકુશલસૂરિના શિષ્ય ઉપા-ધ્યાય શ્રી વિનયપ્રભે સં. ૧૪૧૨માં ખંભાતમાં કરી હતી.

અન્ય રાસકૃતિઓ કરતાં આ રાસકૃતિ જૈનોમાં વધુ પ્રચલિત છે એની એક પરંપરાને કારણે. જૈનોના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના પહેલા ગણધર તે શ્રી ગૌતમસ્વામી, મહાવીરસ્વામી દિવાળીને દિવસે રાતને સમયે નિર્વાણ પામ્યા અને નવા વર્ષના દિવસે પરોઢિયે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એ રીતે, એ બે મહત્ત્વની ઘટનાઓને કારણે દિવાળી અને નૂતન વર્ષના પવિત્ર દિવસો સાથે અનુક્રમે ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીનું નામ

સંકળાયેલું છે. આથી જ પુણ્યશ્લોક શ્રી ગૌતમસ્વામીનું નામ પ્રાતઃ સ્મરણીય બન્યું છે અને દર નૂતન વર્ષે વહેલી પ્રભાતમાં એમનું સ્મરણ કરવાની પરંપરા જૈનોમાં ચાલી આવી છે.

એ પરંપરામાં છેલ્લા દોઢેક સૈકાથીયે વધુ સમયથી જે એક ઉમેરો થયો છે તે આ રાસકૃતિના વાચન-શ્રવણનો છે. દર નૂતન વર્ષે વહેલી પ્રભાતમાં જૈનો ઉપાશ્રયમાં એકત્ર થાય છે અને સાધુ-મહારાજ તેઓને આ રાસ વાંચી સંભળાવે છે અને ત્યાર પછી તેઓ તે દિવસે પોતાની ઇતર પ્રવૃત્તિઓનો આરંભ કરે છે. ગૌતમ-સ્વામીના નામનું સ્મરણ શ્રવણ, સ્તવન-કીર્તન, એમના નામનો જાપ ઇત્યાદિ શ્રદ્ધાળુ જૈનોમાં ચમત્કારિક અને લાભદાયક મનાતાં આવ્યાં છે. કવિ લાવણ્યસમયે 'ગૌતમસ્વામીનો છંદ' નામની પોતાની કૃતિમાં આ પ્રકારનો મહિમા વર્ણવતાં લખ્યું છે :

ગૌતમ નામે ગિરિવર ચડે,
મનવાંછિત હેલા સંપડે;
ગૌતમ નામે નાવે રોગ,
ગૌતમ નામે સર્વ સંજોગ.

... ...

ગૌતમ પ્રણમ્યાં પાતિક ટળે,
ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન,
ગૌતમ નામે વાધે વાન.

વિનયપ્રભની રાસકૃતિનો મહિમા વધવાનું એક કારણ, દંત-કથા પ્રમાણે, એમ પણ મનાય છે કે કવિના પોતાના એક સંસારી ભાઈ હતા તે નિર્ધન થઈ જતાં કવિએ તેમને માટે આ આ મંત્ર-ગર્ભિત રાસની રચના કરી આપી હતી અને તેનું શ્રદ્ધાપૂર્વક પઠન રોજ કરવાની ભલામણ કરી હતી અને તેમ કરતાં કરતાં એ ભાઈ પાછા

ધનવાન બની ગયા હતા.*

છ ઢાલમાં લખાયેલ આ રાસનો આરંભ કવિ કરે છે મુક્તિરૂપી સરોવરમાં જેનાં ચરણરૂપી કમળનો વાસ છે એવા શ્રી મહાવીર જિનેશ્વરને પ્રણામ કરીને.

વીર જિણેસર ચરણકમલ
કમલાકર વાસો, પણુમવિ પભણિસુ સામિ સાલ
ગોયમ ગુરૂ રાસો.

ગૌતમસ્વામી જન્મે બ્રાહ્મણ હતા અને તેમનું નામ ઇન્દ્રભૂતિ હતું, પરંતુ તેઓ ગૌતમગોત્રીય હતા અને તેથી ‘ ગૌતમ ’ના નામથી વિશેષ પ્રસિદ્ધ હતા. ભગવાન મહાવીર તેમને હમેશાં ‘ ગોયમ ’ (ગૌતમ) કહીને સંબોધતા.

રાસની પહેલી ઢાલમાં કવિ ઇન્દ્રભૂતિનો પરિચય કરાવે છે. જ્યાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા તે મગધ દેશના ગુબ્બર નામના ગામમાં વસુભૂતિ નામે બ્રાહ્મણની પુહવી (પૃથ્વી) નામની પત્નીની કૂખે ઇન્દ્રભૂતિ ગૌતમનો જન્મ થયો હતો. આ પ્રાથમિક માહિતી સાથે કવિએ ઇન્દ્રભૂતિની તેજસ્વિતાનું વ્યતિરેકથી સંક્ષિપ્ત અને મનોહર કરેલું આલેખન જુઓ :

નયણ વયણ કરચરણ જિણવિ
પંકજ જલ પાડિય,
તેજે તારા ચંદ સુર
આકાશ ભમાડિય,
રૂવે મયણ અનંગ કરવિ
મેલ્હ્યો નિરધાડિય;
ધીરમેં મેરૂ ગંભીર સિંધુ
ચંગિમ ચયચાડિય.

* જુઓ ‘જૈન ગુર્જરકવિઓ’ – ભાગ ૧, પૃ. ૧૫૧૬

(જેમણે પોતાનાં નયન, વદન અને હાથપગ રૂપી કમળો વડે કમળોને પાણીમાં નાખી દીધાં છે, જેમનું તેજ એટલું બધું ચડિયાતું છે કે જે વડે એમણે તારા, ચંદ્ર અને સૂરજને આકાશમાં ભમતા કરી દીધા છે, પોતાના રૂપ વડે જેમણે કામદેવને શરીરરહિત કરી નાખ્યો છે, અને ધીરતામાં મેરુપર્વતની અને ગાંભીર્યમાં સિંધુની સુંદરતાને ઓછી કરી નાખી છે.)

ચૌદ વિદ્યાના જાણકાર, ઉત્તમ ગુણોના સમૂહથી મનોહર, રૂપમાં જાણે બીજા ઇન્દ્ર હોય એવા ઇન્દ્રભૂતિની તેજસ્વી આકૃતિ જોઈને લોકો બોલતા કે જાણે કલિની બીકથી બધા ગુણો એમનામાં એકત્ર થયા ન હોય!

પિખ્ખવિ નિરૂવમ રૂવ જાસ
જણ જંપે કિંચિય,
એકાકી કલિભીત ઇત્થ
ગુણ મ્હેલ્યા સંચિય.

ઇન્દ્રભૂતિની વિદ્યાનું તેજ એટલું બધું હતું કે એની આગળ કોઈ વિદ્વાન, દેવોના ગુરુ બૃહસ્પતિ કે અસુરોના ગુરુ કવિ શુક્રાચાર્ય પણ ટકી ન શકતા. ઇન્દ્રભૂતિ પોતાના પાંચસો ગુણવાન શિષ્યોના પરિવાર સાથે ચાલે છે. તેઓ હમેશાં પોતાની મિથ્યાબુદ્ધિથી મોહિત થઈ યજ્ઞકાર્ય કરે છે, પણ ભવિષ્યમાં એમની એ છલપ્રવૃત્તિ દૂર થશે અને તે એમનાં ચારિત્ર્ય, જ્ઞાન અને દર્શનને વિશુદ્ધ કરશે.

નહિ બુધ નહિ ગુરુ કવિ ન કોઈ
જસુ આગલ રહિઓ,
પંચસયા ગુણપાત્ર છાત્ર
હિંડે પરવરિઓ;
કરે નિરંતર યજ્ઞકર્મ
મિથ્યામતિ મોહિય,

ઇણ છલ હોશે ચરણ નાણ
દંસણહ વિસોહિય.

બીજી ઢાલમાં કવિ, ભગવાન મહાવીર સ્વામી પાવાપુરી પધારે છે તે સમયે દેવો ત્યાં સમવસરણ* ની રચના કરે છે તે પ્રસંગનું આલેખન કરે છે. સમવસરણમાં સિંહાસન ઉપર ભગવાન બિરાજે છે તે જ ક્ષણે મોહ અદૃશ્ય થઈ જાય છે તથા ક્રોધ, માન માયા, મદ, દિવસ ઊગતાં જેમ ચોર નાસી જાય છે તેમ, નાસી જાય છે. જુઓ :

ત્રિભુવન ગુરુ સિંહાસન બઈઠ્ઠા,
તતખિણ મોહ દિગંતે પઈઠ્ઠા.
ક્રોધ માન માયા મદપુરા,
જાયે નાઠા જિમ દિન ચૌરા.

ભગવાનની વાણી સાંભળવા માટે દેવો, મનુષ્યો, કિન્નરો અને રાજાઓ સમવસરણ તરફ જઈ રહ્યા છે ત્યારે ઇન્દ્રભૂતિ મનમાં વિચારે છે કે એ બધા પોતાના યજ્ઞકાર્યના સમારંભમાં આવી રહ્યા છે. પરંતુ તેઓ બધા જ્યારે ભગવાનના સમવસરણમાં પહોંચ્યા અને યજ્ઞમાં ન આવ્યા ત્યારે ઇન્દ્રભૂતિ ક્રોધ અને અભિમાનથી તેઓને મૂર્ખ અને અજ્ઞાની ગણવા લાગ્યા.

ત્રીજી ઢાલમાં કવિ મહાવીર સ્વામી અને ઇન્દ્રભૂતિના પ્રથમ મિલનનો પ્રસંગ વર્ણવે છે. ઇન્દ્રભૂતિ અભિમાનથી ગર્જના કરતા જિનેશ્વર કોણ છે એ જોવા સમવસરણ તરફ આવે છે, પરંતુ ત્યાંનું દૃશ્ય જોઈને તેઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. તે વખતે જ્ઞાનથી જાણી લઈને ભગવાન મહાવીર સ્વામી અમૃતમય વાણીથી ઇન્દ્રભૂતિને

*તીર્થંકર જે સ્થળે પધારે તે સ્થળે તેમની દેશના (ઉપદેશ) સાંભળવા માટે દેવો તરફથી કરવામાં આવતી વિશિષ્ટ પ્રકારની રચના અને તે સમયે પરિષદરૂપે એકત્ર થયેલો સમુદાય એટલે 'સમવસરણ.'

એમનું નામ દઈ બોલાવે છે. એમના મનમાં જે કંઈ શંકાઓ ચાલતી હતી તે પૂછ્યા વગર ભગવાને કહી બતાવ્યા અને વેદનાં પદો વડે જ શંકાઓનું નિરાકરણ કર્યું. એથી ઇન્દ્રભૂતિ અત્યંત પ્રભાવિત થઈ ગયા અને તે જ સમયે અભિમાન મૂકી પોતાના પાંચસો શિષ્યો સાથે ભગવાન પાસે તેમણે વ્રત સ્વીકાર્યું. આ પ્રસંગો વર્ણવતી કવિની કેટલીક પંક્તિઓ જુઓ :

તવ ચઢિઓ ઘણમાનગજે
ઈંદભૂઈ ભૂદેવ તો,
હુંકારો કરિ સંચરિઓ,
કવણસુ જિણવર દેવ તો.

... ...

સહસકિરણ સમ વીરજિણ,
પેખવિ રૂપવિશાલ તો,
એહ અસંભવ સંભવે એ,
સાચો એ ઇન્દ્રજાલ તો.

... ...

તો બોલાવે ત્રિજગગુરુ ઇંદભૂઇ નામેણ તો,
શ્રીમુખે સંશય સામિ સવે, ફેડે વેદપએણ તો.

... ...

માન મેલ્હી મદ ઠેલી કરી,
ભગતે નામે સીસ તો,
પંચ સયાસું વ્રત લીયો એ,
ગોયમ પહિલો સીસ તો.

ઇન્દ્રભૂતિ હવે ભગવાનના પહેલા ગણધર ગૌતમસ્વામી બને છે. ચોથી ઢાલમાં કવિ ગૌતમસ્વામીના જીવનની કેટલીક મહત્ત્વની ઘટનાઓનું નિરૂપણ કરે છે. ભગવાન મહાવીરનું જ્યાં જ્યાં સમવસરણ

રચાતું ત્યાં ત્યાં ગૌતમસ્વામી અવધિજ્ઞાનથી લોકોનાં મનની શંકાઓ જાણીને તે પ્રમાણે ભગવાનને પ્રશ્નો પૂછતા અને ભગવાનના ઉત્તર દ્વારા લોકોની શંકાઓનું નિરાકરણ કરાવતા. કવિ લખે છે:

સમવસરણ મોઝાર જે જે સંસા ઉપજે એ,
તે તે પરઉપગાર કારણ પૂછે મુનિપવરો.

ગૌતમસ્વામીને પોતાના ગુરુ ભગવાન મહાવીર પ્રત્યે દૃઢ અનુરાગ-ભક્તિ થઈ હતી પરંતુ તે જ તેમની કેવળજ્ઞાન પ્રાપ્તિમાં અંતરાયરૂપ બની હતી. એટલે એમના જીવનનો મોટો વિરોધાભાસ એ હતો કે તેઓ જેને જેને દીક્ષા આપતા તેને તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું હતું. પરંતુ ખુદ પોતાને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નહોતું.

જિહાં જિહાં દીજે દિક્ખ
તિહાં તિહાં કેવલ ઉપજે એ,
આપ કન્હે અણહુંત
ગોયમ દીજે દાન ઇમ.
ગુરુ ઉપરે ગુરુભત્તિ
સામી ગોયમ ઉપનીય,
ઈણ છલ કેવલનાણ,
રાગ જ રાંખે રંગ ભરે.

ભગવાનની દેશના સાંભળીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ અર્થે ગૌતમસ્વામી અષ્ટાપદગિરિની તીર્થયાત્રાએ જાય છે. ત્યાં તળેટીમાં પંદરસો તાપસો હતા જેઓ ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં પણ એ ઉત્તુંગ ગિરિ પર જઈ શકયા નહોતા. એમણે ભારે શરીરવાળા ગૌતમસ્વામીને જોયા. ગિરિ ઉપર ગૌતમસ્વામી કેવી રીતે ચઢી શકશે એવી શંકા તેઓ કરવા લાગ્યા. ત્યાં તો સૂર્યનાં કિરણોની સહાય વડે ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત ઉપર ચઢી ગયા અને ત્યાં જિનેશ્વર ભગવાનોની પ્રતિમાઓની પૂજા કરી. પાછા ફરતાં એમણે પંદરસો તાપસોને

પ્રતિબોધ કર્યો અને પોતાનો અમૃતઝરતો અંગૂઠો રાખી, ખીર, ખાંડ તથા ઘીવાળા એક જ પાત્રમાંથી બધા જ તાપસોને પારણું કરાવ્યું. એથી શુભ ભાવ ઉત્પન્ન થતાં તાપસોને કેવળજ્ઞાન થયું, પરંતુ ભગવાન પ્રત્યેના અનુરાગને કારણે ગૌતમસ્વામીને હજુ કેવળજ્ઞાન થયું નહોતું. કવિ લખે છે:

ખીર ખાંડ ઘૃત આણુ,
અમિઅ વૂઠ અંગુઠ ઠવિ,
ગોયમ એકણુ પાત્ર,
કરાવઇ પારણું સવે.

... ...

પંચસર્યા શુભ ભાવ,
ઉજ્જવલ ભરિયો ખીર મિસે
સાચા ગુરુ સંજોગ,
કવલ તે કેવલ રૂપ હુઓ.

એ કેવળજ્ઞાન ગૌતમસ્વામીને કેવી રીતે થાય છે તે કવિ વર્ણવે છે. પાંચમી ઢાલમાં મહાવીરસ્વામી પાવાપુરી પધાર્યા હતા ત્યારે તેમણે ગૌતમસ્વામીને દેવશર્મા નામના એક બ્રાહ્મણને પ્રતિબોધ કરવા માટે હેતુપૂર્વક મોકલ્યા. એને પ્રતિબોધ પમાડી ગૌતમસ્વામી જ્યારે પાછા ફરતા હતા ત્યારે તેમણે રસ્તામાં જાણ્યું કે ભગવાન નિર્વાણ પામ્યા છે. કેવળજ્ઞાની ભગવાને પોતાનો નિર્વાણસમય જાણતા હોવા છતાં ગૌતમસ્વામીને એની વાત ન કરી, એટલું જ નહિ એ સમયે એમને દૂર રાખ્યા એથી ગૌતમસ્વામીને પ્રથમ ખેદ થયો, પરંતુ પછીથી તત્ત્વતઃ વિચારતાં એમને સમજાયું કે ભગવાન પ્રત્યેનો દૃઢ અનુરાગ જ એ ખેદનું કારણ હતું. અનુરાગને કારણે જ પોતાને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નહોતું. એ પ્રમાણે વિચારતાં વિચારતાં, અનુરાગરહિત સ્થિતિ પ્રાપ્ત થતાં, ગૌતમસ્વામી ઉચ્ચતર આધ્યાત્મિક સ્થિતિએ

પહોંચ્યા અને વહેલી પરોઢમાં એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. કેવળજ્ઞાન-પ્રાપ્તિનો એ પ્રસંગ ઊજવીને દેવોએ જયજયકાર કર્યો.

ભગવાનના નિર્વાણના સમાચાર સાંભળી ગૌતમસ્વામીને પ્રથમ કેવો વિચાર આવે છે તે વર્ણવતાં કવિ લખે છે :

કણ સમો એ સામિય દેખી
    આપ કન્હે હું ટાલિઓ એ,
જાણતો એ તિહુઅણનાહ
    લોકવિવહાર ન પાલિઓ એ.
અતિ ભલું એ કીધલું સામી
    જાણ્યું કેવલ માગશે એ,
ચિંતવયું એ બાલક જિમ
    અહવા કેડે લાગશે એ.

આ રાસની છેલ્લી છઠ્ઠી ઢાલ આખી રાસકૃતિના શિરમોર સમી બની છે. કવિની કવિત્વશક્તિની વિશેષ પ્રતીતિ આ ઢાલ કરાવે છે. રાસના રચયિતા આ કવિ કથાને માત્ર પરંપરાગત પદ્યદેહ આપીને જ અટકી જતા નથી, પરંતુ તેને કાવ્યમય બનાવે છે, ગૌતમસ્વામી-ના મહિમાનું અલંકારમંડિત આલેખન કરતાં કવિ જે ઉલ્લાસ અનુભવે છે તેની સાક્ષી ઉપમાઓની હારમાળાયુક્ત આ પંક્તિઓ પૂરે છે :

જિમ સહકારે કોયલ ટહુકે,
જિમ કુસુમહ વન પરિમલ મહકે,
        જિમ ચંદન સોગંધનિધિ;
જિમ ગંગાજલ લહેરે લહેકે,
જિમ કણયાચલ તેજે ઝલકે,
        તિમ ગોયમ સૌભાગ્યનિધિ.

જિમ માનસરોવર નિવસે હંસા,
જિમ સુરવરસિર કણયવતંસા,
જિમ મહુયર રાજીવ વને;
જિમ રયણાયર રયણે વિલસે,
જિમ અંબર તારાગણ વિકસે,
તિમ ગોયમ ગુણ કેલિ વને.
પુનમનિશિ જિમ શશિહર સોહે,
સુરતરૂ મહિમા જિમ જગમોહે,
પૂરવ દિસિ જિમ સહસકરો;
પંચાનન જિમ ગિરિવર રાજે,
નરવરઘર જિમ મયગલ ગાજે
તિમ જિનશાસન મુનિપવરો.
જિમ સુરતરૂવર સોહે શાખા,
જિમ ઉત્તમ મુખ મધુરી ભાષા,
જિમ વનકેતકી મહમહેએ;
જિમ ભૂમિપતિ ભુયબલ ચમકે,
જિમ જિનમંદિર ઘંટા રણકે,
તિમ ગોયમ લબ્ધે ગહગહેએ.

આ સાથે ગૌતમસ્વામીના નામસ્મરણ-મહિમાનો લૌકિક પ્રભાવ વર્ણવી, કૃતિની રચના સાલોનો નિર્દેશ કરી, કૃતિની ફલશ્રુતિ જણાવી કવિ આ રાસ પૂરો કરે છે.

આપણા રાસાસાહિત્યના વિકાસકાળમાં આ રાસકૃતિ એના આરંભકાળની લાક્ષણિકતાઓવાળી છે. માત્ર ૬૧ કડીની આ રચના કદની દૃષ્ટિએ દીર્ઘ નથી. એની સઘનતાની છાપ વાંચતાંની સાથે જ વાચકના ચિત્ત પર પડે છે. ઉત્તરકાલીન રાસાઓમાં સામાન્ય રીતે બે

ઢાલની વચ્ચે દુહાની પંક્તિઓ યોજવામાં આવતી, જેમાં આગળની ઢાલમાં નિરૂપાઈ ગયેલી અને પછીની ઢાલમાં વર્ણવવામાં આવનાર ઘટનાઓનો સંક્ષેપમાં નિર્દેશ કરવામાં આવતો. પૂર્વકાલીન કેટલીક કૃતિઓમાં દુહાને સ્થાને 'વસ્તુછંદ'ની પંક્તિઓ મૂકવામાં આવતી. એ લયબદ્ધ ગદ્યપંક્તિઓમાં આગળપાછળની ઢાલમાં નિરૂપાયેલ ઘટનાઓનો નિર્દેશ કરવામાં આવતો. આ રાસકૃતિમાં 'વસ્તુછંદ'માં માત્ર પૂર્વની ઢાલનો વૃત્તાંત કહેવામાં આવ્યો છે; જોકે છઠ્ઠી ઢાલ પછી 'વસ્તુછંદ'ની પંક્તિઓ નથી. કવિની 'વસ્તુછંદ'ની અનુપ્રાસયુક્ત લયબદ્ધ પંક્તિઓમાંથી નમૂનારૂપ થોડી પંક્તિઓ જુઓ :

'ઇંદભૂઈઅ ઈંદભૂઈઅ ચઢે ય બહુમાન હુંકારો કરી કંપતો સમવસરણ પહોતો તુરત. ઈહ સંસા સામિ સવે, ચરમનાહ ફેડે ફુરંત, બોધિ બીજ સંજાય મને, ગોયમ ભવહ વિરત્ત. દિક્ખા લેઈ સિક્ખા સહિય ગણહરપય સંપત.'

કવિ વિનયપ્રભે આ લઘુ રાસકૃતિમાં ગૌતમસ્વામીના જન્મથી માંડીને કેવળજ્ઞાન સુધીના મહત્ત્વના પ્રસંગોનું સચોટ, રસિક અને ચમત્કૃતિયુક્ત નિરૂપણ કર્યું છે. ભાષાનું લાઘવ, પ્રસંગાનુરૂપ પદાવલિ, પ્રાસાનુપ્રાસ તથા ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, વ્યતિરેકાદિ અર્થાલંકારો, દેશીઓની વિવિધતા, પંક્તિઓની લયબદ્ધતા ઇત્યાદિ વડે આ રાસકૃતિ કાવ્યગુણથી સંપન્ન અને સભર બની છે અને તેથી આપણે મહત્ત્વની રાસકૃતિઓમાં તે અગ્રગણ્ય સ્થાન ધરાવે છે.

ત્રિભુવનદીપકપ્રબંધ

વિક્રમના પંદરમા શતકના કવિ શ્રી જયશેખરસૂરિની પ્રતિભા ખરેખર એક મહાકવિની છે. મધ્યકાળના ગણનાપાત્ર ઉત્તમ કવિઓમાં તેમનું સ્થાન મહત્ત્વનું છે. એમણે ગુજરાતી ભાષા કરતાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં પોતાનું લેખન વિશેષ કરેલું છે, અને તેમાં જ મહાકવિની તેમની પ્રતિભાનાં આપણને દર્શન થાય છે. એમણે બાર હજાર શ્લોકથી અધિક પ્રમાણવાળો 'ઉપદેશચિંતામણિ' નામનો ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો છે. આ ઉપરાંત એમણે 'ધમ્મિલચરિતમહાકાવ્ય' અને 'જૈન કુમારસંભવ' નામનાં બે મહાકાવ્યો લખ્યાં છે. એ મહાકાવ્યો જ એમની મહાકવિ તરીકેની સિદ્ધિનાં દર્શન કરાવવાને બસ છે. આ મહાકાવ્યો ઉપરાંત એમણે 'પ્રબોધચિંતામણિ', 'શત્રુંજયતીર્થદ્વાત્રિંશિકા', 'ગિરનારગિરિદ્વાત્રિંશિકા', 'મહાવીરજિનદ્વાત્રિંશિકા', 'આત્માવબોધકુલક' ઇત્યાદિ ગ્રંથોની રચના કરી છે. ગુજરાતીમાં એમણે પોતાના સંસ્કૃત રૂપકકાવ્ય 'પ્રબોધચિંતામણિ' પરથી 'ત્રિભુવનદીપકપ્રબંધ'ની રચના કરી છે.

જયશેખરસૂરિ અંચલ ગચ્છના હતા. તેમના ગુરુ મહેન્દ્રપ્રભસૂરિ

હતા. મેરુતુંગસૂરિ અને મુનિશેખરસૂરિ તેમના ગુરુબંધુઓ હતા. જયશેખરસૂરિ પોતાના ' જૈન કુમારસંભવ ' ના અંતિમ શ્લોકમાં પોતાને ' વાણીદત્તવર ' તરીકે ઓળખાવે છે. એમની સમર્થ કવિપ્રતિભાની કીર્તિ એમના જમાનામાં ચારે બાજુ એટલી બધી પ્રસરેલી હતી કે બીજા કેટલાયે કવિઓ તેમની પાસે પ્રેરણા મેળવતા. માણિકયસુંદરસૂરિ, ધર્મશેખરસૂરિ, માનતુંગગણિ ઇત્યાદિ કવિઓની પ્રતિભા એમની છાયા નીચે જ ઘડાઈ હતી.

' ત્રિભુવનદીપક પ્રબંધ ' જયશેખરસૂરિએ તત્કાલીન ગુજરાતી ભાષામાં રચેલી એક અત્યંત મહત્ત્વપૂર્ણ કૃતિ છે. નરસિંહ પૂર્વેની ગુજરાતી કાવ્યકૃતિઓમાં અને વિશેષતઃ રૂપકના પ્રકારની કૃતિઓમાં ' ત્રિભુવનદીપકપ્રબંધ'નું સ્થાન ઘણી ઉચ્ચ કક્ષાનું છે. જયશેખરસૂરિએ ' પ્રબોધચિંતામણિ' નામનું રૂપક કાવ્ય સંસ્કૃત ભાષામાં લખ્યું અને સંસ્કૃત જાણનાર લોકોને એ એટલું બધું ગમી ગયું કે જેથી પ્રોત્સાહિત થઈ સંસ્કૃત ન જાણનાર સામાન્ય વર્ગ માટે એમને ગુજરાતી ભાષામાં એ કાવ્ય ઉતારવાનું મન થયું. મૂળ સંસ્કૃત કાવ્યની એકેએક ખૂબી એમણે આ ગુજરાતી કાવ્યમાં ઝીણવટથી ઉતારી છે.

રૂપકગ્રંથીનો પ્રકાર આપણા સાહિત્યમાં અન્ય કાવ્યપ્રકારોના મુકાબલે જેટલો જોઈએ તેટલો ખીલ્યો નથી. આમ છતાં જે થોડીક સંસ્કૃત કૃતિઓનું સર્જન થયું છે તે નોંધપાત્ર છે. સંસ્કૃત સાહિત્યમાં પંડિત કૃષ્ણમિશ્ર કૃતનાટક ' પ્રબોધચન્દ્રોદય ' રૂપકગ્રંથીનો એક ઉત્તમ નમૂનો છે. આ ઉપરાંત ' મોહરાજ-પરાજય નાટક', ' જ્ઞાનચંદ્રોદય', 'માયાવિજય', 'જ્ઞાનસૂર્યોદય', 'જીવાનંદન', ' પ્રબોધચિંતામણિ ' ઇત્યાદિ કૃતિઓ રૂપકગ્રંથીના પ્રકારની છે. અંગ્રેજી ભાષામાં કવિ બનિયનનું 'Pilgrim's Progress ' એ રૂપકગ્રંથીના પ્રકારનું એક સુપ્રસિદ્ધ છે. ગુજરાતી ભાષામાં ' ત્રિભુવનદીપકપ્રબંધ ' ઉપરાંત પ્રેમાનંદકૃત કાવ્ય ' વિવેકવણઝારો', જીવરામ ભટ્ટ કૃત ' જીવરાજશેઠની મુસાફરી',

કવિ દલપતરામકૃત 'હુન્નરખાનની ચડાઈ' વગેરે કૃતિઓ રૂપકગ્રંથી તરીકે સુપરિચિત છે. આ ઉપરાંત જેમાં તન, મન, આત્મા ઇત્યાદિને માટે રૂપક યોજવામાં આવ્યાં હોય એવા નાનાં નાનાં રૂપકકાવ્યો તો ગુજરાતીમાં સંખ્યાબંધ લખાયાં છે.

રૂપકગ્રંથી અંગ્રેજી એલેગરીને મળતો પ્રકાર છે. એમાં માણસનાં ગુણ, અવગુણ, સ્વભાવ, વિચારો, પ્રવૃત્તિ ઇત્યાદિને હરતીફરતી જીવંત વ્યક્તિ તરીકે કલ્પવામાં આવે છે અને એના સ્વાભાવિક વર્તન પ્રમાણે એની વાર્તા ગૂંથવામાં આવે છે. આમાં રૂપકકારે મહત્ત્વની વસ્તુ ખ્યાલમાં રાખવાની હોય છે તે એ છે કે દરેક પાત્રનું વર્તન એની સ્વાભાવિક ખાસિયત પ્રમાણે જ બતાવવામાં આવ્યું હોય. એટલે કે ઔચિત્યપૂર્ણ આલેખન એ જ એની મોટામાં મોટી ખૂબી, મોટામાં મોટી સિદ્ધિ અને મોટામાં મોટી કસોટી હોય છે. જે રૂપક ઔચિત્યપૂર્ણ આલેખન ધરાવતું નથી હોતું તે વાંચવામાં વાચકને રસ પડતો નથી હોતો. રૂપકગ્રંથીમાં જેમ વધારે પાત્રો અને જેમ એની કથા વધારે લંબાતી જાય તેમ તેના કવિની કસોટી વધારે. એટલે જ દીર્ઘ સાતત્યવાળી રૂપકગ્રંથીઓનું સર્જન કરવું એ એક કપરું કાર્ય મનાય છે. સામાન્ય વ્યવહારમાં 'સંસારસાગર', 'માનવ મહેરામણ', 'જીવનનાવ', 'કાલગંગા' ઇત્યાદિ શબ્દરૂપકો આપણે પ્રયોજીએ છીએ. પરંતુ એક આખી રૂપકગ્રંથીની વાર્તાસૃષ્ટિ કેવી હોય છે તે 'ત્રિભુવનદીપકપ્રબંધ'ની કથા પરથી વધારે સ્પષ્ટ રીતે સમજાશે. એ કથા આ પ્રમાણે છે :

પરમહંસ નામનો એક અત્યંત તેજસ્વી રાજા ત્રિભુવનમાં રાજ્ય કરે છે. એની રાણીનું નામ ચેતના છે. રાજા અને રાણી બન્ને આનંદપ્રમોદમાં પોતાનો સમય પસાર કરે છે. કવિ લખે છે :

તેજવંત ત્રિહુભુવન-મઝારિ
પરમહંસ નરવર અવધારિ
જેહ જપતાં નવિ લાગઈ પાપ,
દિનિ દિનિ વાધઈ અધિક પ્રતાપ
બુદ્ધિમહોદધિ બહુ બલવંત
અકલ અજેઉ અનાદિ અનંત
ક્ષણિ અમરગણિ ક્ષણિ પાયાલિ,
ઇચ્છાં વિલસઈ તે ત્રિહુકાલિ
રાણી તાસુ ચતુર ચેતના
કેતા ગુણ બોલઉં તેહના ?
રાઉ રાણી બે મનનઈ મેલિ,
ફિરિ ફિરિ કરઈ કુતૂહલ કેલિ.

એક વખત રાજા પરમહંસનું મન માયા નામની રમણીના રૂપમાં લપટાય છે. એ વખતે રાણી ચેતના રાજાને માયાનો સંગ ન કરવા સમજાવે છે અને ચેતવે છે કે માયાના મોહમાં પડવાથી તેઓ પોતાનું રાજ્ય ગુમાવી સંસારમાં પડશે. પરંતુ રાજા તે માનતો નથી. એટલું જ નહિ માયાના મોહમાં રાજા પોતાની રાણી ચેતનાનો પણ ત્યાગ કરે છે. પરિણામે રાજાનું ત્રિભુવનનું રાજ્ય ચાલ્યું જાય છે. છેવટે રાજા કાયાનગરી વસાવી તેમાં રહીને સંતોષ માને છે.

રાજા પોતે પોતાની આ કાયાનગરીનો વહીવટ પોતાના મન નામના અમાત્યને સોંપે છે. દુષ્ટ વૃત્તિવાળો મન રાજાને બંધનમાં નાખી, જેલમાં પૂરી પોતે રાજા થઈ બેસે છે અને આખા રાજ્યને ધૂળધાણી કરી નાખે છે. હવે રાજા પરમહંસને રાણી ચેતનાની કોઈ શિખામણ ન માનવાને લીધે પશ્ચાત્તાપ થાય છે. પરંતુ એને હવે કોઈ છોડાવનાર નથી.

મનને પ્રવૃત્તિ અને નિવૃત્તિ નામની બે પત્ની છે. પ્રવૃત્તિનો પુત્ર

તે મોહ અને નિવૃત્તિનો પુત્ર તે વિવેક. પ્રવૃત્તિ મનને વશ કરી લે છે. એને સમજાવી નિવૃત્તિ તથા એના પુત્ર વિવેકને દેશવટો અપાવે છે અને પોતાના પુત્ર મોહને રાજ્ય અપાવે છે. મનનો પુત્ર મોહ હવે અવિદ્યા નગરી સ્થાપી ત્યાં રાજ કરે છે. આ અવિદ્યા નગરી કેવી છે? કવિ વર્ણવે છે:

અવિદ્યા–નગરી, ગઢ અજ્ઞાન, તૃષ્ણા ખાઈ, મોહું માન;
કદાચારુ કોસીસાંઉલિ, ચ્યારિઈ દુગર્તિ વહિતી પોલિ;
વિષયવ્યાપ વારૂ આરામ, મંદિર અશુભાં મન પરિણામ.

કામાસન જે કહિયાં પુરાણિ, ચઉરાસી ચહુટાં તે જાણિ;
ભૂરિ ભવંતર સેરી હુઈ, કૂડબુદ્ધિ તે ઘરિ ઘરિ કુઈ.

મમતા પાદ્દતણી રખવાલિ, કુમત સરોવર મિથ્યા પાલિ;
નિર્વિચારુ નિવસઇં તિહાં લોક, થોડઇ ઉચ્છવ થોડઇં શોક.

મોહની રાણીનું નામ દુર્મતિ છે. એના પુત્રો તે કામ, રાગ અને દ્વેષ છે. એની પુત્રીઓ તે નિદ્રા, અધૃતિ અને મારિ (હિંસા) છે.

મોહનઈ રાણી દુર્મતિ નામ, બેટઉ બલવંત જેઠઉ કામ,
રાગદ્વેષ બે બેટા લહૂય, નિદ્રા અધૃતિ મારિ એ ધૂઅ.

પોતાને રહેવા માટે અનુકૂળ સ્થળ ન મળતાં મનની પત્ની નિવૃત્તિ અને તેનો પુત્ર વિવેક પ્રવચનપુરીમાં શમ અને દમ નામના વૃક્ષની છાયામાં બેસે છે. ત્યાં કુલપતિ વિમલ બોધને વંદન કરી પોતાના સુખનો પ્રશ્ન કરે છે. વિમલબોધ પોતાની પુત્રી સુમતિને વિવેક સાથે પરણાવવાની વાત કરે છે, અને પ્રવચન નગરીના રાજા અરિહંતરાયને પ્રસન્ન કરીને એમની પાસેથી કંઈ કાર્યસિદ્ધિ મેળવવા સૂચવે છે. નિવૃત્તિ અને વિવેક તે પ્રમાણે કરે છે. વિવેક પ્રવચન નગરીમાં વસી અરિહંતરાયની આજ્ઞા મુજબ કાર્ય કરી તેમને પ્રસન્ન કરે છે. અરિહંતરાય વિવેકને પુણ્યરંગ–પાટણ નામની નગરીનો રાજા બનાવે છે.

વળી સાથે સાથે એને એમ પણ સમજાવે છે કે જો વિવેક પોતાની પુત્રી સંયમશ્રી સાથે લગ્ન કરશે તો દુશ્મનદળનો સહેલાઈથી નાશ કરી શકશે. પરંતુ વિવેક બે સ્ત્રીના પતિ થવાની પોતાની ઇચ્છા નથી એમ કહે છે.

હઉં કિમ પરણઉ સંયમસિરિ ?
　　ઈક છઈ આગઈ અંતેઉરી;
નીદ્ર ન સૂઈ ભૂખ ન જિમઈ,
　　કલિ–ભાગઉ ઘર બાહિર ભમઈ;
જીણઈ નારી દોઈ પરિગ્રહી,
　　દોઈ ભવ વિણુઠા તેહના સહી.
બિ કીજઈ જઈ કિમઈ કલત્ર,
　　મનસા હોઈ સહી વિચિત્ર
ઈક આઘી ઈક પાછી કરઈ,
　　તિણિ પાપિ નર ગૂડા ભરઈ.
એક ધરણિ તાં ઘરની મેઢિ,
　　બીજી હૂઈ તઉ વાધી વેઢિ;
બિહૂંનઉ મન છાચરતું રુલઈ
　　પચ્છઈ પચ્છાતાવે બલઈ.

દિવસે દિવસે વિવેકના રાજ્યનો જેમ જેમ વિસ્તાર અને પ્રભાવ વધતો જાય છે તેમ તેમ એના સમાચારથી મોહ રાજા ક્ષોભ અનુભવે છે. તે પોતાના દંભ નામના એક ગુપ્તચર મારફત વિવેકની પોતાના રાજ્ય ઉપર આક્રમણ કરવાની ઇચ્છા જાણી લે છે. એટલે તે પોતાના પુત્ર કામને પુણ્યરંગ નગરી ઉપર આક્રમણ કરી વિવેક સાથે યુદ્ધ કરવા મોકલે છે. કામ જાય ત્યાં દરેકમાં કામવાસના જાગૃત કરતો બધાને વશ કરવા લાગે છે. આવે વખતે જો પોતે સંયમશ્રી સાથે

લગ્ન નહિ કરી લે તો કામ પોતાને પણ વશ કરી લેશે એવો ભય લાગવાથી વિવેક પોતાની નગરી છોડી પ્રવચન નગરીમાં જાય છે. જે લોકો પુણ્યરંગ નગરીમાં રહ્યા હતા તેઓ બધા કામવશ બની ગયા. એ રીતે કામે પોતે વિજય મેળવ્યો, પરંતુ વિવેક પર વિજય ન મેળવાયો. એટલો એનો વિજય અપૂર્ણ હતો.

વિવેક પ્રવચન નગરી જઈ સંયમશ્રી સાથે લગ્ન કરે છે. એ પ્રસંગે ત્યાં મોટો ઉત્સવ થાય છે. કવિ વર્ણન કરે છે :

પહિલું થિરુ વન થિર હૂઆં એ,
જણ દીજઈ બીડાં જૂજૂઆં એ,
લેઇ લગન વધાવિઉં એ,
વિણ તેડા સહૂઈ આવિઉં એ,
ગેલિહિં ગોરડી એ,
પકવાને ભરિંઈ ઓરડીએ;
ફલકે ફિરઈ એ,
વરવયણિ અમીરસ નિતું ઝરઈ એ.
સંયમસિરિ જગદ્દુહલી એ,
પ્રિય પેખી ગુણનિધિ ગહગહીએ;
પુહતઉ મંડપ સાસરઈ એ,
વર બઈઠઉ પ્રવચન-માહરઈએ.

સંયમશ્રી સાથે લગ્ન કરીને, તપ નામનાં હથિયારો સાથે મોટું સૈન્ય સજ્જ કરીને વિવેક મોહરાજા ઉપર આક્રમણ કરે છે. બન્ને વચ્ચે યુદ્ધ થાય છે. તેમાં મોહનું સૈન્ય હારી જાય છે અને મોહ પોતે યુદ્ધમાં માર્યો જાય છે. પોતાના પુત્ર મોહના અવસાનથી મન અને એની પત્ની પ્રવૃત્તિને ઘણું દુઃખ થાય છે. પરંતુ પોતાના બીજા પુત્ર વિવેકના સમજાવવાથી મન ઇન્દ્રિયોને જીતી, ધ્યાનરૂપી અગ્નિમાં

પ્રજ્વલિત થાય છે. વિવેકે પોતાના પિતા મનને આપેલો ઉપદેશ આ પ્રમાણે છે :

> પાઈ લાગિય પાઈ લાગિય વલિ સુવિવેક;
> સીખામણ દિ ઈસી, તુમ્હી તાત ! એ કિસિઉં મડિઉં ?
> પરમેશ્વર અણુસરઉ, મોહતણુઉ અંદોહ છંડિઉં,
> સમતા સઘલી આદરઉ, મમતા મુંકઉ દૂરિ;
> ચ્યારિ હણી, પાંચઈ જિણી, ખેલઉ સમરસ પૂરિ.
> એક અક્ષર એક અક્ષર અછઈ ॐ કાર;
> તિણિ અક્ષરિ થિર થઈ રહઉ, પામઉ પરમાનંદ.

(મોહનો અંદોહ છોડી પરમેશ્વરને અનુસરો, સઘળે સમતા આદરો, મમતા દૂર કરો, ચાર કષાયોને હણી, પાંચ ઇન્દ્રિયોને જીતી સમરસના પૂરમાં ખેલો અને એક ॐ કાર અક્ષરમાં સ્થિર થઈ રહી પરમાનંદ પામો).

વિવેક આમ, જ્યારે મોહનો પરાજય કરી રાજ્ય પાછું મેળવે છે ત્યારે ચેતના રાણી અજ્ઞાતવાસમાંથી બહાર આવી વિવેકની મદદ વડે પરમહંસ રાજાને કાયા નગરીના અને માયાના બંધનમાંથી મુક્ત કરાવે છે. એ રીતે પરમહંસ રાજા ત્રિભુવનનું રાજ્ય ફરીથી કરવા લાગે છે.

આમ, આ રૂપકકાવ્યમાં જયશેખરસૂરિએ રૂપક દ્વારા આત્મા, ચેતના, માયા, પ્રવૃત્તિ, નિવૃત્તિ, મોહ, વિવેક, સુમતિ, સંયમશ્રી, કામ, રાગ, દ્વેષ વગેરેનાં સ્વરૂપ અને રહસ્ય સુંદર રીતે સમજાવ્યાં છે. આખી રૂપક–વાર્તામાં સાતત્ય, સુસંગતિ અને ઔચિત્ય પૂરેપૂરાં જળવાયાં છે. સારાં અને નરસાં એમ ઉભય પ્રકારનાં ગુણતત્ત્વોને પાત્ર તરીકે કલ્પી, તેમના પરસ્પર સંવાદમય કે સંઘર્ષમય વ્યવહારને આધારે કથાવસ્તુની ગૂંથણી કવિએ એવી રીતે કરી છે કે જેથી કથા રસિક બની છે અને વાચકનું ઉત્તરોત્તર વધતું જતું કૌતુક સાદ્યંત જળવાઈ રહે છે. વ્યાવહારિક આધ્યાત્મિક ઉભય દૃષ્ટિએ રૂપકની

ખીલવણીને કવિએ ક્ષતિરહિત ચમત્કૃતિસહિત બનાવી છે. જૈન સાધુકવિને હાથે આ કૃતિની રચના થઈ હોવાથી તે વાચકને તત્ત્વ-જ્ઞાનની ઉચ્ચતર ભૂમિકા પર લઈ જાય છે. પ્રચારલક્ષી નહિ પણ પ્રસારલક્ષી કહેવાય એવી આ કૃતિમાંથી વાચક ઇચ્છે તો કાવ્યરસની સાથે જ્ઞાનગર્ભિત ઉદ્‌બોધ પણ પામી શકે છે, કારણ કે તેમાં કવિતા અને તત્ત્વજ્ઞાનનો સુભગ સમન્વય થયો છે.

આપણાં મધ્યકાલીન રૂપકકાવ્યોમાં 'ત્રિભુવનદીપકપ્રબંધ' એક શ્રેષ્ઠ કાવ્ય છે.

□

કવિવર સમયસુંદર અને એમની બે રાસકૃતિઓ

(૧) કવિવર સમયસુંદર

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનાર સમર્થ જૈન-કવિઓમાં સમયસુંદરનું સ્થાન વિશિષ્ટ છે. ઈ.સ.ના સોળમા શતકના ઉત્તરાર્ધમાં અને સત્તરમા શતકના પૂર્વાર્ધમાં થઈ ગયેલા આ જૈન સાધુ-કવિએ ગુજરાતી સાહિત્યમાં વિવિધ પ્રકારનો ફાળો આપ્યો છે. વિદ્વાન સાહિત્યકાર તરીકે તેમ જ તપસ્વી સાધુ તરીકે તેમણે ઉચ્ચ પ્રકારની પ્રતિષ્ઠા પોતાના સમયમાં મેળવી હતી.

સમયસુંદરના જીવન વિશે, એમણે પોતે રચેલા ગ્રંથોના આધારે, તેમ જ એમના શિષ્યોએ રચેલી કૃતિઓને આધારે કેટલીક માહિતી મળે છે. સમયસુંદરનો જન્મ મારવાડમાં સાચોરની પ્રાગ્વાટ (પોરવાડ) વણિક જ્ઞાતિમાં થયો હતો. એમની માતાનું નામ લીલાદેવી હતું. એમના પિતાનું નામ રૂપસિંહ હતું. પોતાના જન્મસ્થાન વિષે કવિએ પોતે પોતાની એક કૃતિ 'સીતારામ ચોપાઈ'ના છઠ્ઠા ખંડની ત્રીજી ઢાલમાં આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે :

"મુજ જનમ શ્રી સાચોરમાંહી, તિહાં ચ્યાર માસ રહ્યાં ઉચ્છાહિ;
તિહાં ઢાલ એ કીધી એકે જ, કહે સમયસુંદર ધરી હેજ."

કવિના કવનકાળ તેમજ કાળધર્મ(અવસાન)ના સમય વિશે જેવાં નિશ્ચિંત પ્રમાણો મળે છે તેવાં તેમના જન્મસમય કે બાલ્યકાળ વિશે મળતાં નથી. પરંતુ અન્ય ઉલ્લેખો પરથી એ વિશે કંઈક અનુમાન કરી શકાય છે. સમયસુંદરનો સૌથી પહેલો ગ્રંથ તે "भावशतक". વિક્રમ સંવત ૧૬૪૧માં રચાયેલા આ સંસ્કૃત ગ્રંથમાં તેમણે મમ્મટના કાવ્યપ્રકાશનું અધ્યયન કરી ધ્વનિ વગેરે સૂક્ષ્મ વિષયોની ૧૦૦ શ્લોકમાં ચર્ચા કરી છે, વળી આ ગ્રંથમાં કવિ પોતાને "ગણિ સમયસુંદર" તરીકે ઓળખાવે છે. ગહન વિષય, સંસ્કૃતમાં રચના અને 'ગણિ'નું પદ બતાવે કે આ ગ્રંથની રચના તેમણે પુખ્ત ઉંમરે પહોંચ્યા પછી જ કરી હશે. સં. ૧૬૪૧ માં તેઓ 'ગણિ' હતા, અને આપણે જાણીએ છીએ કે દીક્ષા લીધા પછી 'ગણિ' પદ પ્રાપ્ત કરવા માટે ચાર-પાંચ વર્ષ નહિ, પણ ઓછામાં ઓછાં આઠ-દસ વર્ષની અખંડ સાધનાની અને અવિરત અભ્યાસની આવશ્યકતા છે. તેમાં પણ 'ભાવશતક' જેવા ગ્રંથની રચના કરવા માટે તો અલબત્ત ઊંડા અભ્યાસ અને તલસ્પર્શી જ્ઞાનની અપેક્ષા રહે જ છે. એટલે સમયસુંદરે દીક્ષા સં. ૧૬૩૦ની આસપાસ લીધી હોય તો જ આ શક્ય બને છે.

બાળવયે દીક્ષા લઈ પંદર-વીસ વરસની ઉંમરે સાધુ તરીકે, તેમ જ સંસ્કૃત-પ્રાકૃતના અઠંગ અભ્યાસી અને પ્રખર સાહિત્યકાર તરીકે ઉચ્ચ પ્રકારની સિદ્ધિ દાખવનારી કેટલીક વિરલ વિભૂતિઓ આપણને જોવા મળે છે. જો એ પ્રમાણે સમયસુંદરની બાબતમાં હોય તો તેમણે પણ વીસ-બાવીસ વર્ષની ઉંમરે 'ભાવશતક'ની રચના કરી હોય અને સાધુ તરીકે 'ગણિ'નું પદ મેળવ્યું હોય એમ માની શકાય. પરંતુ એમની બાબતમાં તેમ બન્યું હોય એમ માનવું સંભવિત લાગતું નથી, કારણ કે તેમણે દીક્ષા બાળવયે નહિ, પણ પંદર-વીસ વર્ષની ઉમ્મરે લીધી

હતી. સમયસુંદરના જ શિષ્ય વાદી હર્ષનંદને લખ્યું છે તે પ્રમાણે સમયસુંદરે "નવયૌવન ભર સંયમ સંગ્રહ્યો જી, સઈ હથે શ્રી જિનચંદ." વાદી હર્ષનંદને જ્યારે 'નવયૌવન'નો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે ત્યારે સમયસુંદરે આઠદસ વર્ષની બાળવયે નહિ, પણ અઢાર-વીસ વર્ષની તરુણાવસ્થામાં દીક્ષા લીધી હશે એવું અનુમાન કરીએ તો ખોટું નથી. એ પ્રમાણે દીક્ષાના સમયે એમની ઉમ્મર ઓછામાં ઓછી ૨૦ વર્ષની કલ્પીએ, તો એમનો જન્મ સં. ૧૬૧૦ની આસપાસ થયો હશે એમ માની શકાય. દીક્ષા સમયની એમની ઉમ્મર પ્રમાણે આ જન્મસમય આગળપાછળ મૂકી શકાય. યુગપ્રધાન આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિએ પોતાને હાથે કવિને દીક્ષા આપી હતી અને પોતાના પ્રથમ શિષ્ય સકલચંદ્ર ગણિના શિષ્ય તરીકે એમને જાહેર કરી એમનું 'સમયસુંદર' નામ રાખ્યું હતું.

પોતાની કૃતિઓમાં સમયસુંદરે કે એમને અંજલિ અર્પતાં ગીતોમાં એમના શિષ્યોએ એમના જન્મનામનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. એટલે સાધુતાનો અંગીકાર કરી સમયસુંદર બનતાં પહેલાં એમનું બાળપણનું નામ શું હતું એ વિશે કશું જાણવા મળતું નથી. વસ્તુતઃ એક વખત દીક્ષા લઈ સંસારીપણાનો ત્યાગ કરનાર જૈન સાધુઓને પોતાનું મૂળ નામ જણાવવાની ભાગ્યે જ ઇચ્છા રહે છે. દીક્ષા લેતાં પહેલાં સમયસુંદરે કંઈ અભ્યાસ કર્યો હતો કે નહિ એ વિશે પણ કોઈ ચોક્કસ નિર્દેશ મળતો નથી. મારવાડ, અને તેમાંયે સાચોર જેવા પછાત ગામમાં અભ્યાસ માટે તેમને બહુ અનુકૂળતા મળી હોય એ સંભવિત નથી. દીક્ષા પછી અભ્યાસ માટે તેમને ઘણી તક મળી હતી એમ એમના લખાણ પરથી જાણી શકાય છે.

સમયસુંદરે પોતાનો અભ્યાસ વિશેષતઃ વાચક મહિમરાજ (પછીથી જેઓ શ્રી જિનહર્ષસૂરિ તરીકે ઓળખાતા હતા) અને સમયરાજ ઉપાધ્યાય પાસે કર્યો હતો. એટલે જ તેઓ તેમને બંનેને

પોતાના વિદ્યાગુરુ તરીકે 'ભાવશતક' અને 'અષ્ટલક્ષી' નામની પોતાની કૃતિઓમાં ઓળખાવે છે. જુઓ :

श्री महिमराजवाचक–वाचकवर–समयराजपुण्यानाम् ।
मद्विद्यैक गुरूणां प्रसादतो सूत्रशतकमिदम् ॥ (भावशतक)

* * *

श्रीजिनसिंहमुनीश्वर–वाचकवर–समयराज–गणिराजाम् ।
मदविद्यैकगुरूणामनुग्रहो मेऽत्र विज्ञेयः ॥ (अष्टलक्षी)

'ભાવશતક', 'અષ્ટલક્ષી' અને એવા બીજા વિદ્વત્તાભર્યા ગ્રંથો જોતાં લાગે છે કે કવિએ વાચક મહિમરાજ અને સમયરાજ ઉપાધ્યાય પાસે બેસીને કાવ્યો, ટીકાઓ અને ધર્મશાસ્ત્રોનો ઘણો ઊંડો અભ્યાસ કર્યો હશે. કવિનાં ઉચ્ચ અભ્યાસ, તીક્ષ્ણ બુદ્ધિ, અસાધારણ પ્રતિભા અને તપસ્વી તથા સંયમી સાધુજીવન જોઈને આચાર્યશ્રી જિનચંદ્રસૂરિએ તેમને સં. ૧૬૪૦ના મહા સુદ પાંચમને દિવસે 'ગણિ'નું પદ આપ્યું હતું.

ત્યાર પછી સમ્રાટ અકબરના નિમંત્રણને માન આપી જ્યારે આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ સં. ૧૬૪૮માં લાહોર ગયા ત્યારે તેમની સાથે ગયેલ બીજા ૩૧ સાધુઓમાં સકલચંદ્રગણિ, મહિમરાજ, સમયસુંદર વગેરે પણ હતા. તે સમયે સમયસુંદરે 'राजानो ददते सौख्यम्' આઠ અક્ષરના આ વાક્યના આઠ લાખ અર્થ કરી બતાવી, પોતાની 'અષ્ટલક્ષી' નામની કૃતિ વડે અકબર બાદશાહને પ્રસન્ન કર્યા હતા. સં.૧૬૪૯માં ફાગણ સુદ બીજને દિવસે શ્રી જિનચંદ્રસૂરિએ સમયસુંદરને લાહોરમાં વાચનાચાર્યનું પદ આપ્યું હતું. (એ જ વખતે આચાર્યશ્રીએ વાચક મહિમરાજને આચાર્યની પદવી આપી શ્રી જિનહર્ષસૂરિ એવું નામ આપ્યું હતું.) એટલે જ આ સમય પછી લખાયેલી 'સાંબપ્રદ્યુમ્નરાસ", 'ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ', 'મૃગાવતીચરિત્ર' વગેરે કૃતિઓમાં સમયસુંદર પોતાને 'વાચક સમયસુંદર' તરીકે ઓળખાવે

છે. આ સમય દરમ્યાન સમયસુંદરે ગુજરાતી ભાષામાં રાસ, પ્રબંધ, ગીતો, સ્તવનો, છત્રીસી વગેરે પ્રકારની કાવ્યકૃતિઓ લખવી શરૂ કરી દીધી હતી.

વાચનાચાર્યની પદવી પછી વીસ કે એકવીસ વર્ષે સમયસુંદરને પાઠક એટલે કે ઉપાધ્યાયની પદવી મળી હતી. આચાર્યશ્રી જિનસિંહસૂરિએ લવેરા મુકામે એમને આ પદવી આપી હતી એમ રાજસોમ કવિ નોંધે છે. * પરંતુ કઈ સાલમાં આ પદવી એમને આપવામાં આવી એનો ઉલ્લેખ કર્યો નથી. જોકે સમયસુંદરની કૃતિઓ પરથી એ સાલ નક્કી કરવામાં બહુ મુશ્કેલી નડતી નથી. સં. ૧૬૭૨ અને ત્યાર પછી રચાયેલી બધી જ કૃતિઓમાં કવિ પોતાને પાઠક કે ઉપાધ્યાય તરીકે ઓળખાવે છે. જેમકે, સં. ૧૬૭૨માં રચાયેલ 'સિંહલસૂત પ્રિયમેલક રાસ'ને અંતે તેઓ લખે છે :

"જયવંતા ગુરુ રાજીયા રે, શ્રી જિનસિંહસૂરિ રાય;
સમયસુંદર તસુ સાનિધિ કરી રે, ઈમ પભણઈ ઉવઝાય રે"

સં. ૧૬૭૩માં લખાયેલા 'નલ-દવદંતી રાસ'ને અંતે કવિ લખે છેઃ

"ઉવઝાય ઈમ કહઈ સમયસુંદર, કીયઉ આગ્રહ નેતસી;
ચઉપઈ નલદવદંતી કેરી, ચતુર માણસ ચિતવસી."

સંવત ૧૬૭૨ પહેલાંની કોઈ પણ કૃતિમાં સમયસુંદરે પોતાને માટે પાઠક કે ઉપાધ્યાય પદનો ઉલ્લેખ કર્યો નથી. એટલે સં. ૧૬૭૧ માં એમને ઉપાધ્યાયની પદવી મળી હશે એમ માની શકાય.

એમના કેટલાક શિષ્યોએ એમનો મહોપાધ્યાય તરીકે ઉલ્લેખ કર્યો છે. આચાર્ય શ્રી. જિનહર્ષસૂરિના કાળધર્મ પામ્યા પછી (સં. ૧૬૮૦ પછી), એમના ખરતરગચ્છમાં વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને આટલા

---

* જુગપ્રધાન જિનચંદ સ્વયંહસ્ત વાચક હો પદ લાહોરે દિયો
શ્રીજિનસિંહસૂરિંદ સહેરે લવેરે હો, પાઠક પદ દીયો.
રાજસોમકૃત 'સમયસુંદરજી ગીતમ્'

લાંબા દીક્ષાપર્યાયવાળા ફક્ત તેઓ જ હતા. એટલે ગચ્છની પરંપરા પ્રમાણે ઉપાધ્યાયપદમાં તેઓ મોટા હોવાથી તેમને મહોપાધ્યાયનું પદ આપવામાં આવ્યું હોય એ અત્યંત સ્વાભાવિક છે.

સાધુ તરીકે સમયસુંદરને જુદેજુદે સ્થળે ફરવાનું અને ચાતુર્માસ દરમ્યાન સ્થિર થવાનું બનતું. એમણે પોતે પોતાની કેટલીક કૃતિઓમાં એનાં રચનાસ્થળોનો ઉલ્લેખ કર્યો છે અને કેટલાંક તીર્થોમાં ત્યાં ને ત્યાં જ એની સ્તુતિ માટે ગીતો, સ્તવનોની રચના કરેલી છે. આ પરથી તેઓ ક્યાં ક્યાં વિચરેલા હતા અને ચાતુર્માસ નિમિત્તે ક્યાં ક્યાં સ્થિર થયેલા હતા તેની કેટલીક સ્પષ્ટ માહિતી મળી રહે છે. તેમણે સિંધ, પંજાબ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ધર્મોપદેશ અર્થે વિચરણ કર્યું હતું. તેમાં યે ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં તેઓ વિશેષ રહ્યા હતા અને જીવનનાં અંતિમ વર્ષોમાં તો તેઓ ગુજરાતમાં જ સ્થિર થયા હતા.

જુદા જુદા પ્રદેશોમાં ફરવાને લીધે તેમણે તે તે પ્રદેશની ભાષા પર સારો કાબૂ મેળવી લીધો હતો. વળી, તેમનામાં પોતાના ગચ્છની કે ધર્મની સંકુચિતતા બિલકુલ નહોતી. એથી એમના ઉપદેશની અનેક લોકોના જીવનમાં સારી અસર થઈ હતી. એમના તેજસ્વી જીવનનો પ્રભાવ હિંદુ અને મુસલમાન અધિકારી વર્ગ ઉપર પણ ઘણો સારો પડ્યો હતો. એમના કેટલાક શિષ્યો નોંધે છે તે પ્રમાણે તેમણે અહિંસાનો કેટલેક સ્થળે અસરકારક પ્રચાર કરી પ્રાણીહિંસા અટકાવી હતી. તેઓ જ્યારે સિંધમાં હતા ત્યારે ત્યાંનો અધિકારી મખનમ મુહમ્મદ શેખ કાજી તેમની પવિત્ર વાણીથી મુગ્ધ અને પ્રભાવિત થયો હતો. સમયસુંદરના ઉપદેશથી એણે આખાય સિંધ પ્રાંતમાં ગૌવધની, પંચનદીમાં જલચરની અને અન્ય પ્રાણીઓની હિંસા ન કરવા માટે અભયની ઉદ્‌ઘોષણા કરી હતી. એવી જ રીતે, જેસલમેર કે જ્યાં સાંઢનો વધ થતો હતો ત્યાં એમણે એના અધિપતિ રાવલ ભીમજીને સદુપદેશ આપી વધ બંધ કરાવ્યો હતો. મંડોવર અને

મેડતાના અધિપતિઓને પણ એવી રીતે અહિંસાનો ઉપદેશ આપી તેમણે હિંસા અટકાવી હતી.*

સમયસુંદરનો શિષ્યપરિવાર વિશાળ હતો. એમણે પોતે પોતાના ગ્રંથોની પ્રશસ્તિમાં કે પોતાના કેટલાક શિષ્યોના કરેલા ઉલ્લેખો પરથી અને બીજા કેટલાક ગ્રંથોમાં મળતા અન્ય ઉલ્લેખો પરથી માનવામાં આવે છે કે એમના લગભગ ૪૨ શિષ્યો હતા. વળી, એ શિષ્યોના પણ શિષ્યો સાથે એ સમુદાય એથીય વધારે વિશાળ બન્યો હતો. કેટલાક શિષ્યો અત્યંત વિદ્વાન અને સમર્થ સાહિત્યકાર હતા. કેટલાક શિષ્યોએ સમયસુંદરને ટીકા લખવામાં કે સંશોધન કરવામાં સહાય પણ કરેલી. વાદી હર્ષનંદન એમના મુખ્ય શિષ્ય હતા. એમણે નાનામોટા બારેક ગ્રંથોની રચના, બહુધા સંસ્કૃતમાં કરેલી છે. ૧૮ અધ્યાયમાં લખેલી 'મધ્યાહ્નવ્યાખ્યાનપદ્ધતિ' કે ચાર વિભાગમાં આપવામાં આવેલી સંખ્યાબંધ કથાઓને લીધે કથાકોષ જેવી બનેલી ''ઋષિમંડળટીકા' એમની મહત્ત્વપૂર્ણ કૃતિઓ છે. સહજવિમલ, મેઘ-

---

* શીતપુર માંહે જિણ સમઝાવિયો,
મખનૂમ મહમદ સેખોજી;
જીવદયા પર પડહ ફેરાવિયો,
રાખી ચિહુંખંડ રેખોજી.
—કવિ દેવીદાસકૃત ગીત

*

સિદ્ધપુર માંહે શેખ મહમ્મદ મોટો હો,
જિણ પ્રતિબોધીયો,
સિંધુ દેશ માંહે વિશેષ ગાયાં છોડાવી
હો તુરકે મારતી.
—રાજ સોમકૃત ગીત

*

સિંધુ વિહારે લાભ લિયઉ ઘણો રે
રંજી મખનૂમ શેખ
પાંચે નદિયાં જીવદયા ભરી રે,
રાખી ધેનુ વિશેષ'. —હર્ષવદનકૃત ગીત

વિજય, મેઘકીર્તિ, મહિમાસમુદ્ર વગેરે શિષ્યોએ પણ કેટલીક વિદ્વતા-પૂર્ણ કૃતિઓની રચના કરી છે.

સમયસુંદરે સુદીર્ઘ આયુષ્ય ભોગવ્યું હતું. દીક્ષા પછી નાની વયથી જ એમનું જીવન સંયમી અને તેજસ્વી બન્યું હતું. સાધુ તરીકે અને સાહિત્યકાર તરીકે એમણે એક પછી એક સિદ્ધિઓ પ્રાપ્ત કરી અને પોતાના ચારિત્ર્યને તથા વ્યક્તિત્વને ખૂબ ખીલવ્યું. પોતાની વિદ્વતા, ગુણગ્રાહકતા અને ઉદારતાને લીધે તેઓ માત્ર પોતાના ગચ્છના જ નહિ, પણ સમગ્ર જૈન સમાજના સર્વમાન્ય સાધુ બની ગયા હતા. આમ છતાં, તેમને ઉત્તરાવસ્થાનાં છેલ્લાં થોડાંક વર્ષોમાં વૃદ્ધાવસ્થાની પરાધી-નતાને લીધે માનસિક પરિતાપ વેઠવો પડ્યો હતો. એનું એક કારણ સં. ૧૬૮૭માં ગુજરાતમાં પડેલો ભયંકર દુકાળ હતો. આ કાળનું સમયસુંદરે પોતે 'સત્યાસીયા દુકાળવર્ણન છત્રીસી'માં આબેહૂબ વર્ણન કરી, તત્કાલીન પરિસ્થિતિનો સાચો ચિતાર આપી, એથી પોતાના જીવન પર પડેલી અસર પણ બતાવી છે. અન્નને ખાતર, પાપી પેટને ખાતર માણસને સગાઈ, શરમ અને ધર્મનો પણ ત્યાગ કરાવે એવી એ સમયની પરિ-સ્થિતિ હતી. પતિ પત્નીને મૂકીને ખાય, પત્ની પતિને મૂકીને ખાય, માતા પોતે ખાય પણ પુત્રને ન આપે, અને પુત્ર માતા વિના એકલો ખાય એવી તે સમયની સ્થિતિ હતી. અન્ન વિના ટળવળી મરેલા માણસોના મૃતદેહો ઘેર ઘેર પડ્યા હતા. એવે વખતે સાધુઓની સ્થિતિ ઘણી જ કફોડી થઈ ગઈ હતી. પહેલાં જે લોકો ખૂબ ભક્તિભાવ અને આગ્રહપૂર્વક સાધુઓને પોતાને ઘેર અન્ન વહોરવા લઈ જતા હતા, તે હવે પાંચ-છ ધક્કા ખાવા છતાં કશું આપતા નહિ. જ્યાં માણસો સાધુને જોઈને જ બારણું બંધ કરી દેતા, ત્યાં અન્ન વહો-રાવવાની તો વાત જ ક્યાંથી? આવા દુકાળમાં સાધુઓ પોતાના ગ્રંથો, પાત્ર અને વસ્ત્ર વેચીને પણ ખાવાનું મેળવે એવી પરિસ્થિતિ સાધારણ બની ગઈ હતી. અલબત્ત, સાધુઓ માટે એ અનાચરણ જ કહેવાય, તેમ છતાં એકમાત્ર જીવવાની ઇચ્છાને કારણે કેટલાય સાધુઓ

એ પ્રમાણે આચરણ કરતા થઈ ગયા હતા, અને સમયસુંદર પણ પોતાના કેટલાક શિષ્યોને તેમ કરતાં અટકાવી શકયા નહિ.

દુકાળને કારણે સાધુઓમાં આવેલા આવા અનાચરણથી કવિને ઘણું દુઃખ થયું. સાધુજીવનમાં એક વખત પ્રવેશેલી શિથિલતા ચાલુ રહે કે વધે નહિ એ માટે એમણે પોતે મન મક્કમ કર્યું અને સં. ૧૬૯૧માં એમણે 'ક્રિયોદ્ધાર' કરી પોતાનું સાધુજીવન પરિશુદ્ધ કર્યું.

સમયસુંદરના ઉત્તરાવસ્થાના માનસિક પરિતાપનું બીજું કારણ એમના શિષ્યો હતા. સત્યાસીના દુકાળ વખતે એમના કેટલાક શિષ્યો એમનાથી વિમુખ બની ગયા હતા. કેટલાક તેમને છોડીને ચાલ્યા ગયા હતા. શિષ્યોમાં પણ અંદર અંદર કલહ થવા લાગ્યો હતો. પોતાની લગભગ એંસી વર્ષ જેટલી ઉંમર થવાને લીધે દરેક વાતે તેમને પોતાના શિષ્યો પર આધાર રાખવો પડતો. જે શિષ્યોને તૈયાર કરવામાં એમણે અસાધારણ ભોગ આપ્યો હતો તે જ શિષ્યો હવે એમની આજ્ઞાનું પાલન રાજીખુશીથી કરવા તૈયાર નહોતા. અને કવિને પાકટ ઉંમર અને જર્જરિત દેહને કારણે લાચારીથી શિષ્યો કહે તેમ કરવું પડતું હતું. સમયસુંદરનું આ માનસિક દુઃખ જેવુંતેવું નહોતું. એમણે પોતે એક કાવ્યમાં પોતાનું આ દુઃખ નિખાલસપણે વર્ણવ્યું છે. *

---

* ચેલા નહીં તઉ મ કરઉ ચિંતા
    દીસઈ ઘણે ચેલે પણિ દુઃખ
સંતાન કરંમિ હુઆ શિષ્ય બહુલા,
    પણિ સમયસુંદર ન પાયઉ સુખ.

*   *   *

જોડ ઘણી વિસ્તરી જગત મઈ,
  પ્રસિદ્ધિ થઈ પાતસાહ પર્યંત
    પણિ એકણિ વાત રહી અણુરતિ
      ન કિયઉ કિણ ચેલઈ નિશ્ચન્ત.

—સમયસુંદર

સમયસુંદરને પોતાની વૃદ્ધાવસ્થાને લીધે તથા શારીરિક નબળાઈને લીધે હવે વધારે વિહાર કે સ્થળાંતર કરવાનું ફાવે તેમ નહોતું. તેઓ તે સમયે ગુજરાતમાં વિહાર કરતા હતા. સં. ૧૬૯૬થી તેઓ અમદાવાદમાં સ્થિર થઈ ગયા, આ સમય દરમ્યાન તેમની લેખનપ્રવૃત્તિ ચાલુ જ હતી. પણ હવે તે કંઈક મંદ પડી ગઈ હતી. સં. ૧૭૦૦માં 'દ્રૌપદી ચોપાઈ'ની રચના કર્યા પછી છેલ્લાં ત્રણેક વર્ષમાં તેમણે કોઈ મોટી કૃતિની રચના કરી નથી. લગભગ જીવનના અંત સુધી આત્મકલ્યાણ અને સાહિત્યની ઉપાસના કરતાં કરતાં પોતાનો અંતસમય સમીપ જણાતાં અનશન કરીને સં. ૧૭૦૩ના ચૈત્ર સુદી તેરસને દિવસે, મહાવીર જયંતીને દિવસે તેઓ કાળધર્મ પામ્યા. એમના એક પ્રશિષ્ય કવિ રાજસોમે એમના અવસાનનો ઉલ્લેખ એમને અંજલિ આપતા એક ગીતમાં કર્યો છે :

"અણસણ કરી અણગાર, સંવત સત્તર હો સય બીડોત્તરે
અહમદાવાદ મઝાર, પરલોક પહુંતા હો ચૈત્ર સુદિ તેરસે"

આમ સમયસુંદરે લગભગ નેવું વર્ષનું આયુષ્ય ભોગવ્યું. કદાચ બે-ત્રણ વર્ષ વધારે હશે, પણ ઓછાં નહિ. અવસાનનાં ત્રણેક વર્ષ પહેલાં એમણે "દ્રૌપદી ચોપાઈ' જેવા સુદીર્ઘ કાવ્યની રચના કરી હતી, એ બતાવે છે કે વૃદ્ધાવસ્થામાં પણ એમણે લેખનપ્રવૃત્તિ ચાલુ રાખી હતી.

સમયસુંદરની સાહિત્યસેવા વિપુલ તથા ઉચ્ચકોટિની છે. તેમણે સંસ્કૃત, પ્રાકૃત તેમ જ ગુજરાતી ભાષામાં કૃતિઓની રચના કરી છે. તેમણે વ્યાકરણ, ટીકા, કાવ્યલક્ષણ, છંદ, ન્યાય, જ્યોતિષ, શાસ્ત્રચર્ચા, સિદ્ધાંતચર્ચા, અનેકાર્થ સાહિત્ય, ઇતિહાસ, પ્રબંધ, રાસ, ચોપાઈ, સંવાદ, બાલાવબોધ, ચોવીસી-છત્રીસી, સ્તવન, સજ્ઝાય, ગીત વગેરે તે સમયના સાહિત્યપ્રકારો ઠીકઠીક પ્રમાણમાં ખેડ્યા છે. ગીત, સજ્ઝાય, સ્તવનાદિ સેંકડો નાની નાની કૃતિઓ ઉપરાંત તેમણે સંસ્કૃતમાં લગભગ વીસેક

અને ગુજરાતીમાં ત્રીસેક મોટી કૃતિઓ લખેલી છે. અલબત્ત, આ બધું જ સાહિત્ય એકસરખી ઉચ્ચ કક્ષાનું તો ન જ હોઈ શકે. તેમ છતાં જ એમણે જે સાહિત્યનું સર્જન કર્યું છે તે જોતાં એક વિદ્વાન અને સમર્થ પંડિત તરીકે અને ઉચ્ચ કક્ષાના એક સાહિત્યકાર તરીકે તો એમની પ્રતીતિ અવશ્ય થાય છે જ.

સંસ્કૃત ભાષામાં કવિએ ભાવશતક(સં. ૧૬૪૧), રૂપકમાલા અવચૂરિ (સં. ૧૬૬૩), કાલિકાચાર્યકથા (સં ૧૬૬૬), સમાચારીશતક (સં. ૧૬૭૨), વિશેષશતક (સં. ૧૬૭૨), વિચારશતક (સં. ૧૬૭૬), વિસંવાદશતક (સં.૧૬૮૫), વિશેષસંગ્રહ (સં. ૧૬૮૫), ગાથાસહસ્રી (સં. ૧૬૮૬), જયતિહુયણવૃત્તિ (સં. ૧૬૮૭), દશવૈકાલિકટીકા (સં. ૧૬૯૧), રઘુવંશટીકા (સં. ૧૬૯૨), વૃત્તરત્નાકરવૃત્તિ (સં. ૧૬૯૪) અને બીજી કેટલીક નાની મોટી કૃતિઓની રચના કરી છે. કવિની આ પ્રવૃત્તિ એમના સમગ્ર સર્જનકાળમાં વિસ્તરેલી હતી એ તે કૃતિઓની રચનાસાલ પરથી જોઈ શકાય છે.

ગુજરાતી ભાષામાં સમયસુંદરે વિશેષતઃ રાસ-ચોપાઈ, સ્તવન, સજ્ઝાય, ચોવીસી-છત્રીસી, ગીત વગેરે પ્રકારો ખેડ્યા છે. ગુજરાતીમાં પણ એમનું સર્જન અત્યંત વિપુલ છે અને એમને એક ઉત્તમ રાસકાર અને ગીતકાર તરીકે પ્રતિષ્ઠા અપાવે છે. એમણે સં. ૧૬૪૧-માં સંસ્કૃતમાં ભાવશતકની રચના કરી ત્યાર પછી લગભગ દોઢ દાયકા સુધી એમણે મોટા ગ્રંથરૂપે ખાસ કંઈ વિશિષ્ટ સર્જન કર્યું હોય એમ લાગતું નથી, અથવા જો કંઈ સર્જન કર્યું હોય તો તે ઉપલબ્ધ નથી. ગુજરાતીમાં એમની મોટી કૃતિઓ વહેલામાં વહેલી સં. ૧૬૫૮ની આસપાસ રચાયેલી મળી આવે છે. એમણે સાંબપ્રદ્યુમ્નરાસ (સં. ૧૬૫૯), ચાર પ્રત્યેકનો બુદ્ધ-રાસ (સં. ૧૬૬૫), મૃગાવતીરાસ (સં. ૧૬૬૮), સિંહલસુતપ્રિયમેલક રાસ (સં. ૧૬૭૨), પુણ્યસાર રાસ (સં. ૧૬૭૩), નલદવદંતીરાસ (સં. ૧૬૭૩), સીતારામચોપાઈ

સં. ૧૬૭૭ ?), વલ્કલચીરી રાસ (સં. ૧૬૮૧), વસ્તુપાલ-તેજપાલરાસ (સં. ૧૬૮૨), શત્રુંજયરાસ (સં. ૧૬૮૩), બારવ્રતરાસ (સં. ૧૬૮૫), થાવરચ્ચા ચોપાઈ સં. ૧૬૯૧), ક્ષુલ્લકકુમાર રાસ (સં. ૧૬૯૪), ચંપક શ્રેષ્ઠી ચોપાઈ (સં. ૧૬૯૫), ગૌતમપૃચ્છા ચોપાઈ (સં. ૧૬૯૫), ધનદત્તચોપાઈ (સં. ૧૬૯૫), પુંજાઋષિ રાસ (સં. ૧૬૯૮), દ્રૌપદી ચોપાઈ (સં. ૧૭૦૦) વગેરે રાસ અથવા ચોપાઈ લખ્યાં છે. રાસ અને ચોપાઈ એ બે શબ્દો ઘણી વાર એકબીજાના પર્યાય તરીકે પ્રયોજાતા હોવાથી એમણે કોઈક કૃતિને રાસ તરીકે ઓળખાવી હોય છે, તો કોઈક કૃતિને ચોપાઈ તરીકે ઓળખાવી હોય છે. એમણે વીસ કરતાં વધુ રાસ લખ્યા છે. એમાં વસ્તુપાલ-તેજપાલ રાસ, ક્ષુલ્લકકુમાર રાસ, પુંજાઋષિનો રાસ વગેરે કેટલાક રાસ સો-સવાસો પંક્તિના નાના કદના છે, તો કેટલાક હજાર-બે હજાર પંક્તિના મોટા કદના રાસ પણ છે. તેમાં 'સીતારામ ચોપાઈ' નામનો રાસ મોટામાં મોટો છે. જે નવખંડમાં લગભગ ૩,૭૦૦ પંક્તિમાં લખાયેલો છે.

સર્જનાત્મક સાહિત્યમાં સમયસુંદરે રાસ અને ગીતમાં ઉચ્ચ પ્રકારની સિદ્ધિ મેળવી છે. ભાષાની સુકુમારતા, વર્ણનોની તાદૃશતા અને આલેખનની સચોટતા સાથે એમણે રાસનું સર્જન કર્યું છે. એમાં એમની ઉચ્ચ કાવ્યપ્રતિભા પ્રસંગે પ્રસંગે ઝળકી ઊઠે છે. 'સીતારામ ચોપાઈ' અને 'દ્રૌપદી ચોપાઈ' જેવા એમના રાસ તો મહાકાવ્યની કોટિ સુધી પહોંચે એ પ્રકારના થયેલા છે.

સમયસુંદરે લખેલાં ગીતોની સંખ્યા હજાર કરતાંયે વધારે છે. જુદેજુદે સમયે, જુદેજુદે સ્થળે લખેલી આ નાનીનાની રચનાઓ બધી જ હજુ એકત્રિત થઈ શકી નથી. જે મળે છે એમાં કેટલીક તો સમયસુંદરના પોતાના હસ્તાક્ષરમાં લખાયેલી મળે છે. ગીતોમાં પણ એમણે ભાસ, સ્તવન, સોહલા, ચંદ્રવલા પર્વગીત, મહિમાગીત, વધાઈ વગેરે ઘણા પ્રકારો ખેડ્યા છે. ગીતોમાં રસવૈવિધ્ય, શબ્દમાધુર્ય,

અભિનવ પ્રાસસંકલના, ભિન્નભિન્ન રાગરાગિણી અને લોકપ્રિય ઢાળો તથા કવિની ઉત્કટ સંવેદનશીલતાની આપણને પ્રતીતિ થાય છે. કવિનાં ગીતોનું વૈવિધ્ય એટલું અપાર છે કે "સમયસુંદરનાં ગીતડાં, ભીંતો પરના ચીતરાં" એવી લોકોક્તિ પ્રચલિત થયેલી. કુંભારાણાએ બંધાવેલાં એનમૂન મંદિરો અને મકાનોનાં શિલ્પ-સ્થાપત્યનો પાર પામવો એ જેમ અઘરું છે તેમ સમયસુંદરનાં ગીતોનો પાર પામવો એ પણ અઘરું છે એમ કહેવાતું. એમાંનાં કેટલાંક ગીતો, સજ્ઝાયો, સ્તવનો વગેરે તો અત્યાર સુધી જૈન લોકોમાં પ્રચલિત રહ્યાં છે.

સમયસુંદરની વિદ્વત્તાની અને બહુશ્રુતતાની પ્રતીતિ એમના અનેકાર્થગ્રંથો અને ટીકાગ્રંથો પરથી થાય છે. એમનો 'અષ્ટલક્ષી' * ગ્રંથ અનેકાર્થ સાહિત્યમાં અદ્વિતીય છે. એમ કહેવાય છે કે એક વખત સમ્રાટ અકબરની વિદ્યાસભામાં કોઈ કે જૈન આગમો વિશે કટાક્ષમાં કહ્યું : "एगस्स सुतस्स अनंतोअत्थो" એટલે કે એક સૂત્રના અનંત અર્થ થાય છે. આ કટાક્ષનો જવાબ આપવા માટે સમયસુંદરે અકબર બાદશાહ પાસેથી થોડો સમય માગ્યો અને "राजानो ददते सौख्यम्" એ આઠ અક્ષરોના આઠ લાખ અર્થ કરીને 'અર્થરત્નાવલી' નામના ગ્રંથની રચના કરી અને સં. ૧૬૪૯ના શ્રાવણ સુદ ૧૩ની સાંજે કાશ્મીરવિજય માટે અકબરે જ્યારે શ્રીરાજ શ્રી રામદાસની વાટિકામાં પ્રથમ પ્રવાસ કર્યો ત્યારે રાજાઓ, સામન્તો અને વિદ્વાનોની સભા સમક્ષ સમયસુંદરે આ ગ્રંથ અકબર બાદશાહને એ વાટિકામાં વાંચી સંભળાવ્યો અને બતાવી આપ્યું કે પોતાના જેવો એક સામાન્ય માણસ પણ જો એક અક્ષરના એક લાખ અર્થ કરી શકે છે તો સર્વજ્ઞની વાણીના અનંત અર્થ થાય એમાં નવાઈ શી ? સમયસુંદરની આ કૃતિથી અકબર બાદશાહ તથા બીજા રાજાઓ, સામંતો અને

---

* આ ગ્રંથનું સંપાદન પ્રો. હીરાલાલ કાપડિયાએ કર્યું છે. એ શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા તરફથી 'અનેકાર્થરત્નમંજૂષા'ના નામે ૧૯૩૩માં પ્રગટ થયો છે.

વિદ્વાનો ખૂબ પ્રભાવિત થયા. અકબરે પોતે એ ગ્રંથને પ્રમાણભૂત ઠરાવી સમયસુંદરના હાથમાં મૂકયો. પાછળથી આ ગ્રંથનું નામ સમયસુંદરે 'અષ્ટલક્ષી' રાખ્યું હતું.

સમયસુંદરને ઘણી ભાષાઓ આવડતી હતી. તેઓ ગુજરાત, રાજસ્થાન, ઉત્તર હિંદ, સિંધ અને પંજાબમાં ફરેલા હતા. એટલે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ઉપરાંત ગુજરાતી, મારવાડી, હિંદી, સિંધી અને પંજાબી ભાષા પર એમણે સારું પ્રભુત્વ મેળવ્યું હતું. મુસલમાનોના સંપર્કને લીધે ફારસીભાષાનો પરિચય પણ તેમણે હસ્તગત કરી લીધો હતો. એમનું તે ભાષાઓ ઉપર પ્રભુત્વ એવું હતું કે તેઓ એ બધી ભાષામાં કવિતા લખવાની પણ શક્તિ ધરાવતા હતા. સિંધી અને પંજાબી ભાષા કરતાં ગુજરાતી, મારવાડી અને હિંદી ભાષામાં તેમણે વધારે કૃતિઓ લખી છે. કેટલીક કૃતિઓમાં પ્રયોગ ખાતર તેમણે સંસ્કૃત અને પ્રાકૃત, ગુજરાતી અને સંસ્કૃત, ગુજરાતી અને સિંધી ભાષાનું મિશ્રણ કર્યું છે. મૃગાવતી ચોપાઈના ત્રીજા ખંડની નવમી ઢાલ એમણે સિંધી ભાષામાં લખી છે. અડધું ચરણ ગુજરાતી અને અડધું સંસ્કૃતનું તેમણે કરેલું મિશ્રણ પણ જુઓ :

भलूं आज भेट्युं, प्रभो पादपद्मं ।
फली आस मोरी, नितान्त विपद्मम् ॥
गयूं दुःख नासी, पुनः सौम्यदृष्ट्या ।
थयुं सुख आजूं यथा मेघवृष्ट्या ॥

રાગિણી ઉપરાંત તત્કાલીન લોકપ્રિય દેશીઓનો પણ એમણે બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. એમણે પોતે પણ કેટલાક નવા ઢાળો પ્રચલિત કર્યા હતા. આનંદઘનજી, ઋષભદાસ, નયસુંદર વગેરે કવિઓએ સમયસુંદરની કેટલીક દેશીઓનો અને ધ્રુવપંક્તિઓનો ઉપયોગ કર્યો છે એ પરથી તે પ્રતીત થાય છે.

સમયસુંદરના સમકાલીન કવિ ઋષભદાસે સં. ૧૬૭૦માં રચેલા

'કુમારપાલ રાસ' માં સયમસુંદરની પ્રશંસા કરતાં લખ્યું છે :

સુસાધુ હંસો સમયો સુરચંદ, શીતલ વચન જિમ શારદ ચંદ
એ કવિ મોટા બુદ્ધિ વિશાલ, તે આગલિ મુરખ બાલ.

જે સમયે સમયસુંદરનું સાહિત્ય હજુ સર્જાઈ રહ્યું હતું તે સમયે ઋષભદાસે કરેલા આ ઉલ્લેખ પરથી ખાતરી થાય છે કે સમયસુંદરે એમના પોતાના સમયમાં જ કવિ તરીકે ઘણી મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી લીધી હતી.

સમયસુંદર એમના યુગના અસાધારણ પ્રતિભા ધરાવનાર પ્રખર વિદ્વાન, સમર્થ સાહિત્યકાર, ઉચ્ચતમ કવિ અને તેજસ્વી સાધુ હતા.

(૨) મૃગાવતીચરિત્ર ચોપાઈ

કવિવર સમયસુંદર ૧૭ મા સૈકાના એક સમર્થ રાસકવિ છે. તેમણે જે ભિન્નભિન્ન રાસકૃતિઓની રચના કરી છે તેમાં 'મૃગાવતીચરિત્ર ચોપાઈ' એ પણ એક અત્યંત મહત્ત્વની કૃતિ છે. આ કૃતિની રચના કવિએ સં. ૧૬૬૮માં સિંધમાં મુલતાનનગરમાં કરી હતી. કવિએ પોતે રાસની અંતિમ ઢાળમાં નિર્દેશ કર્યો છે તે પ્રમાણે તે સમયે મુલતાનનગરમાં બે ભવ્ય જિનાલયો હતાં. તેમાં એકમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનનાં અને બીજામાં મૂળનાયક તરીકે શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી બિરાજમાન હતાં. કવિ લખે છે:

સિહર બડા મુલતાણુ વિસેષા, કાન સુણ્યા અબ દેખ્યા બે,
સુમતિનાથ શ્રીપાસ જિણંદા મૂળનાયક સુખકંદા બે.

એ સમયે સિંધનું મુલતાનનગર ઘણું સુપ્રસિદ્ધ હતું. ત્યાં જૈનોની વસતિ પણ સારા પ્રમાણમાં હોવી જોઈએ. તે સમયે ત્યાં વસતા એક શ્રેષ્ઠી જેસલમેરા શ્રાવક, કરમચંદ રીહડના આગ્રહથી કવિએ પોતે આ રાસની રચના કરી છે એવો નિર્દેશ પણ તેમણે રાસમાં કર્યો છે. જુઓ :

સિંધૂ શ્રાવક સદા સોભાગી ગુરુ ગચ્છકા બહુ રાગી બે,
જાણુ શ્રાવક તે જેસલમેરા મરમ લહઈ ધ્રમ કેરા બે,
કરમચંદ રીહડ જાણીતા સાહે સદા વદીતા બે,
તસુ આગ્રહ કરિ એ ગ્રંથ કીધા, નામ મોહણવેલ દીધા બે.

કવિએ આ કૃતિની રચના કરીને એને 'મોહનવેલ' એવું અપરનામ પણ આપ્યું છે. આ રાસની રચના કરતાં પહેલાં કવિએ બીજી કેટલીક રાસ-કૃતિઓની પણ રચના કરી છે, જેમાંથી 'સાંબ-પ્રદ્યુમ્ન રાસ' અને 'ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ'નો નિર્દેશ કવિએ પોતે આ રાસના આરંભમાં જ કર્યો છે. આ પરથી જોઈ શકાય છે કે આ રાસકૃતિના સર્જન માટે કવિ સિદ્ધહસ્ત બની ચૂકયા હતા.

કવિવર સમયસુંદરે આ રાસની રચના ત્રણ ખંડમાં, ઢાલ અને દુહામાં કરી છે. પ્રથમ ખંડમાં ૧૩ ઢાલ, દ્વિતીય ખંડમાં ૧૩ ઢાલ અને તૃતીય ખંડમાં ૧૨ ઢાલ કવિએ પ્રયોજી છે.

આ રાસનાં કથા-વસ્તુ માટે મૃગાવતીનું જૈનોમાં સુપ્રસિદ્ધ ઐતિહાસિક ચરિત્ર કવિએ પસંદ કર્યું છે. મૃગાવતી ભગવાન મહાવીરના સમયમાં શતાનીક રાજાનાં રાણી હતાં. ભગવાન મહાવીર પાસે એ દીક્ષા લઈ સાધ્વી થયાં છે. ભગવાન એમને પ્રવર્તિની ચંદનબાલાની શિષ્યા બનાવે છે. મૃગાવતીનું સ્થાન સતીઓમાં મોખરે છે. પ્રાતઃસ્મરણીય સોળ સતીઓમાં એમની ગણના થાય છે. સૂર્યાસ્ત થઈ ગયા છતાં ભગવાન મહાવીરની પર્ષદામાં વધુ સમય રોકાવાને કારણ ચંદનબાળા તરફથી ઠપકો મળતાં મૃગાવતી પશ્ચાત્તાપ અને આલોચના કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. પોતાનાં ગુરણી કરતાં પોતે વહેલું કેવળજ્ઞાન પામે છે અને એની ખબર પડતાં જૈન પ્રણાલિકા અનુસાર ગુરણી ચંદનબાલા શિષ્યા મૃગાવતીને વંદન કરે છે, કેવલીને નમસ્કાર કરે છે.

મૃગાવતી ચેટક રાજાની દીકરી હતાં. શતાનીક રાજા સાથે એમનાં

લગ્ન થયાં હતાં. લગ્ન પછી સગર્ભાવસ્થામાં વિચિત્ર દોહદને કારણે એમને વિયોગનું કેટલું દુઃખ સહન કરવું પડે છે! વનમાં પુત્ર ઉદયનકુમારને જન્મ આપે છે અને કેટલાંક વર્ષ પછી શતાનીક સાથે એમનો મેળાપ થાય છે એની ઘટના રસિક છે. એક ચિતારા ઉપર વહેમ આવતાં શતાનીક ચિતારાને કેવી સજા કરે છે અને વેર લેવા ચિતારો ચંડપ્રદ્યોત રાજાને કેવી રીત ઉશ્કેરે છે અને પરિણામે કેવી કેવી ઘટનાઓ બને છે તેનું પણ રસિક આલેખન આ રાસમાં કવિએ કર્યું છે.

રાસના ત્રીજા ખંડમાં મૃગાવતીની દીક્ષાનું, એમને પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાનનું અને નિર્વાણનું વર્ણન છે. સમાન્ય રીતે જૈન કથાઓમાં કથાનાયક કે કથાનાયિકાના નિર્વાણપ્રાપ્તિના પ્રસંગથી કથાનું સમાપન થાય છે તેમ અહીં પણ મૃગાવતીના નિર્વાણના પ્રસંગ સાથે કથાનું સમાપન થાય છે.

કવિ સમયસુંદર પોતાની રાસકૃતિઓમાં માત્ર કથાકાર તરીકે જ નહીં પણ એક કુશળ સિદ્ધહસ્ત કવિ તરીકે કથાપ્રસંગોનું નિરૂપણ કરે છે, અને તેમાં જ્યાં જ્યાં અવકાશ મળે ત્યાં ત્યાં પોતાના આલેખનને રસિક બનાવે છે. નગરનું વર્ણન હોય, ઉત્સવનું વર્ણન હોય, નાયક કે નાયિકાનું વર્ણન હોય કે સુખદુઃખના પ્રસંગોનું વર્ણન હોય, તેમાં કવિ પોતાની કલ્પનાના રંગો પૂર્યા વગર રહી શકતા નથી.

શતાનીક રાજા અને કૌશામ્બી નગરીનું વર્ણન કરતાં કવિ લખે છે :

તિણ દેસ કોસંબી પુરી, જાણે ઇન્દ્રપુરી અવતરી;
વિબુધ લોક સુરુનઈ દ્યઈ માન, જય સોભિત બહુ સુખ સંતાન.
જમુના નદી વહઈ જસુ પાસિ, જાણિ જલધિ મુંકી (ક) હઈ તાસ
રતન માહરા લીધા મથી, દ્યઉ મુજ તુજઝ અણુરતિ નથી.
પ્રાસાદ સ્રંગ ઉપરિ પૂતલી, કમલ નેત્ર નઈ કટિ પાતલી
જાણિ નગર રિધિ જોવા ભણી, અમર સુંદરી આવી ઘણી.

રાસની નાયિકા મૃગાવતીનું શબ્દચિત્ર કવિએ એક પછી એક એમ બારેક કડીમાં સુંદર, મનોહર દોર્યું છે! વસ્તુતઃ કવિએ એ માટે એક આખી ઢાલ (પ્રથમ ખંડની બીજી ઢાલ) યોજી છે, એટલું જ નહીં એ ઢાલનું નામ પણ 'નાયકાની ઢાલ' એવું પ્રયોજ્યું છે. મૃગાવતીના વર્ણનમાં કવિએ જે ઉપમાદિ અલંકારો પ્રયોજ્યા છે તે જુઓ :

સ્યામ વેણી દંડ સોભતઉ રે. ઉપરિ રાખડિ ઓપ રે મૃગાવતી
અહિ રુપ દેખણુ આવિયઉ રે લાલ, મસ્તકિ મણિ આટોપ રે.
બિંહું ગમા ગુંથી મીઢલી રે, બાંધ્યઉ તિમર મિથ્યાત રે, મુગાવતી,
વિચિ સમથઉ સિંદરીયઉ રે લાલ, પ્રગટયઉ ધરમ પ્રભાત રે.
સસિ દલ ભાલિ જીતઉ થકઉ રે, સેવઇ ઈસર દેવ રે મૃગાવતી
ગંગા નદિ તપસ્યા કરઇ રે લાલ, ચિંતાતુર નિતમેવ રે મૃગાવતી,
નયન કમલની પાંખડી રે અણિઆલી અનુરૂપ રે
હઠિ વધતી હટકી રહી રે લાલ, દેખિ શ્રવણ દો કૂપ રે
નિરમલ ત્રીખી નાસિકા રે, જાણે દીવા ધાર રે,
કાલિમા કિહાં દીસઈ નહીં રે લાલ, ન બલઇ સ્નેહ લગાર રે.
મુખ પૂનિમ કઉ ચંદલઉ રે, વાણી અમૃત સમાન રે
કલંક દોષ દૂરિ ટલ્યઉ રે લાલ, સીલ તણુઉ પરભારિ રે
કંઠ કોકિલથી રુડચઉ રે, તે તઉ એક વસંત રે
એ બારે માસ સરિખઉ રે લાલ, રુપઇ ફેર અનંત રે.
કુંયલી બાંહ કલાવિહા રે, કમલ સુકોમલ હાથ રે
રિદ્ધિ અનઈ સિદ્ધિ દેવતા રે લાલ, નિત્ય વસઈ બે સાથ રે.
હૃદય કમલ અતિ રુયડું રે, ધર્મબુદ્ધિ આવાસ રે
કટિ લંક જીતઉ કેસરી રે લાલ, સેવઇ નિત વનવાસ રે.

મૃગાવતીનું જ્યારે ભારંડ પક્ષીએ અપહરણ કર્યું ત્યારે મૃગાવતી જે વ્યથા અનુભવે છે અને વિલાપ કરે છે તેનું વર્ણન કરતાં કવિએ

મૃગાવતીના મુખમાં મૂકેલા શબ્દો 'નળાખ્યાન'ની દમયંતીના વિલાપનું સ્મરણ કરાવે છેઃ

કરઈ રે વિલાપ મૃગાવતી, રાય, કો છોડાવઈ;
હું જીવન પ્રાણ સમી હુંતી રાય.
ભારંડ પંખી હું અપહરી રાય, ચરણ બિહું મહિ લે ધરી;
નખ પ્રહાર બહુ વેદના રાય, વિરહ વ્યથા બે વેદના;
કુટુંબ થકી હું વીછુડી રાય, હું અબલા સંકટ પડી,
સીહમુખઈ પડી મિરગલી રાય, સીચાણઈ મુખ ચિડકલી
મંજાર મુખિ છછુંદરી રાય, સાપ મુખઈ મુહિ ઉંદરી.

મૃગાવતીરાણીની ભાળ લાગ્યા પછી શતાનીક રાજા પોતાની રાણી અને પુત્ર સાથે જ્યારે નગરમાં પ્રવેશ કરે છે ત્યારે એ પ્રસંગને નગરના લોકો ઉત્સવ તરીકે મનાવે છે. એ ઉત્સવનું સુંદર વિગતપ્રચુર વર્ણન કવિ પ્રથમ ખંડની છેલ્લી ઢાલમાં કરે છે. કવિ લખે છે :

વાગા જાગી ઢોલ, હેસખિ, વાગ જાગી ઢોલ
આયઉ કોસંબી કેરઉ રાજીયઉ;
વાગા ભુંગલ ભેરિ, હે સખિ, વાગા ભુંગલ ભેરિ,
નાદઈ જાણે કરિ અંબર ગાજીયઉ;
વાગા વેણિ મૃદંગ, હે સખિ, વાગા વેણિ મૃદંગ
સંખ તણા વદિ સબદ સુહામણા.
વાગા તાલા કંસાલ, હે સખિ, વાગા તાલા કંસાલ
ધરિ ધરિ ઉચ્છવ રંગ વધામણા;
સિણગાર્યા સવિ હાટ, હે સખિ, સિણગાર્યા
લાલ પટંબર અંબર છાઈયા;
બાંધ્યાં તોરણ બારિ હે સખિ, બાંધ્યા
સઘલી ગલીએ ફૂલ વિછાઈયા;

પાખરિયા પાટઉક હે સખિ, પાખરિયા
તાજા તુરંગમ તેજી હીંસતા
મદ ઝરતા માતંગ હે સખિ, મદ ઝરતા
ઉંચા જાણે કરિ પરબત દીસતા.

શતાનીક રાજાના મહેલમાં ચિત્રો ચીતરવા માટે એક નિપુણ નામનો ચિતારો આવે છે. એ જે વિધવિધ ચિત્રો દોરે છે તેનું વર્ણન સમયસુંદરે રસિક રીતે કર્યું છે. કવિ લખે છે :

'ઈસરનઉ રુપ ચીતર્યઉ રે, અહિ આભ્રણ રુંડમાલ રે,
ચંદ્રકલા ગંગા સિરઈ રે, વૃષભ વાહન કંઠે માળ રે;
રુપ બ્રહ્મા તણઉ ચીતર્યઉ રે ચતુર્મુખ બૂઢઉ જટાલ રે,
હાથ કમંડલ જલ ભર્યઉ રે, જનોઈ જય માલ રે.
મુગલ કાબિલી સૂધા ચીતર્યા રે, મુખ રાતા ચૂચી આંખિ રે
માથઈ મોટા પાઘડ ઢૂંમણા રે, તે જાણઈ તીર નાંખિ રે
રુપ ફિરંગી કીધા કૂટરા રે, મોડઈ માથઈ ટોપ રે,
ઢીલા પહિરઈ સૂથણ કોથલા રે, છેડચા કરઈ વહુ કોપ રે
હબસી ચીતર્યા કાલા અતિ ઘણું રે, પાંડુર વરણ પઠાણ રે
ગરઢા કાજી ચીતર્યા રે બાંચતા કતેબ કુરાણ રે.'

અહીં કવિએ ચિતારા પાસે જે વિવિધ ચિત્રો, આકૃતિઓ, પ્રસંગોનું આલેખન કરાવ્યું છે તેમાં કાલવ્યતિક્રમનો દોષ જણાય છે. અહીં મૃગાવતીનો સમય તે ભગવાન મહાવીરનો સમય છે એટલે કે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાંનો સમય છે, જે સમયે ભારતમાં હજુ મોગલો, કાબુલીઓ, ફિરંગીઓ, હબસીઓનો પ્રવેશ થયો નહોતો. કવિએ અહીં પોતાના સમયમાં જોવા મળતી આ બધી જાતિઓનો નિર્દેશ કર્યો છે જેમાં વસ્તુતઃ કાલવ્યતિક્રમનો દોષ જણાય છે. અલબત્ત, કવિના બચાવપક્ષે જો કહેવું હોય તો એમ કહી શકાય કે આ નિપુણ ચિતારાને દૈવી પ્રસાદને કારણે એવી શક્તિ સાંપડી હતી કે જેને લીધે

ભવિષ્યમાં બનનારી ઘટનાઓને પણ તે આલેખી શકતો હતો, એથી મોગલ, ફિરંગીઓ વગેરેનો કવિએ કરેલો નિર્દેશ અયોગ્ય નથી. અલબત્ત, આ પ્રકારનો બચાવ બહુ સામર્થ્યવાળો ન ગણી શકાય.

કવિ સમયસુંદર જેમ ઉપમાદિ અર્થાલંકારો સહજ રીતે પ્રયોજી શકે છે તેમ પ્રાસાનુપ્રાસાદિ શબ્દાલંકારો પણ સહજ રીતે પ્રયોજી શકે છે. રાસની રચનામાં અંત્યાનુપ્રાસ ઘણો મહત્ત્વનો છે, અને આ રાસની પ્રત્યેક કડીમાં કવિએ અંત્યાનુપ્રાસની સહજ સંકલના કરી છે. કવિનું શબ્દો પરનું પ્રભુત્વ અસાધારણ છે અને તેથી તેમની શબ્દાલંકાર-યુક્ત પંક્તિઓમાં ક્યાંય આયાસ દેખાતો નથી. શબ્દાલંકારમાં પણ કવિ એકના એક શબ્દો જવલ્લે જ પ્રયોજે છે, એટલું જ નહિ, કવિ કેટલીક વખત તો શબ્દોને યથેચ્છ રમાડતા હોય તેવું પણ જોવા મળે છે. પ્રથમ ખંડની નવમી ઢાલમાં કવિએ કેટલીક કડીઓમાં અનુનાસિકનો ઉપયોગ કરીને અંત્યાનુપ્રાસને કેવો મધુર કર્ણપ્રિય બનાવ્યો છે! એમાંની થોડીક પંક્તિઓ જુઓ :

નૃપ આગલિ નિરખઇ વનતીરં, તાપસ આશ્રમ ગુહિર ગંભીરં;
અંબ કદંબ ચંપક કણવીરં, અગર તગર નાલેર અંબીરં.
નાગ પુનાગ સાગ જમ્બીરં તાલ તમાલ અસોક ઉસીરં,
વૃક્ષ મૂલ સિંચિત બહુ નીરં, કોકિલ નાદ અનોપમ કીરં.
મધ્યભાગ મઠ ઉટજ કુટીરં, બઇઠા તાપસ વૃદ્ધ શરીરં,
મસ્તકિ કેશ જટા કોટીરં, તપ જપ કિરિયા સાહસ ધીરં.
રાખઇ નહિ કો ધાત કથીરં, પરિગહન ધરઇ એક કસીરં,
વનફલ ભક્ષ કરૈવા નીરં, કે ચીભડ કાલિંગ મતીરં,
રિષિ ચાલઇ નહિ જિહાં વહઇ સીરં, હરિ મૃગ અહિ નકુલાણ ન પીરં,
પાડઇ નહીં તરુફૂલ સમીરં, તાપસ સબલ હટક નઇ હીરં.

અર્થાલંકાર અને શબ્દાલંકાર પ્રયોજવામાં કવિ સમયસુંદર

સિદ્ધહસ્ત છે, તેમ તત્કાલીન પ્રચલિત લોકોક્તિઓ, રૂઢ પ્રયોગો, કહેવતો ઇત્યાદિને પણ રાસની પંક્તિઓમાં વણી લેવામાં કવિની કુશળતા જોઈ શકાય છે. કવિએ આ રાસમાં પ્રસંગેપ્રસંગે એવી સુંદર પંક્તિઓ પ્રયોજી છે. ઉદાહરણ તરીકે નીચેના પંક્તિખંડો જુઓ :

'બાલિ સોનઉ જે કાનનઈ ત્રોડઈ;

× × ×

જલ બિન કિમ રહઈ માછલી

× × ×

છેડચઉ શ્વાન ઘણું ઘુરઘુરઈ;

× × ×

ખીલી કાજ મ ઢાઈ આવાસ

× × ×

પાગલઉ મેરુ પર્વતિ પુઉઅઈ;

× × ×

સુતઉ સિંહ જગાડચઉ,

× × ×

રયણાયર મિત્ર જેહ નઈ તેહણુઉ દારિદ્ર જાય તતકાલ

× × ×

સુખ સરસવ દુખ મેરુ સમાન;

× × ×

કનક મુંદ્રડી નંગ વિહુણી

× × ×

રસવતી જેમ અલૂણી બે
કંત વિના જયમ નારિ વિરંગી
રાગ વિના ઢાલ ન ચંગી બે.

કવિ સમયસુંદર સંગીતના ઘણા સારા જાણકાર હતા. તેમણે રચેલી જુદીજુદી રાસકૃતિઓમાં ઢાળોની જે જુદાજુદા રાગમાં રચના કરી છે તેના પરથી આની પ્રતીતિ થાય છે. 'મૃગાવતીચરિત્ર ચોપાઈ'માં એમણે ત્રણ ખંડમાં બધું મળીને આડત્રીસ ઢાલની રચના કરી છે. એમાં એમણે ભૂપાલ, કેદારો, ગૌડી, આસાવરી, ધન્યાસી, મલ્હાર, રામગ્રી મારુણી, સિંધૂડો, સારંગમલ્હાર, જઈતશ્રી, પરજિયો, સોરઠી વગેરે રાગરાગિણી પ્રયોજ્યાં છે જે બતાવે છે કે સમય-સુંદર વિવિધ રાગરાગિણીમાં ઢાળની રચના કરવામાં ઘણા કુશળ હતા. સમયસુંદરે એ સાથેસાથે પોતાના સમયમાં પ્રચલિત અને લોકપ્રિય બની ચૂકેલી ગેય પંક્તિઓ અર્થાત્ તત્કાલીન લોકપ્રચલિત દેશીઓનો ઉપયોગ પણ આ રાસમાં કર્યો છે. 'કારણ કુંણ સમા રઈ દેહા', 'ધન ધન અવંતી સુકમાલ,' 'સુગુણ સનેહી મેરે લાલા', 'હરિયા મન લાગઉ,' 'ઋષભદેવ મોરા હો', 'ચતુર સનેહી મોહના', 'રુડી રે ભારણિ રામલા પદ્મિની રે,' 'નત્થ ગઈ મેરી નત્થ ગઈ મેરી નત્થ ગઈ', 'મૂંઝનઈ ચાર સરણા હુજ્યો', 'સીમંધર સામી સાંભલઉ વીનંતિ અવધારઉ', 'હું માલિણ રાજા રામકી', 'સુણ મેરી સજની રજની ન જાવઈ રે', 'પિઉડા માનઉ બોલ હમારઉ રે', 'જિનજી તુમ દરસણ મુઝ નઈ વાલહુ રે', 'નિંદા મ કરિજ્યો કોઈ પારકી રે', 'સાધુનઈ વિહરાવ્યું કડવું તૂંબડૂં રે' ઇત્યાદિ દેશીઓ સમયસુંદરના સમયમાં પ્રચલિત હશે તેનો આ ઉપરથી આપણને ખ્યાલ આવે છે. એની સાથેસાથે એ પણ આપણે જોઈ શકીએ છીએ કે સમયસુંદરે આ રાસની રચનામાં ગેયતાની દૃષ્ટિએ શક્ય એટલું વૈવિધ્ય આણવાનો પ્રયત્ન કર્યો છે.

જૈન સાધુકવિઓને હાથે લખાતી રાસકૃતિઓમાં ધર્મોપદેશનું તત્ત્વ સીધી કે આડકતરી રીતે આવ્યા વિના રહે નહિ. સામાન્ય રીતે કવિઓ પોતાની રાસકૃતિ માટે જે કથાનકો પસંદ કરે તે પણ એવાં હોય કે જેમાં ધર્મોપદેશ માટે ઠીકઠીક અવકાશ રહે.

સમયસુંદરે મૃગાવતીનું ચરિત્ર આ રાસકૃતિ માટે પસંદ કર્યું છે. મૃગાવતી એ ભગવાન મહાવીરના સમયમાં વિદ્યમાન એવાં એક તેજસ્વી સતી ગણાયાં છે, જે સંયમધર્મ પાળી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષપદ પામે છે. મૃગાવતીનું જીવન સુખદુઃખથી સભર છે. દુઃખના સમયમાં પણ તેઓ પોતાના ધર્મને ચૂકતાં નથી. વિષમ કસોટીમાંથી એ પાર પડે છે અને સતી તરીકે પંકાય છે.

આ રાસમાં મૃગાવતીને માથે જ્યારે સંકટ આવી પડે છે ત્યારે સતી સ્ત્રીઓને માથે કેવાં કેવાં સંકટો આવી પડે છે અને તેમાંથી તેઓ કેવી રીતે પાર ઊતરે છે તેનું તેમને સ્મરણ થાય છે. કવિએ આ પ્રસંગે દસમી ઢાલમાં એકએક કડીમાં, એકએક સતીનો પ્રસંગ વર્ણવ્યો છે. એ પ્રમાણે સીતા, મદનરેખા, પદ્માવતી, દમયંતી, દ્રૌપદી, નર્મદાસુંદરી, કલાવતી, અંજનાસુંદરી, રતિસુંદરી, ઋષિદત્તા, કમલા, સુભદ્રા વગેરે સતીઓનાં શીલનો મહિમા કવિએ વર્ણવ્યો છે.

મૃગાવતી વિશે આ રાસ હોઈ એમાં શીલના મહિમાના નિરૂપણને કવિ દ્વારા મહત્ત્વ અપાય એ સ્વાભાવિક છે. રાસના પ્રારંભમાં જ કવિ શીલનો મહિમા દર્શાવે છે. કવિ કહે છે :

દાન સીલ તપ ભાવના ચ્યારે ધરમ પ્રધાન;
સીલ સરીખઉ કો નહી, ઈમ બોલઈ વ્રધમાન.
કનક કોડિ કો દાન દ્યઈ, કનક તણો જિન ગેહ;
સીલ અધિક એ બિહું થકી, ઈહાં કો નહિ સંદેહ.
સહસ ચઉરાસી સાધનઈ પડિલાભ્યાં ફલ જેહ;
સુકિલ કસિણ પખિ દંપતી, જીમાડયાં ફલ નેહ.
ચઉસઠિ ઇન્દ્રચરણ નમઈ, જે પાલઈ સુધ સીલ;
ઈહ ભવિ પૂજા પદ લહઈ પરભવિ પામઈ લીલ.
પ્રહ ઉઠી સહુ કો જપઈ સીલવંતના નામ,
બ્રહ્મી ચંદનબાલિકા ઇત્યાદિક અભિરામ.

રાસકૃતિઓમાં કેટલીક વાર એના કર્તા કવિઓ રાસમાં વચ્ચે વચ્ચે પ્રગટપણે સીધો ઉપદેશ આપવા લાગતા હોય છે. પરંતુ આ રાસમાં સમયસુંદરે ક્યાંય એ રીતે પ્રગટપણે સીધો ઉપદેશ આપ્યો નથી. અલબત્ત, પ્રસંગાનુસાર એમણે કેટલેક સ્થળે ધર્મની વાત સાંકળી લીધી છે. ઉદાહરણ તરીકે, મૃગાવતી અને શતાનીક રાજાનું મિલન થાય છે અને તેઓ કૌશામ્બીનગરી પાછા ફરે છે એ પ્રસંગે મૃગાવતી કેટલુંક ધર્મકાર્ય કરે છે તેનું વર્ણન કરતાં કવિ લખે છે:

મૃગાવતીના કરું વખાણ, પ્રથમ છોડાવ્યા બંદીવાણ;
લાખીણઉ લીધઉ સોભાગ, સાચઉ જીવ દયા સૂં રાગ.
હીન દીન દુખિયા ઉધરાઈ, દાન પુણ્ય પણિ અધિકા કરઇ:
દુષ્કર તપકિરિયા આદરઈ, પાલઈ સીલ સદા મન ખરઈ.
આરાધઈ એક અરિહંત દેવ, સૂધા સાધુ તણી કરઈ સેવ;
આપઈ ગુપ્ત સુપાત્રઈ દાન. પણિ લિગાર ન કરઈ અભિમાન.
સાહમી નઈ બલિ સાહમિણિ તણી, ભગતિ જુગતિ રાણી કરઈ ઘણી;
ધરમ કરઈ સુધ શ્રાવક તણઉ, પણિ વઈરાગ ધન અતિ ઘણઉ.
રિદ્ધિ દેખી નઈ ન કરઈ ગર્વ, જાણઈ અથિર અનિત્ય એ સર્વ;
કુટુંબ સંબંધ કારિમઉ તિસઉ, તરુ પંખી નઉ મેલઉ તિસઉ.
ક્રોધ માન માયા વલિ લોભ, અધિક કરતા ન ચઢાઈ સોભ;
ઈમ જાણી વારઈ તેહનઈ, ધન્ય તિકે જીપઈ એહનઈ.

ચંડપ્રદ્યોતના આક્રમણ સમયે શતાનીક રાજા અત્યંત અસ્વસ્થ અને ક્ષુબ્ધ બની જાય છે, અને આક્રમણનો આઘાત ન જીરવાતાં એનો અંત સમય જ્યારે પાસે આવી પહોંચે છે ત્યારે તે સમયે પોતાના પતિને આશ્વાસન આપતાં મૃગાવતી જે શબ્દો કહે છે તે જુઓ :

અમ્હ તણી ચિંતા મત કરઈ, તું સમરિ શ્રી વીતરાગ;
સંસારની માયા તજી, તું વાલિ મન વયરાગોજી.
જગમાંહિ કો કેહનઉ નહીં, કારિમઉ સગપણ એહ,

વિહડંતા વેલા ખિણુ નહીં, તડકઈ પડઈ જિમ નેહોજી
દોહિલઉ આહિજ ખેત્ર એ, દોહિલઉ માણુસ જમ્મ;
સંજોગ ગુરુનઉ દોહિલઉ, દોહિલઉ વલિ જિણુ ધમ્મોજી
રાગદ્વેષ નાણ્યે કેહસું, ખામન આણિ સમતા ભાવ,
વયર વિરુયા છઈ ઘણું, ખામિયઈ ઈણુ પ્રસ્તાવોજી,
જિન શાસનઈ જિનવર કહ્યા એ, જીવ ચઉરાસી લાખોજી;
ખામજે ત્રિકરણુ સુદ્ધસું, વીતરાગ દેવની સાખોજી,
સંસારના કારણુ કહ્યા, પાડુયા પાપ અઢાર,
મિચ્છા દુક્કડ દીજિયઈ, ચીતાર નઈ ચીતારોજી;
નઉકાર મનમાંહિ રાખિજે, જિહાં પંચ શ્રી પરમિટ્ઠ
પ્રિયુ દેખિ ચોર સૂલી ચઢચઉ, દેવ(તા) તણા સુખ દિટ્ઠોજી.
ધન નારી એહ મૃગાવતી, નિજરાવિયઉ નિજ કંત,
વયરાગ ઢાલ ઈગ્યારમી, કહઈ સમયસુંદર તંતોજી.

મૃગાવતી જ્યારે ભગવાન મહાવીર પાસે દીક્ષા લે છે તે સમયે ભગવાન મહાવીર એમને જે બોધ આપે છે, તેમાં સાધુ-સાધ્વીઓનાં પંચમહાવ્રત તથા સાધુ-સાધ્વીઓની સામાચારીનો નિર્દેશ જોવા મળે છે. ત્રીજા ખંડની છઠ્ઠી ઢાલની થોડીક પંક્તિઓ જુઓ :

જ્ઞાન સું કિરિયા સિવસુખદાઈ રે,
અંધ્ર સું પંગુ નગરી પાઈ રે.
ગુરુ ગુરુણી નઉ વચન ન લોપે રે
સીખ દેયતાં તું મત કોપે રે.
પંચમહાવ્રત સૂધા પાલે રે
આહાર બઈતાલીસ દૂષણુ ટાલે રે.
થોડા પણિ તું ગૃહસ્થપ્રસંગા રે
મ કરિસિ ઈણુથા ચારિત ભંગા રે.

કુટુંબ ઉપરિ તું નાણે માયા રે,
કે કેહની માતા કેહની જાયા રે.
મિત્ર નઈ સત્રુ ગિણજે સરિખ રે,
મત તું બોલે ભાષા મિરષા રે.
ત્રિણ મણિ કંચન સરખા જાણે રે
સમતા ભાવ તૂં સૂધઈ આણે રે.
વિનય વેયાવચ સહુની કરજે રે
દસ વિધ સમાચારી ધરિજે રે.

મૃગાવતી જ્યારે ભગવાન મહાવીરની પર્ષદામાંથી મોડાં આવે છે અને એથી એમનાં ગુરુણી ચંદનબાળા તે માટે જે ઠપકો આપે છે તે પ્રસંગે પોતાની ભૂલ માટે મૃગાવતી જે પશ્ચાત્તાપ કરે છે તથા એ પશ્ચાત્તાપના સાચા અને ઉત્કટ ભાવથી સર્વ પ્રત્યે જે ક્ષમાપના કરે છે અને એથી કેવળજ્ઞાન પામે છે એ પ્રસંગનું આલેખન કરતી વખતે કવિ ધર્મતત્ત્વને વણી લે છે.

આમ, આવા થોડાક પ્રસંગે સમયસુંદરે ધર્મોપદેશના તત્ત્વને ગૂંથી લીધું છે, પરંતુ રાસમાં તે એટલું સહજ રીતે વણાઈ ગયેલું છે કે જેથી ક્યાંય રસક્ષતિ થતી હોય તેવું જણાતું નથી.

સમયસુંદરના સમયમાં ગુજરાત અને રાજસ્થાનમાં બોલાતી લોકભાષામાં બહુ ઝાઝો ફરક ન હતો. જૈન સાધુકવિઓની એક વિશિષ્ટતા એ હોય છે કે તેઓ કોઈપણ એક સ્થળે સતત લાંબા સમય સુધી રહેતા નથી હોતા. તેઓ એક સ્થળેથી બીજે સ્થળે હંમેશાં વિચરતા હોય છે. પરિણામે, તેઓની પોતાની બોલવાની અને લખવાની ભાષામાં વિવિધ પ્રાદેશિક છાંટનું સંમિશ્રણ થતું રહે છે. તેઓનો વિચરવાનો પ્રદેશ સામાન્ય રીતે ગુજરાત અને રાજસ્થાનનો વધુ હોય છે એટલે તેમની ભાષામાં ગુજરાતી અને રાજસ્થાની ભાષાનાં લક્ષણો અવારનવાર જોવા મળે છે. સમયસુંદર રાજસ્થાનના વતની હતા અને

ગુજરાતમાં પણ અમદાવાદ વગેરે સ્થળે ઘણો સમય વિચર્યા હતા. આ ઉપરાંત એમના સમયમાં રાજસ્થાનની સરહદ ઉપર સિંધ પ્રદેશમાં જૈનોની ઘણી વસ્તી હતી.

આ રાસની રચના સમયસુંદરે સિંધ પ્રદેશના મુલતાન નગરમાં રહીને કરી હતી. એથી સહજ રીતે એમણે આ રાસમાં એક ઢાલની રચના સિંધુ ભાષાની છાંટવાળી કરેલી છે. સમયસુંદર પોતે ભાષા ઉપર અસાધારણ પ્રભુત્વ ધરાવતા હતા. સંસ્કૃતમાં એમણે એક વાક્યના આઠ લાખ અર્થ થાય એવા ગ્રંથની રચના કરી છે, જે ગ્રંથ પ્રકાશિત પણ થયેલો છે. વળી સમયસુંદર તેજસ્વી કવિ પણ હતા. એટલે સિંધુભાષાની છાંટવાળી ઢાલની રચના કરવી એ એમને માટે સહજ વાત હતી.

આ ઢાલ આ રાસનું એક અનેરું લક્ષણ બની રહે છે. કવિની નીચેની પંક્તિઓ જોવાથી તેની પ્રતીતિ થશે:

ચેલી બે તઈ કીતા અપરાધ, રાતિ આઈ કયું એકલી, મઈડી
ચેલી બે.

તું ચંગીથી જાણું હુણ કયું શું તું બેકલી;
તૂંઈ મંદા કીતા એહુ સમવસરણ બિચિ બહુ રહી
ચેલી તઈં કીતા પરમાદ, અસા નાલિ આઈ નહી.
ચેલી સાધકા નહીં આચાર, તિહિ વસાઈ હું આખદી
ચેલી મઈ જાણી ગઈ ચલ્લિ, નહિ તઉ તઇકું ન રાખહી
ચેલી મષ્ઠિા અસાડી સિક્ખ ગ્રુનહ તુસાડા માફ હઈ
ચેલી મિચ્છાદુક્કડ દેહુ, રાતિ ચલ્યાંકા પાપ હઈ
ચેલી નવમી ઢાલ રસાય, સિંધુ ભાષા સોહદી
ચેલી સમયસુંદર કહઈ સચ્ચ, ભણુ અસાડા મોહદી.

કવિવર સમયસુંદરે આ રાસકૃતિમાં એક ઐતિહાસિક કથાવસ્તુ–

ને આલેખ્યું છે. રાસમાં પ્રસંગાનુસાર કવિએ દુહા અને ઢાલની રચના કરી છે અને ૭૪૫ જેટલી કડીમાં કથાનકનું નિરૂપણ કર્યું છે. દુહા અને ઢાલનું આયોજન કવિએ સપ્રમાણ કર્યું છે અને રાગરાગિણીની દૃષ્ટિએ એને વૈવિધ્યસભર બનાવ્યું છે. મૃગાવતી રાણી, શતાનીક રાજા, જુગંધર મંત્રી, ઉદયનકુમાર, નિપુણ ચિતારો, ચંડપ્રદ્યોત રાજા, ભગવાન મહાવીર સ્વામી, ચંદનબાલા ઇત્યાદિનાં પાત્રોને પણ કવિએ યોગ્ય રીતે વર્ણવ્યાં અને વિકસાવ્યાં છે. આલેખનમાં કવિએ સામાન્ય રીતે ક્યાંય બિનજરૂરી વિસ્તાર થવા દીધો નથી. મૃગાવતીના દોહદનો પ્રસંગ, ભારંડપક્ષીએ કરેલા અપહરણનો પ્રસંગ, ચિતારાનો પ્રસંગ, ચંડપ્રદ્યોતના આક્રમણનો પ્રસંગ, ભગવાન મહાવીર સ્વામીના સમવસરણનો પ્રસંગ. ચંદનબાળાએ મૃગાવતીને આપેલા ઠપકાનો પ્રસંગ અને ક્ષમાપના કરતાં મૃગાવતીને પ્રાપ્ત થયેલા કેવળજ્ઞાનનો પ્રસંગ ઇત્યાદિ પ્રસંગો કવિએ રસિક રીતે નિરૂપ્યા છે.

કવિએ રાસમાં ધર્મોપદેશની બાબતોને પણ સહજ રીતે, રસક્ષતિ ન થાય એ રીતે, બલ્કે, કથાવસ્તુના નિરૂપણને પોષક બને એ રીતે ગૂંથી લીધી છે.

ભાષાની દૃષ્ટિએ કવિએ પોતાના સમયની ગુજરાત–રાજસ્થાનમાં પ્રચલિત તત્કાલીન ગુજરાતી ભાષા સાથે સિંધુ ભાષાની અંદર એક ઢાલ પ્રયોજીને રાસની વિશિષ્ટતા વધારી દીધી છે. આમ સમગ્ર દૃષ્ટિએ જોતાં 'મૃગાવતી ચરિત્ર ચોપાઈ' એ આપણા એક સિદ્ધહસ્ત જૈન સાધુકવિને હાથે લખાયેલી, આપણા રાસસાહિત્યમાં અનોખી ભાત પાડતી એક મહત્ત્વની કૃતિ છે.

(૩) વલ્કલચીરી રાસ

ઈ. સ. ના સોળમાસત્તરમા શતકના જૈનકવિઓમાં કવિવર સમયસુંદરનું સ્થાન અનોખું છે. સંસ્કૃત, પ્રાકૃત તેમ જ ગુજરાતી

ભાષામાં વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, ઇતિહાસ, પ્રબંધ, રાસ-ચોપાઈ, બાલાવબોધ, સ્તવન, સજ્ઝાય, ગીત ઇત્યાદિ સાહિત્ય-પ્રકારોમાં પોતાની વિપુલ અને ઉચ્ચ કોટિની સેવા આપનાર આ વિદ્વાન કવિએ મધ્યકાળમાં ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનાર કવિઓમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમણે સાંબપ્રદ્યુમ્ન ચોપાઈ, મૃગાવતીચરિત્ર ચોપાઈ, નલદવદંતી રાસ, પુણ્યસાર રાસ, વસ્તુપાલ–તેજપાલ રાસ, ક્ષુલ્લક કુમાર રાસ, પુંજા ઋષિ રાસ, ચંપક શ્રેષ્ઠી ચોપાઈ, ધનદત્ત શ્રેષ્ઠી ચોપાઈ, વલ્કલચીરી રાસ, સીતારામ ચોપાઈ, દ્રૌપદી ચોપાઈ વગેરે રાસ-ચોપાઈના પ્રકારની ઘણી રચનાઓ કરી છે. સ્તવન, ગીતાદિ લઘુ રચનાઓમાં પણ એમનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.

સમયસુંદરે 'વલ્કલચીરી રાસ'ની રચના સંવત ૧૬૮૧માં જેસલમેર નગરમાં મુલતાનના શાહ કરમચંદની આગ્રહભરી વિનંતીથી કરી છે. એમાં કવિએ જૈનોમાં સુપ્રસિદ્ધ એવી પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને વલ્કલચીરીની કથા આલેખી છે. સામાન્ય રીતે કવિ સમયસુંદર કથાનો આધાર પોતે કયા ગ્રંથમાંથી લે છે એ પોતાની રાસરચનાઓને અંતે નોંધે છે. પરંતુ આ રાસને અંતે એમણે એવો કોઈ નિર્દેશ કર્યો નથી. 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ના પરિશિષ્ટ પર્વમાં જંબૂસ્વામીના ચરિત્ર પૂર્વે હેમચંદ્રાચાર્યે વલ્કલચીરીની કથા વિગતે આપી છે. પરંતુ એની સાથે સમયસુંદરની આ કૃતિ સરખાવતાં, મુખ્ય મુખ્ય ઘટનાઓને તે બરાબર અનુસરતી હોવા છતાં, કવિએ તેનો આધાર લીધો હોય એમ લાગતું નથી.

કવિએ આ રાસની રચના દુહા અને જુદીજુદી દેશીઓમાં લખાયેલી ઢાલમાં કરી છે. કદની દૃષ્ટિએ જોતાં આ રાસ કવિના સીતારામ ચોપાઈ, નલદવદંતી રાસ, દ્રૌપદી ચોપાઈ વગેરે કરતાં નાનો અને પ્રિયમેલક ચોપાઈ, ચંપક શ્રેષ્ઠિ ચોપાઈ, ધનદત્ત શ્રેષ્ઠી ચોપાઈ, પુણ્યસાર રાસ વગેરેની કક્ષામાં મૂકી શકાય એવો છે. મધ્યકાળમાં

રચાયેલા જૈન રાસાઓમાં મધ્યમ કદના રાસ તરીકે જેને ઓળખાવી શકાય એવી આ રચના છે. કવિએ એ માટે કથાવસ્તુ પણ એને અનુરૂપ પસંદ કર્યું છે. દસ ઢાલની અને વચ્ચે વચ્ચે દુહાની કડીઓ મળી કુલ ૨૨૬ ગાથામાં આ કવિએ રચના કરી છે.

રાસના આરંભમાં દુહાની કડીઓમાં કવિએ, ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે, સરસ્વતી દેવીને, સદ્‌ગુરુને અને પાર્શ્વનાથ પ્રભુને પ્રણામ કરીને એમની કૃપાની યાચના કરી છે. વળી, અહીં જ એમણે આ રચના પાછળનો પોતાનો હેતુ પણ દર્શાવી દીધો છે. અલબત્ત, આવો હેતુ, તત્કાલીન ધાર્મિક માન્યતાનુસાર ફલશ્રુતિના પ્રકારનો, કૃતિનું માહાત્મ્ય દર્શાવનારો જ હોય છે. કવિ લખે છે :

ગુણ ગિરુઆના ગાવતાં, વલિ સાધના વિશેષ;
ભવ માંહે ભમિયઇ નહીં, લહિયઇ સુખ અલેખ.

મઇસંયમ લીધઉ કિમઇ, પણિ ન પલઇ કરું કેમ;
પાપ ઘણા પોતઇ સહી, અટકલ કીજઇ એમ.

તઉ પણિ ભવ તરિવા ભણી, કરિવઉ કોઇ ઉપાય;
વલકલચીરી વરણવું, જિમ મુઝ પાતક જાય.

રાસની પહેલી ઢાલમાં કવિ કથાનો આરંભ મગધ દેશની રાજગૃહ નગરીના વર્ણનથી કરે છે. આ નગરીનું માહાત્મ્ય વર્ણવતાં કવિએ ભગવાન મહાવીર, ધન્ના, શાલિભદ્ર, નન્દન મણિયાર, કયવન્ના શેઠ, જંબૂસ્વામી, મેતાર્ય મુનિ, ગૌતમ સ્વામી વગેરેનાં નામ એ નગરી સાથે કેટલી ગાઢ રીતે સંકળાયેલાં છે તે સચોટ રીતે દર્શાવ્યું છે. એ રાજગૃહ નગરીના ગુણશીલ નામના ચૈત્યમાં એક વખત ભગવાન મહાવીર સમોવસર્યા હતા. વનપાલક પાસેથી આ વધામણી સાંભળી શ્રેણિક રાજા તેમને વંદન કરવા માટે નીકળ્યા. રસ્તામાં એમણે એક મુનિવરનાં દર્શન કર્યાં, જે એક પગ પર ઊભા રહી, સૂર્ય સમક્ષ

બે હાથ ઊંચા કરી કાઉસગ્ગ કરી રહ્યા હતા. જુઓ :

મારગમઈ મુનિવર મિલ્યા, હુંવારીલાલ,
રહ્યઉ કાઉસગિ રિષિરાય રે.

એક પગ ઊભઉ રહ્યઉ, હુંવારીલાલ,
પગ ઉપરિ ધરી પાય રે.

સૂરિજ સાહની નજરિ ધરિ, હુંવારીલાલ,
બે ઉંચી ધરી બાંહ રે.

સીત તાવડ પરીસા સહઇ, હુંવારીલાલ,
મોહ નહીં મન માંહ રે.

શ્રેણિક રાજાની સાથે એના સેવકો, દૂતો, સૈનિકો વગેરે પણ હતા. એમાં સુમુખ અને દુમુખ નામના રાજાના બે દૂત વચ્ચે આ મુનિવરની તપશ્ચર્યા અંગે વિવાદ થયો. સુમુખે મુનિવરના ત્યાગ-વૈરાગ્યની ઘણી પ્રશંસા કરતાં વચનો ઉચ્ચાર્યાં :

ધન માતા જિણ ઉર ધર્યઉ, ધન્ન પિતા ધન વંશ રે;
એહવઉ રતન જિહાં ઉપનઉ, સુરનર કરઇ પરસંસ રે.
દરસણ તોરઉ દેખતાં, પ્રણમતાં તોરા પાય રે;
આજ નિહાલ અમ્હે હુઆ, પાપ ગયા તે પુલાઈ રે.
તૂં જંગમ તીરથ મિલ્યઉ, સૂરતરુ વૃક્ષ સમાણ રે;
મનવાંછિત ફલ્યા મોહરા, પેખ્યઉ પુણ્ય પ્રમાણ રે.

પરંતુ દુમુખે મુનિવરને ધિક્કારતાં વચનો ઉચ્ચાર્યાં :

દુમુખ દૂત મુનિ દેખિનઈ, અસમંજસ કહઇ એમ;
પાખંડી ફિટ પાપીયા, કહિ વ્રત લીધઉ કેમ.
ગૃહિ વ્રત ગાઢઉ દોહિલઉં, નિરવાહ્યઉ નવિ જાય;
કાયર ફિટ તઇં સું કીયઉ, સહૂ પૂઠિઈ સીદાય.

બાલક થાપ્યઉ બાપડઉ, નાન્હઉ ઘણું નિપટ્ટ;
વઇરી વહિલા વીટિસ્યઇ, નગરી ઘણું નિકટ્ટ.
બઇયર થારી બાપડી, પડિસ્યઇ બંદિ પ્રગટ્ટ,
નંદન મારી નાંખિસ્યઇ, દલ મુંહડે દહવટ્ટ.

'અરે, આ તો પાખંડી છે, પાખંડી. પુત્રને ગાદી આપી પોતે તપશ્ચર્યા કરવા નીકળ્યા છે, પણ એમને ખબર નથી કે શત્રુઓ વખત જોઈને એની નગરીને ઘેરો ઘાલશે, એની રાણીને કેદ પકડશે, એના પુત્રને મારી નાખશે, અને પુત્ર મરતાં આ નિઃસંતાન મુનિને કોઈ પિંડદાન દેશે નહિ અને તેથી તે દુર્ગતિ પામશે.' દુમુખનાં આવાં વચન તે મુનિને કાને પડયાં. પરંતુ રાજા શ્રેણિકને આ બંને દૂતોના વિવાદની કંઈ ખબર નહોતી. તેઓ તો જેવા આ મુનિવર આગળથી પસાર થયા તેવા હાથી પરથી ઊતરી મુનિને પ્રણામ કરી આગળ ચાલ્યા.

તેઓ ભગવાન મહાવીર પાસે પહોંચ્યા. ભગવાનની દેશના સાંભળ્યા પછી શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો, 'હે ભગવન્! રસ્તામાં મેં એક મુનિવરને જોયા. ઉગ્ર તપશ્ચર્યા કરનાર તે મુનિવર જો હમણાં કાળધર્મ પામે તો તેમની ગતિ કેવા પ્રકારની થાય?' ભગવાને કહ્યું, 'તે સાતમી નરકે જાય.' આવી ઉગ્ર તપશ્ચર્યા કરનાર સાતમી નરકે જાય એવો જવાબ સાંભળી શ્રેણિક રાજાને ઘણું આશ્ચર્ય થયું. તેમના મનમાં સંશય થયો. કંઈ સમજ ન પડી એટલે થોડી વાર પછી તેમણે ભગવાનને ફરીથી પ્રશ્ન કર્યો. ભગવાને કહ્યું, 'હવે તે જો કાળધર્મ પામે તો સર્વાર્થ સિદ્ધિએ જાય.' ભગવાનના આવા ઉત્તરથી રાજાને વધારે સંશય થયો. ભગવાને ખુલાસો કરતાં કહ્યું, 'દુમુખના વચનથી તે મુનિ રૌદ્રધ્યાનમાં આરૂઢ થયા હતા. તેમણે મનમાં ને મનમાં પોતાના શત્રુઓ સાથે સંગ્રામ માંડયો હતો. અને તે જ વખતે જો તે કાળધર્મ પામ્યા હોત તો નરકગામી થાત. પરંતુ મનમાં ને મનમાં શત્રુઓ પર એક

પછી એક શસ્ત્ર વડે પ્રહાર કર્યા પછી શસ્ત્રો ખૂટતાં પોતાના મસ્તક પરનો ટોપ લેવા માટે મસ્તક પર ખરેખર હાથ મૂકયો, અને પોતાના લોચ કરેલા મસ્તકનો ખ્યાલ આવતાં તેઓ તરત જ પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને શુભ ધ્યાનમાં આરૂઢ થઈ ગયા, એટલે હવે જો તે કાળધર્મ પામે તો સર્વાર્થસિદ્ધિએ જાય.' કવિ સમયસુંદર વર્ણવે છે :

> ધ્યાન ભલઉ હીયડઇ ધર્યઉ, લોચથી પ્રતિબોધ લાધઉજી;
> પાપ આલોયા આપણા, સૂધ થયઉ વલિ સાધોજી.
> સૂધઉ થયઉ વલિ સાધ તતખિણ, કરમ બહુલ ખપાવિયા;
> જિમ પડયઉ તિમ વલિ ચડયઉ ઉંચઉ, ઉત્તમ પરણામ આવિયા.
> ભાવના બાર અનિત્ય ભાવી, અતિ વિસુદ્ધ આતમ કર્યઉ;
> મૂલગી પરિ મુનિ રહ્યઉ કાઉસગિ, ધ્યાન ભલઉ હીયડઈ ધર્યઉ.

શ્રેણિક રાજાએ મુનિની પ્રવજ્યાનું કારણ પૂછ્યું. ભગવાને વિગતે વાત કહી :

પોતનપુર નામના નગરમાં સોમચંદ્ર નામે રાજા હતો. એની રાણીનું નામ ધારિણી. એક વખત રાજારાણી મહેલમાં બેઠાં હતાં તે વખતે રાજાના મસ્તકમાં સફેદ વાળ જોઈ રાણીએ કહ્યું, 'દેવ. જુઓ કોઈ દૂત આવ્યો છે.' રાજાએ આમતેમ જોયું પણ કોઈ દૂત જણાયો નહિ. પછી રાણીએ સફેદ વાળ બતાવી કહ્યું, 'જુઓ, આ યમનો દૂત.' એ જોઈ રાજાએ કહ્યું, 'અરે! મારા પૂર્વજો તો માથામાં સફેદ વાળ આવે તે પહેલાં રાજગાદીનો ત્યાગ કરી વનમાં જતા. પરંતુ હું તો હજુ મોહમાયામાં જ ફસાયેલો છું. શું કરું ? કુમાર પ્રસન્નચંદ્ર હજુ બાળક છે. તું જો એની સંભાળ રાખવાનું માથે લે તો હું વનવાસી થાઉં.' રાણીએ કહ્યું, 'હું તો તમારી સાથે જ વનમાં આવવા ઇચ્છું છું. કુમાર ભલે નાનો રહ્યો. રાજપુરુષો એની સંભાળ લેશે અને એ રાજસુખ ભોગવશે.'

તરત તેઓએ નિશ્ચય કર્યો અને રાજા અને રાણી પુત્રને

રાજગાદી પર સ્થાપી, તાપસી દીક્ષા ધારણ કરી વનમાં જઈ તાપસાશ્રમની ઝૂંપડીમાં રહેવા લાગ્યાં. રાણી ઈંધણ લાવતી, ગાયના છાણથી ઝૂંપડી લીંપતી, ઘાસની શય્યા તૈયાર કરતી; રાજા વનમાંથી ચોખા વગેરે અન્ન લઈ આવતા. આ રીતે તેઓ બંને તપ કરતાં કરતાં પોતાના દિવસો પસાર કરવા લાગ્યાં. કવિ લખે છે :

આણઇ રાણી ઇંધણી, વનફલ ફૂલ વિશાલો જી,
કોમલ વિમલ તરણે કરી, સેજ સાજઇ સુકમાલો જી.
સેજ સજઇ સુકમાલ રાણી, ઇંગુદી તેલઈ કરી,
ઉટલા ઉપરિ કરઈ દીવઉ, ભગતિ પ્રિઉની મનિ ધરી.
ઓટલા લિંપઈ આણિ ગોબર, ગાઇ છઇ તિહાં વન તણી,
વન વ્રીહિ આણઇ આપતાપસ, આણઇ રાણી ઈંધણી.
તપસ્યા કરઇ તાપસ તણી, નિરમમ નઇ નિરમાયો જી,
સૂધું સીલ પાલઇ સદા, ધ્યાન નિરંજન ધ્યાયો જી.

વનમાં ગયા પછી થોડા વખતમાં જ રાજાએ રાણી ધારિણીને ગર્ભવતી થયેલી જોઈ. રાજાએ રાણીને કારણ પૂછ્યું. રાણીએ કહ્યું, 'ગૃહસ્થાવસ્થામાં જ હું ગર્ભવતી હતી, પરંતુ દીક્ષા લેવામાં અંતરાય થાય એટલે મેં એ વાત તે વખતે અપ્રગટ રાખી હતી.' ત્યાર પછી, ગર્ભકાળ પૂરો થતાં રાણીએ એક પુત્રને જન્મ આપ્યો. પરંતુ પોતે પ્રસવમાં જ માંદી થઈ મૃત્યુ પામી. જન્મેલા બાળકને વલ્કલના વસ્ત્રમાં લપેટવામાં આવ્યું હતું એટલે પિતાએ એનું નામ 'વલ્કલચીરી' રાખ્યું. વનમાં દૂધ, વનફળ વગેરે વડે 'વલ્કલચીરી' મોટો થયો. પશુઓ સાથે એ રમતો, પિતા પાસે ભણતો અને પિતાની સેવાચાકરી કરતો. ક્રમેક્રમે એ યુવાનીમાં પ્રવેશ્યો, પરંતુ તે તદ્દન ભોળો બ્રહ્મચારી જ રહ્યો હતો. સ્ત્રી એટલે શું એની પણ એને ખબર નહોતી.

આ બાજુ પિતાની ગાદીએ આવેલો પ્રસન્નચંદ્ર મોટો થયો અને સુખેથી રાજ્ય કરવા લાગ્યો. એણે એક વખત સાંભળ્યું કે

પોતાની માતાએ વનમાં ગયા પછી એક પુત્રને જન્મ આપ્યો છે અને એ પણ હવે મોટો થઈ ગયો છે. ત્યારે પોતાના એ ભાઈને મળવા માટે એનું હૃદય ભ્રાતૃસ્નેહથી ઉત્કંઠિત થઈ ગયું. એણે ચિત્રકારોને બોલાવી જંગલમાં જઈ પોતાના ભાઈનું ચિત્ર તૈયાર કરી લાવવાની આજ્ઞા કરી. ચિત્રકારો તે પ્રમાણે ચિત્ર બનાવી લાવ્યા. એ જોઈ પ્રસન્નચંદ્રને ઘણો આનંદ થયો. પોતાના ભાઈના ચિત્રને છાતીએ વળગાડી તે વિચાર કરવા લાગ્યો કે, 'પિતાજી તો વૃદ્ધાવસ્થામાં વનમાં વૈરાગ્ય ધારણ કરી ઉત્સાહપૂર્વક તપ કરે છે, પરંતુ મારો નાનો ભાઈ તરુણ અવસ્થામાં આવું કષ્ટ ઉઠાવે અને હું રાજ્યસુખ ભોગવું એ યોગ્ય નથી.' એટલે પ્રસન્નચંદ્ર રાજાએ કેટલીક કુશળ વેશ્યાઓને બોલાવી કહ્યું, 'તમે મુનિનો વેશ ધારણ કરી વનમાં જાઓ અને વિવિધ કળાઓ વડે મારા ભાઈનું મન આકર્ષી એને અહીં લઈ આવો.'

વેશ્યાઓ બિલ, ફલ વગેરે લઈ વનમાં તાપસાશ્રમમાં ગઈ. વલ્કલચીરીએ ઊઠીને એમનું સ્વાગત કર્યું અને પૂછ્યું, 'તમે ક્યાંથી આવો છો ?' વેશ્યાઓએ કહ્યું, 'પોતનપુરના આશ્રમમાંથી.' વલ્કલચીરીએ એમને આશ્રમનાં ફળ ખાવા આપ્યાં. વેશ્યાઓએ પોતે લાવેલાં ફળ વલ્કલચીરીને ચખાડચાં અને કહ્યું, ' તમારાં ફળ સાવ નીરસ છે. અમારાં ફળ કેટલા સ્વાદિષ્ટ છે !' વલ્કલચીરીએ વેશ્યાઓની છાતી પર સ્પર્શ કરી કહ્યું, 'તમારી છાતી પર આ ફળ શું છે ?' વેશ્યાઓએ કહ્યું, 'અમારા આશ્રમમાં રહેનારને પુણ્યોદયથી આવું ફળ પ્રાપ્ત થાય છે. તમે અમારા આશ્રમે ચાલો.' વલ્કલચીરીએ કહ્યું, 'હા, જરૂર મને લઈ જાઓ.'

વલ્કલચીરી વેશ્યાઓ સાથે જવા માટે સંકેતસ્થાને ગયો. ત્યાંથી વેશ્યાઓ સાથે થોડેક ગયો ત્યાં સામેથી સોમચંદ્ર ઋષિ આવવાના સમાચાર મળતાં વેશ્યાઓ આમતેમ નાસી ગઈ. વલ્કલચીરી તેમને શોધતો શોધતો વનમાં ભટકવા લાગ્યો, પણ કોઈ વેશ્યા તેને દેખાઈ

નહિ. એવામાં વનમાં એક રથી તેના જોવામાં આવ્યો. એણે રથીને પૂછ્યું, 'તમે ક્યાં જાઓ છો?' રથીએ કહ્યું, 'હું પોતનપુર જાઉં છું.' રથીએ વલ્કલચીરીને લાડુ ખાવા આપ્યા. એથી તો તે પોતન-પુરના આશ્રમ જવા માટે વધારે ઉત્સુક થઈ ગયો. તે રથની પાછળ પાછળ ચાલવા લાગ્યો. રસ્તામાં કેટલાક ચોરે રથી ઉપર હુમલો કર્યો. ઝપાઝપીમાં ઘાયલ થયેલા ચોરે પોતાનું બધું ધન રથીને આપી દીધું. પોતનપુરમાં પહોંચતાં રથીએ તે ધનમાંથી કેટલુંક વલ્કલચીરીને આપતાં કહ્યું, 'આ લે તારો ભાગ. એ વિના અહીં તને ક્યાંય રહેવા કે ખાવાપીવા કશું મળશે નહિ.'

વલ્કલચીરી પોતનપુરમાં આશ્ચર્યમુગ્ધ બની આમતેમ ભમવા લાગ્યો અને લોકોને 'તાત ! તાત !' કહી બોલાવવા લાગ્યો. લોકો એના ભોળપણ પર હસવા લાગ્યા. એમ કરતાં સાંજ પડી ગઈ, પરંતુ વલ્કલચીરીને રહેવા માટે ક્યાંય આશ્રય મળ્યો નહિ. કવિ લખે છે :

આપઇકો નહિ આસરઉ, રહિવા રિષિ નઇ ઠામ;
વહતો વેશ્યા ઘરિ ગયઉ, એ ઉટજ અભિરામ.
દ્રવ્ય ઘણઉ દેઇ કરી, રહ્યઉ મુનીસર રંગ;
વેશ્યા આવી વિલસતી, ઉત્તમ દીઠા અંગ.

આમ, વેશ્યાને ત્યાં પૈસા આપીને વલ્કલચીરી રહ્યો. વેશ્યાએ હજામને બોલાવી એના લાંબા લાંબા વાળ અને નખ ઉતરાવ્યા, સ્નાન વગેરે વડે એના શરીરને નિર્મળ, સુગંધિત કરાવ્યું, સુંદર વસ્ત્રો પહેરવા આપ્યાં અને પોતાની દીકરી સાથે એનું પાણિગ્રહણ કરાવી ઉત્સવ મનાવ્યો. વલ્કલચીરીને આ બધો નવો અનુભવ ઘણો આશ્ચર્ય-જનક લાગ્યો.

આ બાજુ, વલ્કલચીરીને લેવા માટે ગયેલી વેશ્યાઓએ પોતનપુર આવી પ્રસન્નચંદ્ર રાજાને બધો વૃત્તાન્ત કહ્યો. એ સાંભળી રાજાને પોતાના ભાઈની ચિન્તા થવા લાગી. તેણે નાટક, ગીત, વિનોદ વગેરેનો નિષેધ

કર્યો. રાત્રે તેને ઊંઘ પણ આવી નહિ. તે શોકમાં રાત્રિ પસાર કરતો હતો તે વખતે તેણે ગીત વાજિંત્રોનો નાદ સાંભળ્યો. એણે રાજપુરુષોને કહ્યું, 'મારા આવા શોકમય પ્રસંગે કોને ત્યાં ઉત્સવ થઈ રહ્યો છે? તપાસ કરો.' તરત રાજપુરુષો પેલી વેશ્યાને પકડી લાવ્યા. વેશ્યાએ કહ્યું, 'રાજન્! મારા ઘરે એક ઋષિપુત્ર આવ્યો છે, તેની સાથે મારી દીકરી મેં પરણાવી છે. માટે મારે ત્યાં વાજિંત્રો વાગતાં હતાં. તમારા શોકપ્રસંગની મને ખબર નહિ, માટે મને ક્ષમા કરો.'

આ સાંભળી ઋષિપુત્ર માટે રાજાને સંશય થયો. ઋષિપુત્રને ઓળખવા માટે એણે પેલા ચિત્ર સાથે કેટલાક માણસોને મોકલ્યા. તે પરથી જણાયું કે ઋષિપુત્ર તે પોતાનો ભાઈ જ છે. એટલે એણે પોતાના ભાઈને હાથી પર બેસાડી રાજમહેલમાં બોલાવી લીધો. રાજાએ એને નાગરિક સંસ્કાર અને શિષ્ટાચાર શીખવ્યા અને એને કેટલીક સુંદર કન્યાઓ પરણાવી.

આ બાજુ, આશ્રમમાં વલ્કલચીરીને ન જોતાં સોમચંદ્ર ઋષિને ઘણું દુઃખ થયું અને એની ચિંતામાં ને ચિંતામાં તેઓ અંધ થઈ ગયા. બીજા તાપસો વનફળ વગેરે લાવી આપી તેમની સેવા કરતા હતા. પાછળથી જ્યારે કેટલાક તાપસ મારફત એમને સમાચાર મળ્યા કે વલ્કલચીરી પોતનપુરમાં પોતાના ભાઈની સાથે જ છે ત્યારે તેમને કંઈક સાંત્વન મળ્યું.

પોતનપુરમાં આવીને રહ્યે વલ્કલચીરીને જોતજોતાંમાં બાર વર્ષ વીતી ગયાં. એક દિવસ રાત્રે તે અચાનક જાગી ગયો અને પોતાના આશ્રમજીવનનો વિચાર કરવા લાગ્યો. પોતાના પિતાનું સ્મરણ થતાં, તેમની સ્થિતિ વિશે ચિંતાતુર થતાં તે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. તેણે વનમાં જઈ ફરી પિતાની સેવા કરવાની પોતાની ઇચ્છા પ્રસન્નચંદ્ર આગળ વ્યક્ત કરી. પ્રસન્નચંદ્ર પણ તૈયાર થઈ ગયો. બંને ભાઈઓ આશ્રમમાં સોમચંદ્ર પાસે આવી પહોંચ્યા, અને રાજર્ષિના ચરણમાં

પોતાનું મસ્તક નમાવ્યું. પોતાના બંને પુત્રોને મળવાથી સોમચંદ્રને અત્યંત હર્ષ થયો. તેમની આંખમાંથી હર્ષાશ્રુઓ વહેવા લાગ્યાં અને તેની સાથે જ તેમનો અંધાપો પણ ચાલ્યો ગયો.

વલ્કલચીરી એક કુટિરમાં ગયો તો ત્યાં તાપસનાં ઉપકરણો જોઈ એને જાતિસ્મરણ જ્ઞાન થયું. એને પોતાના મનુષ્યભવ અને દેવભવનું સ્મરણ થયું. તરત ત્યાં ને ત્યાં સાધુપણાના આદર્શનું ધ્યાન ધરતાં ધરતાં અને આત્માની ઉચ્ચ ભાવના ભાવતાં ભાવતાં એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે જ વખતે દેવતાઓએ પ્રગટ થઈ એને સાધુવેશ આપ્યો. વલ્કલચીરી કેવળીએ સોમચંદ્ર અને પ્રસન્નચંદ્રને પ્રતિબોધ આપ્યો અને પછી પોતે બીજે વિહાર કરી ગયા.

પોતાના નાના ભાઈની આવી ઉચ્ચ દશા જોઈ પ્રસન્નચંદ્રને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે પોતનપુર પાછા આવ્યા. તે રાજ્ય કરતા હતા પરંતુ એના હૃદયમાં સંસારના ત્યાગની ભાવના પ્રબળ બનતી જતી હતી. એક વખત ભગવાન મહાવીર પોતનપુરના ઉદ્યાનમાં સમવસર્યા હતા ત્યારે તેમને વંદન કરવા આવેલા પ્રસન્નચંદ્રે ભગવાનનો ઉપદેશ સાંભળી, પોતાના બાલપુત્રને રાજગાદી સોંપી ભગવાન પાસે દીક્ષા લીધી અને ત્યાર પછી તેઓ ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા.

આમ, ભગવાન મહાવીરે શ્રેણિક રાજાને પ્રસન્નચંદ્ર રાજર્ષિની પ્રવજ્યાનું કારણ કહ્યું. એટલામાં આકાશમાં દેવદુંદુભિ સંભળાવા લાગી અને દેવતાઓનું આગમન થવા લાગ્યું. શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો, 'આ શું થઈ રહ્યું છે?' ભગવાને કહ્યું, 'પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે માટે દેવતાઓ મહોત્સવ માટે આવી રહ્યા છે.' એ જોઈ શ્રેણિક રાજાને સાનંદાશ્ચર્ય થયું. તેમણે રાજર્ષિ કેવળીને ફરી ફરીને વંદન કર્યાં.

*

આમ, લગભગ સવા બસો ગાથામાં આ નાનકડા કથાનકને કવિ સમયસુંદરે સુભગ રીતે આલેખ્યું છે. આવી લઘુરચનામાં કવિત્વવિલાસને બહુ અવકાશ હોય નહિ એ સ્વાભાવિક છે. વળી, તેમ કરવા જતાં તત્કાલીન શ્રોતાઓને પ્રિય એવો સાદ્યંત કથા સાંભળવાનો રસ કવિત્વ-વિલાસમાં અટવાઈ ન જાય, આવી નાની રચનામાં ખાસ, તેની તકેદારી પણ રાખવી પડતી. આમ છતાં સમયસુંદરે જ્યાં જ્યાં તક મળી ત્યાં ત્યાં ઉપમાદિ અલંકારો પ્રયોજ્યા છે અને રસિક આલેખન કર્યું છે. નીચેની કેટલીક પંક્તિઓ એની પ્રતીતિ કરાવશે:

હીયડઇ શ્રેણિક હરખીયઉ, મેઘ આગઈ જિમ મોર;
વસંત આગમ જિમ વનસપતી, ચાહઇ ચંદ ચકોર.

*　　　*　　　*

તૂં જંગમ તીરથ મિલ્યઉ, સુરતરુ વૃક્ષ સમાણ રે.
મનવાંછિત ફલ્યા માહરા, પેખ્યઉ પુણ્ય પ્રમાણ રે.

*　　　*　　　*

માંડયઉ સમવસરણ મંડાણ, ભગવંત બેઠા જાણે ભાણ.

વલ્કલચીરીને લઈ આવવા માટે પ્રસન્નચંદ્ર રાજાએ મોકલેલી વેશ્યાઓનું વર્ણન કરતાં કવિ લખે છે:

વેશ્યાની ટોલી રે મિલી વિલસતી રૂપ રૂડી રે,
　　　　હાં રે વારૂ ચતુર ચઉસઠિ કલા જાણ.
કંચન વરણ તનુ કામિની, રૂપ રૂડી રે,
　　　　હાં રે બોલતિ અમૃત વાણી.
રંગીલી રે વંગીલી રે, હાં રે વારૂ જોવન લહરે જાઈ.
ગજગતિ ચાલઈ ગોરી મલપંતી, વિભ્રમ લીલ વિલાસ.
લોચન અણિયાલા લોભી લાગણા, પુરુષ બંધણ મૃગ પાસ.

વલ્કલચીરી પોતનપુરમાં વેશ્યાને ત્યાં આવે છે ત્યારે એને

સ્નાન વગેરે કરાવવમાં આવે છે તેનું મનોહર ચિત્ર કવિએ આલેખ્યું છે :

સખર સુગંધ પાણી કરી, સહુ વેશ્યા કરાયઉ સ્નાન રે;
વારૂ વસ્ત્ર પહિરાવીયા, પીલા ખવરાવ્યા પાન રે.
સીસ વણાયઉ સેહરઉ, કાનિ દોય કુંડલ લોલરે;
હીયઇ હાર પહિરાયઉ, દીપતી દીસઈ આંગુલી ગોલ રે.
બંધ્યા વિહું બાંહે બહરખા, મોતી તણી કંઠે માલ રે;
હાથે હથસાંકલી, ભલઉ તિલક કીયઉ વલિ ભાલ રે.
ચોવા ચંપેલ લગાવીયા, ફૂટડા પહિરાયા ફૂલ રે;
આરિમ કારિમ કીયા, કાઇક કીધઉ અનુકૂલ રે.

પોતાનો ભાઈ વેશ્યાઓની સાથે આવતાં આવતાં ક્યાંક ગુમ થઈ ગયાના સમાચાર મળતાં પ્રસન્નચંદ્ર રાજા જે શોક અનુભવે છે તેનું આલેખન પણ અસરકારક થયું છે:

વાત સુણી રાજા વિલખાણઉ, ભૂય કરઈ દુઃખ ભારી;
મુઝ બાંધવ કોઈ મિલાયઇ,
બાંધવ માહરઉ બિહુંથી ચૂકઉ, વાત કીધી અવિચારી. મુઝ૦
મનવંછિત માંગઇ તે આપું, સઘલઈ વાત સુણાવઇ. મુઝ૦
તાત થકી તેહનઈ મઇં ટાલ્યઉ, ઇહાં પણિ તેહ ન આયઉ.મુઝ૦
હા ! બાંધવ કિમ કરતો હોસ્યઇ, મુઝ ન મિલ્યઉમા જાયઉ.
ભાઈ મિલઇ ઈવડઇ ભાગ કિહાંથી, વલકલચીરી વીર.
આંખે દડ દડ આંસૂ નાખઈ, દુખ કરઇ દિલગીર. મુઝ૦
નાટક ગીત વિનોદ નિષેધ્યા, જીવણ થયઉં વિષ જેમ,
નિસ સૂતાં પણ નીદ્ર ન આવઈ, કહ હિવઉ કિજઇ કેમ. મુઝ૦

પ્રસન્નચંદ્ર અને વલ્કલચીરી પોતાના પિતાને મળવા માટે વનમાં જાય છે તે વખતે વનમાં એક પછી એક વસ્તુઓ જોઈ પોતાના

બાળપણનાં સંસ્મરણો તાજાં થતાં વલ્કલચીરી તે વિશે કેવી સ્વાભાવિક રીતે પોતાના ભાઈને બધી વાત કરે છે!—

આશ્રમ દીઠું અભિરામ, ઊતર્યા અશ્વથી તામ.
સર દેખિ સાથી મેલિ, કરતઉ હું હંસ જુ કેલિ.
એ દેખિ તરુ અતિ ચંગ, રમતઉ ઉપરિ ચડિ રંગ.
ફૂટડા ફલ નઈ ફૂલ, એહના આણિ અમૂલિ.
ભાઈ એ ભઈંસિનું દેખિ, વલકલચીરી નઈં હું વેષિ.
દોહેનઇ આણઉ દૂધ; પીતા પિતા અમ્હે સૂધ.
મિરગલા એ રમણીક, નિત ચરઇ નિપટિ નિજીક.
રમતઉ હું ઇણ સું રંગિ, બાલ તણી પરિ બહુ ભંગિ.

નવમી ઢાલમાં અને ત્યાર પછી દુહાની કડીઓમાં કથાનું સમાપન થઈ ગયા પછી દસમી ઢાલમાં કૃતિનું સમાપન કરતાં કવિ કથા-નાયકને વંદન કરી એમના કેવળજ્ઞાનનું ફરી એક વાર સ્મરણ કરતાં લખે છે :

શ્રી વલકલ રે ચીરી સાધુ વાંદિયઈ રે,
હાંરે ગુણ ગાવતાં અભિરામ, અતિ આણંદિયઇ રે.
તાપસના ઉપગ્રહણ તિહાં, પડિલેહતાં, હાંરે નિરમલ કેવલ ન્યાન;
અતિ ભલું ઉપનું, શિવરમણી રે, સંગમનું સુખ સપનું રે.

આમ, કવિની આ કૃતિમાં સ્થળે સ્થળે આપણને રસિક, કાવ્ય-મય પંક્તિઓ લાધે છે. તેઓ સંગીતના સારા જાણકાર હતા. એટલે આવી નાની રાસરચનામાં પણ એમણે પ્રત્યેક ઢાલ જુદા જુદા રાગ કે દેશીમાં પ્રયોજી છે. એમની પંક્તિઓમાં પ્રાસસંકલના પણ સ્વાભાવિક અને સુભગ હોય છે. મારવાડીની છાંટવાળી એમની જૂની ગુજરાતી ભાષામાં એક પ્રકારનું પ્રસાદગુણયુક્ત માર્દવ અને માધુર્ય અનુભવાય છે. અલબત્ત, આ રાસમાં હજુ કેટલાંક રસસ્થાનો ખીલવી

શકાય એવાં છે પરંતુ રાસના કદની નિશ્ચિત કરેલી મર્યાદાને કારણે તેમ થઈ શકયું નહિ હોય તેમ જણાય છે; કારણ કે કવિ તરીકેની સમયસુંદરની શક્તિનું એમની રાસકૃતિઓમાં આપણને દર્શન થાય છે.

આમ છતાં સમગ્રપણે જોતાં સમયસુંદરની આ લઘુરાસકૃતિ ઠીકઠીક આસ્વાદ્ય છે એમ કહી શકાય.

પ્રેમાનંદના 'નળાખ્યાન'નું કથાવસ્તુ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નલકથાવિષયક કૃતિઓમાં ઉચ્ચાસન પામેલા અને પ્રેમાનંદની કૃતિઓમાં સર્વશ્રેષ્ઠ ગણાયેલા એના 'નળાખ્યાને' નલકથાના વિકાસમાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. જૈનેતર કવિઓમાં ભાલણ અને નાકર પછી નલકથાને ગુજરાતીમાં ઉતારવાનો પ્રેમાનંદનો આ પ્રયાસ, એની કેટલીક ત્રુટિઓ હોવા છતાં, સૌથી વધુ સફળ અને સૌથી વધુ સમર્થ છે. પ્રેમાનંદે પોતાના આ આખ્યાનમાં મૂળ મહાભારતની પરંપરાપ્રાપ્ત કથા લઈ, પોતાના પુરોગામી કવિઓએ તેમાં કરેલા કેટલાક ફેરફારો ઉમેરી લઈ, પોતાની કલ્પનાથી કેટલાક નવા પ્રસંગો ઉમેરી તથા કેટલાક મૂળ પ્રસંગોની રજૂઆત પોતાની મૌલિક દૃષ્ટિ અને પ્રતિભાથી કરી નલકથાને વધુમાં વધુ રસિક બનાવવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે.

પ્રેમાનંદે આ આખ્યાનનું મુહૂર્ત સૂરતમાં કર્યું હતું અને એની પૂર્ણાહુતિ સં. ૧૭૪૨ના પોષ સુદિ બીજને દિવસે ગુરુવારે નંદરબારમાં કરી હતી. *

*પ્રેમાનંદના નળાખ્યાનની હસ્તપ્રતોમાં ત્રણ જુદી જુદી રચનાસાલ જોવા

મુહૂર્ત કીધું સુરત મધ્યે, થયું પૂરણ નંદરબારજી;
કથા નળદમયંતીજીની, સંસાર માંહા સારજી.
સંવત ૧૭૪૨ વર્ષે, પોષ સુદી બીજ ગુરુવારજી,
દ્વિતીયા ચંદ્રદરશનની વેળા, થઈ પૂરણ કથા વિસ્તારજી.

નંદરબારના તે સમયના રાજાની રાણીનું અવસાન થવાથી રાજાને દુઃખમાં આશ્વાસન આપવાના આશયથી પ્રેમાનંદે આ આખ્યાન લખ્યું હતું એમ કહેવાય છે. વળી, એમ પણ કહેવાય છે કે એણે એક વાર આખ્યાન લખ્યા પછી પાછળનાં કેટલાંક કડવાં ફરીથી લખી આખ્યાનને વધારે રસિક બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

પ્રેમાનંદના 'નળાખ્યાન'નું કથાવસ્તુ આપણે અહીં એમાં એણે મહાભારતની કથામાં કરેલા ફેરફારોની દૃષ્ટિએ ક્રમવાર તપાસીએ.

'નળાખ્યાન'ના પહેલા કડવામાં યુધિષ્ઠિરના દુઃખનું વર્ણન પ્રેમાનંદે કર્યું છે. યુધિષ્ઠિરને આશ્વાસન આપવા માટે બૃહદશ્વ મુનિ નળદમયંતીનું ઉદાહરણ આપે છે. ભાલણે મહાભારતને બરાબર વફાદાર રહી એનો આખો અધ્યાય સંક્ષેપમાં આપ્યો છે; જેમાં ભીમની કોપવાણી પણ આવી જાય છે. નાકરને અનુસરી પ્રેમાનંદે પણ ભીમની કોપવાણી આપી નથી. જોકે કથાના ઉપક્રમ માટે એ જરૂરી પણ નથી. મહાભારત પ્રમાણે રાજ્ય હારી પાંડવો કામ્યક વનમાં ગયા. પ્રેમાનંદે કામ્યક વનને બદલે દ્વૈતવન લખ્યું છે. મહાભારતમાં યુધિષ્ઠિર બૃહદશ્વ મુનિને સીધેસીધી પોતાના દુઃખની વાત કરે છે. પ્રેમાનંદે, નાકરને અનુસરી, મુનિનાં ચરણ તળાંસતી વખતે યુધિષ્ઠિરની આંખમાંથી આંસુ ટપકી મુનિનાં ચરણ પર પડે છે અને મુનિ બેઠા થઈ યુધિષ્ઠિરને તેનું કારણ પૂછે છે એ પ્રમાણે આલેખન કર્યું છે

મળે છે. સં. ૧૭૩૩, સં. ૧૭૪૨ અને સં. ૧૭૬૨. સંવત ૧૭૩૩ વાળી હસ્તપ્રતમાં વાર નથી અપાયો. તિથિ ત્રણેમાં જુદી જુદી છે અને વાર પણ બંનેમાં જુદાજુદા છે.

બૃહદશ્વ મુનિએ યુધિષ્ઠિરના પ્રશ્નનો મહાભારતમાં જે રીતે જવાબ આપેલો છે, તેના કરતાં થોડી જુદી રીતે 'નળાખ્યાન'માં તે જવાબ આપ્યો છે. મહાભારતમાં યુધિષ્ઠિર પોતાના બીજા ત્રણે ભાઈઓની વાત કરતા નથી. પ્રેમાનંદે, નાકરને અનુસરી, તેનું આલેખન કર્યું છે, પણ નાકર કરતાં તેને વધારે હાસ્યરસિક બનાવ્યું છે. દાતણ માટે ઝાડ કાપી લાવનાર ભીમ, વરણાગી કરનાર નકુલ, અને જોષ જોઈ-જોઇને ઘરમાંથી નીકળનાર સહદેવનું, પ્રેમાનંદે દોરેલું ચિત્ર, યુધિષ્ઠિરની દુ:ખની વાતમાં પણ આપણને હસાવી જાય છે.

બીજા કડવામાં પ્રેમાનંદે નળના 'ભૌતિક' અને પુષ્કરના 'માનસી' રાજ્યનું વર્ણન કર્યું છે. નળ અને પુષ્કર પિતરાઈ ભાઈ હતા એવું પ્રેમાનંદે કરેલું નિરૂપણ મહાભારતમાં નથી. ત્યાં તો બંને વીરસેન રાજાના જ પુત્રો છે. અહીં પુષ્કર નળના કાકા સુરસેનનો પુત્ર છે. મહાભારતમાં નળના કાકાનો ઉલ્લેખ નથી. એક માણિકચદેવ-સૂરિકૃત 'નલાયન' સિવાય, નળના કાકાનો બીજે ક્યાંય ઉલ્લેખ જોવામાં નથી આવ્યો. 'નલાયન'માં પણ કાકાનું નામ વજ્રસેન છે, અને ત્યાં નળ અને પુષ્કરને વીરસેનના પુત્રો તરીકે બતાવ્યા છે. પ્રેમાનંદે પુષ્કરને જુધપતિ–સેનાપતિ તરીકે ઓળખાવ્યો છે, અને પછી નળ પ્રત્યે અદેખાઈ થતાં, વૈરાગ આણી, 'માનસી રાજ્ય' માંડતો બતાવ્યો છે. મહાભારતમાં આવું કશું આવતું નથી. પુષ્કરના માનસી રાજ્યનું પ્રેમાનંદે સચોટ વર્ણન કર્યું છે. (જુઓ કડવું ૨, કડી ૧૨–૧૫.)

ત્રીજા કડવાથી છઠ્ઠા કડવા સુધી પ્રેમાનંદે, નારદમુનિએ નળ આગળ કરેલું દમયંતીનું વર્ણન અને એથી નળના ચિત્તમાં વ્યાપેલી વિરહ-વ્યથાનું, વર્ણન કર્યું છે. આવો પ્રસંગ મહાભારતમાં નથી. તેનાં નારદમુનિનું પાત્ર આવે છે, અને તે દેવોના ચિત્તમાં દમયંતી માટે આકર્ષણ જન્માવવાનું કામ કરે છે. પ્રેમાનંદે નારદમુનિને એ ઉપરાંત,

અહીં આટલું કામ આખ્યાનના આરંભમાં સોંપ્યું છે. નારદમુનિ નળને એની પટરાણી વિષે પૂછે છે અને એ રીતે દમયંતીની પોતે વાત કરે છે એનું પ્રેમાનંદે સ્વાભાવિક, રસિક અને તર્કયુક્ત નિરૂપણ કર્યું છે.

આ પ્રસંગે પ્રેમાનંદે નળના પ્રશ્નના ઉત્તરમાં નારદ મુનિ પાસે દમન મુનિએ આપેલા વરદાનનો પ્રસંગ રજૂ કરાવ્યો છે, જે મહાભારતમાં તો બૃહદશ્વ મુનિ પોતે કહે છે. મહાભારતમાં દમયંતીના ભાઈઓનાં નામ દમ, દમન અને દાન્ત છે. પ્રેમાનંદે તે દમન, દંતુ અને દુર્દમન એ પ્રમાણે આપ્યાં છે.

નારદ મુનિએ દમયંતીના કરેલા વર્ણનમાં પ્રેમાનંદની રસિકતા અને એની ઉચ્ચ કવિત્વશકિતનાં આપણને દર્શન થાય છે. દમયંતીના રૂપવર્ણનને વધારે સચોટ બતાવવા, નળ અને નારદ મુનિનાં પાત્રોને વધારે જીવંત બનાવવા, અને પ્રસંગોને નાટયાત્મક અને સ્વાભાવિક આલેખવા પ્રેમાનંદે આ પ્રસંગે, વચ્ચે વચ્ચે નળની પાસે પ્રશ્ન કરવી નારદ મુનિ પાસે એનો જવાબ અપાવ્યો છે.

અતિશયોક્તિ, વ્યતિરેક, ઉત્પ્રેક્ષાદિ અલંકારયુક્ત દમયંતીના રૂપવર્ણનમાં, કેટલેક સ્થળે પ્રેમાનંદે ભાલણ દ્વારા સીધી કે ભાલણ દ્વારા નાકર પાસેથી, શ્રી હર્ષના સંસ્કૃત 'નૈષધીયચરિત'ની કેટલીક અસર ઝીલી છે; અને કેટલેક સ્થળે પ્રેમાનંદે એમાં પોતાની મૌલિક કલ્પના પણ ઉમેરી છે.

નારદ મુનિએ કરેલું દમયંતીના રૂપનું આવું મનોહર વર્ણન નળના હૃદયમાં કામજ્વર પ્રગટાવે છે; અને એ શમાવવા માટે નળ વનમાં જાય છે. પ્રેમાનંદે વનનું વર્ણન પરંપરા પ્રમાણે વૃક્ષોની યાદી આપીને કર્યું છે. વનમાં નળની કામચેષ્ટાનું વર્ણન પ્રેમાનંદનું મૌલિક છે, પણ તેમાં ઊંચી ઔચિત્યદૃષ્ટિ નથી.

હંસને નળ કેવી રીતે પકડે છે તેનું ચિત્ર મહાભારતમાં નથી. 'નૈષધીયચરિત'કારે તે સરસ દોર્યું છે. ભાલણે પણ 'નૈષધીચરિત'ને

અનુસરી, એવું ચિત્ર આપ્યું છે. પ્રેમાનંદે તેમાં વધારે રંગો પૂરી, તેને તાદૃશ અને સચોટ બનાવ્યું છે :

તેહને દેખી નળ મન હરખ્યો, મોણે મોણે પરવરિયો;
નીલાંબર ઓઢીને અંગ સંકોડયું, શ્વાસ રોધન કરિયો. (૬-૧૯.)
દ્રમ થડ પૂંઠે નળ ભડ આવ્યો, બેસીને આઘો ચાલ્યો ;
લાંબો કર કરી લઘુલાઘવીમાં, પંખીનો પગ ઝાલ્યો. (૬-૨૦)

નળ હંસને પકડે છે, અને હંસ નળ તરફથી દમયંતી પાસે જઈ નળનું દૂતકાર્ય કરે છે, અને પાછો આવે છે—એ ઘટનાનું નિરૂપણ, પ્રેમાનંદે વિસ્તારથી સાતમા કડવાથી તે પંદરમા કડવા સુધીમાં કર્યું છે. જે પ્રસંગ મહાભારતકારે માત્ર ચૌદેક શ્લોકમાં રજૂ કર્યો છે અને જેનું નિરૂપણ ભાલણે બેએક કડવામાં કર્યું છે તે પ્રસંગને, 'નૈષધીય ચરિત' કારની જેમ, પ્રેમાનંદ વિકસાવી, રસિક બનાવી, નવ જેટલાં કડવાંમાં આલેખે છે.

નળ હંસને પકડે છે એ પ્રસંગે 'હંસના વિલાપ' માટે, કવિએ એક આખું કડવું યોજ્યું છે. એ સમયે હંસણીએ નળને 'તાહરી નાર એમ કરજો વિલાપ!' એવા આપેલા શાપની કલ્પના પ્રેમાનંદની મૌલિક છે; અને તેમાં ભવિષ્યમાં બનનાર ઘટનાનું અગાઉથી સૂચન કરી દેવાની વૃત્તિ પ્રગટ થાય છે. પોતાને છોડવા માટે હંસ આજીજી કરે છે અને પોતાની 'માતા રોઈ રોઈ મરશે' એમ જણાવી તે આગળ કહે છે :

વહાલી સ્ત્રીએ પુત્ર પ્રસવ્યો છે, મેં તેહનું મુખ નથી જોયું;
અરે નળરાજા, તેં હું રાંકનું સુતનું સુખ કાં ખોયું ? (૮-૧૦)

હંસે અહીં રજૂ કરેલાં કારણો મહાભારતમાં નથી તેમ પ્રેમાનંદની મૌલિક કલ્પનાનાં પણ એ નથી. 'નૈષધીયચરિત'માં એ છે. એ પરથી ભાલણે તે આપ્યાં છે. પણ સ્ત્રીએ પુત્ર પ્રસવ્યાની વાત ભાલણે મૂકી નથી. પ્રેમાનંદે સીધી 'નૈષધીયચરિત'માંથી એ લીધી હશે ? હોઈ શકે.

પણ બીજી એક શકયતા પણ છે. નયસુંદરે પોતાના ' નળદમયંતીરાસ '-માં એ વાત ' નૈષધીયચરિત 'માંથી લીધી છે. પ્રેમાનંદે પોતાના પુરોગામી આ જૈન કવિમાંથી એ કલ્પના લીધી હોય એમ પણ બની શકે.

નળ હંસ સાથે ઘોડા પર બેસી પોતાને ઘેર આવે છે, અને નળને લેવા આવેલું સૈન્ય તે હંસને જોઈ વિસ્મય પામે છે. પ્રધાનને પણ હંસ વિશે જાણવાનું કુતૂહલ થાય છે. એ પ્રસંગનું, અને ત્યાર પછી હંસ અને નળની ગાઢ મૈત્રીનું સચોટ અને ઉત્કટ આલેખન પ્રેમાનંદની મૌલિક કલ્પનાનું સર્જન છે. આ રીતે એમણે હંસનું મહત્ત્વ વધારી દીધું છે. હંસમાં માનવભાવનું આરોપણ એમણે કેટલું સરસ અને છતાં કેટલી સ્વાભાવિકતાથી કર્યું છે તે આપણે અહીં જોઈ શકીએ છીએ.

એકઠા બેસી બન્યો જમે; દ્યૂતક્રીડા બન્યો જન રમે;
અન્યોન્ય લે કાઢી તંબોળ, મુખે વાણીના કરે કલ્લોલ. (૯–૪)

હંસ નળને એની રાણી વિશે પૂછે છે એ પ્રસંગે ' ભાભી ' શબ્દ મૂકી, પ્રેમાનંદે પંખી હંસ અને માનવ નળ વચ્ચેની કૌટુંબિક નિકટતા અને આત્મીયતાનું હૃદયંગમ ચિત્ર ખડું કર્યું છે. વળી, નળના મૃદુ ઉપાલંભમાં અને હંસના જવાબમાં અહીં તળ ગુજરાતનું વાતાવરણ પણ ખડું થાય છે. પ્રેમાનંદની સ્વતંત્ર સર્જનશક્તિનું, અને આલેખનમાં ગુજરાતીપણાના અંશો આણવાની એમની શક્તિનું, અહીં આપણને અચ્છું દર્શન થાય છે.

નળનું દૂતકાર્ય કરવા માટે હંસ, દમયંતી પાસે જાય છે અને દમયંતી એને પકડવા માટે ઝાંઝર કાઢી દોડે છે એનું પ્રેમાનંદે તાદૃશ, નજર સમક્ષ રમ્યા કરે એવું ચિત્ર દોર્યું છે. મહાભારતની કથા પ્રમાણે, ઘણા હંસો દમયંતીના આવાસ પાસે આવે છે અને દમયંતી તથા એની સખીઓ એક હંસની પાછળ દોડે છે અને તેમાં દમયંતી જેની પાછળ દોડે છે તે હંસ નળનું દૂતકાર્ય કરે છે.

પ્રેમાનંદે હંસને નળના મહેલમાં રહેતો અને તેની સાથે અદ્‌ભુત મૈત્રી ધરાવતો બતાવ્યો છે; અને નળ હંસને પકડે છે ત્યાર પછી કેટલેક સમયે હંસને દમયંતી પાસે જતો બતાવ્યો છે. એટલે એની દષ્ટિએ એક જ હંસ દમયંતી પાસે જાય એમાં જ ઔચિત્ય રહેલું છે. પ્રેમાનંદમાં અને મહાભારતના આલેખનમાં અહીં આટલો તફાવત છે.

'નૈષધીયચરિત'માં માત્ર એક જ હંસ દમયંતી પાસે જાય છે; પરંતુ ભાલણે મહાભારત પ્રમાણે આલેખન કર્યું છે. એટલે એક હંસની કલ્પના એ પ્રેમાનંદની જો મૌલિક ન હોય તો 'નૈષધીયચરિત'ની એ અસર હશે એમ કહી શકાય. પણ તો પ્રેમાનંદે સીધી એ 'નૈષધીયચરિત'માંથી લીધી હશે? પણ 'નૈષધીયચરિત'માં હંસ અને નળની દઢ મૈત્રીની વાત આવતી નથી. માણિક્યદેવસૂરિકૃત 'નલાયન'માં અને એને અનુસરી નયસુંદરના 'નળદમયંતી રાસ'માં દમયંતી પાસે એક જ હંસ જતો બતાવાયો છે. વળી નયસુંદરના રાસમાં, હંસ અને નળની દઢ મૈત્રીનું નિરૂપણ પણ છે. અલબત્ત, પ્રેમાનંદ જેવું નહિ. એટલે પ્રેમાનંદના આ નિરૂપણમાં એના પુરોગામી જૈન કવિ નયસુંદરની થોડી અસર પડી હોય તો નવાઈ નહિ.

દમયંતી હંસને પકડવા માટે કોઈ યુક્તિ કરતી હોય એવો ઉલ્લેખ મહાભારતમાં નથી. ત્યાં તો હંસને દમયંતીએ હાથમાં પકડ્યાનો પણ ઉલ્લેખ નથી. 'નૈષધીયચરિત'માં પણ તે નથી. ભાલણે દમયંતી પોતાની ઓઢણી નાખી હંસને પકડવાનો પ્રયત્ન કરે છે એમ લખ્યું છે. પ્રેમાનંદે દમયંતી પાસે હંસને પકડવા માટે ઘણો શ્રમ લેવડાવ્યો છે. એ માટે દમયંતીએ કરેલી યુકિત પ્રેમાનંદની સ્વતંત્ર રસિક કલ્પનાનું સર્જન છે. જુઓ :

> પોતાનાં વસ્ત્ર દાસીને પહેરાવી, પેઠી ચહેબચ્ચામાં આવી; ૧૧-૩/૨
> મસ્તક મૂક્યું પલાશનું પાન, વિકાસી હથેળી કમળ સમાન;

મધ્યે મૂક્યું જાંબુનું ફળ, જાણે ભ્રમર લે છે પ્રીમળ. ૧૧-૪

પોતે નાસિકાએ ગણગણતી, ભામા ભમરાની પેઠે ભણતી.
હંસે હરિવદની જાણી, નહિ પંકજ, પ્રેમદાનો પાણિ. ૧૧-૫

એસું જઈને થઈ અજ્ઞાન, પરણાવવો છે નળરાજાન ૧૧-૬/૧

હંસ દમયંતી આગળ નળનું જે વર્ણન કરે છે તેમાં આગળ થયેલા દમયંતીના વર્ણનનું કેટલુંક મળતાપણું આવે છે. બાકીનું વર્ણન કવિનું મૌલિક છે. નળનું રૂપ જોઈ દેવો પોતાની સ્ત્રીઓની રક્ષા કરવા માંડે છે અને નારદઋષિ આગળથી ચેતી બ્રહ્મચારી રહે છે એનું વર્ણન પ્રેમાનંદે રસિકતાથી કર્યું છે. હંસ નળનું વર્ણન કરી, દમયંતીનો એને માટે અનુરાગ મેળવી, દમયંતીને શિખામણ આપે છે કે સ્વયંવરમાં નળનું રૂપ ધારણ કરી, મોટા મોટા દેવતાઓ આવશે. ભવિષ્યમાં બનનારી ઘટનાનું પ્રેમાનંદે ફરી અહીં હંસ દ્વારા સૂચન કર્યું છે

દમયંતી પાસે જઈ આવી હંસ નળ આગળ પ્રથમ કુંડિનપુરનું 'પરિસંખ્યા અલંકાર' વડે વર્ણન કરે છે; પછી ત્યાંના વનનું (જૂની પરંપરા પ્રમાણે ગાઢ વનનું વાતાવરણ સૂચવવા વૃક્ષોની યાદી આપીને) વર્ણન કરે છે; પછી, પંદરમાં કડવામાં ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષાદિ અલંકારો વડે દમયંતીનાં અંગાંગોનું કવિત્વમય વર્ણન કરે છે. દમયંતીનું બે વાર વર્ણન કરવા છતાં, ન ધરાયેલા કવિ પ્રેમાનંદે પ્રત્યક્ષ જોઈ તરત પાછા ફરેલા હંસ પાસે આગળનાં બે વર્ણનો કરતાં પણ અધિક ચડિયાતું અને વિગતે ત્રીજી વાર વર્ણન કરાવ્યું છે. તેમાં પ્રેમાનંદનાં ઊંચાં કલ્પનોડ્ડયનોની અને એના કવિત્વવિલાસની આપણને સબળ પ્રતીતિ થાય છે. આમાં એણે પ્રયોજેલા કેટલાક અલંકારો, સંસ્કૃત મહાકવિઓની હરોળમાં એને બેસાડે તેવા છે. એની આરંભની 'બે ઇંદુ'ની કલ્પના જુઓ :

વેલ જાણે હેમની, અવેવફૂલે ફૂલી;
ચકિત ચિત્ત થયું માહરું, ને ગયો દૂતત્વ ભૂલી. ૧૫–૨

સામસામી હવી શોભા, વ્યોમ ભોમે સોમ;
ઇંદુમાં બિંદુ બિરાજે, જાણે ઉડુગણ ભોમ ! ૧૫–૩

ઊભે અમીનિધિનાં કિરણ મળિયાં, કળા થઈ પ્રકાશ;
જયોતે જ્યાં તે સ્તંભ પ્રગટ્યો, શું એથી રહ્યું આકાશ ! ૧૫–૪

૧૬મા કડવામાં, દમયંતીની વિરહવ્યથા અને સ્વયંવરની તૈયારીનું કવિએ વર્ણન કર્યું છે. વિરહવ્યથા અનુભવતી દમયંતી ચંદ્રને માટે જે વેણ કહે છે તેની કલ્પના પ્રેમાનંદે ભાલણ મારફત 'નૈષધીયચરિત'માંથી લીધી હોય એમ લાગે છે. દમયંતીની વિરહવ્યથા જોઈને એની માતા જે ભાવ વ્યક્ત કરે છે, અને દમયંતીને જો કોઈની નજર લાગી હોય તો તે ઉતારવાનો વિચાર કરે છે, તેમાં સમકાલીન ગુજરાતણ માતાના વાત્સલ્યનું પ્રતિબિંબ પડ્યું છે. એ પ્રસંગે 'ઘરડાં માણસ ઢોર', 'પરણ્યાં કુંવારાં કાંઈ ન પ્રીછે' વગેરે જે વચનો દમયંતી પોતાની માતાને કહે છે તેમાં પ્રેમાનંદે ઔચિત્ય જાળવ્યું નથી.

દમયંતીની સ્થિતિ વિશે જાણી, ભીમકરાજા સ્વયંવરની તૈયારી કરે છે. સ્વયંવર માટે નળને નિમંત્રણ આપવા માટે ભીમકરાજાએ સુદેવને મોકલ્યો એવું પ્રેમાનંદે લખ્યું છે. મહાભારતમાં સુદેવનો ઉલ્લેખ નથી. દમયંતીએ સુદેવ મારફત પોતાનો છાનો પત્ર નળને મોકલાવ્યો છે. પાંચેક પંક્તિમાં લખાયેલા આ પત્રમાં કેટલું લાઘવ, કેટલું ગૌરવ, કેટલું ઔચિત્ય અને કેટલી સચોટતા પ્રેમાનંદે આણ્યાં છે! (કડવું ૧૭ – કડી ૨, ૩).

સ્વયંવર માટે નળ નીકળે છે તે સમયે સવત્સી ગાય અને કુરંગ-કુરંગીના શુકન એને થાય છે એવું પ્રેમાનંદે કરેલું નિરૂપણ અન્યત્ર ક્યાંય જોવા મળતું નથી. આમાં પણ પ્રેમાનંદના સમકાલીન ગુજરાતનું પ્રતિબિંબ પડ્યું છે એમ ગણી શકાય.

સ્વયંવર માટે નળ વિદર્ભ જાય છે ત્યારે હંસ નળને દ્યૂત ન રમવા માટે, અને સ્ત્રીનો વિશ્વાસ ન રાખવા માટે જે સલાહ આપે છે તેમાં ભવિષ્યમાં બનનાર ઘટનાનું પ્રેમાનંદે હંસ દ્વારા અગાઉથી સૂચન મૂક્યું છે. આમાં સ્ત્રીનો વિશ્વાસ ન કરવા માટે અપાયેલી સલાહ નિરર્થક અને નિષ્કારણ લાગે છે.

આ કડવામાં આ પ્રસંગે હંસ પોતાના અને નળના પૂર્વ ભવની વાત કરે છે. આ ઘટના 'નળાખ્યાન'ની કેટલીક હસ્તપ્રતોમાં છે અને કેટલીકમાં નથી. આમેય, આ પ્રસંગ જો પ્રેમાનંદે લખેલો હોય તો પણ પાછળથી ઉમેરેલો હોય એમ લાગે છે, કારણકે આટલા વખતથી નળ પાસે રહેનાર હંસ નળ જ્યારે સ્વયંવરમાં જવા નીકળે છે ત્યારે રસ્તામાં છૂટા પડતી વખતે પૂર્વભવની કથા કહેવા બેસે એ બરાબર બંધબેસતું લાગતું નથી. તેમ છતાં, પ્રેમાનંદે આ પ્રસંગને આ સ્થળે બને તેટલો તર્કયુક્ત, સુસંગત કરવાનો પ્રયત્ન કર્યો છે. હંસ અને નળના પૂર્વભવની વાત મહાભારતમાં, 'નૈષધીયચરિત'માં કે ભાલણ, નાકરનાં નળાખ્યાનોમાં નથી. જૈનપરંપરાની નલકથામાં નળના પૂર્વભવની વાત આવે છે અને 'નલાયન'માં તથા નયસુંદરકૃત 'નળદમયંતી રાસ'માં હંસની પૂર્વકથા પણ આવે છે.

અલબત્ત, પ્રેમાનંદે નિરૂપેલી પૂર્વઘટના અને જૈન કૃતિની પૂર્વઘટના ભિન્ન ભિન્ન છે. અને નળના પૂર્વજન્મની કથા પણ ભિન્ન ભિન્ન છે, તેમ છતાં નળના પૂર્વજન્મની કથાનો અને હંસના સપ્રયોજન દૂતકાર્યનો વિચાર પ્રેમાનંદે પોતાના આ પુરોગામી જૈન કવિમાંથી લીધો હોય અને પછી, તેને અનુરૂપ પ્રસંગ પોતાની કલ્પનાથી ઘડી કાઢ્યો હોય એમ બનવા સંભવ છે.

નળ વિદર્ભ દેશમાં પહોંચે છે. બીજા પણ ઘણા રાજાઓ ત્યાં આવી પહોંચ્યા છે. સત્તરમાં કડવામાં, કવિ હંસના પૂર્વવૃત્તાન્ત પછી, ભીમકરાજાના નગરનું, ચીજવસ્તુઓના વધેલા ભાવોનું, સ્વયંવર-

મંડપનું સચોટ અને લાક્ષણિક ચિત્ર આપે છે, અને એ જ કડવાના અંતભાગમાં, દેવોના પ્રસંગની શરૂઆત કરી દે છે અને તે, ૨૩મા કડવામાં નળ દેવોનું દૂતકાર્ય કરી પાછો ફરે છે ત્યાં સુધી ચાલે છે. પ્રેમાનંદે આ પ્રસંગ પોતાના પુરોગામી કવિઓ કરતાં ઘણી સારી રીતે ખીલવ્યો છે અને કેટલેક અંશે એને બગાડયો પણ છે.

એણે નારદને 'કલહની ટેવવાળા' બતાવ્યા છે. મહાભારતમાં નારદ દેવોને માત્ર દમયંતીના સ્વયંવરના સમાચાર આપે છે. ભાલણ-ને અનુસરી, પ્રેમાનંદે દેવાંગનાઓને ઉતારી પાડતા નારદને બતાવ્યા છે. દેવો સ્વયંવરમાં જવા માટે નીકળે છે એ પ્રસગને વધારે રસિક બનાવવા, પ્રેમાનંદે મહાભારત કરતાં થોડું ભિન્ન નિરૂપણ કર્યું છે. મહાભારતમાં દેવો એકબીજાથી છાનામાના જતા નથી, જૂજવાં રૂપ ધારણ કરતા નથી, એકબીજાથી મનમાં ચોરી રાખી, ખોટા કામનું બહાનું બતાવતા નથી. પ્રેમાનંદે તે પ્રમાણે નિરૂપણ કર્યું છે. નળ પાસે દેવો વિપ્રનો વેશ ધારણ કરીને આવ્યા, નળ પાસે પોતાના કાર્ય માટે 'હા' પડાવી લીધી અને પછી પોતે પ્રગટ થયા એવું પ્રેમાનંદે કરેલું નિરૂપણ, મહાભારતમાં કે અન્યત્ર નથી. દેવો પોતાના દૂતકાર્ય માટે નળને જોગીનો વેષ લેવડાવે છે, એ પણ પ્રેમાનંદની પોતાની કલ્પના છે.

નળ જયારે દમયંતીના આવાસમાં જાય છે ત્યારે દમયંતી દાસી પાસે હિંડોળા પર બેસી, માથામાં તેલ નંખાવી વાળ ઓળાવે છે. એ ચિત્ર પણ પ્રેમાનંદનું પોતાનું છે. એ સમયે દમયંતી અને દાસી વચ્ચે જે વાતચીત થાય છે, પ્રતિબિંબમાં પુરુષને જોતાં તેઓ નાસી જાય છે, ફરી પાછાં એ જ જગ્યાએ બેસી ફરી પ્રતિબિંબ જુએ છે અને પછી 'આડો અંતરપટ ધરી' નળને પ્રગટ થવા માટે તે સ્તુતિ કરે છે, તથા નળ દાસી સાથે બોલવાની ના પાડે છે અને દમયંતી એનું કારણ સમજાવે છે—એ આખી કલ્પના પણ પ્રેમાનંદની પોતાની છે.

દેવોને વરવા માટે દમયંતી આગળ દેવો અને માનવો વચ્ચે અંતર બતાવી નળ જે દલીલો કરે છે તે, પ્રેમાનંદે વિસ્તારથી આપી છે. મહાભારતમાં એટલો વિસ્તાર નથી. પ્રેમાનંદના આ નિરૂપણમાં થોડીક ભાલણની, થોડીક નાકરની અને થોડીક નયસુંદરના 'નળ-દમયંતી રાસ'ની અસર પડેલી જણાય છે.

નળ દૂતકાર્ય કરવા જાય છે ત્યારે દેવો એની પાછળ પોતાનો એક ગુપ્ત દૂત મોકલે છે – એવું પ્રેમાનંદે કરેલું નિરૂપણ મહાભારતમાં, 'નૈષધીયચરિત'માં કે ભાલણમાં નથી. તેમ એ પ્રેમાનંદની મૌલિક કલ્પના પણ નથી. 'નલાયન'માં અને એને અનુસરીને નયસુંદરના 'નળદમયંતી રાસ'માં ગુપ્ત દૂતની વાત આવે છે. નાકરમાં પણ એ આવે છે. પ્રેમાનંદે આ કલ્પના 'નળદમયંતી રાસ'માંથી લીધી હોય, અથવા એ નાકરમાંથી લીધી હોય એમ પણ બને.

પ્રેમાનંદે નળના દૂતકાર્યનો પ્રસંગ વિસ્તારથી વર્ણવ્યો છે. પરંતુ એ પ્રસંગે એણે નળ અને દમયંતીનાં પાત્રો મહાભારત જેવાં ઉચ્ચ ગૌરવવાળાં દોર્યાં નથી.

આ પછી પ્રેમાનંદે સ્વયંવરની તૈયારી, સ્વયંવરમંડપની રચના અને સ્વયંવરમાં પધારેલા રાજાઓના યુવાન અને આકર્ષક દેખાવા માટેના વૃથા પ્રયત્નોનું હાસ્યરસિક આલેખન કર્યું છે. એમાં પ્રેમા-નંદના સમકાલીન ગુજરાતનું પ્રતિબિંબ પડયું છે. પોતાના શ્રોતા-ઓના મનોરંજન માટે જ એણે રાજાઓની લગ્નોત્સુકતાનું આવું અતિશયોક્તિભર્યું આલેખન કર્યું છે.

સ્વયંવરમંડપમાં નળ આવે છે એનું વર્ણન કરવા માટે, એક આખું જુદું કડવું પ્રેમાનંદે રોકયું છે, અને તે પછી સ્વયંવરમંડપ-માં દમયંતીના આગમન માટે બીજું એક કડવું રોકયું છે. કથાનાં નાયક અને નાયિકાનું, અગાઉ એમનું મુક્ત હાથે અલંકારયુક્ત વર્ણન કરીને, પ્રેમાનંદે, એ પાત્રોનું ગૌરવ વધાર્યું છે, અને પોતાની

કવિત્વકલાની ઊંચી દષ્ટિ અને શક્તિની આપણને પ્રતીતિ કરાવી છે.

બંને કડવાં માટે એણે પસંદ કરેલો 'ઢાળ' પણ કેટલો પાત્રોચિત છે! નળના આગમનની મહત્તા દર્શાવવા માટે 'એ નળ આવ્યો રે, તે નળ આવ્યો રે' એવી ધ્રુવપંક્તિ એણે યોજી છે. દમયંતીનું વર્ણન એણે હરિગીતની ચાલમાં, પંક્તિને અંતે 'પૂરણં' 'ચૂરણં' 'શોભયં' 'લોભયં' એવો અનુનાસિક પ્રાસ અને વર્ણવિન્યાસ, કડવાની છેલ્લી કડી સુધી યોજી, છટાદાર ગૌરવયુક્ત અને અસરકારક કર્યું છે.

૨૮મા કડવામાં કવિએ સ્વયંવરમાં આવેલા દેવોનો પ્રસંગ વર્ણવી, દમયંતી–નળને વરદાન આપે છે એ પ્રસંગનું નિરૂપણ કર્યું છે. આ નિરૂપણ એણે હાસ્યરસિક કર્યું છે અને શ્રોતાઓના મનોરંજનને અર્થે પૌરાણિક પાત્રોનું ગૌરવ ખંડિત કર્યું છે. પ્રેમાનંદે આ પ્રસંગે દેવોને પ્રાકૃત માણસો જેવા, બલકે, એથી પણ ખરાબ રીતે વર્તતા બતાવ્યા છે, અને પરસ્પર શાપ આપતા દેવોની તેણે હાંસી ઉડાવી છે.

દેવો નળનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે, તેમને ઓળખવા માટે દમયંતી, તે દેવોને એમના પિતાનું નામ પૂછે છે. પણ એ ચારે લોભી દેવો પોતાના પિતા તરીકે 'વીરસેન'નું — નળના પિતાનું નામ— જણાવે છે. બરાબર એ જ વખતે નારદમુનિ અંતરિક્ષમાં દેવોની પત્નીઓને લઈ આવે છે, અને એ જોઈ દેવો શરમાઈ જાય છે. દમયંતીની યુક્તિ અને દેવોની આ ફજેતી પણ પ્રેમાનંદની મૌલિક કલ્પનાનું સર્જન છે. પ્રમાણબુદ્ધિવાળા પ્રેમાનંદે અહીં સરસ રીતે અંત આણ્યો છે.

ત્યારપછી, દેવો દમયંતીને વરદાનો આપે છે તેમાં પ્રેમાનંદે વરદાનોની સંખ્યા મહાભારત પ્રમાણે આપી છે, પરંતુ એ આઠ વરદાનોમાંથી અડધાં પણ એણે મહાભારત પ્રમાણે આપ્યાં નથી. ત્રણેક વરદાન મહાભારતનાં એણે છોડી દીધાં છે, અને એક-બે વરદાનની

સેળભેળ કરી નાખી છે. પ્રેમાનંદને મુકાબલે ભાલણે, બરાબર મહાભારત પ્રમાણે આઠ વરદાનો આપ્યાં છે. વળી, મહાભારત કે ભાલણમાં દેવો દમયંતીને કંઈ પણ વરદાન આપતા નથી. 'નૈષધીયચરિત'માં દમયંતીને વરદાન મળે છે. પ્રેમાનંદે 'અમૃત સ્રાવિયા હાથ'નું વરદાન દમયંતીને અપાવ્યું છે, જેની કલ્પના એણે નાકરમાંથી લીધી હોય એમ લાગે છે. દેવોના વરદાન પછી પ્રેમાનંદ લખે છે:

> સર્વે સ્તુતિ કીધી દેવતા તણી, વિમાને બેસી ગયા સ્વર્ગભણી;
> દમયંતી હરખી તત્કાળ, નળને કંઠે આરોપી માળ (૨૮–૨૮)

પ્રેમાનંદનું આ નિરૂપણ યોગ્ય નથી; કારણ કે અહીં, દેવતાઓ સ્વર્ગમાં ગયા પછી દમયંતી નળના કંઠમાં માળા આરોપે છે. એનો અર્થ એ થયો છે કે દમયંતીએ નળને માળા પહેરાવી અને એને વરી તે પહેલાં જ દેવોએ તે બંનેને વરદાનો આપી દીધાં. મહાભારતમાં તો દમયંતી નળને માળા પહેરાવી વરે છે તે વખતે, દેવતાઓ ત્યાં હાજર હોય છે અને તેઓ તે સમયે જયઘોષ કરે છે તે સમયે નળ દમયંતીને કહે છે, 'તું મને દેવતાઓના સાન્નિધ્યમાં વરે છે માટે મારા દેહમાં જ્યાં સુધી પ્રાણ હશે ત્યાં સુધી હું તારા પ્રત્યે પ્રીતિવાળો રહીશ.' એ જ પ્રમાણે દમયંતી પણ કહે છે. એ પછી નળદમયંતી દેવતાઓને શરણે જાય છે, ત્યારે દેવતાઓ તેમને વરદાન આપે છે. મહાભારતનું ચિત્ર વધારે ઉતાવળિયું અને ત્રુટિઓવાળું લાગે છે. વળી, મહાભારતમાં, ભાલણમાં તથા બીજા કવિઓની કૃતિઓમાં આ પ્રસંગે દમયંતી પાંચ નળને જોઈ, વિમાસણ અનુભવી દેવોને પ્રગટ થવા માટે જે કરુણાર્દ્ર, આર્જવભરી પ્રાર્થના કરે છે તેનું નિરૂપણ પ્રેમાનંદે ખાસ કર્યું નથી.

પ્રેમાનંદે દમયંતીના સ્વયંવર પછી આ જ કડવામાં, કલિનો પ્રસંગ શરૂ કરી દીધો છે. પ્રેમાનંદે આલેખ્યા પ્રમાણે કલિ અને દ્વાપરને મોકલનાર નારદ છે. મહાભારતમાં કે બીજે ક્યાંય એવો નિર્દેશ

નથી. પ્રેમાનંદે એ રીતે નારદ પાસે મહાભારત કરતાં ઘણું વધારે કામ કરાવ્યું છે. વળી, એનું ચિત્ર પણ લોકપ્રિય બનાવવાના આશયથી મહાભારત કરતાં થોડું ભિન્ન દોર્યું છે.

મહાભારતમાં કલિ અને દ્વાપર આવતા હોય છે ત્યારે દેવો તેમને રસ્તામાં મળે છે, તેમની વચ્ચે સ્વયંવર વિશે વાતચીત થાય છે. પ્રેમાનંદે દેવો અને કલિ વચ્ચેના આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો નથી. એણે કલિનું ભયંકર ચિત્ર માત્ર બે જ પંક્તિમાં ખડું કરી દીધું છે:

બેઠો મહિષ ઉપર કળિકાળ, કંઠે મનુષનાં શીશની માળ;
કરમાં કાતુ લોહ-શણગાંર, શીશ સઘડી ધીકે અંગાર. (૨૮–૩૨)

કલિ નળના નગરમાં અને નળના દેહમાં પ્રવેશ કરવા ઇચ્છે છે; પરંતુ લોકોના ધર્મપાલનને લીધે તે પ્રવેશી શકતો નથી, અને તેથી નગરમાં આમતેમ ભમ્યા કરે છે. મહાભારત પ્રમાણે, તે આ રીતે બાર વર્ષ સુધી ભમે છે. ભાલણે પણ તે પ્રમાણે લખ્યું છે. પ્રેમાનંદે એક હજાર વર્ષ ગણાવ્યાં છે. સાઠ હજાર વર્ષ બતાવનાર જૈન કવિઓ 'નલાયન'કાર અને નયસુંદરની જેમ, પ્રેમાનંદે પણ મોટી સંખ્યા બતાવી છે.

નળ-દમયંતીને બે સંતાન થાય છે. પ્રેમાનંદ લખે છે:
જુગ્મબાલક સંગાથે પ્રસવ્યાં, પુત્રપુત્રી રૂપે અભિનવાં (૨૮-૩૮)

અહીં પુત્રપુત્રી સાથે જન્મ્યાં એવો ઉલ્લેખ મહાભારતમાં, 'નૈષધીયચરિત'માં કે ભાલણમાં નથી. પણ "નલાયન" કાર અને નયસુંદરે તે પ્રમાણે વર્ણન કર્યું છે. પ્રેમાનંદે નયસુંદરમાંથી એ વિચાર લીધો હોય એમ લાગે છે.

નળના દેહમાં કલિ પ્રવેશે છે એનું નિરૂપણ મહાભારત કરતાં થોડું ભિન્ન પ્રેમાનંદે કર્યું છે. મહાભારત પ્રમાણે એક દિવસ નળે લઘુશંકા કર્યા પછી પગ ધોયા વગર સંધ્યાવંદન કર્યું એટલે કલિએ

એના શરીરમાં પ્રવેશ કર્યો. ભાલણે પણ બરાબર મહાભારત પ્રમાણે વર્ણન કર્યું છે. પ્રેમાનંદે લઘુશંકાનો ઉલ્લેખ કર્યો છે. 'નલાયન'-કારે અને નયસુંદરે લઘુશંકાનો ઉલ્લેખ કર્યો નથી, અને પગ ધોતાં આંગળી વચ્ચેની જગ્યા કોરી રહી ગઈ અને ત્યાંથી કલિએ નળના શરીરમાં પ્રવેશ કર્યો એમ લખ્યું છે. પ્રેમાનંદનું આ નિરૂપણ નયસુંદર અને 'નલાયન'ને મળતું આવે છે.

કલિ અને દ્વાપર વિપ્રનો વેષ ધારણ કરીને પુષ્કર પાસે આવી એને નળ સાથે દ્યૂત રમવા પ્રેરે છે એ વર્ણન પ્રેમાનંદનું મૌલિક છે. ત્યારપછી પુષ્કરે દ્યૂતમાં વૃષભ પરઠયાનું વર્ણન એણે ભાલણ અને નાકરને અનુસરીને કર્યું છે. પણ ભાલણના આખ્યાનમાં કલિ વૃષભનું રૂપ લે છે અને દ્વાપર પાસાનું રૂપ ધારણ કરે છે. પ્રેમાનંદના આખ્યાનમાં કલિ પાસા બને છે અને દ્વાપર પોઠી બને છે. વળી, પુષ્કર દ્યૂતમાં આખલો હોડમાં મૂકે છે. માટે પ્રેમાનંદે એને વનવાસી બતાવ્યો છે. ભાલણે એવું બતાવ્યું નથી. (જોકે રોજ રાતના દ્યૂત રમીને પુષ્કર પોતાને 'આશ્રમે' જાય છે એવું ભાલણે લખ્યું છે.)

શ્રી રા. વિ. પાઠક લખે છે, "ભાલણે અને પ્રેમાનંદે બંનેએ પુષ્કરે રમતમાં 'વૃષ' મૂકયો વર્ણન કર્યું છે. હવે પુષ્કર રાજા હોય તો આખલો લઈને જાય અને 'પણ'માં માત્ર આખલો મૂકે, અને તેની સામે નળ પોતાનું રાજ્ય મૂકે એ અસંભવિત છે. ભાલણને આ અસંભવિતતા જણાઈ નહિ. પ્રેમાનંદને જણાઈ, અને તેથી તેણે પુષ્કરને નિર્ધન અને વનવાસી કલ્પ્યો" *

શ્રી પાઠકના આ અભિપ્રાય વિશે થોડીક સ્પષ્ટતા કરવાની જરૂર છે. પ્રેમાનંદ પ્રમાણે પુષ્કરે દાવમાં વૃષભ મૂકયો અને સામે, નળે આખું રાજ્ય મૂકયું અને એક જ દાવમાં તે હારી ગયો. આવી રીતે એક વૃષભની સામે આખું રાજ્ય મૂકવામાં આવે એ

* કાવ્યની શકિત (બીજી આવૃત્તિ) પૃ. ૧૧૩

અસંભવિતતા માટે શ્રી પાઠક ભાલણને જવાબદાર ગણે છે અને પ્રેમાનંદનો બચાવ કરે છે.

પણ હકીકતમાં આ અસંભવિતતા માટે પ્રેમાનંદ પોતે જવાબદાર છે. ભાલણે એવું અસંભવિત નિરૂપણ કર્યું જ નથી. ભાલણના નળાખ્યાનમાં પહેલા દાવમાં પુષ્કર વૃષભ મૂકે છે અને નળ એની સામે એટલું દ્રવ્ય મૂકે છે. નળ હારી જાય છે. ત્યાર પછી બીજા દાવમાં પુષ્કર વૃષભ અને જીતેલું દ્રવ્ય મૂકે છે અને એની સામે નળ એ બંનેના જેટલું દ્રવ્ય મૂકે છે. આમ ક્રમેક્રમે પુષ્કર હારતા જતા નળ પાસેથી બધું જીતી લે છે. એટલે ભાલણનું નિરૂપણ અસંભવિત નહિ પણ પ્રતીતિકર છે.

પ્રેમાનંદના 'નળાખ્યાન'માં પુષ્કર શરત કરે છે :

બેઠા બન્યો પોણ પરઠીને, બોલ્યો પુષ્કર રાયજી;
જે હારે તે રાજ્ય મૂકીને, ત્રણ વર્ષ વનમાં જાયજી. (૩૦-૪)
ત્રણે વર્ષ ગુપતે રહેવું વેષ અન્યે કો ધરીજી;
જો કદાચિત પ્રીછ પડે તો, વન ભોગવે ફરીજી. (૩૦-૫)

દ્યૂતમાં આવી શરત કર્યાનો ઉલ્લેખ મહાભારતમાં કે બીજી કોઈ પણ કૃતિમાં આવતો નથી. પ્રેમાનંદે અહીં શકુનિ અને યુધિષ્ઠિરના બીજી વારના દ્યૂતની શરત જેવી શરત મૂકી દીધી હોય એમ લાગે છે, અને તે પણ બરાબર ચોકસાઈ કર્યા વગર; કારણકે એના નિરૂપણ પ્રમાણે જોઈએ તોપણ, આ શરત બરાબર પળાતી નથી.

મહાભારતમાં નળ દ્યૂતમાં ઉત્તરોત્તર વધારેને વધારે હારતો જતો હતો, ત્યારે દમયંતી અગમચેતી વાપરી વાર્ષ્ણેય સાથે પોતાનાં બંને સંતાનોને પોતાને પિયર મોકલી દે છે. પ્રેમાનંદ પ્રમાણે, દ્યૂતમાં હાર્યા પછી નળના કહેવાથી, દમયંતી પોતાનાં સંતાનોને પિયર મોકલે છે. મહાભારતમાં સંતાનોને વાર્ષ્ણેય સારથિ સાથે મોકલવામાં આવે છે. 'નળાખ્યાન'માં તે ગુરુજી સુદેવ સાથે મોકલવામાં આવે છે.

દ્યૂતના પ્રસંગનું નિરૂપણ પ્રેમાનંદે ઉતાવળથી કર્યું છે; પરંતુ બાળકોની વિદાયનો પ્રસંગ એણે હૃદયસ્પર્શી બનાવી વિકસાવ્યો છે, અને એ માટે એક આખું કડવું રોકાયું છે. આ કરુણ રસના ગીતમાં દમયંતીના હૃદયની વ્યથા કવિએ સારી રીતે વ્યક્ત કરી છે. પોતાનાં સંતાનોને 'નમાયાં થઈ વરતજો રે' કહેનાર માતા કેટલું દુઃખ અનુભવતી હશે! 'સહેજો મામીની ગાળ' લખીને પ્રેમાનંદે પોતાના સમકાલીન ગુજરાતનું પ્રતિબિંબ પાડી, પોતાના શ્રોતાજનોને માટે એ નિરૂપણ વધારે વાસ્તવિક લાગે એવું બનાવ્યું છે.

૩૨મા અને ૩૩મા કડવામાં, કવિએ નળ-દમયંતીને વનમાં જવા માટે નીકળતાં વર્ણવ્યાં છે અને વનમાં પડેલાં કષ્ટોનું અને નળે દમયંતીના કરેલા ત્યાગનું નિરૂપણ કર્યું છે. દમયંતી નગરમાંથી નીકળે છે એ પ્રસંગે કવિ લખે છેઃ

એક અંજલિ જળની ન પામ્યાં, જો ભમ્યાં પુર આખે.

* * *

તરસી દમયંતી પાણી ન પામી, કંઠે પડિયો શોષ.

* * *

એક રાત રહ્યાં નગરમાં, ચાલ્યાં વહાણું વાતે.

મહાભારત પ્રમાણે નળ-દમયંતી ત્રણ દિવસ નગર બહાર માત્ર પાણી પીને રહ્યાં, અને ત્યાર પછી વનમાં ગયાં. પ્રેમાનંદ નળને વરુણે આપેલા વરદાનની વાત અહીં ભૂલી ગયો છે. માટે એમણે નળ અને દમયંતીને તરસ્યાં રહેલાં બતાવ્યાં છે. મહાભારતકારે પાણીનો ઉલ્લેખ કર્યો છે.

આ પછી પ્રેમાનંદે મત્સ્યસંજીવનનો પ્રસંગ મૂક્યો છે. આ પ્રસંગની કલ્પના એણે નાકરમાંથી લીધી છે. મહાભારતમાં કે ભાલણના 'નળાખ્યાન'માં કે જૈન કવિઓની કૃતિઓમાં એ નથી. પ્રેમાનંદે આ પ્રસંગ નાકર કરતાં વધારે વિકસાવ્યો છે, પરંતુ એમ કરતાં, નળના પાત્રના ગૌરવને એણે ઘણી હાનિ પહોંચાડી છે. દમયંતીના

ત્યાગ માટે આવું કારણ મૂકવા કરતાં મહાભારતકાર કે ભાલણની જેમ તે પણ આના કરતાં વધારે સારું અને સ્વાભાવિક કારણ મૂકીને પોતાને અને નળને આ દોષમાંથી બચાવી શક્યો હોત.

વનમાં પંખીને પકડવા જતાં પોતાનું વસ્ત્ર નળ ગુમાવે છે એ પ્રસંગનું નિરૂપણ પ્રેમાનંદે કેટલું તાદૃશ કર્યું છે! નળ નગ્ન બને છે એ સમયે તે લખે છે:

લાજ્યા પંખી ને લાજ્યું વન, લાજ્યો સૂર્ય, મીચ્યાં લોચન;
સ્વાદ ઇંદ્રિયે પીડ્યો મહારાજ, થયો નગ્ન મૂકીને લાજ.

* * *

વિહંગમ વસ્ત્ર ગયો રે હરી, 'દમયંતી! મા જોશો ફરી,'
પાછે ડગલે ગઈ સ્ત્રીજંન, આપ્યું અર્ધવસ્ત્ર,' 'સ્વામી ઢંકો તન.'
એકેકો છેડો પહેર્યો ઊભે, જાણે તીરથ નાહ્યાં એવાં શોભે!
અન્ન વિના અડવડિયાં ખાય, સતને આધારે ચાલ્યાં જાય.
(કડવું ૩૪–૧૩, ૧૪)

મહાભારતમાં બે પંખીઓ આવે છે; પ્રેમાનંદે અહીં એક જ પંખીનો ઉલ્લેખ કર્યો છે; અને તે બગલો હતો એમ જણાવ્યું છે. મહાભારતમાં પંખી ક્યાં હતાં, પાસાઓએ કયા પંખીનું સ્વરૂપ ધારણ કર્યું હતું તે જણાવ્યું નથી.

નળ દમયંતીનો ત્યાગ કરે છે એ સમયની એની દ્વિધા પ્રેમાનંદે મહાભારતકારની જેમ સરસ વર્ણવી છે:

કળિ તાણે વાટ વન તણી, પ્રેમ તાણે દમયંતી ભણી;
વિચારે વિચારનિધિમાં પડ્યો, આવતજાવત હિંડોળે ચડ્યો.
સાત વાર આવ્યો ફરી ફરી, તજી ન જાય સાધુ સુંદરી;
પ્રબળ બળ કળિનું થયું, પ્રેમબંધન ત્રુટીને ગયું! (ક.૩૩-૨૯)

ત્યાર પછી દમયંતી એની માસીને ત્યાં જાય છે ત્યાં સુધીના પ્રસંગોનું સળંગ નિરૂપણ મહાભારતમાં, ભાલણમાં અને નાકરમાં

કરવામાં આવ્યું છે. અને ત્યાર પછી નળનો પ્રસંગ મૂકવામાં આવ્યો છે. પ્રેમાનંદે 'નલાયન'કાર, નયસુંદર અને સમયસુંદરની જેમ, પહેલાં નળનો પ્રસંગ મૂકયો છે અને પછી દમયંતીની વીતકકથા રજૂ કરી છે. ૩૪મા કડવામાં પ્રેમાનંદે નળનો વિલાપ રજૂ કર્યો છે જે એની નિરૂપણશક્તિનો અને રસસ્થાનની એની પરખનો આપણને સારો પરિચય કરાવે છે.

કર્કોટક નાગનો પ્રસંગ પ્રેમાનંદે મહાભારત કરતાં થોડી ભિન્ન રીતે આલેખ્યો છે. મહાભારતમાં કર્કોટક નાગ નળ પોતાને ઊંચકી શકે એ માટે અંગૂઠા જેટલું નાનું સ્વરૂપ ધારણ કરે છે. પ્રેમાનંદે એક તો નાગને એક જોજન જેટલો લાંબો અને મોટો બતાવ્યો છે. વળી, એણે કર્કોટકે નાનું સ્વરૂપ ધારણ કર્યાનું લખ્યું નથી. મહાભારત-માં નારદના શાપની વાત આવે છે; પ્રેમાનંદે સપ્તર્ષિના શાપની વાત કરી છે. પ્રેમાનંદે શાપનું જેવું કારણ જણાવ્યું છે તેવું મહાભારત-માં નથી.

પ્રેમાનંદ પ્રમાણે, નળ નાગને નીચે મૂકી દે છે પછી તે નળને કરડે છે. મહાભારતમાં નાગ નળને ખભે હોય છે ત્યારે જ કરડે છે. મહાભારતમાં નાગ નળને કયાં કરડે છે તેનો ઉલ્લેખ નથી, પણ નાગે અંગૂઠા જેટલું સ્વરૂપ ધારણ કર્યું છે અને એ નળને ખભે છે એટલે નળને ખભે જ એણે દંશ માર્યો એમ માની શકાય. પ્રેમાનંદ પ્રમાણે તે નળને છાતીએ કરડે છે.

મહાભારતમાં નાગ કેટલા સમયથી વનમાં દાઝે છે તેનો ઉલ્લેખ નથી. પ્રેમાનંદે તે સાત હજાર વર્ષ બતાવ્યાં છે. મહાભારતમાં નાગ નળ પાસે દસ ડગલાં ભરાવી, 'દશ' એમ નળ બોલે છે ત્યારે 'ડસ', 'દંશ માર' એવો અર્થ કરી તે કરડે છે. પ્રેમાનંદમાં તે પ્રમાણે 'દશ' ડગલાં ગણવાની અને 'દશ' નો અર્થ 'કરડવું' એવો કરવાની કંઈ વાત જ આવતી નથી. મહાભારતમાં કર્કોટક નળને બે વસ્ત્ર આપે છે.

પ્રેમાનંદ પ્રમાણે તે ત્રણ વસ્ત્ર આપે છે. મહાભારતમાં નળ તે વસ્ત્રો લે છે, અને તરત કર્કોટક અંતર્ધાન થઈ જાય છે. પ્રેમાનંદ પ્રમાણે નળ તે વસ્ત્રો પહેરીને ખાતરી કરી જુએ છે, ત્યાર પછી કર્કોટક અંતર્ધાન થાય છે.

'બાહુક' નામ ધારણ કરી, નળ જ્યારે અયોધ્યા આવે છે ત્યારે તે પ્રસંગનું નિરૂપણ પ્રેમાનંદે હાસ્યરસિક અને જનમનરંજન કરાવે એવું કર્યું છે.

૩૬મા કડવાથી, પ્રેમાનંદ દમયંતીના પ્રસંગો વર્ણવે છે. આ કડવામાં પહેલી ત્રણ કડી કવિ દોહરાની આપે છે. સામાન્ય રીતે 'દોહરા' અને 'દેશીઓ'ની કડીઓ, ભેગી આપવાની પ્રણાલિકા જૈનકવિઓમાં જોવા મળે છે. પ્રેમાનંદની રચના પર જૈન કવિઓની અસર પડી હોવાનો સંભવ છે. વળી, આ ત્રણ કડીમાં દમયંતીના સ્વપ્નાની વાત આવે છે, જેમાં તે નળ પોતાને મૂકીને જાય છે એવું જુએ છે. આ પ્રસંગે દમયંતીને સ્વપ્ન આવતું મહાભારતમાં, ભાલણના કે નાકરના 'નળાખ્યાનમાં બતાવવામાં આવ્યું નથી. પરંતુ 'નલાયન' અને નયસુંદરના રાસમાં તથા જૈનપરંપરાની નલકથા વિશેની બધી જ કૃતિઓમાં દમયંતીના સ્વપ્નની વાત આવે છે. અને એ સ્વપ્નમાં પણ દમયંતીને નળ છોડી જાય છે એવું રૂપકશૈલીથી બતાવવામાં આવ્યું છે. એટલે પ્રેમાનંદે અહીં મૂકેલા સ્વપ્નની કલ્પના એણે જૈન કવિઓ પાસેથી લીધી હોવી જોઈએ.

દમયંતી જાગે છે અને નળની તપાસ કરે છે. પરંતુ નળને ન દેખતાં, તે વિલાપ કરતી કરતી 'એકલડી વનમાં ભમે' છે. પ્રેમાનંદે એનું તાદશ ચિત્ર દોર્યું છે. આ પછી દમયંતી નળને માટે ચીતરાને, શાર્દૂલને અને વૃક્ષને પૂછી જુએ છે. ત્યાર પછી અજગર અને પારધીનો પ્રસંગ બને છે. મહાભારતમાં અજગર અને પરાધીનો પ્રસંગ પહેલાં આપ્યો છે અને ત્યાર પછી શાર્દૂલ, પર્વત અને વૃક્ષને સંબોધન આવે છે.

પારધીનો પ્રસંગ પ્રેમાનંદે મહાભારત કરતાં વધારે વિકસાવીને મૂક્યો છે. નયસુંદરના રાસમાં પણ આ પ્રસંગ વિકસાવીને મૂકવામાં આવ્યો છે. પારધીને શાપ આપતી વખતે દમયંતી 'વિઠ્ઠલજી'નું સ્મરણ કરે છે. આવું મહાભારતમાં, ભાલણમાં કે નાકરમાં નથી. 'નલાયન'માં અને નયસુંદરમાં શાપ આપતી વખતે 'ઇન્દ્ર'નું સ્મરણ દમયંતી કરે છે. પારધીને શાપ આપ્યા પછી પોતાના ઉપર ઉપકાર કરનારને આવી શિક્ષા કરવા માટે દમયંતીને કંઈ પરિતાપ કરતી મહાભારતમાં બતાવી નથી. 'નલાયન'કારે અને નયસુંદરે એ વિસ્તારથી વર્ણવ્યું છે, અને પ્રેમાનંદે પણ તેવી રીતે દમયંતીને પરિતાપ અનુભવતી બતાવી છે. સંભવ છે કે પ્રેમાનંદના આ નિરૂપણમાં નયસુંદરની અસર પડી હોય. આ પરિતાપને અંતે, દમયંતીને આપઘાત કરવા માટે ગળે ફાંસો ભરાવતી પ્રેમાનંદે બતાવી છે તે તેનો પોતાનો ઉમેરો હોય એમ લાગે છે.

પારધી પછી તાપસનો પ્રસંગ કવિએ મૂક્યો છે. એણે આ આખો પ્રસંગ કળિની માયારૂપે મૂક્યો છે, અને તાપસને 'નગ્ન દિગંબર' બતાવ્યો છે. મહાભારતમાં આવું કંઈ આવતું નથી. અહીં તાપસ બનેલ કળિનો આશય દમયંતીનો નળ પ્રત્યેનો પ્રેમ ઓછો કરાવવાનો હોય છે, પણ તેમાં તે ફાવતો નથી.

આ પછી પ્રેમાનંદે દમયંતીને ફરી સ્વપ્ન આવતું બતાવ્યું છે, જેમાં એને નળનું દર્શન થાય છે. મહાભારતમાં સ્વપ્નની વાત આવતી નથી. જૈનકથામાં દમયંતીને બીજું સ્વપ્ન આવતું બતાવવામાં આવે છે, પરંતુ તે તો દમયંતી પોતાના ત્યાં પિતાને જાય છે ત્યારે. અલબત્ત, એ સ્વપ્નમાં નળના સંયોગનું જ સૂચન રૂપકશૈલીથી દર્શાવવામાં આવ્યું છે.

૪૦મા, ૪૧મા અને ૪૨મા કડવામાં, પ્રેમાનંદે વણઝારાનો પ્રસંગ વર્ણવ્યો છે. આ પ્રસંગમાં એણે મહાભારતમાં જે ઘટનાઓ સ્વાભાવિક રીતે બનતી બતાવવામાં આવી છે તે, કલિની માયાને કારણે બનતી બતાવી છે.

વણઝારાના પ્રસંગ પછી, દમયંતી પોતાની માસીને ત્યાં આવે છે. બાહુક ઋતુપર્ણના નગરમાં જાય છે તે વખતે એની જેવી સ્થિતિ થાય છે તેવી સ્થિતિ દમયંતી, આવા વેશે નગરમાં પ્રવેશે છે ત્યારે, થાય છે. પ્રેમાનંદે દમયંતીની માસીનુ નામ ભાનુમતી અને એની દીકરીનું નામ ઇન્દુમતી આપ્યું છે. મહાભારતમાં માસીનું નામ આપવામાં આવ્યું નથી અને માસીની પુત્રીનું નામ સુનંદા આપવામાં આવ્યું છે. નયસુંદરે અને 'નલાયન'કારે માસીનું નામ ચંદ્રમતી અને દીકરીનું નામ સુનંદા આપ્યું છે. જૈનપરંપરાની નલકથામાં માસીનું નામ ચંદ્રયશા એની પુત્રીનું નામ ચંદ્રમતી આપવા આવ્યું છે.

મહાભારત પ્રમાણે દમયંતીને એની માસી ઓળખી શકતો નથી, અને દમયંતી પણ માસીને ઓળખી શકતી નથી. નયસુંદરે વર્ણવ્યા પ્રમાણે, દમયંતી પોતાની માસીને ઓળખે છે, પણ આવા સંજોગોમાં તે એ ભેદ પ્રગટ કરતી નથી. પ્રેમાનંદે પણ, દમયંતી પોતાની માસીને ઓળખે છે, પણ ભેદ પ્રગટ કરતી નથી, એમ બતાવ્યું છે.

મહાભારત પ્રમાણે, દમયંતી પોતાની માસીને ત્યાં રહે છે તે સમય દરમિયાન કોઇ ખાસ પ્રસંગ બનતો નથી. જૈન નલકથામાં દમયંતીની માસીની દીકરીનાં રત્નોની ચોરીનો પ્રસંગ બને છે. પ્રેમાનંદના 'નળાખ્યાન'માં પણ માસીની દીકરીના હારની ચોરીનો પ્રસંગ બને છે. જૈનકથામાં રત્ન ચોરનાર દમયંતી નથી, પણ પિંગળ નામનો ચોર છે. પ્રેમાનંદના 'નળાખ્યાન'માં પણ હાર ચોરનાર દમયંતી નથી, પણ હારચોરીનો આરોપ એને માથે આવ્યો છે. જૈનકથામાં દમયંતીના સત્યના પ્રભાવથી પિંગળ ચોરનાં બંધન તૂટી જાય છે, પ્રેમાનંદના નળાખ્યાનમાં દમયંતીના સત્યના પ્રભાવથી હાર ગળનાર ટોડલો ફાટે છે અને કળિ ત્યાંથી નાસે છે. આટલું સામ્ય, પ્રેમાનંદના 'નળાખ્યાન'ના અને જૈન નલકથાના આ પ્રસંગો વચ્ચે, જોવા મળે છે. પ્રેમાનંદે આ પ્રસંગનું સૂચન કદાચ જૈનકથામાંથી લીધું હોય

તોપણ એનું નિરૂપણ એણે પોતાની વિશિષ્ટ કલાથી કર્યું છે. કદાચ પ્રેમાનંદે ક્યાંયથી સૂચન ન લીધું હોય અને આખો પ્રસંગ પોતાની મૌલિક કલ્પનાથી યોજી કાઢ્યો હોય એમ પણ બને. આ પ્રસંગે એણે દમયંતીને હાથે, કલિનો અહીં છેલ્લો પરાજય બતાવ્યો છે.

૪૩મા કડવામાં હારચોરીનો પ્રસંગ મૂક્યો છે અને ત્યાર પછી કવિએ ઇંદુમતી અને દમયંતી વચ્ચેનો સંવાદ સચોટ અને કુશળતાથી રજૂ કર્યો છે. કવિએ સંવાદને ત્વરિત અને જાણે ભજવાતો હોય એવો નાટ્યાત્મક બનાવ્યો છે. પ્રસંગને નજર સમક્ષ તરવરતો કરવાની પ્રેમાનંદની કલા અહીં કેટલી ખીલે છે તે આપણે જોઈ શકીએ છીએ.

આ પ્રસંગની અને પ્રેમાનંદની નિરૂપણકલાની પરાકાષ્ઠા આ પછીના કડવામાં, દમયંતીએ પ્રભુને કરેલી આર્તહૃદયની પ્રાર્થનામાં આવે છે. ગુજરાતી સાહિત્યની આ ચિરસ્મરણીય પંક્તિઓનો 'ઢાળ' પણ એવો જ ભાવાનુકૂળ છે. કવિ લખે છે:

હો હરિ, સત્ય તણા રે સંઘાતી, હરિ! હું કહીંયે નથી સમાતી;
હરિ, માહરાં કોણ કર્મનાં કરતું, હરિ! ચોરીથકી શું નરતું?
હરિ, હું શા માટે દુઃખ પામું? હરિ, જુઓ હું–રાંકડી સાહમું.
હરિ, ગ્રાહથી ગજ મુકાવ્યો, હરિ! હું–પર રોષ શે આવ્યો?

પ્રેમાનંદની આ પંક્તિઓ એ જમાનામાં જ્યારે કરુણ સ્વરે ગવાતી હશે ત્યારે કોનું હૃદય નહિ દ્રવ્યું હોય? કોની આંખ ભીની નહિ થઈ હોય?

૪૬મા કડવાથી, કવિએ નળદમયંતીની શોધ અને ત્યારપછી બંનેની મિલન-કથાનું નિરૂપણ શરૂ કર્યું છે. સુદેવ દમયંતીની શોધ માટે નીકળે છે એ પ્રસંગનું નિરૂપણ પ્રેમાનંદે જીવંત અને ચિત્રાત્મક કર્યું છે. આ તાદૃશ ચિત્ર પછી પ્રેમાનંદના સંવાદકૌશલનો, થોડા શબ્દોમાં ઘણું કહેવાની એની શક્તિનો અને એ દ્વારા એના શબ્દ-

પ્રભુત્વનો પરિચય કરાવનારી પંક્તિઓ, સુદેવ અને દમયંતીના સંવાદમાં આપણને જોવા મળે છે. (કડવું ૪૮, ૧-૩). દમયંતીને ઓળખતાં એની માસી જે દુઃખની લાગણી અનુભવે છે તેના નિરૂપણમાં ગુજરાતના વાતાવરણનું કેટલુંક પ્રતિબિમ્બ પડ્યું છે. ઇન્દુમતી અને સુબાહુ તે સમયે જે લજ્જા અનુભવે છે તેનું પણ કવિએ સુંદર વાસ્તવિક ચિત્ર દોર્યું છે.

દમયંતી સુદેવ સાથે કુંડિનપુર આવે છે ત્યારે નગરમાં પ્રવેશતાં એને નળ પણ યાદ આવે છે. માટે 'પ્રભુ વિના પીહરિયું ગ્રસે' એમ તે કહે છે. દમયંતી નગરમાં આવે છે. એનાં માતાપિતા, સંતાનો અને સાહેલીઓ એને સામે મળવા માટે દોડે છે. પણ પતિ વિના એનું હૃદય હજુ અશાંતિ અનુભવે છે. જ્યાં સુધી પતિનો મેળાપ ન થાય ત્યાં સુધી એ વ્રત-નિયમ પાળે છે. વર્ષાઋતુ આવે છે અને એનું વિયોગદુઃખ વધે છે. આ રીતે પિયરમાં આવ્યાંને એક વર્ષ થયું છતાં નળનો મેળાપ નથી થયો માટે તે સુદેવને નળની શોધ માટે જવાને કહે છે. મહાભારતમાં દમયંતી જે દિવસે એના પિતાને ત્યાં આવે છે તે જ દિવસે રાત્રે, તે પોતાની માતાને નળની તપાસ કરાવવા માટે કહે છે; અને માતાના કહેવાથી ભીમકરાજા બ્રાહ્મણોને મોકલે છે. તેમાંથી પર્ણાદ નામનો વૃદ્ધ બ્રાહ્મણ બાહુકની તપાસ કરી લાવે છે. ત્યાર પછી દમયંતીના સ્વયંવરનો સંદેશો લઈને સુદેવ ઋતુપર્ણ રાજાને ત્યાં જાય છે. પ્રેમાનંદે આ બંને કામ સુદેવને જ સોંપ્યાં છે, અને બીજા બ્રાહ્મણોનો તેણે કશો જ ઉલ્લેખ કર્યો નથી.

દમયંતી સુદેવ મારફત જે શબ્દો કહેવડાવે છે અને બાહુક જે રીતે એનો જવાબ આપે છે તેનું નિરૂપણ પ્રેમાનંદે મહાભારત કરતાં થોડું ભિન્ન કર્યું છે. મહાભારતની ટહેલમાં, નળને મૃદુ ઉપાલંભ છે, પરંતુ અહીં દમયંતી પોતાના માટે 'અલભ્ય વસ્તુ' અને 'રત્ન' જેવા શબ્દો કહેવડાવે છે; અને નળ પણ જવાબમાં

એને 'કાગ' તરીકે ઓળખાવે છે તથા મત્સ્યના પ્રસંગને હજુ પણ સંભાર્યા કરે છે. તેમાં બંને પાત્રોનું ગૌરવ સચવાતું નથી. મહાભારતની અને તેને અનુસરીને ભાલણે આપેલી ટહેલ વધારે ગૌરવવાળી છે. પ્રેમાનંદની ટહેલ અને સુદેવે આવીને દમયંતીને આપેલો અહેવાલ એ બન્નેનું શ્રોતાઓના મનોરંજન કરવાના હેતુથી જ નિરૂપણ થયેલું વિશેષ લાગે છે.

૫૩ મા કડવામાં, કવિએ સુદેવ ઋતુપર્ણને કંકોત્રી આપે છે ત્યાંથી તે બાહુકના દેહમાંથી કલિ નીકળી જાય છે ત્યાં સુધીના પ્રસંગનું, વિગતે આલેખન કર્યું છે. 'નળાખ્યાન'નું આ સૌથી લાંબું ૧૨૬ કડીનું કડવું છે. આખું કડવું પોતાના શ્રોતાજનોના મનોરંજનાર્થે પ્રેમાનંદે લખ્યું હોય એમ લાગે છે. એથી એમાં હાસ્યરસ ઠીકઠીક નિષ્પન્ન થયો છે. એમાં કવિના જમાનાના ગુજરાતનું પ્રતિબિમ્બ પણ ઠીકઠીક પડ્યું છે. મહાભારત કરતાં ઘણું ભિન્ન નિરૂપણ પ્રેમાનંદે અહીં કર્યું છે. એમાં એની રસનિરૂપણની અને તાદૃશ ચિત્રો ખડાં કરવાની શક્તિનું આપણને અચ્છું દર્શન થાય છે; પણ તેમ કરવા જતાં, એણે પોતાની કવિતાને જે હાનિ પહોંચાડી છે અને ઔચિત્યનું ભાન ગુમાવ્યું છે તે પણ જોઈ શકાય છે.

ઋતુપર્ણની કામલોલુપતાનું, બાહુક એને પજવે છે તેનું, સ્વયંવરમાં જતાં અટકાવવા માટે ઋતુપર્ણ રાણીઓને મારે છે એનું, ઋતુપર્ણના ઘોડાઓનું, બાહુક રથ હાંકતી વખતે જે વાંધા પાડે છે તેનું, અને અંતે નગરમાંથી રથ નીકળે છે તેનું પ્રેમાનંદે હાસ્યરસિક નિરૂપણ કર્યું છે. અહીં બાહુક ઋતુપર્ણનું અપમાન વારેવારે કરે છે, એને 'નિર્લજ્જ', 'છછેરો', અને 'વિષયી' કહી, એને કાગડાની ઉપમા આપી ઉતારી પાડે છે તથા ઘોડાને ગાળ આપી તે દ્વારા ઋતુપર્ણને ગાળ આપે છે–એવું પ્રેમાનંદનું નિરૂપણ શ્રોતાઓને તો પંક્તિએ પંક્તિએ હસાવવાનું, પણ તેથી તે પ્રેમાનંદને કવિ તરીકે, ચડાવવાને બદલે નીચે જ પાડે છે.

ઋતુપર્ણ અને બાહુક રથમાં જાય છે તેની સાથે સુદેવને પણ બેસતો પ્રેમાનંદ બતાવે છે. મહાભારતમાં કે બીજી કોઈ કૃતિમાં ઋતુપર્ણની સાથે સુદેવને બેસતો બતાવવામાં આવ્યો નથી. આવે પ્રસંગે રાજા કહે તોપણ સુદેવ એની સાથે ન બેસે તે ઇષ્ટ છે, કારણકે કુંડિનપુર પહોંચતી વખતે સ્વયંવરની કંઈ તૈયારી ન જુએ તો રાજા સૌથી પહેલો પ્રશ્ન સુદેવને જ કરે. પ્રેમાનંદને એ ખબર નથી એમ નહિ. માટે જ એણે કુંડિનપુર આવ્યું ત્યારે સુદેવને યુક્તિપૂર્વક જવાબ આપતો બતાવ્યો છે.

રસ્તામાં ઋતુપર્ણનું વસ્ત્ર ઊડી જાય છે તે પ્રસંગનું નિરૂપણ પણ પ્રેમાનંદે મહાભારત કરતાં થોડું ભિન્ન કર્યું છે. તેમાં પણ શ્રોતાઓને હસાવવાની એની વૃત્તિ રહેલી છે. પરિણામે, ઋતુપર્ણ અને બાહુક નળ, બંનેનાં પાત્રના ગૌરવને એણે હાનિ પહોંચાડી છે. નળ અને ઋતુપર્ણની વિદ્યાનો પ્રસંગ પણ પ્રેમાનંદે મહાભારત કરતાં ભિન્ન રીતે નિરૂપ્યો છે. ફલપત્રની સંખ્યા તો મહાભારત કરતાં તદ્દન જુદી છે જ; ઉપરાંત, મહાભારતમાં ઋતુપર્ણ પોતાની વિદ્યા, નળને આપે છે અને પોતે લેવાની વિદ્યા, નળ પાસે લેણી રાખે છે એને બદલે, પ્રેમાનંદે બંનેને એકબીજાની વિદ્યા ત્યાં આપતા અને લેતા બતાવ્યા છે.

નળ અક્ષવિદ્યા મેળવે છે કે તરત જ કલિ એના દેહમાંથી નીકળે છે. ૭૪મી કડીથી આ કડવાના અંત સુધી, કવિએ કલિનો જ પ્રસંગ વર્ણવ્યો છે. એમાં પ્રેમાનંદે કલિના ગુણ-અવગુણ વિગતે વર્ણવ્યા છે. પોતાના સમાજને લાગુ પડતી વાત કહેવાની અને એ રીતે લોકોને ધર્મ-અધર્મની વાત સમજાવવાની તક પ્રેમાનંદને અહીં ઝડપી છે. એના આ નિરૂપણમાં એના પોતાના જમાનાના લોકોના અનાચારનું પણ કેટલુંક પ્રતિબિંબ પડયું છે.

કલિના આ પ્રસંગ પાછળ રહેલું એક રહસ્ય પ્રેમાનંદે મૂક્યું

છે. નળ અક્ષવિદ્યા મેળવે છે એટલે કલિ, જે દ્યૂતના પાસાનું પણ એક રૂપ છે તે, નળનાં શરીરમાં રહી શકે નહિ, કારણ કે નળે હવે પાસા—'અક્ષ'— ઉપર પ્રભુત્વ મેળવ્યું છે. પાસા બેહેડાના વૃક્ષમાંથી બનતા એટલે કલિ તેમાં વાસ કરે એ સૂક્ષ્મ દષ્ટિએ ઉચિત ગણાય. પ્રેમાનંદે પણ કલિને બેહેડાના વૃક્ષમાં રહેતો બતાવ્યો છે. પણ આ પ્રસંગનું બીજું એક રહસ્ય પ્રેમાનંદે મહાભારત પ્રમાણે બતાવ્યું નથી.

કલિ નળના શરીરમાંથી નીકળે છે ત્યારે નાગનું વિષ વમતો-વમતો નીકળે છે. વળી, નાગ પણ નળને કરડે છે તે નળનું રૂપ બદલવા અને એ રીતે એના ઉપર પ્રત્યુપકાર કરવા તો ખરો જ, પણ તેની પાછળનું બીજું એક કારણ તે દમયંતીએ કલિને આપેલો શાપ પણ છે. આથી, નાગ નળને કરડે છે ત્યારે એની પીડા કલિને થાય છે. માટે જ કલિ જ્યારે બહાર નીકળે છે ત્યારે, મહાભારતમાં, એ કહે છે, "ઇન્દ્રસેનાની જનનીના શાપથી અને નાગના વિષથી હું રાત-દિવસ દાઝતો રહ્યો છું." મહાભારતનું આ રહસ્ય પ્રેમાનંદે જતું કર્યું છે.

—

દેવોને કલિ માર્ગમાં મળે છે ત્યાંથી તે આ પ્રસંગ સુધી, 'નળાખ્યાન'માં કલિ એક મહત્ત્વનું પાત્ર બની જાય છે. મહાભારત કે ભાલણ, નાકર કરતાં પ્રેમાનંદે કલિની માયાના પ્રસંગો વધારે બતાવ્યા છે. મહાભારતમાં જે કેટલાક પ્રસંગો સ્વાભાવિક રીતે બનતા વર્ણવાયા છે એવા પ્રસંગોને પણ પ્રેમાનંદે કલિની માયા તરીકે વર્ણવ્યા છે. ક્યાંક એવા ચમત્કારો સપ્રયોજન અને ઉપયોગી થયા છે, તથા ક્યાંક પાત્રના વર્તનના ગૌરવને પહોંચેલી હાનિમાંથી એણે બચાવી પણ લીધા છે; તો બીજી બાજુ ક્યાંક એવા ચમત્કારો બિન-જરૂરી, અસ્વાભાવિક અને રસને હાનિકર્તા પણ બન્યા છે.

૫૪ થી ૫૮માં કડવા સુધીમાં નળની ઉત્સુકતાપૂર્વક પ્રતીક્ષા કરતી દમયંતીના હૃદયના ભાવોનું, ઋતુપર્ણના આગમનનું અને

બાહુક-નળની કરવામાં આવેલી વિવિધ પરીક્ષાઓનું કવિએ નિરૂપણ કર્યું છે.

ઋતુપર્ણ અને બાહુક ભીમકરાજાને ત્યાં આવી પહોંચે છે એ પ્રસંગે પણ કવિએ બાહુક પાસે ગ્રામ્ય વર્તન કરાવ્યું છે. શ્રોતાઓનું મનોરંજન કરાવે એવા આ નિરૂપણમાં કવિ પ્રેમાનંદે ઔચિત્યભાન ગુમાવ્યું છે એમ કહેવું પડે. નળના દેહમાં કલિ હતો ત્યાં સુધી એવા વર્તન માટે કલિને જવાબદાર ગણીને, કવિનો બચાવ કંઈક કરી શકાય; પણ કલિ નીકળી ગયા પછી પણ, નળ પાસે આવું ગ્રામ્ય વર્તન કરાવવામાં, કવિએ ઔચિત્યદોષ વહોરી લીધો છે. એક રીતે કહીએ તો પ્રેમાનંદે સભારંજન માટે બાહુકના પાત્રનો વધારે પડતો લાભ ઉઠાવ્યો છે; અને તે પણ બેવડી રીતે, બાહુકના પોતાના ગ્રામ્ય વર્તન દ્વારા અને અન્ય લોકોનાં બાહુક પ્રત્યેનાં કટાક્ષવચનો દ્વારા. વળી, બાહુકના વર્તનના નિરૂપણમાં જેમ કવિએ ઔચિત્યનો ખ્યાલ રાખ્યો નથી, તેમ અન્ય વ્યક્તિઓનાં આવાં કટાક્ષવચનોમાં પણ એણે એ ખ્યાલ રાખ્યો જણાતો નથી.

બાહુક એ નળ છે કે કેમ તેની કસોટી કરવાના વિચારે તેને અહીં બોલાવી આણવામાં આવ્યો છે. તેમ છતાં, તેના કદરૂપા દેહ વિશે આ પ્રસંગે સુદેવ, દમયંતીની સખીઓ, ભાભીઓ, ભીમકરાજા પોતે અને ખુદ દમયંતી પણ કટાક્ષવચનો બોલે છે, જે અહીં એકેનાં મુખમાં શોભતાં નથી.

બાહુકની 'વાજિ, વૃક્ષ, જલ, અનલ' એ ચાર પરીક્ષાઓ કર્યા પછી, એની પાસે બંને બાળકોને મોકલવામાં આવે છે. પ્રેમાનંદે એ પ્રસંગનું નિરૂપણ વાસ્તવિક, હૃદયસ્પર્શી અને અસરકારક કર્યું છે. કદરૂપો બાહુક જો નળ હોય તો? અને એ છે તેવો જ જો રહેવાનો હોય તો? તો એની સાથે જીવન કેવી રીતે પસાર થાય? —પ્રેમાનંદે આ પ્રશ્ન ભાભીઓ દ્વારા મૂક્યો છે અને ત્યાં દમયંતીના

સતીત્વની કસોટી થતી બતાવી છે.

બીજી બાજુ, આ પ્રસંગે બાહુકને જ્યારે દમયંતી પાસે લઈ જવામાં આવે છે ત્યારે પ્રેમાનંદે નિરૂપેલું તેનું વર્ણન તદ્દન અનુચિત લાગે છે. 'સાધુ પુરુષને સદ્ય પાડે,' 'બાહુક ખૂંખારે, આળસ માંડે, માંડયાં વિષયીનાં ચિહ્ન'—વગેરે પંક્તિઓ આપણને ઘણી ખૂંચે છે. લોકરંજનના પ્રવાહમાં તણાયેલી કવિની નિરૂપણકલા કવિને પોતાને અને નળદમયંતીનાં પાત્રોને કેટલો અન્યાય કરી બેસે છે તે અહીં જોઈ શકાય છે.

'બાહુક એ જ નળ છે'–એની પ્રતીતિ થતાં, દમયંતી જે કહે છે તેમાં નળ પ્રત્યેના એના ઉચ્ચતમ, અશારીર પ્રેમની આપણને પ્રતીતિ થાય છે. દમયંતી કહે છે :

> તમ ચર્ણ વિશે મમ મન રાતું
> તમ પાખે હું પેટમાં રેણુ ઘાતું (૬૧–૫૫)
> અમો અબુધ્ય અબળામાં બુધ્ય થોડી;
> કરે વિનંતી પ્રેમદા, પાણુ જોડી. (૬૧–૫૬)
> નથી રૂપનું કામ રે ભૂપ ! માહરા;
> થઈ કિંકરી અનુસરું ચર્ણ તાહરા. (૬૧–૫૭)

આ સાંભળી નળ તરત જ પોતાનું મૂળસ્વરૂપ ધારણ કરે છે. અને :

> જેમ તમાલ પૂઠે વીંટાયે વેલી;
> તેમ કંથને વળગી રહી ગુણઘેલી. (૬૧–૬૨)

નળ પ્રગટ થાય છે એના આનંદોત્સવનું નિરૂપણ કરી, કવિએ ઋતુપર્ણના દુઃખનો અને નળે આપેલા સાંત્વનનો પ્રસંગ નિરૂપ્યો છે. ઋતુપર્ણ આ દુઃખને કારણે આપઘાત કરવા તૈયાર થાય છે એ તો પ્રેમાનંદની કલ્પના છે. નળ અને ભીમકરાજા ઋતુપર્ણને અટકાવે

છે, તે સમયે ઋતુપર્ણ પોતાનું દુઃખ વ્યક્ત કરી અપરાધ માટે ક્ષમા માગે છે, અને પશ્ચાત્તાપ વ્યક્ત કરે છે.

નળ ઋતુપર્ણનું દુઃખ હળવું કરે છે. એણે પોતાના ઉપર કરેલા ઉપકારનું સ્મરણ કરાવે છે. વળી, ઋતુપર્ણનો બદલો બીજી એક રીતે પણ અહીં વાળી આપવામાં આવે છે. દમયંતીની ભત્રીજી સુલોચના, જે બીજી દમયંતી જેવી જ છે તેને, ઋતુપર્ણ સાથે પરણાવવામાં આવે છે. આ કલ્પના પ્રેમાનંદની પોતાની છે. મહાભારતમાં કે અન્યત્ર એ જોવા મળતી નથી. એમાં એક રીતે 'કવિ-ન્યાય' પણ રહેલો છે અને બીજી રીતે ગુજરાતનું વ્યવહારુ ડહાપણ પણ રહેલું છે.

આ પ્રસંગ પ્રેમાનંદની મૌલિક કલ્પનાનો છે એ ખરું, પરંતુ આને મળતો પ્રસંગ 'નલાયન' અને 'નૈષધીયચરિત'માં છે. એ પ્રસંગ આ બીજા નહિ, પણ પહેલા સ્વયંવરને અંતે આવે છે. ત્યાં દમયંતી નળને સ્વયંવરમાં વરી એથી નિરાશ થયેલા, નળના મિત્ર જેવા રાજાઓને દક્ષિણ દિશાના બીજા રાજાઓની કુંવરીઓ, જે દમયંતીની સખીઓ છે અને દમયંતીના હાથે તાલીમ પામેલી હોવાને કારણે 'દમયંતી જેવી જ' છે તેને દમયંતીની ભલામણથી પરણાવવામાં આવે છે.

આ પ્રસંગ અને પ્રેમાનંદનો પ્રસંગ તદ્દન જુદાજુદા જ છે. છતાં, દમયંતીના સ્વયંવર માટે આવેલી અને નિરાશ થયેલી, નળના મિત્ર જેવી વ્યક્તિને એમ ને એમ પાછી ન જવા દેતાં, 'દમયંતી જેવી જ' બીજી કન્યા પરણાવવામાં આવે એટલું સામ્ય આ બંને પ્રસંગોમાં રહેલું જોઈ શકાય છે. એમાં પ્રેમાનંદનો પ્રસંગ વધારે મહત્ત્વનો બને છે, કારણ કે એ યોગ્ય સ્થાને, સારી રીતે મૂકવામાં આવ્યો છે. એમાં વિશેષ કવિન્યાય પણ રહેલો છે, કારણ કે ઋતુપર્ણ દમયંતીના બીજા બનાવટી સ્વયંવર માટે આવેલો છે અને એ નિરાશ

થવા ઉપરાંત, ફજેત પણ થયેલો છે. પ્રેમાનંદે પોતાના આ પ્રસંગનું સૂચન 'નૈષધીયચરિત' કે 'નલાયન' માંથી લીધું હશે?

નળ મૂળ સ્વરૂપે પ્રગટ થાય છે અને દમયંતીને મળે છે એ પછી પાંચ દિવસ ભીમકરાજાને ત્યાં રહી એ, પોતાનું સૈન્ય સજ્જ કરી પુષ્કરને જીતવા માટે આવી પહોંચે છે. આ પ્રસંગે પ્રેમાનંદે ભીમકરાજાના પુત્રોને પણ નળ સાથે આવતા બતાવ્યા છે. ભાલણમાં, નાકરમાં કે મહાભારતમાં એ પ્રમાણે નથી. માત્ર 'નલાયન'કારે અને નયસુંદરે ભીમકરાજાના પુત્રોને નળની સાથે જતા બતાવ્યા છે. પ્રેમાનંદે આ સૂચન એમાંથી લીધું હોય એ સંભવિત છે.

એકાદ-બે અપવાદ સિવાય લગભગ બધી જ કૃતિઓમાં નળ અંતે પુષ્કરને દ્યૂતમાં હરાવી પોતાનું રાજ્ય પાછું મેળવે છે. પ્રેમાનંદે પુષ્કરને દ્યૂત રમતો કે યુદ્ધ કરતો બતાવ્યો નથી, કારણ કે પુષ્કરના હૃદયનું પરિવર્તન થાય છે અને એ પોતે જ સામેથી આવી, નળને એનું રાજ્ય પાછું સોંપી દે છે. પુષ્કરનું આ પરિવર્તન પ્રેમાનંદની મૌલિક કલ્પનાનું સર્જન છે. શ્રી રામનારાયણ પાઠક લખે છે:

" .. પ્રેમાનંદે એને પશ્ચાત્તાપ કરતો, સામે જઈ રાજ્ય સોંપતો બતાવ્યો છે; તે પણ મહાભારત કરતાં શુભતર અંત છે તેની ના નહિ કહી શકાય. મહાભારત કરતાં ગુજરાત એટલું મુલાયમ પ્રકૃતિનું અવશ્ય હતું"* શ્રી અનંતરાય રાવળ આ વિશે લખે છે, "પ્રેમાનંદનો સુધારો જરાય વાંધાભર્યો નથી. 'રણયજ્ઞ'માં રાવણ અને કુંભકર્ણનાં પાત્રોને રામાયણ કરતાં સુધારવામાં એણે જે કુશળતા દેખાડી છે તેવા જ પ્રકારની કુશળતા અને દૃષ્ટિ તેણે અહીં દેખાડ્યાં ગણાય નહીં?" ×

પ્રેમાનંદે આણેલો આ અંત શુભતર છે અને ગમી જાય એવો

---

* કાવ્યની શક્તિ (બીજી આવૃત્તિ) પૃ. ૧૫૨

× નળાખ્યાન (બીજી આવૃત્તિ) પૃ. ૩૫૩

છે એ ખરું. પરંતુ મહાભારતકારને કે નલકથામાં આ ફેરફાર કરનાર બીજા કોઈ કવિને ન સૂઝે એટલો એ અસાધારણ નથી. વસ્તુતઃ આવો ફેરફાર ન કરવામાં બીજો એક સૂક્ષ્મ અર્થ રહેલો બીજા કવિઓ જે જોઈ શક્યા છે તે પ્રેમાનંદ જોઈ શક્યો નથી. એ અર્થ તે નળની અક્ષવિદ્યાપ્રાપ્તિનું પ્રયોજન. એથી નળના દેહમાંથી કલિ નીકળે છે એ પણ એનું એક પ્રયોજન છે. પણ એમાં તો સૂક્ષ્મ રહસ્ય રહેલું છે. નળની અક્ષવિદ્યાનું વ્યાવહારિક અને મહત્ત્વનું પ્રયોજન તે પુરસ્કરના દ્યૂતમાં થતા પરાજયથી સિદ્ધ થાય છે. જો પુષ્કરને દ્યૂતમાં હારતો અને નળને દ્યૂતમાં જીતતો ન બતાવવો હોય તો નળની અક્ષવિદ્યાપ્રાપ્તિનું પ્રયોજન ખાસ રહેશે નહીં.

વળી, મહાભારતની કથામાં, નલકથાને અંતે બૃહદશ્વ મુનિ યુધિષ્ઠિરને અક્ષવિદ્યા આપે છે તે પણ લક્ષમાં લેતાં, આ દ્યૂતથી પુષ્કરના પરાજયમાં સૂક્ષ્મ ઔચિત્ય રહેલું જણાશે. માટે જ મહાભારતકારે કે બીજા કોઈ કવિએ, પુષ્કરનું આ હૃદયપરિવર્તન કરાવવાનું ઉચિત ધાર્યું નહિ હોય.

નળ પુષ્કરને યુદ્ધપતિ બનાવે છે અને અનેક યજ્ઞ કરી છત્રીસ હજાર વર્ષ તે પોતાનું રાજ્યસુખ ભોગવે છે. કવિએ નળના ધર્મ-રાજ્યનું પરિસંખ્યા અલંકારવાળું વર્ણન આ પ્રસંગે આપ્યું છે. ત્યાર પછી પુત્રને ગાદી સોંપી, નળ-દમયંતી તપ કરી અનશન વ્રત લઈ, દેહ મૂકી, વૈકુંઠમાં પહોંચે છે.

સામાન્ય રીતે જૈનેતર પરંપરાની ભાલણ, નાકર વગેરેની કૃતિઓમાં કથાનું સમાપન, મહાભારતની જેમ, નળદમયંતીના સુખમય જીવનના વર્ણન સાથે થાય છે. જૈન પરંપરાની કૃતિઓમાં વર્ણવ્યા પ્રમાણે નળદમયંતી પોતાનું રાજ્ય પુત્રને સોંપી વનમાં જાય છે, દીક્ષા લે છે, તપ કરે છે અને અનશન કરી સ્વર્ગલોકમાં જાય છે. પ્રેમાનંદનો આટલો ઉમેરો જૈનકથાની અસર બતાવે છે. આમ નળનું

રાજ્યસુખ ૩૬ હજાર વર્ષનું ગણાવ્યું છે, એ આટલી મોટી સંખ્યા પણ જૈનકથાની અસર બતાવે છે.

'નળાખ્યાન'ને અંતે કૃતિની ફલશ્રુતિ બતાવતાં કવિ લખે છે :

કરકોટક ને નળ દમયંતી, સુદેવ, ઋતુપર્ણ રાયજી;
એ પંચ નામ લે સૂતા ઊઠતાં, તેને ઘેરથી કલિજુગ જાયજી.

અહીં સુદેવનું નામ પ્રેમાનંદે પોતે ઉમેર્યું છે. મહાભારતમાં એ નથી. પ્રેમાનંદે આ આખ્યાનમાં સુદેવના પાત્રને વધારે ગૌરવવાળું 'પવિત્ર ઋષિ' જેવું દોર્યું છે, મહાભારતનો સુદેવ દમયંતી અને નળની તપાસ કરી લાવનાર એક બ્રાહ્મણમાત્ર છે. પ્રેમાનંદે એને નળદમયંતીને આપત્તિકાળમાં મદદરૂપ અને માર્ગદર્શક થનાર વડીલ વ્યક્તિ-ગુરુજન તરીકે આલેખ્યો છે. આથી જ પ્રેમાનંદે સુદેવને મહાભારત કરતાં ઘણું વધારે કામ સોંપ્યું છે. શ્રી અનંતરાય રાવળે પ્રશ્ન કર્યો છે, "પ્રેમાનંદે સુદેવને ઘણી કામગીરી સોંપી છે. પાત્રની આટલી બધી કરકસરની પ્રેમાનંદ જેવા પ્રેમાનંદને કેમ જરૂર પડી હશે?" એનો જવાબ એ છે કે પ્રેમાનંદ સુદેવના પાત્રને ઉપસાવી એક ઋષિ જેવું ચીતરવા માગે છે. નળદમયંતી જેવા પ્રાતઃસ્મરણીય નામ સાથે, એમના ઉપર ઉપકાર કરનાર કર્કોટક અને ઋતુપર્ણનાં નામ આવે, તો એ બંનેનું મિલન કરાવી આપનાર સુદેવનું નામ કેમ ન આવે? માટે એ સુદેવને પણ તેની સાથે ગણાવી, મહાભારત કરતાં થોડું વધારે કામ એને સોંપી, એના સ્થાનની યોગ્યતામાં ઉમેરોવધારો કરવા માગે છે. આ રીતે જોતાં, પ્રેમાનંદે પાત્રની કરકસર કરી છે એમ નહિ લાગે. વળી, પ્રેમાનંદે જે રીતે અને જે પ્રમાણે સુદેવના પાત્રને ઉપસાવ્યું છે અને ખીલવ્યું છે તથા એનાં કામ, ગૌરવ, પવિત્રતા, તત્પરતા, વાત્સલ્ય, દીર્ઘ-દૃષ્ટિ, આવડત વગેરેનું જે ચિત્ર દોર્યું છે તે જોતાં નળદમયંતી, કર્કોટક અને ઋતુપર્ણના નામ સાથે પાંચમું નામ સુદેવનું મૂકવાનો આશય પહેલેથી એનો હશે એમ લાગે છે. આ દૃષ્ટિએ જોતાં પ્રેમાનંદે આમ કર્યું છે તેમાં સુદેવનું નામ અસ્થાને છે એમ કોઈને પણ નહિ

લાગે. છેલ્લી ૭ કડીમાં પ્રેમાનંદે કવિપરિચય, કૃતિની રચનાસાલ, સ્થળ વગેરે આપી, ફરી એકવાર કૃતિની ફલશ્રુતિ જણાવી આ આખ્યાનનું સમાપન કર્યું છે.

આમ પ્રેમાનંદના ' નળાખ્યાન 'નાં કથાવસ્તુનું આપણે અવલોકન કર્યું. ભાલણ અને નાકર જેવા પોતાના પુરોગામી કવિની જેમ પ્રેમાનંદે પણ, મહાભારતના ' ઉપાખ્યાન 'ને આધારે સ્વતંત્ર કૃતિનું સર્જન કર્યું છે. પરંતુ ભાલણ ખાસ, અને કેટલેક અંશે નાકર, મહાભારતની કથાને વફાદાર રહે છે ત્યારે પ્રેમાનંદે તો માત્ર તેનો આધાર જ લીધો છે, અને આખી કૃતિનું સર્જન પોતાની સ્વતંત્ર, મૌલિક પ્રતિભાશક્તિથી કર્યું છે. ભાલણનું નળાખ્યાન વાંચતાં મહાભારતની સંસ્કૃત નલકથા એણે બરાબર વાંચી હશે એવી સ્પષ્ટ પ્રતીતિ વારંવાર થાય છે. પ્રેમાનંદનુ નળાખ્યાન વાંચતાં, સ્થળેસ્થળે નાની નાની વિગતોમાં જે ફેર જોવા મળે છે (અને એવા બધા જ ફેરફારો ભિન્ન, મૌલિક નિરૂપણ કરવાના આશયથી જ એણે કર્યા હોય એવું નથી) તે લક્ષમાં લેતાં, એણે મૂળ સંસ્કૃત મહાભારતની ' નલકથા ' વાંચી નથી એવી સ્પષ્ટ પ્રતીતિ થાય છે

પ્રેમાનંદના ' નળાખ્યાન ' ઉપર એના પુરોગામી કવિઓ ભાલણ અને નાકરની અસર થઈ છે, એટલું જ નહિ, જૈન-પરંપરાની નલકથાની, તેમાંયે વિશેષતઃ માણિકચદેવસૂરિકૃત ' નલાયન ' મહાકાવ્યની સીધી કે આડકતરી અને તે પરથી રચાયેલ નયસુંદરકૃત 'નળદમયંતી રાસ 'ની ઠીકઠીક અસર પડી છે એમ સંખ્યાબંધ પ્રસંગોની વિગતો સરખાવવાથી લાગે છે.

પ્રેમાનંદ ઉપર એના પુરોગામી કવિઓની અસર પડી હોવા છતાં, એ ઉચ્ચ, મૌલિક સ્વતંત્ર પ્રતિભાવાળો કવિ છે, એમ એનું ' નળાખ્યાન ' વાંચતાં આપણેસ્પષ્ટ જોઈ શકીએ છીએ.ભાલણ, નાકર વગેરેની કૃતિઓ સાથે સરખાવતાં, પ્રેમાનંદનું ' નળાખ્યાન ' બહુ

રસિક બન્યું છે અને એનું નિરૂપણ વધારે જીવંત બન્યું છે એમ લાગ્યા વગર રહેશે નહિ. ભાલણ, નાકરની કૃતિઓ વાંચતાં જાણે આપણે દૂરના ભૂતકાળની કોઈ કથા વાંચતાં હોઈએ એવું લાગે છે, જ્યારે પ્રેમાનંદે નિરૂપેલી કથા જાણે આપણી નજર સમક્ષ અત્યારે બની રહી હોય એવી તરવરી રહે છે અને આપણે એમાં એકદમ ઓતપ્રોત બની જઈએ છીએ.

પ્રેમાનંદ સૌથી વધુ કુશળ વાર્તાકાર છે એટલે કથાવસ્તુની સંકલના કેવી રીતે કરવી, કથાપ્રસંગને ક્યાં મૂકવો અને એને કેટલું મહત્ત્વ આપવું તે એ બરાબર જાણે છે; વળી દરેક પ્રસંગને માંડીને, રસિક રીતે કેમ ખીલવવો એ પણ તે બરાબર જાણે છે. એ રસસ્થાનોનો સાચો પારખુ છે; અને તેથી એમને ખીલવવાની એક પણ તક તે જતી કરતો નથી. અલબત્ત, રસના પ્રવાહમાં તણાઈને એ કેટલીકવાર અતિશયોક્તિભર્યું ઉત્કટ આલેખન કરે છે અને તેમ કરવા જતાં કેટલીક વાર ઔચિત્યનું ભાન ગુમાવે છે અને પાત્રોના ગૌરવને હાનિ પહોંચાડે છે.

આમ, પ્રેમાનંદના નળાખ્યાનના કથાવસ્તુની સંયોજનામાં ઘણાં તત્ત્વોએ ભાગ ભજવ્યો છે. પ્રેમાનંદે મહાભારતની પરંપરા-પ્રાપ્ત સાંભળેલી નળદમયંતીની કથામાં એક તરફ પોતાના પુરોગામી આખ્યાનકારો ભાલણ અને નાકરના નળાખ્યાનમાંથી લીધેલું કેટલુંક ઉમેરણ કર્યું છે તો બીજી બાજુ જૈન પરંપરાની નલકથા ઉપરાંત 'નલાયન' મહાકાવ્યને આધારે નયસુંદરે રચેલા 'નળદમયંતી રાસ'-માંથી લીધેલું ઉમેરણ પણ કર્યું છે. તેની સાથેસાથે પોતાની સ્વતંત્ર, મૌલિક કવિપ્રતિભા વડે ક્યારેક પાત્રાલેખનના નિમિત્તે, ક્યારેક રસ-નિરૂપણના નિમિત્તે, ક્યારેક સભારંજનને માટે, ક્યારેક ગુજરાતી-કરણ કરવાના આશયે નળદમયંતીની મૂળ કથામાં સ્થળેસ્થળે ફેરફારો કર્યા છે. કેટલાક ફેરફારો એવા પણ હશે જે ફેરફાર કરવાના સભાન

આશયથી એણે કર્યા નહિ હોય, પણ તે સહજ રીતે થઈ ગયા હશે. આ બધા ફેરફારોથી, ક્યારેક રસક્ષતિ કે પાત્રહાનિ થઈ છે છતાં, એકંદરે ' નળાખ્યાન ' નળદમયંતી વિશેની આખ્યાન કૃતિઓમાં સર્વશ્રેષ્ઠ કૃતિ બની છે, અલબત્ત, આ સફળતા મેળવવાનો યશ કથાકાર પ્રેમાનંદને જેટલો છે એથી વધુ કવિ પ્રેમાનંદને છે.

જૈન સાહિત્ય

(ઈ.સ. ૧૪૫૦–૧૬૦૦)

ઈ.સ. ના બારમા શતકમાં શરૂ થયેલા પ્રાચીન ગુજરાતી જૈન સાહિત્યનો પ્રવાહ ઈ.સ.ના ૧૪૫૦ થી ૧૬૦૦ સુધીના દોઢસો વર્ષના ગાળામાં વધારે પુષ્ટ અને વેગવાળો બને છે. આ ગાળામાં નાનામોટા બસો કરતાં વધુ જૈન સાધુ અને શ્રાવક કવિઓએ પોતાનું કાવ્યપૂર વહેવડાવ્યું છે. રાસ, ફાગુ અને બારમાસીના પ્રકારોમાંથી રાસનો કાવ્યપ્રકાર આ ગાળામાં સૌથી વધુ ખેડાયેલો છે. જૂની ધાટી પ્રમાણે સો કરતાંયે ઓછી કડીની, ઘણુંખરું એક જ રચનાબંધમાં લખાયેલી, થોડીક રાસકૃતિઓ પણ આપણને આ ગાળામાં મળે છે, તો ઠીકઠીક વિસ્તારવાળી, ભાષા, ઠવણિ, અધિકાર, કડવક કે પ્રસ્તાવમાં વિભક્ત થયેલી સુદીર્ઘ રાસકૃતિઓ, લગભગ ત્રણ હજાર કરતાંયે વધુ કડીમાં લખાયેલી, પણ આપણને સાંપડે છે. કવિઓ ક્યારેક કથાવસ્તુવિહીન, માત્ર ઉપદેશાત્મક રાસકૃતિઓની પણ રચના કરે છે, પણ એકંદરે તો સુરસિક અને સવિસ્તર કથાનકો તરફ હવે રાસકારોની નજર પહોંચી છે. પ્રસંગોને તેઓ બહલાવે છે. વર્ણનો, અલંકારો, સુભાષિતોનો ઉપયોગ

વપ્યો છે અને કથાવસ્તુ પર નિર્ભર એવું ઉપદેશનું ગાન તો એમની રચનાના મૂળમાં જ રહેલું છે. આ દોઢસો વર્ષના ગાળામાં આપણને બસો કરતાંયે વધુ રાસકૃતિઓ જોવા મળે છે અને નષ્ટ થયેલી કૃતિઓની વાત બાજુ પર રાખીએ તોપણ, ભંડારોમાં કે વ્યક્તિઓ પાસે સચવાઈ રહેલી અને નહિ નોંધાયેલી એવી કૃતિઓ પણ હજુ ઘણી હશે. જે નોંધાયેલી કૃતિઓ છે તેમાંથી પ્રકાશિત થયેલી કૃતિઓ તો જૂજ છે. ઘણી બધી કૃતિઓ તો હજુ અપ્રકાશિત જ છે, અને એ બધી પ્રકાશિત થતાં (જે થતાં અલબત્ત હજુ સહેજે એક સૈકા કરતાં પણ વધુ સમય જશે) એ કૃતિઓના સવિગત અભ્યાસ સાથે આ સમયના સાહિત્યનો ઇતિહાસ નવેસરથી લખાવો જરૂરી બનશે.

આ ગાળામાં રાસનું કદ જેમ વિસ્તાર પામ્યું તેમ એના કથાવસ્તુનું ફલક પણ ઠીકઠીક વિસ્તાર પામ્યું. તેમાં માત્ર ચુસ્ત ધાર્મિક વિષયોની મર્યાદા ન રહેતાં, ચરિત્ર ઉપરાંત ઇતિહાસ અને લોકકથાના ક્ષેત્ર સુધી તે વિસ્તાર પામે છે. એમાંનાં કેટલાંક કથાનકો જૈન ધર્મગ્રંથોમાંથી લેવાયાં છે, તો કેટલાંક લોકકથામાંથી લેવાયાં છે અને તેને જૈન સ્વરૂપ અપાયું છે. અલબત્ત, આ બધાં કથાનકોની પસંદગી પાછળ કવિનું ધ્યેય તો ધર્મોપદેશ આપવાનું જ રહ્યું છે. આ ગાળામાં લખાયેલી રાસકૃતિઓમાં આ રીતે મદનરેખા, ત્રિવિક્રમ, શાલિભદ્ર, વિદ્યાવિલાસ, ધર્મદત્ત, દશાર્ણભદ્ર, ઋષભદેવ, ભરત-બાહુબલિ, મત્સ્યોદરકુમાર, જાવડ-ભાવડ, રોહિણીઆ ચોર, આર્દ્રકુમાર, ચંદનબાળા, સ્થૂલિભદ્ર, થાવચ્ચાકુમાર, જંબુસ્વામી, સુદર્શન શેઠ, રત્નચૂડ, નલદવદંતી, ધન્ના શેઠ, મંગલકલશ, કુમારપાલ, મલયસુંદરી, મૃગાંકલેખા, મૃગાવતી, મૃગાપુત્ર, ગૌતમસ્વામી, વિમલમંત્રી, યશોભદ્ર, દેવરાજ-વચ્છરાજ, સનતકુમાર સાગરદત્ત, કુલધ્વજકુમાર, સુંદરરાજા, લલિતાંગકુમાર, ગજસુકમાલ, ગજસિંહકુમાર, રાજા વિક્રમ, શ્રીપાળ રાજા, ઇલાતીપુત્ર, ઋષિદત્તા, રત્નસારકુમાર, યશોધર, કલાવતી, કમલાવતી,

ચંપકમાલા, અગડદત્ત, શીલવતી, સુમતિ-નાગિલ, તેતલીપુત્ર, બાપા ખુમાણ, અંબડ, મેઘકુમાર, હરિશ્ચન્દ્ર, ક્ષુલ્લકકુમાર, સુબાહુ, રાજસિંહ, શિવદત્ત, માધવાનલ, ગોરો બાદલ, મારૂઢોલા, તેજસાર, શાંબપ્રદ્યુમ્ન, મહાબળ, શાંતિનાથ, કનક શેઠ, રૂપચંદકુંવર, પ્રભાવતી, સુરસુંદરી, રત્નકુમાર ઇત્યાદિનાં કથાનકો લેવાયાં છે.

રાસની અપેક્ષાએ ફાગુ, બારમાસી, વિવાહલો, ઇત્યાદિ પ્રકારની કૃતિઓ આ ગાળામાં એટલી મોટી સંખ્યામાં નથી લખાઈ. બીજી બાજુ સ્તવન, સજ્ઝાય, પૂજા, છંદ ઇત્યાદિ પ્રકારની કૃતિઓની રચના આ ગાળામાં સવિશેષ થવા લાગી હતી. સ્તવન એ ગેય પ્રકારની પાંચ-સાત કડીની લઘુ રચના છે. સ્તવન શબ્દ સૂચવે છે તે પ્રમાણે એ સ્તુતિના પ્રકારની કૃતિ છે. જૈન કવિઓ બહુધા પોતાનાં તીર્થંકરની સ્તુતિ આ ગેય રચનામાં કરે છે. તીર્થંકરના ગુણોની પ્રશંસા કરતાં કરતાં કેટલીક વાર કવિ પોતાનાં આત્માના ઉદ્ધાર માટે પ્રભુને પ્રાર્થે છે અને એમ કરતાં કેટલીક વાર પોતાના મનના ભાવો વ્યક્ત કરે છે. આથી સ્તવન એ ઊર્મિકાવ્યનો પ્રકાર બને છે. પરંતુ બધાં જ સ્તવનો શુદ્ધ ઊર્મિકાવ્યની કોટિમાં બેસી શકે એવાં નથી. કેટલીક વાર કવિ ચોવીસ તીર્થંકરો ઉપરાંત વીસ વિહરમાન જિનેશ્વરો અથવા કેટલાંક સુપ્રસિદ્ધ તીર્થો અને મહાન પર્વોને ઉદ્દેશીને પણ સ્તવનોની રચના કરે છે. સ્તવન એ દેરાસરોમાં ચૈત્યવંદન કરતી વખતે અથવા કોઈ ધાર્મિક ક્રિયા કરતી વખતે ગાવાની રચના છે. ઉત્તરકાલીન કેટલાક કવિઓએ પ્રત્યેક તીર્થંકર માટે એક સ્તવન એમ ચોવીસ તીર્થંકર માટે ચોવીસ સ્તવનના ગુચ્છની રચના કરી છે. એ પ્રકારનો સ્તવનગુચ્છ 'ચોવીસી'ના નામથી ઓળખાય છે. સત્તરમા-અઢારમા સૈકામાં છૂટક સ્તવનો ઉપરાંત ચોવીસીની રચના પુષ્કળ થયેલી છે અને યશોવિજયજી જેવા કવિએ તો એક નહિ પણ એવી ત્રણ ચોવીસીની રચના કરી છે. એ સમયમાં તો સ્તવનના પ્રકારની કૃતિઓમાં તત્ત્વવિચાર-

ણાને પણ કેટલાક કવિઓએ ગૂંથી લીધી છે. અને કેટલીકવાર સ્તવન એક લઘુ રચના ન રહેતાં ૩૫૦ જેટલી કડીની સુદીર્ઘ રચના પણ બની છે.

સ્તવન ઉપરાંત 'સજ્ઝાય' અથવા 'સઝાય' (સ્વાધ્યાય પરથી)-ના પ્રકારની રચનાઓ પણ આ સમયમાં ઠીકઠીક લખાઈ છે. જૈન મંદિરોમાં સ્તુતિ માટે જેમ સ્તવનના પ્રકારની રચનાઓ થઈ તેમ જૈન ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કે અન્ય ધાર્મિક વિધિ માટે, તો ક્યારેક કેવળ સ્વાધ્યાય માટે, આ પ્રકારની ગેય રચનાઓ લખાવા લાગી. એમાં એવા વિષયો પસંદ કરવામાં આવતા કે જેથી પાપની આલોચના થાય, કષાયોનો ક્ષય થાય, જીવન શુદ્ધ બને અને કર્મક્ષય થતાં આત્મા ઉન્નત દશા પ્રાપ્ત કરે. આથી સજ્ઝાયોનો હેતુ કે ઉપદેશ આત્મચિંતનનો રહેતો. અઢાર પાપસ્થાન, ક્રોધ, માન, માયા, લોભ, નવતત્ત્વ, બાર વ્રત, અષ્ટકર્મ, અગિયાર બોલ, ઇત્યાદિ ઘણા વિષયો પર સજ્ઝાયો લખાયેલી છે. ક્યારેક કોઈ પ્રસંગ કે કથાનક પરથી કે આત્મચિંતનના હેતુથી લખાયેલી સજ્ઝાયોમાં તેવા પ્રસંગ કે કથાનકનું સંક્ષેપમાં નિરૂપણ થયેલું હોય છે. 'પાંચ પાંડવની સજ્ઝાય', 'સોળ સતીની સજ્ઝાય', 'ખંધકસૂરિની સજ્ઝાય', 'વીરસેન સજ્ઝાય', 'દૃઢપ્રહારી સજ્ઝાય' ઇત્યાદિ સજ્ઝાયોમાં એ પ્રમાણે નિરૂપણ જોવા મળશે.

જૈન મંદિરોમાં સવારસાંજ સ્તુતિ કરવાને અર્થે સ્તવનો લખાયાં. ઘરે કે ઉપાશ્રયમાં સવારસાંજ પ્રતિક્રમણ અર્થે અને અન્ય સમયે સામયિક વગેરે ધાર્મિક ક્રિયા કરતી વખતે સ્વાધ્યાય અર્થે સજ્ઝાયો લખાઈ. પ્રભાતમાં ઊઠી તરત ગાવા માટે પ્રભાતિયાં અથવા છંદ લખાયાં. તદુપરાંત આ સમયમાં બીજો એક પ્રકાર વિકસ્યો તે 'પૂજા'નો છે. તીર્થંકર ભગવાનની પ્રતિમાને વિધિપૂર્વક સ્નાન (પ્રક્ષાલ) કરાવી પૂજા કરવા માટે 'સ્નાત્રપૂજા' નામની કૃતિઓ લખાઈ.

વળી ખાસ પ્રસંગે બપોરના સમયે તીર્થંકર ભગવાનની સ્નાત્રપૂજા કરતાંકરતાં ઉત્સવની જેમ વાજિંત્રો સહિત ગાવા માટેની 'પૂજા'ના પ્રકારની રચનાઓ લખાઈ, જેની પરંપરા આજે પણ મૂર્તિપૂજક જૈનોમાં ચાલુ છે. આ પૂજાઓમાં ઉત્તરકાલીન કવિ વીરવિજયની પૂજાઓ ઘણી જ લોકપ્રિય બની ગઈ હતી અને આજે પણ ઘણે ભાગે વીરવિજયની પૂજાઓ ગવાય છે. પણ વીરવિજય પહેલાં પણ, ઈ. સ. ૧૪૦૦થી ૧૬૦૦ના ગાળામાં કવિ દેપાળ, સકલચંદ્ર ઉપાધ્યાય સાધુકીર્તિ, પ્રીતિવિમલ, ઇત્યાદિ કવિઓએ આ પ્રકારને ખેડયો છે. દોઢસો વર્ષના આ ગાળામાં અને ત્યાર પછીના સમયમાં લખાયેલી સંખ્યાબંધ પૂજાકૃતિઓમાં 'અષ્ટપ્રકાર', 'પંચકલ્યાણક', 'વીસસ્થાનક', 'નવપદ', 'બારવ્રત', 'અંતરાય' 'કર્મ', 'સત્તરભેદ', 'પિસ્તાલીસ આગમ', 'ચોસઠ પ્રકાર', 'નવાણું પ્રકાર', 'અષ્ટાપદ', 'ઋષિમંડલ', 'પંચજ્ઞાન', '૧૦૮ પ્રકાર', 'પંચમહાવ્રત' ઇત્યાદિ વિષયો લેવાયા છે અને એની રચનાઓ વિવિધ રાગરાગિણીઓમાં થયેલી છે. કદમાં તે પચાસ-સાઠ કડીથી બસો કરતાંયે વધુ કડીમાં લખાયેલી છે.

ઈ. સ. ૧૪૫૦ થી ૧૬૦૦ સુધીના ગાળામાં લખાયેલી વિવિધ પ્રકારની આટલી બધી કૃતિઓનું મૂલ્યાંકન કરવાનું કાર્ય સરળ નથી, કારણ કે તેમાંની ઘણીબધી હજી અપ્રકાશિત છે. એટલે શકય તેટલા કવિઓની અને તેમની કૃતિઓનો પરિચય અહીં આપણે કરીશું.

હરસેવક

હરસેવક નામના (અગાઉના સમય–ગાળામાં થયેલા) કવિએ 'મયણરેહાનો રાસ' નામની એક રાસકૃતિની રચના સં. ૧૪૧૩માં (ઈ. સ. ૧૩૫૭) કરેલી જણાય છે. કવિએ એ કૃતિની રચના કુકડી ગામમાં ચાતુર્માસ દરમિયાન કરી છે. 'કર્યો ચોમાસો' શબ્દો પરથી જણાય છે કે આ કોઈ શ્રાવક-ગૃહસ્થ નહિ પણ સાધુ કવિ હોવા જોઈએ, જોકે એમાં એમણે પોતાના ગુરુનો કે પરંપરાનો કંઈ નિર્દેશ

કર્યો નથી. આ રાસની રચના કવિએ ૧૮૭ કડીમાં કરી છે. એમાં એમણે મદનરેખાનો વૃત્તાંત વર્ણવ્યો છે. આરંભમાં કવિએ પરનારી-ગમનના વ્યસનનો નિર્દેશ કર્યો છે. અવંતિ દેશના સુદર્શન નામના નગરના રાજા મણિરથની કુદષ્ટિ પોતાના નાના ભાઈ યુગબાહુની પતિવ્રતા પત્ની મદનરેખા પર પડે છે, એટલે મદનરેખાને મેળવવા માટે કામાસક્ત મણિરથ નાના ભાઈ યુગબાહુને મારી નાખે છે. મદન-રેખાને તેની ખબર પડતાં તે નાસી છૂટે છે અને ચારિત્ર ધારણ કરે છે અને બીજી બાજુ મણિરથ રાજા સર્પદંશથી મૃત્યુ પામે છે. કવિની ભાષામાં રાજસ્થાની ભાષાની અસર વિશેષ જણાય છે.

શાલિસૂરિ

પંદરમાં સૈકામાં ઈ. ૧૪૨૨ પૂર્વે અક્ષરમેળ વૃત્તોમાં ૧૮૩ શ્લોકોમાં આ કવિનું રચાયેલું 'વિરાટપર્વ' આકર્ષક કથાફેરફારોથી, ઝડઝમકભર્યા યુદ્ધવર્ણનથી ને ચોટદાર લોકોક્તિઓથી જુદું તરી આવે છે. કવિ જૈન છતાં કૃતિ જૈન મહાભારતકથા–પરંપરાને અનુસરતી નથી.

દેપાળ

ઈ. સ.ના પંદરમા શતકના અંતભાગમાં દેપાળ (દેવપાલ) નામના કવિએ રાસ, ફાગુ, ધવલ, હરિયાળી, પૂજા, ભાસ ઇત્યાદિ પ્રકારની તેર જેટલી કૃતિઓની રચના કરેલી મળે છે, જેમાંની ઘણી-ખરી અપ્રસિદ્ધ છે.

દેપાળનું ટૂંકુ નામ દેપો હતું. તે ભોજક હતો. કવિ ઋષભદાસે ઈ.સ. ૧૬૧૪માં (સં. ૧૬૭૦માં) રચેલા પોતાના 'કુમારપાળરાસ'માં જે પોતાના પુરોગામી કવિઓનો ઉલ્લેખ કર્યો છે તેમાં દેપાળનો પણ નિર્દેશ કર્યો છે.

હંસરાજ, વાછો, દેપાલ, માલ હેમની બુદ્ધિ વિશાલ,
સુસાધુ, સમરો, સુરચંદ, શીતલ વચન જિમ સારદચંદ.

'કોચર વ્યવહારી રાસ'માં નિર્દેશ થયો છે તે પ્રમાણે દેપાલ દિલ્હીના પ્રસિદ્ધ દેસલહરા શાહ સમરો અને સારંગનો આશ્રિત હતો. પરંતુ તે ગુજરાતમાં પણ પુષ્કળ ફર્યો હતો અને એણે ઘણુંખરું ગુજરાતમાં રહીને પોતાની કૃતિઓની રચના કરેલી જણાય છે. એણે (૧) જાવડ ભાવડ રાસ (૨) રોહિણેય પ્રબંધ અથવા રોહિણીઆ ચોર રાસ (૩) ચંદનબાલા ચરિત્ર ચોપાઈ (૪) આર્દ્રકુમાર ધવલ (૫) સ્નાત્રપૂજા (૬) જંબૂસ્વામી પંચભવવર્ણન ચોપાઈ (૭) અભયકુમાર શ્રેણિક રાસ (૮) સમ્યકત્વ બારવ્રત કુલર ચોપાઈ (૯) પુણ્ય-પાપ ફલ ચોપાઈ (૧૦) વજ્રસ્વામી ચોપાઈ (૧૧) સ્થૂલિભદ્રની કકાવાળી (૧૨) થાવરચા-કુમાર ભાસ (૧૩) હરિયાળી ઇત્યાદિ કૃતિઓની રચના કરેલી છે. કવિ દેપાળ ભોજક હોવાને લીધે સંગીતના તત્ત્વની એને સારી સૂઝ હોય એમ જણાય છે. એની કૃતિઓની ભાષામાં પ્રાસાનુપ્રાસ, પ્રાસાદિકતા અને લયબદ્ધતાનું તત્ત્વ તરત જ નજરે ચડે છે. ઉ. ત. 'જંબૂસ્વામી પંચભવવર્ણન ચોપાઈ'માં એ લખે છે :

ગોયમ ગણહર પય નમી આરાહિસુ અરિહંત
હ્રદયકમલ અહનિસ વસઈ ભવભંજણ ભગવંત.
ભવભંજણ ભગવંતનું આણ અખંડ વહેસિ,
સીલ સિરોમણિ ગુણ નિલઉ, જંબુ કુમર વણેસુ.

કવિ દેપાળ સ્વભાવે ઘણો નમ્ર અને નિરભિમાની હતો. પોતાની કૃતિઓમાં એણે પોતાની લઘુતા દર્શાવી છે. 'સમ્યકત્વ બારવ્રત કુલક ચોપાઈ'માં આરંભમાં એ કહે છે :

વીર જિણેસર પ્રણમું પાય, અહનિસિ આસ વહૂં જિનરાય,
મૂરખ કવિ એ જાણઈ નહીં, પણિ અણબોલિઉ ન સકઈ રહી.

અધિકું ઉછઉં કહઈ અસાધુ, તે શ્રી સંઘ ખમઉ અપરાધ,
તારા પસાઈ શ્રુત આધાર, પભણિયુ શ્રાવકના વ્રત બાર.

પૂજાના પ્રકારની કૃતિઓ રચનાર કવિઓમાં કવિ દેપાળનું નામ પ્રારંભના કવિઓમાં જોવા મળે છે. એની 'સ્નાત્રપૂજા' નામની એક જ કૃતિ રચેલી મળે છે. પ્રાકૃત ગાથાઓ સહિતની આ કૃતિ જૈન મંદિરોમાં પ્રાતઃકાળમાં તીર્થંકર ભગવાનની 'સ્નાત્રપૂજા' કરતી વખતે કેટલીક દ્રવ્યક્રિયા સાથે ગાવા માટે લખાયેલી છે. એમાં પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરતાં કવિ વારાણસી નગરીનું સંક્ષેપમાં વર્ણન કરે છે. તેમાંની થોડીક પંક્તિઓ જુઓ !

તિહાં ગઢમઢ મંદિર દીસે અભિનવ, સુંદર પોલિ પ્રકાર.
કોસીસી પાખલ ફિરતિ ખાઈ, કોટે વિસામા ઘાટ.
હાંરે જિનમંડળ શિખરબદ્ધ પ્રાસાદે દંડ કળશ બ્રહ્માંડ
અતિ ગિરુઆ ગુણસાગર બહુ સોહે, દીસે પુહવી પ્રચંડ.

ઋષિવર્ધન

કવિ ઋષિવર્ધન અંચલ ગચ્છના જયકીર્તિસૂરિના શિષ્ય હતા. તેમની માત્ર એક જ કૃતિ મળે છે 'નલરાજ ચુપઈ'. મધ્યકાળમાં નળદમયંતીની કથા (જૈન પરંપરા પ્રમાણે નલ-દવદંતીની કથા) વિશે લખાયેલી રાસકૃતિઓમાં ઈ. સ. ૧૪૫૬ (સં. ૧૫૧૨)માં શ્રી ઋષિવર્ધને રચેલી રાસકૃતિ આ ગાળાની કૃતિઓમાં નોંધપાત્ર છે. 'નલરાજચુપઈ' અથવા 'નલરાય-દવદંતીચરિત'ના નામની આ કૃતિની રચના કવિએ દુહા, ચોપાઈ અને ભિન્નભિન્ન દેશીઓમાં પ્રયોજેલી ઢાળોમાં કરી છે. કદની દૃષ્ટિએ આ રાસ નાનો છે. લગભગ સાડા-ત્રણસો જેટલી કડીની આ સળંગ રચનામાં કવિ શ્રીશાંતિનાથ ભગવાનને પ્રણામ કરી રાસની શરૂઆત કરે છે. રાસના કથાવસ્તુ માટે કવિએ મુખ્યત્વે આધાર લીધો છે હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'-નો, એટલે કે જૈન પરંપરાનુસાર ચાલી આવતી નલદવદંતીની કથાનો.

નલદવંતીની જૈન કથા એના પૂર્વ ભવોના વૃત્તાન્તથી–વીરમતી અને મમ્મણના ભવની અને ધણુ ધૂસરીના ભવની કથાથી–શરૂ થાય છે અને કવિએ પણ એ જ પ્રમાણે આલેખન કર્યું છે. પરંતુ કવિએ આરંભના ભાગમાં જ પ્રયોજેલી નલદવદંતીના માહાત્મ્યને વર્ણવતી નીચેની કડી કેટલીક ઢાલોની ધ્રુવકડી તરીકે પણ પ્રયોજેલી જણાય છે. કદાચ લહિયાઓએ પણ એ પ્રમાણે કર્યું હોય

પુણ્ય સિલોક નલહવિખ્યાત, મહાસતી ભીમી અવદાત;
જિમ જિમ શ્રવણે સુણીઈ છેક, તિમ તિમ જાગઈ ધર્મ વિવેક.

નલદવદંતીના પૂર્વભવના આલેખન પછી દુહામાં નળનું અને 'ઉલાલાની ઢાલ'માં દવદંતીનું ચિત્ર કવિએ ખડું કર્યું છે. ઓછી છતાં કાવ્યગુણયુક્ત પંક્તિઓમાં આ આલેખન થયું હોવાથી તે કંઈક વિશિષ્ટતાવાળું બન્યું છે. નિષધ રાજાના રાજ્યની સમૃદ્ધિનું અને નળના જન્મમહોત્સવનું કવિએ કરેલું વર્ણાનુપ્રાસયુક્ત વર્ણન પણ ધ્યાન ખેંચે એવું છે. 'યૌવનિ ચડીય સંપૂરઈ, રતિરંભા મદ ચૂરઈ' એવી દવદંતીનું સ્વયંવરમંડપમાં આગમન થયું, તે સમયનું કવિએ આલેખેલું ચિત્ર પણ મનોહર છે. નલદવદંતીના લગ્નપ્રસંગના નિરૂપણમાં કવિના સમયની લગ્નવિધિનું પ્રતિબિમ્બ પડેલું જણાય છે. નવરંગ ચૂંદડી ઓઢી નળરાજાનું એની બહેને લૂણ ઉતાર્યું એવો અહીં કવિએ કરેલો નિર્દેશ સામાન્ય રીતે નળદમયંતી વિશેની અન્ય કૃતિઓમાં જોવા મળતો નથી. વનમાં નળદમયંતી વિખૂટાં પડે છે તે ઘટના પછી નળની તપાસ માટે ભીમક રાજાએ મોકલેલો બ્રાહ્મણ નળદમયંતીની કથાનું નાટક ભજવીને હુંડિક એ જ નળ છે એમ શોધી કાઢે છે તે કવિએ વર્ણવેલી ઘટના જૈન પરંપરાની નલકથામાં નથી. પરંતુ કવિએ તે રામચન્દ્રસૂરિના 'નલવિલાસ નાટક'માંથી લીધેલ જણાય છે. નળ છેવટે ભૌતિક સુખમાં જીવન પસાર કરે છે તે સમયે એને એના સ્વર્ગસ્થ પિતા નિષધ દેવલોકમાંથી આવીને

ઉપદેશ આપે છે તે પ્રસંગ કવિએ સંક્ષેપમાં સરસ મૂક્યો છે:

ચંચલ યૌવન, ધન સંસારિ, વિષ જિમ વિષય દુઃખ ભંડાર,
જીવન ભોગિ તૃપત ન થાઈ, પુણ્ય પાપ બે સાથિ જાઈ.

રાસની છેલ્લી બે કડીમાં કવિ પોતાની ગુરુપરંપરા, રાસની રચનાસાલ, રચનાસ્થળ અને ફલશ્રુતિ જણાવી રાસ પૂરો કરે છે. કવિનો આ રાસ કદમાં નાનો છે કારણકે એ સમયે હજુ લાંબા રાસ લખાતા નહિ, પરંતુ એથી કવિને પ્રસંગોના નિરૂપણમાં ઘણી ઝડપ રાખવી પડી છે, ક્યાંક તો માત્ર નિર્દેશ કરીને પણ ચલાવવું પડ્યું છે. તેમ છતાં કવિ પાસે સારી નિરૂપણશક્તિ છે એની આપણને પ્રતીતિ થાય છે. કવિના આ રાસની કેટલીક અસર નલદવદંતી વિશેના કેટલાક ઉત્તરકાલીન રાસ પર થયેલી જણાય છે.

બ્રહ્મજિનદાસ

સકલકીર્તિના શિષ્ય બ્રહ્મજિનદાસે ઈ.સ. ના પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં કેટલીક રાસકૃતિઓની રચના કરી છે. બ્રહ્મજિનદાસ દિગંબર સંપ્રદાયના બ્રહ્મચારી હોય એમ જણાય છે. તેઓ પોતાની કૃતિમાં 'બ્રહ્મજિણદાસ,' અથવા 'જિણદાસ બ્રહ્મચારી.' ના નામથી પોતાનો ઉલ્લેખ કરે છે. તેઓ ઘણા વિદ્વાન હતા અને સંસ્કૃતમાં એમણે 'રામચરિત' નામનો ગ્રંથ લખ્યો છે, જેમાં દરેક સર્ગને અંતે 'ભટ્ટારક શ્રી સકલકીર્તિ શિષ્ય બ્રહ્મચારી જિનદાસ વિરચિત' એમ આપ્યું છે. દિગંબરોમાં સાધુ થવા માટે પ્રથમ બ્રહ્મચારી થવું જોઈએ. જિનદાસ બ્રહ્મચારીની અવસ્થામાં હતા ત્યારે જ એમણે આ બધી કૃતિઓની રચના કરી છે. એમની રાસકૃતિઓમાં 'હરિવંશ-રાસ' (ઈ.સ. ૧૪૬૪), 'યશોધર રાસ' 'આદિનાથ રાસ', ''શ્રેણિક રાસ', કરકુંડ રાસ', 'હનુમંત રાસ' 'સમકિત સાર', 'સારાર-વાસોનો રાસ' એટલા રાસ ઉપલબ્ધ છે. આ ઉપરાંત 'ધર્મપચીર'

નામની ૨૭ કડીની એક લઘુકૃતિ પણ ઉપલબ્ધ છે. કવિની ભાષા સરળ છે અને ઉપમા દૃષ્ટાંત ઇત્યાદિ અલંકારો કવિ સહજ રીતે પ્રયોજે છે. દા.ત.,

બાલ ગોપાલ જિમ પઢઇ સુણઇ જાણે બહુ ભેદ
જિણ સાસણ ગુણ નિરમલ મિથ્યામત છેદ
કઠીણ નારીયલ દીજે બાલક હાથિ તે સ્વાદ ન જાણે
છોલ્યા કેલા દાખ દીજે તે ગુણ બહુ માને,
તિમ એ આદિ પુરાણ સાર, દેસ ભાષ વખાણું
પ્રગટ ગુણ જિમ વિસ્તરે જિણ સાસણ વાંનું (આદિનાથ રાસ)

વચ્છ ભંડારી

વડતપગચ્છના જ્ઞાનસાગરસૂરિના ભક્ત શ્રાવક વચ્છ ભંડારીએ રચેલી 'જીવભવસ્થિતિ-રાસ,' 'મૃગાંકલેખા રાસ' અને 'નવપલ્લવ પાર્શ્વ કલશ' એ ત્રણ કૃતિઓ મળે છે.

કવિએ પોતે નિર્દેશ કર્યો છે તે પ્રમાણે એમણે ઈ.સ. ૧૪૬૭ના ફાગણ સુદ ૧૩ને રવિવારે 'જીવભવસ્થિતિ રાસ'ની રચના પૂર્ણ કરી છે. 'સિદ્ધાન્ત રાસ' અથવા 'પ્રવચનસાર' એવાં બીજા બે નામ ધરાવતી આ કૃતિની રચના બે હજાર કરતાંયે વધુ કડીમાં વિવિધ રાગ અને દેશીમાં થયેલી છે. આ કૃતિમાં કવિએ જીવની ભવસ્થિતિનું વર્ણન સૈદ્ધાન્તિક ચર્ચા સાથે કર્યું છે. કવિ લખે છે:

જીણિ પરિઈ જીવભવ સ્થિતિ, તે અતિ અલક્ષ અપાર,
એક જીવ આસાન્ન ભવ તરઈ, એક ફિરઇ અનંત સંસારિ.

કવિની બીજી કૃતિ 'મૃગાંકલેખા રાસ' પહેલા કરતાં કદમાં નાની છે. એમાં રચનાસાલનો સ્પષ્ટ ઉલ્લેખ હોય એમ જણાયું નથી. પરંતુ તે આશરે ઈ.સ. ૧૪૮૮ પહેલાંની હોય એમ જણાય છે. ૪૦૨ જેટલી કડીમાં લખાયેલી આ રાસકૃતિમાં કવિ । આશય

મૃગાંકલેખા સતીનું ચરિત્ર આલેખવાનો છે અને આ દ્વારા શીલનો મહિમા દર્શાવવાનો છે. કવિ ગૌતમ ગણધરને પ્રણામ કરીને 'સીલ સિરોમણિ' એવી મૃગાંકલેખાના વૃત્તાન્તનો પ્રારંભ કરે છે. ઉજ્જૈની નગરીના અવંતીસેન રાજાના મંત્રી મતિસારની રૂપગુણવતી ધર્મનિષ્ઠા પુત્રી મૃગાંકલેખાનાં લગ્ન સાગરચંદ્ર નામના શ્રેષ્ઠીપુત્ર સાથે થાય છે. પણ કોઈક કારણે ગેરસમજ થવાથી તે મૃગાંકલેખાને બોલાવતો નથી અને દેશાવર ચાલ્યો જાય છે. સાતેક વર્ષ એ રીતે વીત્યાં પછી ધર્મધ્યાનમાં સમય વિતાવતી મૃગાંકલેખાને સાગરચંદ્ર એક વાર દૈવી ગુટિકાની મદદથી રાતોરાત લાંબું અંતર કાપી ગુપ્તપણે મળવા આવે છે અને પાછો ચાલ્યો જાય છે. પરિણામે સગર્ભા બનેલી મૃગાંકલેખાને અસતી ગણી કાઢી મૂકવામાં આવે છે. વનમાં તે પુત્રને જન્મ આપે છે અને કેટલેક સમયે એનો પુત્ર પણ વનમાં ગુમ થઈ જાય છે. ત્યારપછી એક પછી એક સંકટોમાં આવી પડતી મૃગાંકલેખા એક યા બીજી યુક્તિથી પોતાના શીલને બચાવે છે અને છેવટે પોતાના સાગરચંદ્ર પતિને અને પુત્રને મેળવે છે અને સુખમાં વર્ષો વીતાવે છે.

દુહા, ચોપાઈ, અને વિવિધ દેશીની ઢાલમાં રચાયેલી આ કૃતિમાં કવિ ઉપદેશપ્રધાન અદ્ભુતરસિક કથાવસ્તુ પ્રવાહી અને વેગવંતી શૈલીએ આલેખે છે. 'નવપલ્લવ પાર્શ્વનાથ કલશ' નામની લઘુકૃતિમાં કવિ વચ્છ ભંડારીએ સૌરાષ્ટ્રમાં આવેલા – મંગળપુર માંગરોળના પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરી છે,

લાવણ્યસમય

કવિ લાવણ્યસમય ઈ.સ. પંદરમા સૈકાના એક સમર્થ કવિ થઈ ગયા. 'વીર જિનેશ્વર કેરો શિષ્ય ગૌતમ નામ જપો નિશદિશ' 'એ પંક્તિથી શરૂ થતો એમનો 'ગૌતમ સ્વામીનો છંદ' આજ દિવસ સુધી જૈનોમાં રોજેરોજ ગવાતો આવ્યો છે. એટલે કે સાધ્વ રણુ જૈન સમાજ આજે પણ યશોવિજયજી, આનંદઘનજી, જિનહર્ષ ઉદયરત્ન,

પદ્મવિજય, દેવચંદ્ર, વીરવિજય ઇત્યાદિ કવિઓથી જેમ સુપરિચિત છે તેમ લાવણ્યસમયથી પણ સુપરિચિત છે.

લાવણ્યસમયનો જન્મ ઈ.સ. ૧૪૬૫માં અમદાવાદમાં અજદરપુરામાં થયો હતો. એમના પિતાનું નામ શ્રીધર અને માતાનું નામ ઝમકલદેવી હતું. લાવણ્યસમયનું જન્મનામ લહુરાજ (લઘુરાજ) પાડવામાં આવ્યું હતું. એ સમયે અજદરપુરામાં જૈન મંદિરની પાસે આવેલા ઉપાશ્રયમાં મુનિ સમયરત્ન બિરાજમાન હતા. શ્રીધરે એમને લહુરાજના જન્માક્ષર બતાવ્યા. તે જોઈ સમયરત્ને કહ્યું, ‘ આ બાળક મહાન તપસ્વી, કોઈ મોટો યતિ, મહાવિદ્વાન અને બહુ તીર્થયાત્રા કરનારો થશે. ’ મુનિ સમયરત્નના કહેવાથી માતા-પિતાએ લહુરાજને નવમે વર્ષે દીક્ષા આપવાનું નક્કી કર્યું અને તે મુજબ એને પારણામાં સમયરત્નના ગુરુ લક્ષ્મીસાગરસૂરિના હસ્તે દીક્ષા આપવામાં આવી અને તેનું નામ ‘ લાવણ્યસમય ’ રાખવામાં આવ્યું. મુનિ સમયરત્ને લાવણ્યસમયને નાની વયથી જ અધ્યયન કરાવ્યું હતું. સોળમે વર્ષે તો લાવણ્યસમય કવિતાની રચના કરવા લાગ્યા હતા. એમણે લખેલા ‘ વિમલપ્રબંધ ’ ની ચૂલિકામાં તેઓ પોતાને વિશે જણાવે છે :

> નવમઈ વરસિ દિખવર દીધ, સમયરત્ન ગુરિ વિદ્યા દીધ,
> સરસતિ માત મયા તવ લહી, વરસ સોલમ વાણી હુઈ,
> રચિયા રાસ સુંદર-સંબંધ, છંદ કવિત ચુપઇ પ્રબંધ,
> વિવિધ ગીત બહુ કરિયા વિવાદ રચીઆ દીપસૂરિ સંવાદ,
> સરસ કથા હરીઆલી કવઈ, મોટા મંત્રીરાય રંજવાઈ,

કવિ લાવણ્યસમયે રાસ, પ્રબંધ, ચોપાઈ, સંવાદ, વિવાહલો, સ્તવન, સજ્ઝાય, છંદ, હમચડી, હરિયાળી વિનતી ઇત્યાદિ પ્રકારની ૪૨ જેટલી નાનીમોટી કૃતિઓની રચના કરી છે. એમના સમયમાં તેઓ એક પ્રભાવશાળી પંડિત કવિ હતા અને એમની કવિતા અને એમના

ઉપદેશથી મોટા મોટા રાજપુરુષો પણ પ્રભાવિત થયા હતા. એ સમયના મુસલમાન રાજ્યકર્તાઓ પણ લાવણ્યસમયનું ઘણું માન જાળવતા હતા. મેવાડના મહારાણા રત્નસિંહના મંત્રી કર્માશાહે શત્રુંજય તીર્થનો સાતમો જીર્ણોદ્ધાર કરાવ્યો તે આ લાવણ્યસમયના ઉપદેશથી કરાવ્યો હતો એવો નિર્દેશ શત્રુંજય ઉપરના ઈ. સ. ૧૫૨૨ના શિલાલેખમાં આજે પણ જોઈ શકાય છે. લાવણ્યસમય ક્યારે કાળધર્મ પામ્યા તે નિશ્ચિતપણે જાણી શકાતું નથી, પરંતુ ઈ.સ. ૧૫૩૩માં એમણે અમદાવાદમાં 'યશોભદ્રસૂરિ રાસ'ની રચના કરી છે ત્યાં સુધી એટલે કે અડસઠ વર્ષની ઉંમર સુધી તેઓ વિદ્યમાન હતા એમ કહી શકાય.

કવિ લાવણ્યસમયે રચેલી કૃતિઓ નીચે પ્રમાણે મળે છે :

(૧) સિદ્ધાન્ત ચોપાઈ (૨) ગૌતમપૃચ્છા ચોપાઈ (૩) નેમિરંગરત્નાકર છંદ (૪) સ્થૂલિભદ્ર એકવીસો (૫) નવપલ્લવપાર્શ્વનાથ સ્તવન (૬) આલોયણ વિનતી (૭) નેમિનાથ હમચડી (૮) સેરીસાપાર્શ્વનાથ સ્તવન (૯) રાવણમંદોદરી સંવાદ (૧૦) વૈરાગ્ય વિનતી (૧૧) સુરપ્રિય કેવલી રાસ (૧૨) વિમલપ્રબંધ (૧૩) દેવરાજ વચ્છરાજ ચોપાઈ (૧૪) કરસંવાદ (૧૫) અન્તરિક પાર્શ્વનાથ છંદ (૧૬) ચતુર્વિંશતિ જિનસ્તવન (૧૭) સૂર્યદીપવાદ છંદ (૧૮) સુમતિસાધુ વિવાહલો, (૧૯) બલિભદ્ર-યશોભદ્ર રાસ (૨૦) ગૌતમ રાસ (૨૧) ગૌતમ છંદ (૨૨) પંચતીર્થસ્તવન (૨૩) સીત્ર જીરાઉલા પાર્શ્વનાથ વિનતી (૨૪) રાજિમતી ગીત (૨૫) દઢપ્રહારીની સજ્ઝાય (૨૬) પંચવિષય સ્વાધ્યાય (૨૭) આઠમની સજ્ઝાય (૨૮) સાત વારની સજ્ઝાય (૨૯) પુણ્યફલની સજ્ઝાય (૩૦) આત્મબોધ સજ્ઝાય (૩૧) ચૌદ સ્વપ્નની સજ્ઝાય (૩૨) દાનની સજ્ઝાય (૩૩) શ્રાવક વિધિ સજ્ઝાય (૩૪) ઓગણત્રીસ ભાવના (૩૫) મનમાંકડ સજ્ઝાય (૩૬) હિતશિક્ષા સજ્ઝાય (૩૭) પાર્શ્વનાથ જિનસ્તવન પ્રભાતી (૩૮) આત્મપ્રબોધ (૩૯) નેમરાજુલ

બારમાસો (૪૦) વૈરાગ્યોપદેશ (૪૧) ગર્ભવેલી (૪૨) ગૌરી સાંવલી ગીતવિવાદ.

એમની આ કૃતિઓમાંથી ઘણીખરી કૃતિઓ પ્રકાશિત થઈ ચૂકી છે. પરંતુ એમની કેટલીક લઘુરચનાઓ, ખાસ કરીને ઘણીખરી સજ્ઝાયો હજુ પ્રકાશિત થઈ નથી. એમની કૃતિઓમાં સૌથી સમર્થ અને યશદાયી કૃતિ તે 'વિમલપ્રબંધ' છે.

વિમલપ્રબંધ – કવિ લાવણ્યસમયની કદની દૃષ્ટિએ મોટી અને ગુણવત્તાની દૃષ્ટિએ સૌથી ચડિયાતી કૃતિ તે 'વિમલપ્રબંધ' છે. ઈ. સ. ૧૫૧૨માં કવિએ એની રચના કરી છે. ચૂલિકા સહિત નવ ખંડની ૧૩૫૬ જેટલી કડીમાં લખાયેલી આ કૃતિને કવિએ એમાં 'પ્રબંધ' ઉપરાંત કેટલેક સ્થળે 'રાસ' તરીકે અથવા 'રાસપ્રબંધ' તરીકે ઓળખાવી છે, પરંતુ સ્વરૂપે તે પ્રબંધના પ્રકારની જ છે. અલબત્ત, એ જેમ પ્રબંધ છે, તેમ ચરિતાત્મક પદ્યકૃતિ પણ છે, કારણ કે સોલંકી યુગમાં રાજા ભીમ પહેલાના સમયમાં થઈ ગયેલા સુપ્રસિદ્ધ જૈન મંત્રી વિમલનું ચરિત્ર એમાં આલેખાયું છે. વિમલ મંત્રીએ આબુ પર્વત પર દેલવાડામાં બંધાવેલ 'વિમલવસહી' નામનું જૈન મંદિર એની કલાકારીગીરીને કારણે આજે તો જગતભરમાં સુપ્રસિદ્ધ છે. કવિ લાવણ્યસમયના સમયમાં પણ એની કીર્તિ ચારે બાજુ પ્રસરેલી હતી જ અને વિમલમંત્રીનું જીવન આદરણીય અને અનુકરણીય હતું. એથી કવિએ એ દ્વારા ધર્મનો મહિમા ગાવા અને ધર્મોપદેશ આપવાના હેતુથી આ કૃતિની રચના કરેલી છે. વિમલ-મંત્રીના સમય પછી લગભગ પાંચસો વર્ષે કવિ લાવણ્યસમયે આ કૃતિની રચના કરી છે, જે સમયે અલબત્ત કવિને વિમલના જીવનની હકીકતો મેળવવા માટે ઉપલબ્ધ લેખિત સાધનો ઉપરાંત દંતકથા ઉપર વિશેષ આધાર રાખવો પડચો હશે. વળી, એકંદરે જોતાં પ્રબંધના પ્રકાર-ની આ કૃતિ હોવા છતાં એમાં ઐતિહાસિક ઘટનાઓના આલેખનના

પ્રમાણ કરતાં સામાજિક અને ધાર્મિક બાબતોનું નિરૂપણ વિશેષ થયું છે. ઇતિહાસ અને કવિતાની દૃષ્ટિએ નહિ એટલું સામાજિક પરિસ્થિતિની અને લોકાચારના નિરૂપણની દષ્ટિએ એનું મૂલ્ય છે. તેમ છતાં ઇતિહાસના સંશોધન માટે તે મહત્ત્વની સામગ્રી પૂરી પાડે છે એમાં પણ શંકા નથી.

વિમલપ્રબંધમાં 'કાન્હડદે પ્રબંધની સરખામણીએ કથાપ્રવાહ મંદ ગતિએ વહે છે. વળી એમાં પ્રસંગો પણ કૃતિના કદની અપેક્ષાએ ઓછા છે. આ પ્રબંધમાં વિમલ મંત્રીના જીવનને જ મુખ્યપણે આલેખવાનો કવિનો આશય હોવાથી તે પ્રશસ્તિકાવ્ય જેવો બની જાય છે. એમાં શ્રી, વીરમતી, રાજા ભીમદેવ, ઠઠાનગરનો રાજા, રોમનગરના સુલતાનો અને એમની બીબીઓ, જૈન સાધુ ધર્મઘોષસૂરિ ઇત્યાદિ ગૌણ પાત્રોનું આલેખન પણ એટલું સુરેખ થયું છે. વિમલના પાત્રાલેખનમાં એનાં રાજદ્વારી કાર્યોને જેટલું પ્રાધાન્ય અપાયું છે, એના કરતાં એનાં ધાર્મિક કાર્યોને વિશેષ પ્રાધાન્ય અપાયું છે, પરંતુ જૈન સાધુકવિને હાથે તેમ બનવું સ્વાભાવિક છે. વસ્તુતઃ એ પ્રકારના નિરૂપણ માટે કવિએ વિમલમંત્રીના પાત્રની યોગ્ય જ પસંદગી કરી છે એમ કહી શકાય.

આ પ્રબંધની રચના કવિએ મુખ્યત્વે ચોપાઈના પ્રબંધમાં કરી છે અને એમાં દુહા, વસ્તુ, પવાડુ, દેશીઓના ઢાળનો પણ ઉપયોગ કર્યો છે. કવિની બાની ક્યારેક પ્રસાદમય તો ક્યારેક ઓજસવંતી બને છે. કવિએ આ પ્રબંધમાં અલંકારોમાં ઉપમા ઉપરાંત અર્થાન્તરન્યાસનો પણ ઠીકઠીક ઉપયોગ કર્યો છે. પરિણામે, એમની કેટલીક પંક્તિઓ સુભાષિત કે કહેવત જેવી બની ગઈ છે. ઉ.ત.—

એક વયરી, વિષવેલડી એ બિહુ, ત્રીજી વ્યાધિ,
જાઉ ઉગતી છેદીઇ, તુ સિરિ હુઇ સમાધિ.

*

કડૂઆં ફલ નવિ લાગઇ અંખિ, સોનઇ કિમ્હઇ ન લાગઇ સંખિ,
માણિકિ મલ ન મઇસઇ સાર, સીલ ન ચૂકઇ વિમલ કુંઆર.

*

નાહનઉ સીહ તણઉ બાચડુ, મોટા મયગલથી તે વડુ.

*

બોલઇ બોલઇ વાધઇ રાઢિ, કાંટઇ કાંટઇ વાધઇ વાડિ.

કલિયુગનું વર્ણન, રોમનગરના સુલતાનની બીબીઓનો પ્રસંગ, બંભનિયાના રાજા સાથેનો યુદ્ધપ્રસંગ, વિમલનો ચંદ્રાવતીમાં સત્કાર ઇત્યાદિ પ્રસંગોના નિરૂપણમાં કવિ લાવણ્યસમયની વર્ણનશક્તિનો સારો પરિચય મળી રહે છે. ધર્મોપદેશપ્રધાન આ કૃતિ હોવાને કારણે એનો પ્રધાન રસ શાંત હોય એ સ્વાભાવિક છે. તેમ છતાં કેટલાક પ્રસંગોના આલેખનમાં વીરરસ અને હાસ્યરસનું પણ અચ્છું નિરૂપણ થયું છે. આમ સમગ્રપણે મૂલવતાં 'વિમલપ્રબંધ' આપણા મધ્યકાલીન સાહિત્યની અને વિશેષતઃ આપણા 'પ્રબંધસાહિત્ય'ની એક મહત્ત્વની કૃતિ છે એમ અવશ્ય કહી શકાય.

કવિ લાવણ્યસમયની લઘુકૃતિઓમાંથી નીચેની કેટલીકનો પરિચય કરીએ :

કરસંવાદ–જૈનોના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ વરસી-તપના પારણે શ્રેયાંસકુમારને ત્યાં પધારે છે એ પ્રસંગે શ્રેયાંસકુમાર ભગવાનને ઈક્ષુરસ વહોરાવે છે. તે પ્રસંગે ભગવાનના બે હાથમાંથી કયો હાથ ભિક્ષા માટે આગળ આવે એ વિશે બંને હાથ વચ્ચે વિવાદ થાય છે, અને જમણો અને ડાબો બંને હાથ પોતપોતાની મહત્તા બતાવવાનો પ્રયત્ન કરે છે. છેવટે બંનેની મહત્તા બતાવી ભગવાન બંને વચ્ચે સંપ કરાવે છે. આ કલ્પિત સંવાદની રચના કવિએ દોહરો અને ચોપાઈની ૭૦ કડીમાં કરી છે, જેમાં ચાતુરી અને વિનોદના

તત્ત્વ ઉપરાંત કવિની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિની અને જ્યોતિષના જ્ઞાનની પ્રતીતિ થાય છે. (આ સ્વતંત્ર કૃતિની રચના પછી કવિ સમયસુંદરે અને નયનસુંદરે અનુક્રમે ઈ.સ. ૧૬૦૯ અને ઈ.સ. ૧૬૧૭માં રચેલા 'નલ–દવદંતી રાસ'માં પણ દવદંતીના ત્યાગ સમયે વસ્ત્ર ફાડવાનું કામ નળનો કયો હાથ કરે એ પ્રસંગે કરસંવાદની યોજના કરી છે.)

નેમિરંગરત્નાકર છંદ – આ કૃતિની રચના કવિ લાવણ્યસમયે ઈ.સ. ૧૪૯૦ માં કરી છે. એમાં જૈનોના બાવીસમા તીર્થંકર નેમિનાથ ભગવાનના લગ્નનો સુપ્રસિદ્ધ પ્રસંગ આલેખાયો છે. સંસ્કૃત શ્લોકથી આરંભાયેલી અને એ અધિકારમાં લખાયેલી આ કૃતિના પહેલા અધિકારની ૭૦ કડીમાં અને બીજા અધિકારની ૧૧૭ કડીમાં નેમિનાથ અને રાજિમતીના વિવિધ પ્રસંગોનું રસિક આલેખન કવિએ કર્યું છે. નેમિકુંવરના વરઘોડાની રાહ જોતી રાજિમતી તથા નેમિનાથ પાછા ફરતાં આશાભંગ અને શૂન્યમનસ્ક બનેલી રાજિમતીનાં સુંદર શબ્દ-ચિત્રો કવિએ આલેખ્યાં છે.

નેમિનાથ હમચડી – કવિએ ઈ.સ. ૧૪૯૦માં નેમિનાથ વિશે એક કૃતિની રચના કર્યા પછી આ ૮૪ કડીની એ જ વિષય પર હમચડીનાં સ્વરૂપની એક લઘુકૃતિની રચના ઈ.સ. ૧૫૦૮ માં કરી છે. આ કૃતિ સામૂહિક નૃત્ય સાથે ગાવા માટે ખાસ લખાયેલી હોઈ તેના હરિગીતિકા છંદની સંગીતની છટા પણ અનુભવી શકાય એમ છે. કવિએ આ નાનકડી કૃતિને મનોરમ ભાવચિત્રો, પ્રસંગચિત્રો તથા મનોહર અલંકારો અને ભાષામાધુર્યથી મંડિત કરી છે. તત્કાલીન લોકાચાર પર સુંદર પ્રકાશ પાડતી આ કૃતિ છે.

સ્થૂલભદ્ર એકવીસો – જૈનોમાં પ્રાતઃસ્મરણીય મનાતા આચાર્ય સ્થૂલિભદ્રની સ્તુતિરૂપે કવિએ વારાફરતી યોજેલી એવી દેશી અને હરિગીતની એકવીસ કડીની આ રચના કરી છે. ઈ.સ. ૧૪૯૭માં દિવાળીમાં રચાયેલી આ કૃતિમાં પોતાની પૂર્વપ્રિયા ગણિકા કોશાને

ત્યાં સાધુ થયા પછી તરત ચાતુર્માસ રહેવાની ગુરુની આજ્ઞા થતાં સ્થૂલિભદ્ર કોશાને ત્યાં એ પ્રમાણે સંપૂર્ણપણે કામવિજેતા બનીને રહેવા ઉપરાંત કામવિજેતા થઈ કોશાને પણ સંયમ માટે પ્રતિબોધ પમાડે છે એ ઘટનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અંતર્યમકની ચમત્કૃતિવાળી તથા પ્રાસની સંકલનાવાળી તથા દેશીની કડીના છેલ્લા અર્ધા ચરણના ત્યાર પછીની કડીમાં આવર્તનવાળી આ લઘુકૃતિ એના પ્રસંગનિરૂપણની છટા તથા શબ્દમાધુર્યને લીધે આસ્વાદ્ય બની છે.

નવપલ્લવ પાર્શ્વનાથ સ્તવ અને સેરિસા પાર્શ્વનાથ સ્તવ – કવિ લાવણ્યસમયે પોતાની કૃતિઓમાં પોતે જ નિર્દેશ કર્યો છે તે પ્રમાણે ઈ.સ. ૧૫૦૬ માં નવપલ્લવ પાર્શ્વનાથ નામના તીર્થની તથા ઈ.સ. ૧૫૦૬ માં સેરિસા પાર્શ્વનાથ નામના તીર્થની એમણે યાત્રા કરી હતી અને એ બંને યાત્રા પ્રસંગે પોતે અનુક્રમે ૩૫ કડીની 'નવપલ્લવ પાર્શ્વનાથ સ્તવ' અને ૧૫ કડીની, સેરીસા પાર્શ્વનાથ સ્તવ' નામની સ્તુતિના પ્રકારની રચના કરી હતી. આ ઉપરાંત પાર્શ્વનાથ ભગવાનનાં બીજાં બે તીર્થસ્થળો તે અંતરીક્ષ પાર્શ્વનાથ અને જીરાઉલા પાર્શ્વનાથ વિશે પણ તેમણે રચનાઓ કરી છે.

જ્ઞાનચંદ્ર

સોરઠ ગચ્છના ક્ષમાચંદ્રસૂરિની પરંપરામાં વીરચંદ્રસૂરિના શિષ્ય કવિ જ્ઞાનચંદ્રસૂરિની કથાસાહિત્ય પર નિર્ભર એવી ત્રણ કૃતિઓ મળી આવે છે: (૧) વંકચૂલનો પવાડઉ રાસ (ઈ.સ. ૧૫૧૧), (૨) વેતાલ પચવીસી (ઈ.સ. ૧૫૩૯) અને (૩) સિંહાસન બત્રીસી (ઈ.સ. ૧૫૪૫). આ ઉપરાંત કવિએ ૧૮ કડીમાં 'નેમિ-રાજુલ બારમાસી' કૃતિની પણ રચના કરેલી છે. કવિની કૃતિઓમાં એમની 'સિંહાસન બત્રીસી' સૌથી વધુ નોંધપાત્ર છે. આ કૃતિની રચના ત્રણ ખંડમાં, ૧૦૩૪ કડીમાં કવિએ કરી છે. કવિની પાસે વાર્તાકથનની વેગવંતી શૈલી છે. સ્થળે સ્થળે એમણે સુંદર, અલંકારયુક્ત વર્ણનો આપ્યાં છે અને એમાં

કહેવતો, સુભાષિતો પણ વણી લીધાં છે. ઇંદ્રસભાનું વર્ણન, નગર ફરતા બનાવેલા તાંબાના કોટનું વર્ણન, ગણિકા અને ભર્તૃહરિના પ્રસંગનું વર્ણન, વિક્રમના ઉપવનવિહારનું વર્ણન, દેવીની શક્તિનું વર્ણન, લીલાવતીના ચારિત્ર્યનું વર્ણન ઇત્યાદિ વર્ણનોમાં કવિની વિશિષ્ટ શક્તિનો પરિચય થાય છે. કવિએ અન્ય પદ્યવાર્તાકારોની જેમ નારીસ્વભાવ, દરિદ્રતા, જુગાર વગેરે વિષયો ઉપર પ્રસંગે પ્રસંગે પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યાં છે અને વૈરાગ્યનો ઉપદેશ આપ્યો છે.

એકંદરે, કવિ જ્ઞાનચંદ્રની આ કૃતિ ભાષા, છંદ, વર્ણનો, અલંકારો, સૂક્તિઓ ઇત્યાદિની દૃષ્ટિએ મહત્ત્વની બની રહે છે અને આ વિષયની જૈન કવિઓની કૃતિઓમાં તે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે તેવી યોગ્યતા ધરાવે છે.

સહજસુંદર

ઈસવી સનના સોળમા સૈકાના આરંભમાં થઈ ગયેલા કવિઓમાં કવિ સહજસુંદર ગણનાપાત્ર છે. ઈ.સ. ૧૫૧૪થી ૧૫૩૯ સુધીની તેમની રચનાઓ મળે છે. સહજસુંદરે 'ઈલાતીપુત્ર સજ્ઝાય', 'ગુણરત્નાકર છંદ', 'ઋષિદત્તારાસ', 'રત્નાકુમાર ચોપાઈ', 'આત્મરાજ રાસ', 'પરદેશી રાજાનો રાસ ', 'શુકરાજસાહેલી', 'જંબુઅંતરંગ રાસ', 'યૌવનજરા-સંવાદ', 'તેતલીમંત્રીનો રાસ', ' આંખ-કાનસંવાદ ', 'સરસ્વતી છંદ', 'આદિનાથ શત્રુંજય સ્તવન', 'શાલિભદ્ર સજ્ઝાય', 'જઈતવેલિ' ઇત્યાદિ રાસ, સ્તવન, સજ્ઝાય, છંદ, સંવાદના પ્રકારની નાનીમોટી કૃતિઓની રચના કરી છે.

સહજસુંદર 'ઉપકેશ' ગચ્છના આચાર્ય સિદ્ધિસૂરિના શિષ્ય રત્નસમુદ્ર ઉપાધ્યાયના શિષ્ય હતા. તેઓ સંસ્કૃતના પણ પ્રકાંડ પંડિત હતા. એમણે સંસ્કૃતમાં 'વ્યાકરણે પ્રથમ પાદઃ'-નામના ગ્રંથની રચના ઈ.સ. ૧૫૨૫માં કરી પોવાનો ઉલ્લેખ મળે છે. સંસ્કૃત ભાષા ઉપરના તેમને પ્રભુત્વને કારણે તેનો પ્રભાવ તેમની ગુજરાતી કૃતિઓ

ઉપર પણ પડયો છે. એથી એમની કૃતિઓમાં કયારેક સંસ્કૃત તત્સમ શબ્દોનો ઉપયોગ વધુ જોવા મળે છે. ચાર અધિકારમાં લખાયેલી ૭૬૫ શ્લોક પ્રમાણ એવી કવિની 'ગુણરત્નાકર છંદ' નામની કૃતિ કે જેમાં એમણે સ્થૂલિભદ્રના ચરિત્રને ભિન્નભિન્ન છંદમાં વર્ણવ્યું છે, તેમાંની થોડીક પંક્તિઓ ઉદાહરણ તરીકે જુઓ :

શશિકર નિકર સમુજ્જવલ મરાલમારુદ્ધ સરસ્વતી દેવી,
વિચરતી કવિજન હૃદયે હૃદયે સંસાર ભયહરિણી,
હસ્ત કમંડલ પુસ્તક વીણા, સુહઝાણ નાણ ગુણ છીણા,
અપ્પઈ લીલ વિલાસં, સા દેવી સરસ્સઈ જયઉ.

આમાંની પ્રથમ બે પંક્તિ કવિએ 'સરસ્વતી છંદ'માં પ્રયોજેલી છે.

ઋષિદત્તા રાસ (ઈ.સ. ૧૫૧૬)જેમાં કવિએ ઋષિદત્તાના શીલનો મહિમા ગાયો છે, તેમાંની આરંભની થોડી પંક્તિઓ જુઓ, જે કવિના ભાષાપ્રભુત્વની પ્રતીતિ કરાવશે.

કઈ કવિત કરું મન ભવિ સારણ દેવ તણઇ પરભાવિ,
સિદ્ધિસૂરિ ગુરુપય નમીય સીલ શિરોમણિ ગુણ સંયુતા,
નમિ અનોપમા શ્રી ઋષિદતા જલધિસુતા જગિ તે સમીય.

સહજસુંદરની બધી જ કૃતિઓ અદ્યપિ અપ્રકાશિત છે. એ બધી પ્રકાશિત થતાં કવિની પ્રતિભાનો સવિશેષ પરિચય થશે.

લાવણ્યરત્ન

આ જ ગાળાના બીજા એક સમર્થ કવિ તે લાવણ્યરત્ન છે. તેઓ તપગચ્છના સાધુપંડિત ધનદેવના શિષ્ય સુરહંસના શિષ્ય હતા.' વત્સરાજ દેવરાજ રાસ'માં કવિએ સુપ્રસિદ્ધ આચાર્ય સોમસુંદરસૂરિથી પોતાની ગુરુપરંપરાનો નિર્દેશ કર્યો છે. લાવણ્યરત્ને આ રાસ ઉપરાંત 'યશોધર-ચરિત્ર' (ઈ. સ. ૧૫૧૯), 'મત્સ્યોદર રાસ,' 'કલાવતી રાસ,' અને 'કમલાવતી રાસ'ની રચના કરી છે.

પાર્શ્વચન્દ્રસૂરિ

વડતપગચ્છના પુણ્યરત્નના શિષ્ય સાધુરત્નના શિષ્ય પાર્શ્વચન્દ્રસૂરિએ રાસના પ્રકારની બે જ કૃતિની રચના કરેલી જણાય છે અને તે પણ કદમાં ઘણી નાની છે. આ બે કૃતિઓ તે ઈ. સ. ૧૫૪૧માં રચેલી ૮૬ કડીની કૃતિ 'વસ્તુપાલ તેજપાલ રાસ' અને ૪૨ કડીની રચના 'જિન-પ્રતિમા સ્થાપના રાસ'. પરંતુ તે ઉપરાંત એમણે સંખ્યાબંધ નાની નાની કૃતિઓની રચના કરી છે. નાની કૃતિઓમાં પોતાના ગચ્છ, ગુરુપરંપરા ઇત્યાદિના ઉલ્લેખને અવકાશ નથી. 'ખંધકચરિત્ર સજ્ઝાય'-માં એમણે પોતાના ગચ્છ અને ગુરુનો નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે.

વડતપ ગચ્છિ ગુણરયણ નિધાન, સાહુરયણ પંડિત સુપ્રધાન,
પાર્શ્વચન્દ્ર નામે તસુ સીસ, તિણિ કીધો મનિ આણી જગીસ.

પાર્શ્વચન્દ્રસૂરિ હમીરપુર નગરના પ્રાગ્વંશના વેલ્હગશાહના પુત્ર હતા. એમનો જન્મ ઈ.સ. ૧૪૮૧માં થયો હતો. એમની માતાનું નામ વિમલાદે હતું. પાર્શ્વચન્દ્રે નવ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. ઈ.સ. ૧૫૦૯માં તેમને આચાર્યપદ આપવામાં આવ્યું હતું. તેઓ એક સમર્થ મહાન જૈનાચાર્ય હતા અને ઈ.સ.૧૫૪૩માં એમને 'યુગપ્રધાન'નું બિરુદ આપવામાં આવ્યું હતું. જોધપુરમાં તેઓ કાળધર્મ પામ્યા હતા. એમણે ઘણા રાજવીઓને અને અન્ય રજપૂતોને ઉપદેશ આપ્યો હતો. એમના નામ પરથી પાર્શ્વચન્દ્ર ગચ્છ (પાયચંદ ગચ્છ) નીકળ્યો હતો.

પાર્શ્વચંદ્રસૂરિએ 'વિવેકશતક', 'દુહાશતક', 'એષણાશતક' ઇત્યાદિ શતકના પ્રકારની અને 'પાક્ષિક છત્રીશી', 'આગમ છત્રીશી', 'ઉત્તરાધ્યયન છત્રીશી', 'ગુરુ છત્રીશી', 'મુહપતિ છત્રીશી', 'ભાષા છત્રીશી', ઇત્યાદિ છત્રીશીના પ્રકારની કૃતિઓની રચના કરી છે. તદુપરાંત, 'સાધુવંદના', 'અતિચાર ચોપાઈ','ચરિત્ર મનોરથમાલા', 'શ્રાવકમનોરથમાલા','આત્મ-શિક્ષા', 'જિનપ્રતિભા', 'સ્થાપના વિજ્ઞપ્તિ', અમરદ્વાર', 'સપ્તતિકા',

'નિયતાનિયત', 'પ્રશ્નોત્તરપ્રદીપિકા', 'બ્રહ્મચર્ય', 'દંશ સમાધિસ્થાન કુલ', 'સ્તર ભેદી પૂજા', 'અગિયાર બોલ સજ્ઝાય', 'વંદનદોષ', 'આરાધના મોટી', 'આરાધના નાની', 'ઉપદેશરહસ્ય ગીત', 'વિધિ-વિચાર', 'વીતરાગ સ્તવન', 'શાંતિજિન સ્તવન', 'રૂપકમાલા', 'ખંધક-ચરિત્ર', 'કેશિ પ્રદેશિબંધ', 'સંવેગબત્રીસી', 'સંવરકુલક' ઇત્યાદિ ઘણી નાનીનાની કૃતિઓની રચના કરી છે. એ બધી કૃતિઓમાં રાસ કે પ્રબંધ કે ચરિત્રના પ્રકારની કૃતિ કરતાં આરાધનાના વિષયની કેટલીક કૃતિઓ કદમાં મોટી છે. એમની એક કૃતિ ૪૦૬ કડી જેટલી મોટી છે. શ્રી પાર્શ્વચન્દ્રસૂરિએ આ રીતે ચરિત્રાદિ વર્ણનાત્મક કૃતિઓ કરતાં શાસ્ત્રીય નિરૂપણની ઉપદેશના પ્રકારની કૃતિઓનું સર્જન સવિશેષ કર્યું છે. 'આત્મશિક્ષા'માં કવિ કહે છે :

રે અભિમાની જીવડા, તું કિમ પામિસિ પાર,
લઘુ છલ નિરખે પારકા, તું તિહનો ભંડાર.

કવિની કેટલીક કૃતિઓની 'કલશ'ની પંક્તિઓ–અંતિમ ચાર પંક્તિઓ–પ્રાસાનુપ્રાસયુક્ત અને કવિના ભાષાપ્રભુત્વના નમૂનારૂપ હોય છે. ઈ. ત. 'સાધુવંદનાંની 'કળશ' ની પંક્તિઓ જુઓ :

ઇમ જનવાણી જોઈ હિયઇ આણી મઇ ભણ્યા,
ભવતરણ તારણ, દુઃખ વારણ સાધુ ગુરુ મુખિ જે સુણ્યા,
ઇમ અચ્છઇ મુનિવર જેય હોસ્યઇ, કાલિ અનંતઇ જે હુઆ,
તે સત છંદિહ શ્રી પાસચંદઇ મનિ સંથુઆ.

અને આ જુઓ 'એકાદશવચનદ્વાત્તિંશિકા'ની કળશની પંક્તિઓ :–

સેવા કરયઇ ભવજલ તરિયઇં ધરિયઇં હિયડઇં ગુરુ વયણં,
પરમારથ ગ્રહિયઇં શિવમુખ લહીઇં રહિયઇં આદરિ જિનશરણં
ઇગ્યાર પદારથ ભાખ્યા સમરથ સાંભલિ ભવિયણ સદ્દવહિયે,
જે થાઇ ઇકચિત પામઇ સમકિત શ્રી પાસચંદ્ર ઇણિ પરિ કહએ.

વિનયદેવસૂરિ

વિનયદેવસૂરિ રાજપુત્ર હતા. સોલંકી રાજા પદ્મરાયના તે પુત્ર હતા. એમની માતાનું નામ સીતાદે હતું. એમનો જન્મ ઈ.સ. ૧૫૧૨માં માલવાના આજણોઠ ગામમાં થયો હતો. તેમનું નામ બ્રહ્મકુંવર હતું. એટલે જ તેઓ પોતાની કૃતિઓમાં પોતાનો નામોલ્લેખ 'બ્રહ્મ'ના નામથી ઘણી વાર કરે છે.

બ્રહ્મકુંવર પોતાના મોટા ભાઈ ધનરાજ સાથે દ્વારકાજીની જાત્રા કરી ગિરનાર ગયા ત્યાં તેમણે અને તેમના મોટા ભાઈએ રંગમંડણ ઋષિ પાસે દીક્ષા લીધી. તેઓ બ્રહ્મ-મુનિ (બ્રહ્મઋષિ) બન્યા. પાર્શ્વચન્દ્રસૂરિના ગુરુના ગુરુ પુણ્યરત્ન પાસે દીક્ષા લેનાર બરદરાજ ઋષિનો (જે પાછળથી વિજયદેવસૂરિ થયા) મેળાપ બ્રહ્મઋષિને પાટણમાં થયો અને પછી તેઓ તેમની સાથે દક્ષિણમાં ઘણે સ્થળે ફર્યા અને ઘણે સ્થળે વાદમાં જીત્યા. આચાર્યપદ મળ્યા પછી તે વિનયદેવસૂરિના નામથી ઓળખાયા. તેઓ એક મહાન આચાર્ય હતા અને એમણે કેટલાક સૈદ્ધાન્તિક મતભેદને કારણે સુધર્મગચ્છના નામથી પોતાનો જુદો ગચ્છ સ્થાપ્યો હતો. તેઓ ઈ. સ. ૧૫૯૦માં બરહાનપુરમાં કાળધર્મ પામ્યા હતા. એમના એક શિષ્ય મનજીઋષિએ ઈ.સ. ૧૫૯૦માં 'વિનયદેવસૂરિ રાસ'ની રચના કરી છે, જેમાં તેમના જીવન અને કાર્યની સવિગત માહિતી આપી છે.

વિનયદેવસૂરિએ રાસ, ચોપાઈ, વિવાહલો, ધવલ, સ્તવન, ઇત્યાદિ પ્રકારની કૃતિઓની રચના કરી છે. એમણે ઈ.સ.૧૫૩૭માં 'સુસઢ ચોપાઈ'ની ૨૪૩ કડીમાં રચના કરી છે, જેમાં સુસઢનું કથાનક વર્ણવવામાં આવ્યું છે. આ કથાનક મહાનિશીથ સૂત્રમાં આવે છે. સુસઢ એક બ્રાહ્મણીનો પુત્ર હતો જન્મ સમયે જ માતા ગુમાવતાં તે એક કુંભારને ઘેર ઊછર્યો હતો. એણે યુવાનવયે દીક્ષા લીધી હતી, પરંતુ તેનાથી સંયમનું પાલન થઈ શકતું નહોતું એટલે ગુરુએ એને ગચ્છ બહાર

કાઢયો હતો. રાસને અંતે કવિ ઉપદેશ આપતાં કહે છે કે રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં કોઈક એક સજા થાય છે, પરંતુ જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં ભવોભવ અનેક દુ:ખ ભોગવવાં પડે છે.

નરપતિ આણા ભંજતા, લબ્ભઇ નિગ્રહ એક,
જિન આણાં ભંજયઇ સહઇ, પરભવિ દુઃખ અનેક.

વિનયદેવસૂરિએ ૮૩૯ કડીમાં રચેલી 'સુદર્શનશેઠ ચોપાઈ'માં અનેક યાતના અને કસોટીઓમાંથી શુદ્ધ સ્વરૂપે પસાર થનાર સુદર્શન મુનિનું કથાનક આલેખવામાં આવ્યું છે. ચંપાનગરીના શ્રેષ્ઠીના તેજસ્વી પુત્ર સુદર્શન શેઠ પ્રત્યે રાજ્યના પુરોહિતની પત્ની આકર્ષાઈ હતી. પરંતુ તે તેને મેળવવામાં નિષ્ફળ ગઈ એટલે એણે રાણીને ઉશ્કેરી. રાણી પણ સુદર્શનને આકર્ષવામાં નિષ્ફળ ગઈ એટલે એણે સુદર્શન પર ખોટું આળ ચડાવ્યું અને રાજાને ભંભેર્યો. એટલે રાજાએ સુદર્શનને શૂળીએ ચડાવવાનું નક્કી કર્યું. એ સમયે સુદર્શનની સતી જેવી પત્ની મનોરમાએ જિનેશ્વર ભગવાનનું ધ્યાન ધર્યું. એવામાં રાજાને સાચી વાતની ખબર પડી ગઈ અને સુદર્શન શેઠને શૂળીએ ન ચડાવ્યા. પરંતુ આ ઘટનાથી સુદર્શન શેઠને વૈરાગ્ય થયો અને એમણે દીક્ષા લીધી. તેઓ સુદર્શન મુનિ બન્યા. સાધુ અવસ્થામાં પણ એમની ઘણી કસોટી થઈ, પણ તેમાંથી પણ તે પાર પડયા. છેવટે કેવળજ્ઞાન પામી તેઓ મોક્ષે સિધાવ્યા. આ પ્રસંગે શીલનો ઉપદેશ આપતાં કવિ લખે છે :

સહ્યા પરીસમ અવિ ઘોર, સુદરશણ મહા મુનિ,
કાયા કરમ કઠોર, શીલ પાલી શિવપુર ગયા.

*

એસો શીલ નિધાન, ભવિયણ હિત કરી આદરો,
જયો જાઓ નિર્વાણ દેવલોક મેં સાંસો નહી,
એ ખટ દરસણમાંહિ શીલ અધિકો વખાણીયો,
તપ સંજમ ખેરુ થાય શીલ વિના એક પલકમાં.

વિનયદેવસૂરિએ તદુપરાંત ઈ. સ. ૧૫૪૧ માં 'ચાર પ્રત્યેક બુદ્ધ ચોપાઈ', ઈ. સ. ૧૫૫૬માં 'નાગિલ-સુમતિ ચોપાઈ', ઈ.સ. ૧૫૭૮માં 'ભરત-બાહુબલિ રાસ' તથા 'અજાપુત્રરાસ'ની રચના કરી છે. એમની ઇતર કૃતિઓમાં 'સુધર્મગચ્છ પરીક્ષા', 'અઢાર પાપસ્થાન પરિહાર ભાષા', 'નેમિનાથ ધવલ', 'ઉત્તરાધ્યયન ૩૬ અધ્યયન ગીત', 'સુપાર્શ્વ-જિન વિવાહલો', 'સાધુવંદના', શાંતિનાથ વિવાહલો', 'વાસુપૂજ્યસ્વામી ધવલ', 'જિનરાજનામ સ્તવન', 'અંતકાલ આરાધના ફલ', 'પ્રથમ આસ્રવધર કુલક', 'જિનપ્રતિમા સ્થાપના પ્રબંધ', 'અષ્ટકર્મવિચાર', 'સૈદ્ધાન્તિક વિચાર', ઇત્યાદિ સંખ્યાબંધ બીજી કૃતિઓ ગણાવી શકાય. વિનયદેવસૂરિએ આ ઉપરાંત સંસ્કૃતમાં 'પ્રજ્ઞપ્તિસૂત્ર' ઉપર ટીકા અને પાખીસૂત્રવૃત્તિની રચના પણ કરેલી છે.

દોલતવિજય

તપગચ્છના સુમતિસાધુની પરંપરામાં પદ્મવિજયના પ્રશિષ્ય શાંતિવિજયના શિષ્ય દોલતવિજયે 'ખુમાણ રાસ'ની રચના કરી છે. રાસમાં કવિએ રચનાસાલનો નિર્દેશ કર્યો હશે પરંતુ તેની એકમાત્ર મળતી પ્રત અપૂર્ણ હોવાથી તે સાલ ચોક્કસપણે જાણી શકાતી નથી. આ રાસમાં કવિએ ચિતોડના રાણા ખુમાણ અને તેના વંશજોનો ઇતિહાસ ચારણુશાહી પદ્ધતિએ વર્ણવ્યો છે. જૈન સાધુકવિઓએ ક્યારેક આવી પ્રશસ્તિના પ્રકારની રાસ કૃતિની પણ રચના કરી છે તે આ રાસ પરથી જોઈ શકાય છે. કવિનાં કેટલાંક વર્ણનો જન-મનરંજનાર્થે થયેલાં હોય એમ જણાય છે. આરંભમાં કવિ ગણેશને પણ વંદન કરે છે, જે પ્રકારની સ્તુતિ સામાન્યપણે જૈન કવિઓની કૃતિઓમાં જવલ્લે જ જોવા મળે છે.

શિવ સુત સુંઢાલો સબલ, સેવે સરવ સુરેશ,
વિઘન વિદારણ વરદીયણ ગવરીપુત્ર ગણેશ.

અન્ય કવિઓ :

ઈ.સ. ૧૪૫૦ થી ૧૫૫૦ સુધીના સો વર્ષના ગાળાના મહત્ત્વના કેટલાક કવિઓ અને એમની કૃતિઓનો પરિચય મેળવ્યો. આ ગાળામાં બીજા સંખ્યાબંધ કવિઓએ રાસ, ફાગુ, વિવાહલો, પ્રબંધ, સ્તવન, સજ્ઝાય ઇત્યાદિ પ્રકારની કૃતિઓની રચના કરી છે, જેમાંની જવલ્લે જ થોડી કૃતિઓ હજુ પ્રકાશિત થઈ છે. આ કવિઓ અને એમની કૃતિઓમાં નોંધપાત્ર તે નીચે મુજબ છે :–

(૧) સાધુમેરુકૃત-પુણ્યસાર રાસ (૨) સંઘવિમલ (અથવા શુભશીલકૃત) સુદર્શન શ્રેષ્ઠીનો રાસ (૩) સંઘકલશકૃત સમ્યક્ત્વ રાસ (૪) અજ્ઞાતકૃત ઋષિદત્તા રાસ (૫) આનંદ મુનિકૃત ધર્મલક્ષ્મી મહત્તરાભાસ (૬) શુભશીલગણિકૃત પ્રસેનજિત રાસ (૭) ઉદયધર્મકૃત ઉપદેશમાલા કથાનક (૮) રત્નશેખરકૃત રત્નચૂડ રાસ (૯) કલ્યાણસાગરકૃત અગડદત્ત રાસ (૧૦) આણંદમેરુકૃત કાલકસૂરિ ભાસ (૧૧) મતિશેખરકૃત ધન્ના રાસ; કુરગડુ મહર્ષિ રાસ; મયણરેહા સતી રાસ; ઇલાપુત્ર ચરિત્ર (૧૨) જિનવર્ધનકૃત ધન્નારાસ (૧૩) આજ્ઞાસુંદરકૃત વિદ્યાવિલાસ ચોપાઈ (૧૪) વિનયચંદ્રકૃત જંબૂસ્વામીનો રાસ (૧૫) લક્ષ્મીસાગરકૃત વસ્તુપાલ તેજપાલ રાસ (૧૬) રાજતિલકગણિકૃત શાલિભદ્ર રાસ (૧૭) રત્નસિંહ શિષ્યકૃત જંબૂસ્વામી રાસ (૧૮) મલયચંદ્રકૃત સિંહાસન બત્રીસી (૧૯) ભક્તિવિજયકૃત ચિત્રસેન પદ્માવતી રાસ (૨૦) પેથોકૃત પાર્શ્વનાથ દશભવ વિવાહલો (૨૧) લક્ષ્મીરત્નસૂરિકૃત સુરપ્રિયકુમાર રાસ; આઠ કર્મ ચોપાઈ (૨૨) સોમચંદ્રકૃત કામદેવનો રાસ; સુદર્શન રાસ (૨૩) જ્ઞાનસાગરકૃત સિદ્ધચક્ર રાસ (શ્રીપાલ રાસ) (૨૪) મંગલધર્મકૃત મંગલકલશ રાસ, (૨૫) જિનરત્નસૂરિકૃત મંગલકલશ રાસ (૨૬) પુણ્યનંદિકૃત રૂપકમાલા (૨૭) દેવપ્રભગણિકૃત કુમારપાલ રાસ (૨૮) ઉદયધર્મકૃત મલયસુંદરી રાસ; કથાબત્રીસી (૨૯) ખેમરાજકૃત શ્રાવકાચાર ચોપાઈ; ઈખુકારી રાજા ચોપાઈ (૩૦) સંવેગસુંદરકૃત સા શિખામણ

રાસ (૩૧) હેમવિમલસૂરિકૃત મૃગાપુત્ર ચોપાઈ (૩૨) જયવલ્લભકૃત શ્રાવક બારવ્રત રાસ; સ્થૂલભદ્ર બાસઠીઓ; ધન્ના અણગારનો રાસ (૩૩) સિંહકુલશકૃત મુનિપતિ ચરિત્ર (૩૪) શાંતિસૂરિકૃત સાગરદત્ત રાસ (૩૫) જિનસાધુસૂરિકૃત ભરતબાહુબલિરાસ (૩૬) કીર્તિહર્ષકૃત સનતકુમાર ચોપાઈ (૩૭) જયરાજકૃત મત્સ્યોદર રાસ (૩૮) ક્ષમાકલશકૃત સુંદર રાજા રાસ; લલિતાંગ કુમાર રાસ (૩૯) નેમિકુંજરકૃત ગજસિંહકુમાર ચોપાઈ (૪૦) લબ્ધિસાગરકૃત શ્રીપાલ રાસ; ધ્વજભુજંગકુમાર ચોપાઈ (૪૧) હર્ષકલશકૃત વસુદેવ ચોપાઈ (૪૨) લાવણ્યસિંહકૃત ઢંઢણકુમાર રાસ (૪૩) સિંહકુલકૃત નંદબત્રીસી; સ્વપ્નવિચાર ચોપાઈ (૪૪) હર્ષમુનિકૃત ચંદ્રલેખા ચોપાઈ (૪૫) ઈશ્વરસૂરિકૃત લલિતાંગ ચરિત્ર; શ્રીપાલ ચોપાઈ (સિદ્ધચક્ર ચોપાઈ) (૪૬) ધર્મદેવકૃત હરિચન્દ્ર રાજાનો રાસ; અજાપુત્ર રાસ, વયર સ્વામીનો રાસ (૪૭) પદ્મશ્રીકૃત ચારુદત્ત ચરિત્ર (૪૮) ધર્મરુચિકૃત અજાપુત્ર ચોપાઈ (૪૯) કડુઆકૃત લીલાવતી સુમતિવિલાસ રાસ (૫૦) રાજશીલકૃત વિક્રમખાપર ચરિત ચોપાઈ; અમરસેન વયરસેન ચોપાઈ (૫૧) જયવિજયકૃત મુનિપતિ ચોપાઈ (૫૨) પદ્મસાગરકૃત કયવન્ના ચોપાઈ (૫૩) ધર્મસમુદ્રકૃત સુમિત્રકુમાર રાસ; પ્રભાકર ગુણાકર ચોપાઈ; કુલધ્વજકુમાર રાસ; શકુંતલા રાસ; રાત્રિભોજન રાસ (૫૪) દેવકલશકૃત ઋષિદત્તા ચોપાઈ (૫૫) કુશળસંયમકૃત હરિબળનો રાસ; સંવેગદ્રુમ મંજરી (૫૬) શુભવર્ધનશિષ્યકૃત અષાઢભૂતિ રાસ (૫૭) રત્નસિંહસૂરિ શિષ્યકૃત જંબૂસ્વામી રાસ (૫૮) ભુવનકીર્તિકૃત કલાવતી ચરિત્ર (૫૯) અમીપાલકૃત મહીપાલનો રાસ (૬૦) સૌભાગ્યસાગરસૂરિશિષ્યકૃત ચંપકમાલા ચરિત્ર (૬૧) ભીમકૃત અગડદત્ત રાસ (૬૨) જયનિધાનકૃત ધર્મદત્ત ધનપતિ રાસ; સુરપ્રિય ચરિતરાસ (૬૩) સાધુરત્નસૂરિકૃત કયવન્ના રાસ (૬૪) સેવકકૃત આદિનાથ દેવ રાસ; ઋષભદેવ વિવાહલુ; સીમંધર સ્વામી શોભા તરંગ; આર્દ્રકુમાર વિવાહલુ (૬૫) વિજયદેવસૂરિકૃત શીલ રાસ (૬૬) મહીચંદકૃત ઉત્તમ ચરિત્ર ચોપાઈ (૬૭) સમરચંદ્રશિષ્યકૃત શ્રેણિક

રાસ (૬૮) કલ્યાણકૃત કૃતકર્મ રાજાધિકાર રાસ (૬૯) કમલમેરુકૃત કલાવતી ચોપાઈ (૭૦) મતિસાગરકૃત લઘુ ક્ષેત્ર સમાસ ચોપાઈ; સંગ્રહણી રાસ (૭૧) પુણ્યરત્નકૃત નેમિરાસ (યાદવ રાસ) (૭૨) વિનયસમુદ્રકૃત આરામશોભા ચોપાઈ; મૃગાવતી ચોપાઈ; ચિત્રસેન પદ્માવતી રાસ; પદ્મચરિત્ર; રોહિણેય રાસ (૭૩) કનકકૃત મેઘકુમાર રાસ (૭૪) રાજરત્નસૂરિકૃત હરિબલ માછી ચોપાઈ (૭૫) ભાવકૃત હરિચન્દ્ર પ્રબંધ; અંબડ રાસ.

સોમવિમલસુરિ

સોમવિમલસૂરિ ઈ.સ. ના સોળમા સૈકાના એક પ્રતિભાશાળી આચાર્ય હતા. ઈ.સ. ૧૫૧૮માં તેમણે તપગચ્છના હેમવિમલસૂરિ પાસે દીક્ષા લીધી હતી. સોમવિમલસૂરિના શિષ્ય આણંદસોમે ઈ.સ. ૧૫૬૩માં 'સોમવિમલસૂરિ રાસ' ની રચના કરી છે, જેમાં સોમવિમલસૂરિના જીવન વિશેની માહિતી સચવાયેલી છે. સોમવિમલસૂરિનું નામ દીક્ષા પૂર્વે જસવંત હતું અને તેઓ ખંભાતના સમધર મંત્રીના વંશજ રૂપવંતના એ પુત્ર. એમની માતાનું નામ અમરાદે. શિરોહીમાં પંડિતપદ, વીજાપુરમાં ઉપાધ્યાયપદ મેળવ્યા પછી ખંભાતમાં આચાર્ય પદવી સોમવિમમસૂરિએ મેળવી હતી અને ઈ.સ. ૧૫૮૧માં તેઓ કાળધર્મ પામ્યા હતા.

સોમવિમલસૂરિએ 'શ્રેણિક રાસ,' 'ધમ્મિલ રાસ,' 'ચંપક શ્રેષ્ઠી રાસ,' અને 'ક્ષુલ્લક કુમાર રાસ' એ ચાર રાસકૃતિઓ ઉપરાંત 'કુમારગિરિમંડળ' 'શ્રી શાંતિનાથ સ્તવન,' 'દસ દૃષ્ટાંતનાં ગીતો,' 'પટ્ટાવલિ સજ્ઝાય,' 'ચસિમા શબ્દના ૧૦૧ અર્થની સજ્ઝાય' ઇત્યાદિ પદ્યકૃતિઓની રચના કરી છે. આ ઉપરાંત એમણે ગુજરાતી ગદ્યમાં 'કલ્પસૂત્ર બાલાવબોધ'ની રચના પણ કરી છે.

શ્રેણિકરાસ–સોમવિમલસૂરિએ ઈ. સ. ૧૫૪૭માં કુમારગિરિનગરમાં 'શ્રેણિક રાસ'ની રચના કરી છે. એની કર્તાના હસ્તાક્ષરમાં

લખાયેલી હસ્તપ્રત ઉપલબ્ધ છે. આ રાસનું અપર નામ 'સમ્યક્ત્વસાર રાસ' છે. ચાર ખંડની ૬૮૧ કડીમાં કવિએ આ રાસની રચના કરી છે. સકલ જિનેશ્વર, સરસ્વતી દેવી અને ગૌતમ સ્વામીને પ્રણામ કરીને કવિ રાસની રચનાનો પ્રારંભ કરે છે–

> સકલ જિનવર સકલ જિનવર ચરણ વંદેવિ.
> દેવી શ્રી સરસતીતણા પાયકમલ બહુ ભક્તિ જુક્તિઓ,
> પ્રણમી ગોયમ સ્વામિવર, સુગુરુપાય, કમલ સ્તઓ,
> શ્રેણિક રાજા ગુણ નિલુઓ, બુદ્ધિ વિશાલ,
> રચિસુ રાસ હું તહતણો, સુણીઓ અતિહિ રસાલ.

આ રાસમાં કવિએ ભગવાન મહાવીરસ્વામી અને ગૌતમ ગણધરના સમયમાં વિદ્યમાન ધર્મપ્રેમી રાજા શ્રેણિકના વૃત્તાન્તનું આલેખન કર્યું છે. રાજગ્રહ નગરીના પ્રસેનજિત રાજાને પોતાના પુત્રોમાં શ્રેણિક સૌથી વધુ બુદ્ધિમાન હોવાથી વહાલો હતો. અને એથી તેઓ પોતાની ગાદી શ્રેણિકને સોંપે છે. શ્રેણિક રાજ્ય કરે છે. જીવનનાં અંતિમ વર્ષોમાં એના પુત્રોમાંથી અજાતશત્રુ કુણિક શ્રેણિકને કેદ કરી ગાદીએ બેસે છે. પરંતુ એકવાર કુણિકને પશ્ચાત્તાપ થતાં પિતાને મુક્ત કરવા આવે છે. પરંતુ કુણિક પોતાને મારી નાખવા આવે છે એમ સમજી પુત્રને હાથે મરવાં કરતાં શ્રેણિક આત્મઘાત કરે છે.

શ્રેણિક રાજા ભગવાન મહાવીરના સમકાલીન હતા અને ભગવાનની ઘણી સભાઓમાં જઈ ઉપદેશ સાંભળતા અને ઘણી વાર પોતાને થતા પ્રશ્નો ભગવાનને પૂછી સમાધાન મેળવતા.

ધમ્મિલ રાસ–સોમવિથલસૂરિએ ઈ.સ. ૧૫૩૫માં ખંભાતમાં 'ધમ્મિલ રાસ' નામની રાસકૃતિની રચના કરી છે. એમાં ધમ્મિલ નામના શ્રેષ્ઠીપુત્રનું કથાનક વર્ણવવામાં આવ્યું છે. ધમ્મિલ કુશાગ્રપુરના સુરેન્દ્રદત્ત શ્રેષ્ઠી અને તેની પત્ની સુભદ્રાનો પુત્ર હતો. એનાં લગ્ન યશોમતી નામની એક શ્રેષ્ઠીપુત્રી સાથે થયાં હતાં. પરંતુ

ધમ્મિલને યૌવનના સુખોપભોગમાં રસ ન હતો એટલે એનામાં એ માટે રસ જાગે એથી એની માતાએ એને જુગારીઓની સોબત કરાવી, અને તેમ કરતાં એ વેશ્યાઓની સોબતે પણ ચડ્યો. માતાપિતાના અવસાન પછી ધન હતું ત્યાં સુધી યશોમતી ધમ્મિલને મોકલતી રહી. પણ એ ખલાસ થયું એટલે યશોમતી પિયર ચાલી ગઈ અને ધમ્મિલને વેશ્યાએ બહાર કાઢ્યો. એથી ધમ્મિલની આંખ ઊઘડી. ફરી તે ગૃહસ્થ-જીવન તરફ વળ્યો, પ્રગતિ સાધી, બીજી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં અને ભોગવિલાસ ભોગવવા લાગ્યો. પરંતુ એથી સંતોષ ન થતાં એક વખત સાધુ પાસે ધર્મોપદેશ સાંભળતાં ફરી એનામાં વૈરાગ્ય જાગ્યો. અને છેવટે એણે ચારિત્ર્ય ગ્રહણ કર્યું.

જયવંતસૂરિ

મમ્મટના ‘ કાવ્યપ્રકાશ ’ પર ટીકા લખનાર સંસ્કૃતના પ્રખર પંડિત કવિ જયવંતસૂરિ ઈ.સ.ના સોળમાં સૈકાના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હતા.

વડતપગચ્છના ધર્મરત્નસૂરિના બે મુખ્ય શિષ્ય તે વિદ્યામંડનસૂરિ અને વિનયમંડન ઉપાધ્યાય. ઈ. સ. ૧૫૩૧માં કર્મશાહે શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવ્યો ત્યારે ઋષભદેવ ભગવાનની પ્રતિષ્ઠા વિદ્યામંડનસૂરિના હસ્તે થઈ હતી અને તે ઉત્સવમાં વિનયમંડન ઉપાધ્યાયે પણ સારો ભાગ લીધો હતો. એ વિનયમંડનના શિષ્ય જયવંતસૂરિ પણ તે સમયે વિદ્યમાન હતા. જયવંતસૂરિએ ‘ શૃંગારમંજરી,’ ‘ ઋષિદત્તા રાસ, ’ ‘ નેમરાજુલ બારમાસ, ’ ‘ સીમંધરસ્તવન, ’ ‘ સ્થૂલભદ્ર પ્રેમવિલાસ ફાગ, ’ ‘ સ્થૂલભદ્ર મોહનવેલિ, ’ ‘ સીમંધરના ચંદ્રઉલા, ’ ‘ લોચનકાજલ સંવાદ ’ ઇત્યાદિ કૃતિઓની રચના કરી છે.

જયવંતસૂરિની દીર્ઘ કૃતિઓમાં ‘શૃંગારમંજરી’ અને ‘ઋષિદત્તા રાસ ’ (ઈ.સ. ૧૫૮૭) છે. પ્રથમ કૃતિમાં સતી શીલવતીના અને બીજીમાં સતી ઋષિદત્તાના ચરિત્રનું આલેખન છે. ‘ શૃંગારમંજરી’ની

રચના ૨૮૦૦ જેટલી કડીમાં છે, જ્યારે 'ઋષિદત્તા રાસ'ની રચના ૮૫૦ જેટલી કડીમાં થઈ છે. 'શૃંગારમંજરી' કવિની સમર્થ કૃતિ છે. કવિનું આલેખન રસિક અને છટાદાર છે. પ્રાસાનુપ્રાસાદિ શબ્દાલંકાર ઉપરનું કવિનું પ્રભુત્વ સહજ અને પ્રશસ્ય છે. જુઓ :

સોવિન ચૂડી કરિ ધરી, ઉરવરિ નવસરહાર,
ખલકતિ સોવિન મેખલા, પય ઝાંઝર ઝમકાર.
વેણીદંડ પ્રચંડ એ, જિસુ શેષ ભુયંગ,
અંગ અભંગ અનંગનું નાગ સુરંગ સળંગ,
પીન પયોધર ભાર ભર, કટિ તટિ ઝીલું લંક,
વિકસત ખંજન નયણલાં, ધણુંહ જિસિઉ ભૂવંક.

(શૃંગારમંજરી)

હેમરત્નસુરિ

પૂનમ ગચ્છના દેવતિલકસૂરિના શિષ્ય જ્ઞાનતિલકસૂરિના પદ્મરાજગણિના શિષ્ય હેમરત્નસૂરિએ રચેલી પાંચેક રાસકૃતિઓ ઉપલબ્ધ છે, જે હજુ અપ્રસિદ્ધ છે. તેઓ ઈ.સ. ના સોળમાં શતકના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હતા. એમણે ઈ. સ. ૧૫૪૭ માં પાલી નગરમાં 'શીલવતી કથા'ની રચના કરી છે. કથાના આરંભમાં કવિ લખે છે–

પૂનિમ ગચ્છમતિ ગુણનીલો શ્રી ન્યાનતિલક સૂરીસ.
જસ પયપંકય સેવતાં પૂજયે સયમલ જગીસ,
તસ પય પંકજ સૂર સમ શ્રી હેમરતન સૂરીંદ
સીલ કથા તણિએ કહી તમો જાં રવિચંદ.

હેમરત્નસૂરિએ એ જ વર્ષે 'લીલાવતી' નામની બીજી એક રાસકૃતિની રચના કરી છે. ત્યારપછી (ઈ.સ. ૧૫૮૦) એમણે 'મહીપાલ ચોપાઈ'ની રચના ૬૯૬ જેટલી કડીમાં કરી છે. ઈ.સ. ૧૫૯૧માં એમણે 'ગોરા બાદલ કથા' (અપર નામ પદમણી ચોપાઈ)ની રચના સાદડી નગરમાં કરી છે. આ કૃતિ ૯૧૭ જેટલી કડીમાં લખાયેલી છે. કથાની ફલશ્રુતિ

વર્ણવતાં કવિ લખે છે :

ગોરા બાદલની એ કથા, કહી સુંણી પરંપરા યથા,
સાંભલતાં મનવંછિત ફલે, રોગ સોગ દૂષ દોહગ ટલે.
સાંમ ધરમ સા પુરસા હોઈ, સીલ દઢ કુલવંતી જોઈ,
હિંદુ ધ્રમ સત પરમાંણ, વાગા સુજસ તણા નિસાંણ.

શ્રી હેમરત્નસૂરિએ 'સીતાચરિત્ર' નામની પણ એક કૃતિની રચના કરી છે. જેમાં જૈન પરંપરાનુસારી રામસીતાની કથાનું સાત સર્ગમાં આલેખન કરવામાં આવ્યું છે. ચોપાઈ, દુહા અને જુદી જુદી દેશીઓની ઢાલમાં આ કૃતિ લખાયેલી છે. ત્રીજા સર્ગને અંતે કવિ જૈન રામાયણ 'પદ્મચરિત્ર' (પઉમચરિય)નો નિર્દેશ કરે છે—

પદમરાજ વાચક સુખસાઈ, પદ્મચરિત્ર ગ્રહી મનમાંહિ,
હેમસૂરિ ઇમ જંપઇ વાત, ત્રીજા સરગ તણો અવદાત.

મહીરાજ

કવિ મહીરાજની અત્યાર સુધીમાં માત્ર એક જ કૃતિ ઉપલબ્ધ છે અને તે એમના પોતાના હસ્તાક્ષરમાં લખાયેલી નલ-દવદંતી રાસ. એની રચના કવિએ ઈ.સ ૧૫૫૬માં કરી છે. દુહા, ચોપાઈ અને જુદી જુદી ઢાળાની બધી મળીને સાડાબારસો કડીમાં કવિએ કરેલી આ રચનામાં કથાવિકાસ પ્રમાણે ખંડ પાડવામાં આવ્યા નથી. રાસની શરૂઆત કવિએ નલ-દવદંતીના પૂર્વભવના પ્રસંગોથી કરી છે. કથા-વૃત્તાન્ત માટે કવિએ હેમચંદ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'નો અને દેવપ્રભસૂરિના 'પાંડવચરિત્ર' નો આધાર લીધેલો જણાય છે. કવિએ પ્રસંગાલેખન, પાત્રાલેખન, પ્રકૃતિવર્ણન અને દાનશીલાદિના મહિમાના વર્ણનમાં નલ-દવદંતી વિશે રાસકૃતિની રચના કરનારા પોતાના પુરોગામી કવિઓ કરતાં વિશેષ શક્તિ દાખવી છે, જોકે કેટલેક સ્થળે ઋષિવર્ધન જેવા કવિની આ રાસ ઉપર પડેલી છાયા પણ જોઈ શકાય છે. અલબત્ત, બીજી બાજુ કેટલેક સ્થળે કવિની

સ્વતંત્ર અને મૌલિક કલ્પનાશક્તિ પણ જોઈ શકાય છે. પ્રસંગે પ્રસંગે અનુકૂળતા પ્રમાણે દૃષ્ટાંતો અને સુભાષિતોના પ્રકારની પંક્તિઓ પણ કવિએ વચ્ચે પ્રયોજી છે જે એકંદરે રાસની ગુણવત્તામાં ઉમેરો કરે છે.

કુશળલાભ

વાચટ કુશળલાભ ઈ.સ.ના સોળમા સૈકાના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હતા. એમણે પોતાની કૃતિઓમાં પોતાની ગુરુપરંપરાનો થોડોક નિર્દેશ કર્યો છે. 'તેજસાર રાસમાં' અને 'અગડદત્ત રાસ'માં તેઓ પોતાના ગુરુ અભયધર્મ ઉપાધ્યાયનો ઉલ્લેખ કરે છે. કુશળલાભ ખરતરગચ્છના જિનચંદ્રસૂરિની પરંપરાના હતા અને રાજસ્થાન તરફ તેમનો વિહાર વિશેષ રહેલો જણાય છે. એમણે પોતાની બે મહત્ત્વની રાસકૃતિઓનું સર્જન રાજસ્થાનમાં જેસલમેરમાં કર્યું હતું. તેમણે ખંભાતના સ્થંભનક પાર્શ્વનાથની અને પારકરના ગોડી પાર્શ્વનાથની જાત્રા કરી હતી. કુશળલાભે રચેલો 'નવકાર મંત્રનો છંદ' આજે પણ જૈનોમાં ગવાય છે.

કવિ કુશળલાભે રચેલી અને હાલ ઉપલબ્ધ કૃતિઓ આ પ્રમાણે છે : (૧) માધવાનલ ચોપાઈ (ઈ.સ. ૧૫૬૦), (૨) મારૂઢોલાની ચોપાઈ (ઈ.સ. ૧૫૬૧), (૩) જિનરક્ષિત જિનપાલિત સંધિ (૧૫૬૫), (૪) તેજસાર રાસ (ઈ.સ. ૧૫૬૮), (૫) અગડદત્ત રાસ (ઈ.સ. ૧૫૬૯), (૬) સ્તંભન પાર્શ્વનાથ સ્તવન, (૭) ગોડી પાર્શ્વનાથ સ્તવન (૮) નવકાર મંત્રનો છંદ.

માધવાનલ ચોપાઈ–માધવાનલકામકંદલા ચોપાઈ (અથવા માધવાનલ પ્રબંધ)ની રચના કવિ કુશળલાભે ઈ.સ. ૧૫૬૦ (વિ.સં. ૧૬૧૬)માં ફાગણ સુદ ૧૩ને રવિવારે જેસલમેરમાં કરી હતી. તેમણે જેસલમેરના મહારાજા યાદવ રાઉલ શ્રી માલદેવના પાટવી કુંવર રાજા

હરિરાજના કુતૂહલ અર્થે આ કૃતિની રચના કરી હતી એવો નિર્દેશ એમાં કર્યો છે–

રાઉલ માલ સુપાદ ધર, કૂંયર શ્રી હરિરાજ,
વિરચ્યા એહ સિણગાર રસ, તારા કુતૂહલ કાજ.

*

સંવત સોલ સોલોતરઈ, જેસલમેર મઝારિ,
ફાગણ સુદિ તેરમિ દિવસે, વિરચી આદિતિ વારિ,
ગાહા દૂહા ને ચુપઈ, કવિત કથા સંબંધ,
કામકંદલા કામિની, માધવાનલ પ્રબંધ.

કવિ જણાવે છે તે પ્રમાણે દુહા અને ચોપાઈમાં પોતે આ કૃતિની રચના કરી છે અને એમાં ચોપાઈની કડીઓ જ સવિશેષ છે. એમાં વચ્ચે વચ્ચે સંસ્કૃત શ્લોક પણ મૂકવામાં આવ્યા છે, અને પ્રાકૃત ગાથાઓ પણ આપવામાં આપી છે. ૬૬૬ કડીની આ કૃતિને કવિએ ઠવણિ કે કડવક ઇત્યાદિમાં વિભક્ત કરી નથી. તેમ જ તેમાં ચોપાઈ ઉપરાંત ભિન્ન ભિન્ન દેશીની ઢાળો પણ પ્રયોજવામાં આવી નથી. માધવાનલ અને કામકંદલાની કથાનાં મૂળ લોકકથામાં રહેલાં છે અને કુશળલાભે પણ ઇતર કેટલાક જૈન કવિઓની જેમ લોકકથામાંથી કથાનક પસંદ કરી પોતાની આ કૃતિની રચના કરી છે. આ અદ્‌ભુતરસિક કથામાં માધવ અને કામકંદલાના પ્રેમ અને વિરહના પ્રસંગોમાં કવિએ શૃંગારરસનું પણ સારું નિરૂપણ કર્યું છે. કવિની આ કૃતિને એમના પુરોગામી કાયસ્થ કવિ ગણપતિએ ઈ.સ. ૧૫૧૮માં આઠ સર્ગમાં દુહાની ૨૫૦૦ કડીમાં રચેલ ‘ માધવાનલકામકંદલાદોગ્ધક’ સાથે સરખાવવા જેવી છે.

મારૂ-ઢોલાની ચોપાઈ–આ કૃતિની રચના કવિ કુશળલાભે જેસલમેરમાં કરી હતી. ‘માધવાનલકામકંદલા ચોપાઈ’ની રચના એમણે જેસલમેરના માલદેવના પાટવીકુંવર રાજા હરિરાજના કુતૂહલ અર્થે

કરી હતી તે જ રીતે જેસલમેરમાં જ તે પછીના વર્ષે, ઈ.સ. ૧૫૬૧માં હરિરાજની વિનંતીથી 'મારુ ઢોલાની ચોપાઈ'ની રચના કરી હતી. માધવાનલ ચોપાઈની કથાની જેમ મારુ-ઢોલાની કથા પણ કવિએ લોકકથામાંથી લીધેલી છે. રાજસ્થાનમાં મારુઢોલાની કથા એ સમયે વિશેષ લોકપ્રિય હતી. દુહા અને ચોપાઈની કડીઓમાં રચાયેલી આ કૃતિમાં વચ્ચે વચ્ચે 'વાત'માં, ગદ્યકંડિકાઓ આપવામાં આવી છે, જે પૂર્વકાલીન રાસાઓમાં-ના 'વસ્તુ'ની કંડિકાઓ કરતાં મોટી છે. પુંગલ નગરીના રાજા પિંગલ અને એની રાણી ઉમાદેવડીની પુત્રી મારૂવણીનાં નાની ઉંમરમાં લગ્ન નલવરગઢના રાજાના પુત્ર સાલ્હકુમાર સાથે થાય છે. સાલ્હકુમારને એની માતા 'ઢોલા' કહીને બોલાવે છે. ઢોલો મોટો થાય છે, પરંતુ મારૂવણી હજુ નાની હોવાથી એનાં માતાપિતા એને સાસરે મોકલતાં નથી. દરમ્યાન ઢોલો માલવણી નામની બીજી કન્યાને પરણે છે. મારૂવણી યૌવનમાં આવતાં ઢોલા માટે ઝૂરે છે અને સંદેશાઓ મોકલાવે છે, પરંતુ માલવણી એ સંદેશાઓ ઢોલાને મળતા અટકાવે છે. છેવટે ઢોલાને સંદેશો મળે છે. તે મારૂવણીના નગરમાં જાય છે અને એને મળે છે. પાછા ફરતાં મારૂવણીને સાપ કરડે છે. પરંતુ કોઈ યોગી એને સજીવન કરે છે. આમ છેવટે ઢોલો મારૂવણી અને માલવણી બંને સાથે સંપથી રહે છે અને સુખ ભોગવે છે. કવિએ સાતસો ગાથા પ્રમાણ આ કૃતિમાં શૃંગાર અને અદ્ભુત રસથી સભર કથાનું નિરૂપણ કર્યું છે. કવિએ કથાનું સમાપન લોકકથામાં આવે છે તે જ રીતે કર્યું છે, એટલે કે ધર્મોપદેશની દૃષ્ટિથી એને લંબાવી નથી અને ઢોલા-મારૂને દીક્ષા લેતાં બતાવ્યાં નથી.

હીરકલશ

ખરતર ગચ્છના દેવતિલક ઉપાધ્યાયના શિષ્ય હર્ષપ્રભના શિષ્ય હીરકલશ ઈ.સ. ના સોળમા શતકના ઉત્તરાર્ધ અને સત્તરમા શતકના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા. તેઓનો વિહાર ઘણુંખરું રાજસ્થાન તરફ

રહેલો હતો, એમ એમની કૃતિઓનાં રચનાસ્થળ જોતાં જણાય છે. એમણે ઈ.સ. ૧૫૫૮માં નાગોર નગરમાં, 'આરાધના ચોપાઈ,' ઈ.સ. ૧૫૬૦માં 'અઢાર નાતરાંની સજ્ઝાય,' ઈ.સ. ૧૫૬૧માં કનકપુરીમાં 'કુમતિવિધ્વંસન ચોપાઈ,' ઈ.સ. ૧૫૬૨માં બિકાનેરમાં 'મુનિપતિ-ચરિત્ર ચોપાઈ', ઈ.સ. ૧૫૬૬માં રાજલદેસરમાં 'સુપન સજ્ઝાય', ઈ.સ. ૧૫૬૮માં સવાલખ દેશમાં 'સમ્યકત્વ કૌમુદી રાસ,' ઈ.સ. ૧૫૭૬માં વાસડે નગરમાં 'જંબૂચોપાઈ', ઈ.સ. ૧૫૮૭માં બિકાનેરમાં 'જીભદાંત સંવાદ' આટલી કૃતિઓની રચના કરેલી મળે છે, જે હજુ અપ્રકાશિત છે. કવિ હીરકલશ જ્યોતિષના પણ સારા જાણકાર હતા અને એમની 'જ્યોતિષસાર' નામની પદ્યમાં રચેલી એક કૃતિ પણ મળે છે. એમની રાસ સજ્ઝાઈ ઇત્યાદિ કૃતિઓમાં ક્યારેક કૃતિની રચનાસાલ ઉપરાંત માસ-તિથિની સાથે નક્ષત્રનો પણ ઉલ્લેખ થયેલો હોય છે. વળી, કવિ પોતાની કેટલીક કૃતિઓમાં પોતાની ગુરુપરંપરા સુપ્રસિદ્ધ દાદાગુરુ શ્રી જિનચંદ્રસૂરિથી નામોલ્લેખો સાથે દર્શાવે છે.

કવિની કૃતિઓમાં ૬૯૩ કડીમાં રચાયેલી 'સમ્યકત્વ કૌમુદી રાસ', ૮૩ કડીમાં રચાયેલી 'આરાધના ચોપાઈ' તથા 'કુમતિવિધ્વંશ ચોપાઈ'માં કથાનિરૂપણ કરતાં તત્ત્વચર્ચા વિશેષ થયેલી છે. કવિની સુદીર્ઘ કૃતિ તે 'સિંહાસનબત્રીસી' છે, જે બે હજાર કરતાં વધુ કડીમાં લખાયેલી છે.

વાચક નયસુંદર

ઈ.સ.ના સોળમા સૈકાના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા જૈન કવિઓમાં વાચક નયસુંદર એક સમર્થ કવિ છે. તેઓ વડતપગચ્છની પરંપરામાં શ્રી ધનરત્નસૂરિના બે શિષ્યો ભાનુમેરૂ ઉપાધ્યાય અને વાચક માણિકચરત્ન એ બે પૈકી ભાનુમેરૂના શિષ્ય હતા. તેઓ માણિકચરત્નના લઘુ બંધુ હતા એવો પોતે પોતાની રાસકૃતિઓમાં ઉલ્લેખ કર્યો છે. નયસુંદરની એક શિષ્યા તે સાધ્વી શ્રી હેમશ્રી–જેમણે 'કનકાવતી

આખ્યાન' નામની રાસકૃતિની રચના કરી છે. જૈન સાધ્વીઓમાં હેમશ્રી એક વિરલ કવયિત્રી છે.

કવિ નયસુંદર પંડિતકવિ હતા. તેઓ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ફારસી ઇત્યાદિ ભાષાઓના પણ સારા જાણકાર હતા. એમણે કાવ્ય-શાસ્ત્રનો પણ સારો અભ્યાસ કર્યો હશે એમ એમની કૃતિઓ પરથી જોઈ શકાય છે. કવિ નયસુંદરની કૃતિઓ આ પ્રમાણે ઉપલબ્ધ છે : (૧) યશોધરનૃપ ચોપાઈ (ઈ.સ. ૧૫૬૨), (૨) રૂપચંદકુંવર રાસ (ઈ.સ. ૧૫૮૧), (૩) શત્રુંજયમંડન તીર્થોદ્ધાર રાસ (ઈ. સ. ૧૫૮૨). (૪) પ્રભાવતી રાસ (ઈ.સ. ૧૫૮૪), (૫) સુરસુંદરી રાસ (ઈ.સ. ૧૫૯૦), (૬) નળદમયંતી રાસ (ઈ.સ. ૧૬૦૯), (૭) ગિરનાર ઉદ્ધાર રાસ, (૮) શીલરક્ષા પ્રકાશ રાસ (ઈ.સ. ૧૬૧૩), (૯) આત્મપ્રતિબોધ, (૧૦) શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન, (૧૧) શાંતિનાથ સ્તવન. કવિની આ કૃતિઓમાં 'નળદમયંતી રાસ' અને 'રૂપચંદકુંવર રાસ' એમની સમર્થ કૃતિઓ છે.

નળદમયંતી રાસ–કવિ નયસુંદરની રાસકૃતિ 'નળદમયંતી રાસ' એ વિષયની જૈન પરંપરાની અન્ય રાસકૃતિઓ કરતાં જુદી જ ભાત પડે છે. કવિએ ઈ.સ.૧૬૦૯માં કરેલી આ રાસની રચના માણિક્ય-દેવસૂરિના સંસ્કૃત મહાકાવ્ય 'નલાયન'નો આધાર લઈને કરી છે. જૈન પરંપરામાં 'નલાયન' મહાકાવ્ય એક વિલક્ષણ કૃતિ છે કારણ કે એમાં મહાભારતની અને જૈન પરંપરાની કથાના સમન્વયનો પ્રયાસ થયો છે. દશ સ્કંધના ૯૯ સર્ગના ૪૦૫૦ શ્લોકમાં લખાયેલા આ મહાકાવ્યને કવિ નયસુંદરે સોળ પ્રસ્તાવની લગભગ ૨૪૦૦ કડીમાં ઉતાર્યું છે. એથી દેખીતી રીતે જ મૂળ કૃતિના શબ્દશઃ અનુવાદને આ રાસમાં અવકાશ નથી. કેટલેક સ્થળે નયસુંદરે મૂળના પ્રસંગ જતા કર્યા છે, તો કેટલેક સ્થળે કલ્પનાનો વિસ્તાર કર્યો છે, તો કોઈક સ્થળે પોતાની કલ્પના પ્રમાણે ઉમેરા પણ કર્યા છે. દા.ત. 'નલાયન' મહાકાવ્યમાં

કોઈ એક પથિક નળરાજા પાસે આવી દંડાકારણ્યની ઉત્પત્તિની વાત કરે છે, પરંતુ નયસુંદરે એ પ્રસંગ છોડી દીધો છે. નળની વિરહાવસ્થાનું વર્ણન 'નલાયન'કારે આ સ્થળે એક શ્લોકમાં પતંગિયું, ભમરો, હાથી વગેરેનાં ઉદાહરણ આપી કર્યું છે, તો નયસુંદરે તે માટે આઠ કડી પ્રયોજી છે, જુઓ–

એ મદન રંગે મોહિયા, પ્રાણી ત્યજે નિજ પ્રાણ,
જે પંડિતા ગુણમંડિતા ક્ષણ થાય તેહ અજાણ,
પડતાં રે પ્રમદાજાળમાં જળજંતુ ને શિંગાળા,
અતિ પીવરા જે ધીવરા, તેહું પડે તતકાળ,
ઇન્દ્રિ એકેકી મોકળે, પ્રાણી લહે દુઃખ દેખિ,
આલાન બંધનિ જગ પડચો, લોલુપી સપર્શ વિશેષ.

*

ઇમ એકે આચર્યા, વિષય દેય પંચત્વ,
પાંચે પરગટ પરવશે, કિમ સુખે રહેશો સત્ત્વ.

હંસ નળની કીર્તિનું વર્ણન કરે છે તે પ્રસંગનું નિરૂપણ કરતાં કવિ નયસુંદર પોતાની કલ્પના પ્રમાણે ઉમેરો કરે છે. બારેક કડીમાં કરેલા એ વર્ણનમાંથી થોડીક પંક્તિ જુઓ :

તવ કીરતિ કન્યા જગમાંહી, રાજન ખેલ કરે ઉચ્છાંહિ,
ક્રીડા ભૂમિ હિમાચલ કર્યા, પૂર્ણચન્દ્ર કંદુક કર ધર્યા.
ખડોખલિ ખીરોધદિ તાસ, શિજ્યા દિગ્ગજ દંતનિવાસ,
ઓઢણિ સુરગંગા શશિમુખી, ગોદેવી તેહની પ્રિય સખી.

એ જ હંસ દમયંતી આગળ નળની કીર્તિની પ્રશંસા કરે છે તે પ્રસંગના નિરૂપણમાં કવિની ઉચ્ચ કવિત્વશક્તિની આપણને પ્રતીતિ થાય છે–

નિર્મળ નળ-કીરતિની તુલા નાવિ શશિ સંપૂરણ કલા.
તે ભણી મૃગ કલંક સો વહી, એ ઉપમા કારણ કવિ કહિ,

નલનૃપ શત્રુતણા આવાસ, પડચા ભૂમિ તેણે ઉગ્યા ઘાસ,
તે ચરિવા મૃગ આવે સોઈ, તો શશિ નલકીરતિ સમ હોય.

એકંદરે સંક્ષિપ્ત ભાવાનુવાદ તરીકે વિચારીએ તો બાણભટ્ટની કાદંબરીના ભાલણે કરેલા અનુવાદની યાદ અપાવે એવો, બલકે એથી પણ વિશેષ સમર્થ આ અનુવાદ છે.

આ રાસમાં નયસુંદરની પોતાની તરી આવતી વિશિષ્ટતા એ છે કે એમણે સ્થળે સ્થળે સંસ્કૃત. પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી, હિંદી, ફારસી સુભાષિતો મૂકચાં છે, અને એમાંનાં કેટલાંકનો ગુજરાતી પદ્યાનુવાદ પણ આપ્યો છે. એ સુભાષિતો પણ કવિની વિદ્વત્તાની પ્રતીતિ કરાવે એવાં છે. કવિ પાસે જેમ ઉચ્ચ અનુવાદશક્તિ છે તેમ ઉચ્ચ કવિત્વશક્તિ પણ છે, જેની પ્રતીતિ આખો રાસ વાંચતાં વારંવાર થાય છે. કવિની વાણી અનાયાસ, અસ્ખલિત વહી જાય છે. કવિ પાસે અસાધારણ ભાષાપ્રભુત્વ છે જે એમની પંક્તિઓને સઘન બનાવે છે અને એને સામાન્યતામાં કે બિનજરૂરી વિસ્તારમાં સરી પડતી અટકાવે છે. એમની ભાષામાં ઓજસ પણ છે અને માધુર્ય પણ છે, આડંબર છે અને શબ્દવિલાસ પણ છે.

કવિ નયસુંદરની આ રાસકૃતિ આપણી મધ્યકાલીન ઉત્તમ સાહિત્યકૃતિઓની હરોળમાં સ્થાન પામે એવી છે.

રૂપચંદકુંવર રાસ–કવિ નયસુંદરે વીજાપુર નગરમાં છ ખંડમાં આ રાસની રચના કરી છે. એમાં રૂપચંદકુંવરનું કથાનક આલેખાયું છે. ઉજ્જયિની નગરીમાં રાજ કરતા રાજા વિક્રમના રાજ્યમાં ધનદત્ત શ્રેષ્ઠી અને એની ભાર્યા ધનસુંદરીને થયેલા ચાર પુત્રોમાં છેલ્લો પુત્ર તે રૂપચંદ. રૂપચંદ ભણીગણી મોટો થાય છે એટલે રૂપસુંદરી નામની કન્યા સાથે એનાં લગ્ન થાય છે. ત્યાર પછી કનોજ નગરીના રાજા ગુણચંદની કુંવરી સૌભાગ્યસુંદરીને રૂપચંદ પ્રત્યે આકર્ષણ થાય છે. બંને એકાંતમાં મળે છે, સમસ્યાઓ દ્વારા સંકેત થાય છે અને ગાંધર્વ વિવાહથી

જોડાય છે. એ વાતની વિક્રમ રાજાને ખબર પડે છે. તે રૂપચંદ પાસેથી વાત કઢાવવાનો, જુદીજુદી સમસ્યાઓનો અર્થ જાણવાનો પ્રયત્ન કરે છે, ખૂબ મારે છે, પરંતુ રૂપચંદ કશો જ ખુલાસો કે એકરાર કરતો નથી. છેવટે રાજા એને શૂળીએ ચડાવવાનો નિર્ણય કરે છે તોપણ રૂપચંદ મક્કમ રહે છે. તે સમયે પ્રધાન રાજાને વચન આપે છે અને રૂપચંદને મુક્ત કરાવે છે. રૂપચંદ પાસેથી બધી સમસ્યાઓના અર્થ જાણવા હોય તો વિક્રમ રાજાએ પોતાની પુત્રી મદનમંજરીને રૂપચંદ સાથે પરણાવવી જોઈએ એવા પ્રધાનના સૂચનથી રાજાએ તે પ્રમાણે કર્યું. મદનમંજરી પોતાની કુશળતાથી અને પ્રેમથી રૂપચંદ પાસેથી બધી માહિતી મેળવી રાજાને કહે છે. રાજા એથી પ્રસન્ન થઈ સૌભાગ્યસુંદરી સાથે એનાં વિધિપૂર્વક લગ્ન કરાવે છે. આમ ત્રણ પત્નીઓ-રૂપસુંદરી, સૌભાગ્યસુંદરી અને મદનમંજરી-સાથે ભોગવિલાસ ભોગવતો રૂપચંદ, સુખમાં દિવસોનું નિર્ગમન કરતો હતો. એવામાં ઉજ્જયિનીમાં પધારેલા જૈન આચાર્ય સિદ્ધસેનસૂરિના ઉપદેશની રાજા ઉપર ઘણી અસર પડી. રૂપચંદ પણ ત્યાં ઉપસ્થિત હતો. સૂરિએ સંસારની અસારતા, મનુષ્ય ભવની દુર્લભતા, અજ્ઞાની જીવનાં કર્મો, મૃત્યુ પાસે સર્વની અધીનતા ઇત્યાદિ પર વિવેચન કરી ઉપદેશ આપ્યો. રૂપચંદે પૂછતાં બીજે દિવસે પોતાના જ્યોતિષજ્ઞાનના આધારે એને જણાવ્યું કે એનું આયુષ્ય હવે માત્ર છ માસનું છે. એ સાંભળી, વિચારી, માતાપિતા તથા પત્નીઓને સમજાવી રૂપચંદે સિદ્ધસેનસૂરિ પાસે દીક્ષા લીધી. એની સાથે એની પત્નીઓએ અને પાંચેક વડીલોએ પણ દીક્ષા લીધી. છ મહિના પૂરા થવા આવતાં મુનિવર રૂપચંદ સંલેખના કરી, આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગે સિધાવ્યા.

કવિએ આ કથાનકને રસિક બનાવવા વર્ણનો, અલંકારો, સુભાષિતો ઇત્યાદિ ઉપરાંત એમાં કેટલીક આડકથાઓ પણ નિરૂપી છે. આ કથા કવિની મૌલિક છે, પરંતુ કેટલાંક કથાઘટકો કવિએ બીજેથી લીધેલાં જણાય છે. કવિએ રાસને અંતે પોતે કહ્યું છે :

કેતો ચરિત્ર માંહેલો ચરી, કેતો કહ્યો સ્વબુદ્ધે કરી,
કેતી વાત સુણી તે કહી, અધિકું ઓછું ખામું સહી.

લોકકથાના પ્રકારની આ કથા હોવાથી એમાં અદ્ભુતરસિક ઘટનાઓનું નિરૂપણ થાય એ સ્વાભાવિક છે. વળી એમાં શૃંગારરસનું નિરૂપણ પણ કવિએ ઠીકઠીક કર્યું છે. તેમ છતાં કવિનો આશય કૃતિને શાંતપર્યવસાયી બનાવવાનો છે એ સ્પષ્ટ છે. કવિ પોતે કહે છે : 'પ્રથમ શૃંગાર રસ થાપિયો, છેડો શાંત રસ વ્યાપિયો'. કવિ નયસુંદરકૃત 'રૂપચંદકુંવર રાસ' આપણા સમગ્ર રાસ-સાહિત્યની એક મહત્ત્વની કૃતિ બની રહે છે.

મંગલમાણિક્ય

આગમ બિડાલંબ ગચ્છના મુનિરત્નસૂરિની પરંપરાના ભાનુભટ્ટના શિષ્ય કવિ મંગલમાણિક્યે રચેલી બે રાસકૃતિઓ ઉપલબ્ધ છે, જે બંને હજુ અપ્રકાશિત છે. એમણે ઈ. સ. ૧૫૮૨માં ઉજ્જયિની નગરીમાં 'વિક્રમરાજ અને ખાપર ચોરનો રાસ'ની રચના કરી છે. વિક્રમ વિશે જે જુદીજુદી ગદ્યકથાઓ અને રાસ લખાયેલા છે તેનો અભ્યાસ કરી કવિએ આ વીરરસપ્રધાન કૃતિની રચના કરી છે એમ પોતે નિર્દેશ કર્યો છે :

વિક્રમ સિંહાસન છઈ બત્રીસ, કથા વૈતાલીણી પંચવીસ,
પંચદંડ છત્રની કથા, વિક્રમચરિત્ર લીલાવઈ કથા,
પ્રવેસપરકાયની વાત, સીલમતી ખાપરની ખ્યાતિ,
વિક્રમપ્રબંધ અછઈ જે ઘણા, કહઇતા પાર નહી ગુણા,
ઇતિ ઉમાહુ અંગિસું ધરી ગુરુ કવિ સંત ચરણ અણુસરી,
ગદ્યકથા રાસ ઉદ્ધર, રચિઉ પ્રબંધ વીરરસ સાર.

આ રાસની રચના કર્યા પછી કવિએ એ જ વર્ષે ઉજ્જયિનીમાં ચાતુર્માસ દરમિયાન 'અંબડ કથાનક ચોપાઈ'ની રચના પણ શરૂ કરી દીધી હતી, જે પછીના વર્ષમાં પૂર્ણ કરી હતી. 'સાત આદેશ'માં

રચાયેલી ભિન્ન ભિન્ન રસ નિરૂપતી આ રાસકૃતિ કવિએ પોતાના મિત્ર લાડજીને સંભળાવવા માટે રચી હતી, એવો પોતે રાસમાં જુદેજુદે સ્થળે નિર્દેશ કર્યો છે.

મિત્ર લાડજી સુણિવા કાજી, વાંચી કથા વિડાલંબી રાજી,
કહઇ વાચક મંગલમાણિક્ય, અંબડ કથા રસઇ અધિકચ,
તે ગુરુકૃપા તણો આદેશ, પૂરા સાત હૂઆ આદેશ.

સકલચંદ્ર ઉપાધ્યાય

ઈ. સ. સોળમા શતકના ઉત્તરાર્ધમાં અને સત્તરમા શતકના પૂર્વાર્ધમાં વિદ્યમાન કવિ સકલચંદ્ર ઉપાધ્યાય પોતાની કૃતિઓમાં સુપ્રસિદ્ધ અકબર પ્રતિબોધક હીરવિજયસૂરિને પોતાના ગુરુ તરીકે ઓળખાવે છે, પરંતુ કોઈ વખત પોતાને વિજયદાનસૂરિના શિષ્ય તરીકે પણ ઓળખાવે છે. એટલે વિજયદાનસૂરિ એમના દીક્ષાગુરુ હોવાનો સંભવ છે. કવિ સકલચંદ્ર ઉપાધ્યાયે 'મૃગાવતી આખ્યાન', 'વાસુપૂજ્ય જિન પુણ્યપ્રકાશ રાસ', ઉપરાંત 'સાધુવંદના', 'સતરભેદી પૂજા', 'એકવીસ પ્રકારી પૂજા', 'બાર ભાવના', 'સજ્ઝાય', 'વીર વર્ધમાન જિનવેલિ', 'ગણધરવાદ સ્તવન', 'સાધુકલ્પલતા', 'મહાવીર હીંચ-સ્તવન', 'ઋષભ સમતા સરલતા સ્તવન', 'વીરજિત સ્તવન', 'કુમતિદોષ વિજ્ઞાપ્તિકા', 'શ્રી સીમંધર સ્તવન', 'ગૌતમપૃચ્છા', 'વયર-સ્વામી સજ્ઝાય', 'હીરવિજયસૂરિ દેશના સુરવેલિ', 'મુનિશિક્ષા સજ્ઝાય', 'ચતુર્વિંશતિ સ્તવન', 'પાર્શ્વનાથ સ્તવન' ઇત્યાદિ ઘણી લઘુ કૃતિઓની રચના કરી છે.

કવિની મોટી કૃતિઓમાં ચેટક રાજાની પુત્રી સુપ્રસિદ્ધ સતી મૃગાવતીના ચરિત્ર વિશેની કૃતિ 'મૃગાવતી આખ્યાન' છે. દુહા, ચોપાઈ, અને ભિન્નભિન્ન દેશીઓની ઢાળની ૭૨૫ જેટલી કડીમાં લખાયેલી આ રાસકૃતિ માટે કવિએ પોતે 'આખ્યાન' શબ્દ પ્રયોજેલો છે.

મૃગાવતી સુસતી આખ્યાન, શીલ રખોપા કીજેજી,
સતી સવે નિતુ સુણ્યો ભણ્યો, હીરવિજય ગુરરાજઈજી.

કવિની આ કૃતિ સિવાય બીજી કૃતિઓ જોતાં જણાય છે કે કવિએ રાસ કરતાં સ્તવન, સજ્ઝાય, પૂજા, ઇત્યાદિ પ્રકારની લઘુ કૃતિઓની રચના વિશેષ કરી છે. કવિ પોતે સંગીતના સારા જાણકાર હતા અને આ પ્રકારની લઘુકૃતિઓમાં સંગીતની જાણકારી વિશેષ જરૂરી હોય છે. કવિની ભાષામાં લયમાધુર્ય અને પ્રાસાદિકતા જોઈ શકાય છે. 'એકવીસ પ્રકારી પૂજા'ને અંતે કળશની પંક્તિઓ જુઓ :

થુણિયો થુણિયો રે, પ્રભુ ચિત અંતરમેં થુણિયો,
ત્રણ્ય ભુવનમાં નહીં તુજ તોલે, તે મેં મનમાં ધરિયો રે.

'વીર વર્ધમાન જિનવેલિ'માં આરંભની આશાવરી રાગની પંક્તિઓ જુઓ :

નંદનકું તિસલા હુલરાવંઈ પૂતઈ મોહ્યા ઇંદારે,
તુઝ ગુણ લાડેકડાના ગાવતિ, સુરનરિનારિના વૃંદા રે.

સકલચંદ્ર ઉપાધ્યાય સંસ્કૃતના વિદ્વાન પંડિત હતા. એમણે સંસ્કૃતમાં 'પ્રતિષ્ઠાકલ્પ' નામની કૃતિની રચના કરી છે. એમની ગુજરાતી કૃતિઓમાં પણ ક્યાંક ક્યાંક એમણે સંસ્કૃતમાં શ્લોક રચીને મૂકેલા છે.

સાધ્વીશ્રી હેમશ્રી

જૈન સાધુકવિઓએ ગુજરાતી ભાષામાં બારમાથી અઢારમા સૈકા સુધીમાં એટલું બધું સાહિત્ય લખેલું છે કે એ બધું મુદ્રિત થઈ પ્રકાશમાં આવતાં પણ ઘણાં વર્ષો લાગશે. જૈન સાધુઓના પ્રમાણમાં સાધ્વીઓની કૃતિઓ ખાસ જોવા મળતી નથી. ઈ. સ.ના સોળમા સૈકાના અંતભાગમાં રચાયેલી એક કૃતિ જોવા મળે છે અને તે છે સાધ્વીશ્રી હેમશ્રીકૃત 'કનકાવતી આખ્યાન'. વડતપગચ્છના ધન્યરત્ન-

સૂરિના શિષ્ય સુપ્રસિદ્ધ કવિવર નયસુંદરની શિષ્યા તે સાધ્વીશ્રી હેમશ્રીએ ઈ.સ. ૧૫૮૮ માં આ કૃતિની રચના કરેલી છે.

> વૃધ તપાગચ્છ મંડન દિનકર, શ્રી ધનરત્ન સૂરીરાય,
> અમરરત્ન સૂરિ પાટપટોધર, ભાનુમેરુ સિષ્ય કહેઇવાય,
> ગુણગણધર મંડિત વઇરાગી, નયસુંદર રષિરાય,
> વાચક માંહિ મુખ્ય ભણીજઈ, તસ સિષ્યણી ગુણ ગાય,
> કથામાંહઇ કહઇ રસાલુ, કનકાવતી સંબંધ,
> કનકાવતી આખ્યાંન રચઉ મઇ, સૂઅણાં સરસ સંબંધ.

૩૬૭ જેટલી કડીમાં રચાયેલી આખ્યાન નામની આ રાસકૃતિમાં કવયિત્રીએ સરસ્વતી દેવી અને જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરી કનકાવતીના વૃત્તાન્તનું નિરૂપણ કર્યું છે. આ કૃતિ હજુ અપ્રસિદ્ધ છે. રાજપુત્રી કનકાવતીને માથે બાલ્યકાળથી જ કેવાં કેવાં સંકટો આવી પડે છે, એક રાજપુત્ર અજિતસેનનો એને કેવી રીતે મેળાપ થાય છે, બંને કેવી રીતે વિખૂટાં પડે છે અને ફરી પાછાં મળે છે, અને અનેક વર્ષ રાજ ભોગવી દીક્ષા લે છે એ કથાનું અદ્ભુતરસિક આલેખન આ રાસમાં કરવામાં આવ્યું છે.

માલદેવ

ઈ.સ.ના સોળમા સૈકાના અંતમાં માલદેવ નામના સમર્થ કવિ થઈ ગયા. વડગચ્છના પુણ્યપ્રભસૂરિના શિષ્ય ભાવદેવસૂરિના એ શિષ્ય હતા. કવિ ઋષભદાસે પોતાના પુરોગામી વિદ્વાન કવિઓના કરેલા નામોલ્લેખમાં માલદેવનો પણ નિર્દેશ છે. માલદેવે રાસ, ફાગુ, પ્રબંધ ઇત્યાદિ પ્રકારની કૃતિઓની રચના કરી છે. માલદેવ અને એમના ગુરુનો વિહાર સિંધ, પંજાબ અને રાજસ્થાનમાં વિશેષ રહેલો જણાય છે. માલદેવની કૃતિઓમાં અત્યારે ઉપલબ્ધ છે: (૧) પુરંદરકુમાર ચોપાઈ, (૨) ભોજપ્રબંધ, (૩) વિક્રમચરિત્ર પંચદંડકથા, (૪) દેવદત્ત ચોપાઈ, (૫) અગ્નિરથ ચોપાઈ, (૬) સુરસુંદરી ચોપાઈ, (૭) વીરાંગદ

ચોપાઈ, (૮) માલદેવ શિક્ષા ચોપાઈ, (૯) સ્થૂલિભદ્ર ફાગ, (૧૦) રાજુલ-નેમિનાથ ધમાલ અને (૧૧) શીલબત્રીસી. આમાંની ઘણીખરી કૃતિઓ હજુ અપ્રસિદ્ધ રહી છે.

માલદેવની કૃતિઓ કદમાં મોટી છે. એની 'ભોજપ્રબંધ' અને 'વિક્રમચરિત્ર પંચદંડકથા' નામની કૃતિઓ તો લગભગ પંદરસો કરતાંયે વધુ કડીમાં લખાયેલી છે અને 'દેવદત્ત ચોપાઈ', 'વીરાંગદ ચોપાઈ', ઇત્યાદિ કૃતિઓ પાંચસો કરતાં પણ વધુ કડીમાં લખાયેલી છે. માલદેવ પાસે કથા-નિરૂપણની સારી શક્તિ જણાય છે. વળી ઉપમા અને દૃષ્ટાંત તેઓ વારંવાર પ્રયોજે છે એટલે એમની વાણી પણ અલંકૃત બને છે. દુહા સોરઠામાં પ્રયોજેલી એમની કેટલીક પંક્તિઓ તો સુભાષિત જેવી બની ગઈ છે. જયરંગ કવિએ સં. ૧૭૨૧માં પોતાના 'કયવન્ના રાસ'માં માલદેવની પંક્તિઓ ટાંકી છે, જે માલદેવની પંક્તિઓની લોકપ્રિયતા દર્શાવે છે. માલદેવની એ પ્રકારની પંક્તિઓનાં થોડાં ઉદાહરણો જુઓ :

પ્રીતિ નહિ જોબન વિના, ધન બિનુ નાહીં ઘાટ,
માલ ધર્મ બિનુ સુખુ નહીં, ગુરુ બિનુ નાહીં વાટ. (ભોજપ્રબંધ)

મુઓ સુત ખિણુ ઇક દહે, વિનુ જાયો કુનિ તેઉ,
દહે જન્મ લગુ મુઢ સુત, સૌ દુખ સહીઇ તેઉ. (પુરંદરકુમાર ચોપાઈ)

ગુણસમુદ્ર સદ્ગુરુ વિના, શિષ્ય ન જાણઈ મર્મ,
બિનુ દીપકિ અંધાર માંહિ, કરિ સકિય કિઉં કર્મ.
(વિક્રમચરિત પંચદંડકથા)

વગત ભલી જઈ આપણી, ગ્રાહક તઉ જગુ હોઉ,
ખોટઉ નાણુઉ આપઉ, તઉ તસ લેઇ ન કોઇ. (દેવદત્ત ચોપાઈ)

પદ્મસુંદર

લિવંદણિકગચ્છના માણિકચસુંદરના શિષ્ય પદ્મસુંદર ઉપાધ્યાય

ઈ. સ. સોળમા શતકના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હતા. એમણે કેટલીક રાસકૃતિઓની રચના કરેલી મળે છે. ઈ, સ. ૧૫૮૬ થી ઈ.સ. ૧૫૯૧ સુધીનો એમનો રચનાકાળ, ઉપલબ્ધ કૃતિઓને આધારે, મનાય છે. એમણે 'શ્રીસાર ચોપાઈ' (ઈ. સ. ૧૫૮૬), 'શ્રીપાલ ચોપાઈ' (ઈ. સ. ૧૫૮૮), 'રત્નમાલા રાસ' (ઈ. સ. ૧૫૮૮), 'કથાચૂડ ચોપાઈ' (ઈ. સ. ૧૫૮૮), 'ઈશાનચંદ્ર વિજયા ચોપાઈ' (ઈ. સ. ૧૫૮૮) અને 'શ્રીદત્ત ચોપાઈ' (ઈ. સ. ૧૫૮૮)ની રચના કરી છે. આ બધી કૃતિઓ એમણે તારંગાજી તીર્થની પાસે આવેલા ચાડા નામના ગામમાં કરી છે એવો તે દરેક કૃતિમાં નિર્દેશ છે. શ્રીસાર ચોપાઈની રચના કર્યા પછી બીજી પાંચે રાસકૃતિઓની રચના એમણે એક જ વર્ષમાં ઈ. સ. ૧૫૮૮માં કરી છે. એટલે આ કવિએ આ પછી પણ બીજી ઘણી કૃતિઓની રચના કરી હોવાનો સંભવ છે, જે કાં તો લુપ્ત થઈ હોય અથવા વણનોંધાયેલી ક્યાંક રહી હોય.

ગુણવિનય

ખતરગચ્છના ક્ષેત્રશાખાના જયસોમ ઉપાધ્યાયના શિષ્ય કવિ ગુણવિનય સંસ્કૃતના વિદ્વાન પંડિત અને સમર્થ ટીકાકાર હતા. એમણે ગુજરાતીમાં પણ સંખ્યાબંધ કૃતિઓની રચના કરી છે. 'કર્મચંદ્ર વંશાવલી પ્રબંધ', 'અંજનાસુંદરી પ્રબંધ', 'ગુણસુંદરી ચોપાઈ', 'કયવન્ના ચોપાઈ', 'ઋષિદત્તા ચોપાઈ', 'જીવસ્વરૂપ ચોપાઈ', 'નળ-દમયંતી પ્રબંધ', 'જંબૂરાસ', 'કલાવતી ચોપાઈ', 'પ્રશ્નોત્તર માલિકા', 'ધન્નાશાલિભદ્ર ચોપાઈ', 'મૂલદેવકુમાર ચોપાઈ', 'અગડદત્ત રાસ', 'લુંપકમત-તમોદિનકર ચોપાઈ,' 'તપા-એકાવન બોલ ચોપાઈ', 'રંજ જિનસ્તવન', 'દુમુહ પ્રત્યેક બુદ્ધ ચોપાઈ', 'ગુરુપટ્ટાવલી,' 'બારવ્રત જોડી', 'શત્રુંજય ચૈત્યપરિપાટી સ્તવન', 'અંચલમત સ્વરૂપ વર્ણન', ઇત્યાદિ એમની કૃતિઓ ઉપલબ્ધ છે. કવિએ ઘણીખરી કૃતિઓમાં પોતાની ગુરુપરંપરા સુપ્રસિદ્ધ યુગપ્રધાન

આચાર્ય જિનચંદ્રસૂરિથી જણાવી છે, અને ઘણીખરી કૃતિઓમાં એની રચનાસાલનો નિર્દેશ પણ કર્યો છે. ઈ.સ. ૧૫૯૦માં શત્રુંજય ચૈત્ય-પરિપાટી સ્તવનની રચના કરી ત્યારથી ઈ. સ. ૧૬૨૧માં લુંપક-મત-તમો-દિનકર ચોપાઈની રચના કરી તેટલા ગાળામાં એકવીસ જેટલી ગુજરાતી અને બારેક જેટલી સંસ્કૃતમાં એમણે રચના કરી છે.

ઈ. સ.ના સોળમા સૈકાના ઉત્તરાર્ધમાં આ ઉપરાંત બીજા સંખ્યાબંધ જૈન કવિઓએ રાસ, ફાગુ, પ્રબંધ, સ્તવન, સજ્ઝાય, પૂજા ઇત્યાદિ કૃતિઓની રચના કરી છે, જેમાંની ઘણીખરી હજુ અપ્રસિદ્ધ રહી છે. એવી કૃતિઓમાંની કેટલીક મહત્ત્વની નીચે પ્રમાણે છે :

(૧) સુમતિ મુનિકૃત અગડદત્ત રાસ, (૨) દર્શન કવિકૃત ચંદ્રાયણો રાસ, (૩) જગાઋષિકૃત વિચારમંજરી (૪) પુણ્યસાગરકૃત સુબાહુ સંધિ, (૫) વિમલચરિત્રકૃત રાજસિંહ રાસ, (૬) રાજપાળકૃત જંબૂકુમાર રાસ, (૭) હર્ષવિમલકૃત બારવ્રત સજ્ઝાય (૮) પ્રમોદશીલકૃત શ્રીસીમંધર જિનસ્તોત્ર; વીરસેના સજ્ઝાય; ખંધસૂરિ સજ્ઝાય (૯) સહજરત્નકૃત વૈરાગ્યવિનતિ; વિહરમાન સ્તવન (૧૦) દેવગુપ્તસૂરિશિષ્યકૃત અમર મિત્રાનંદ રાસ (૧૧) હેમરાજકૃત ધન્નારાસ (૧૨) પ્રીતિવિજય કૃત બારવ્રત રાસ (૧૩) હર્ષરાજકૃત સુરસેન રાસ (૧૪) લાવણ્યકીર્તિકૃત રામકૃષ્ણ ચોપાઈ; ગજસુકમાલ રાસ (૧૫) વિનયસાગરકૃત સોમચંદ રાજાની ચોપાઈ; ચિત્રસેન પદ્માવતી રાસ (૧૬) માનકૃત કીર્તિધર સુકોસલ પ્રબંધ (૧૭) સાધુકીર્તિકૃત સતરભેદી પૂજા; આષાઢભૂતિ પ્રબંધ (૧૮) દેવશીલકૃત વેતાલ પંચવસી રાસ (૧૯) આણંદસોમકૃત સોમ-વિમલસૂરિરાસ (૨૦) ભીમ ભાવસારકૃત શ્રેણિક રાસ; નાગદત્તનો રાસ (૨૧) સુમતિકીર્તિસૂરિકૃત ધર્મપરીક્ષા; ધર્મધ્યાન રાસ (૨૨) રત્નસુંદરકૃત પંચોપાખ્યાન ચતુષ્પદિ (૨૩) પુણ્યરત્નકૃત નેમિ રાસ; યાદવ રાસ, સનતકુમાર રાસ (૨૪) ભાવરત્નકૃત કનકશ્રેષ્ઠીનો રાસ (૨૫) કનકસોમકૃત આર્દ્રકુમાર ચોપાઈ; મંગલકલશ ચોપાઈ (૨૬) હીરકુશલકૃત કુમાર-

પાલ રાસ (૨૭) ધર્મરત્નકૃત જયવિજય ચોપાઈ (૨૮) વચ્છરાજકૃત સમ્યકત્વ કૌમુદી રાસ, નીતિશાસ્ત્ર પંચાખ્યાન (૨૯) કલ્યાણદેવકૃત દેવરાજ વચ્છરાજ ચોપાઈ (૩૦) વિજયશેખરકૃત રત્નકુમાર રાસ; યશોભદ્ર ચોપાઈ (૩૧) પ્રીતિવિમલકૃત મૃગાંકકુમાર પદ્માવતી ચોપાઈ (૩૨) દયાકુશલકૃત લાભોદય રાસ; વિજયસિંહસૂરિ રાસ (૩૩) વિવેકહર્ષકૃત હીરવિજયસૂરિનો રાસ (૩૪) જયચંદ્રકૃત રસરત્ન રાસ (૩૫) લલિતપ્રભકૃત ચંદરાજાનો રાસ (૩૬) મતિસાગરકૃત ચંપકસેન રાસ (૩૭) કમલશેખરકૃત નવતત્ત્વ ચોપાઈ; પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ (૩૮) ભાનુમંદિરશિષ્યકૃત દેવકુમાર ચરિત્ર (૩૯) સમયધ્વજકૃત સીતા ચોપાઈ (૪૦) હેમરાજકૃત ધનારાસ; બુદ્ધિરાસ (૪૧) મેઘરાજકૃત શાન્તિનાથ ચરિત્ર (૪૨) મલ્લિદાસકૃત જંબૂસ્વામી રાસ (૪૩) રંગ-વિમલકૃત દ્રુપદી ચોપાઈ (૪૪) ભવાનકૃત વંકચૂલ રાસ (૪૫) રત્ન-વિમલકૃત દામનક રાસ (૪૬) નયરત્નશિષ્યકૃત પ્રતિબોધ રાસ (૪૭) હર્ષસાગરકૃત ધનદકુમાર રાસ (૪૮) ધર્મભૂષણકૃત ચંપકવતી ચોપાઈ (૪૯) કમલહર્ષકૃત અમરસેન વયરસેન રાસ; નર્મદાસુંદરી પ્રબંધ (૫૦) વિનયશેખરકૃત યશોભદ્ર ચોપાઈ (૫૧) સિદ્ધિસૂરિકૃત સિંહાસન બત્રીસી; કુલધ્વજકુમાર રાસ અને શિવદત્ત રાસ.

□

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૮	૧૪	–दर्शिभिः	–दर्शिभिः
૨૧	૨	સાહિત્યને	સાહિત્યનો
૨૯	૨૦	દીક્ષિતે	દીક્ષિતો
૪૩	૪	વાજિંવ	વાજિંત્ર
૪૩	૫	સદ્ભૂંત	સદ્ભૂત
૪૪	૧૮	અનુતર	અનુત્તર
૪૪	૨૪–૨૫	–પ્રજ્ઞામિ	–પ્રજ્ઞપ્તિ
૪૮	૧૪	—	સંક્ષેપમાં દર્શાવ્યું છે. તે
૪૮	૧૪	માટે	માટે રાજા
૫૫	૧૮	કળાવાળે	કળાવાળો
૬૪	૧૦	माहः	मोहः
૭૫	૧૪	–मीदर्श	–मीदृशं
૭૬	૭	ईमां	इमां
૭૬	૯	दण्ड्	दण्ड
૭૬	૧૨	वरयेत	वरयेत्
૭૮	૪	पुरुषान	पुरुषान्
૭૮	૫	रामीक्ष्य	समीक्ष्य
૭૮	૬	नाम्य	नाम्य
૭૮	૮	भाबिनी	भाविनी
૭૮	૯	विद्या	विद्यां
૭૮	૧૫	नमस्कार	नमस्कारं
૭૮	૧૭	वृत्तः	वृतः
૭૮	૧૮	देबास्तं	देवास्तं
૮૧	૧૧	अयांपतिरयां	अपापतिरपां
૮૧	૧૫	दमयन्ता	दमयन्त्या

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૮૧	૧૮	यथाकाम	यथाकामं
૮૫	૧	न्यग्रोघे	न्यग्रोधे
૮૫	૨૧	नलश्लो	नलश्चो
૮૫	૨૨	शयान	शयानं
૮૬	૧	वेषमानो	वेपमानो
૮૬	૨	–नारद	–र्नारद
૮૬	૯	मत्समो मत्समो	मत्समो
૮૬	૧૪	ब्रवीत	ब्रवीत्
૮૬	૧૬	धास्थामि	धास्यामि
૮૮	૧૯	–मुतुपर्ण	–मृतुपर्ण
૧૫૬	૧૯	આપણે	આપણી
૧૬૮–૬૯–૭૦	૨૫;૨૨;૨૨	જિનહર્ષસૂરિ	જિનસિંહસૂરિ
૧૯૪	૪	ખામન	મન
૨૧૪	૯; ૧૦; ૧૯	એમણે; એમની	એણે; એની
૨૨૨	૧૯	મહાભારતનું	મહાભારત કરતાં પ્રેમાનંદનું
૨૪૧	૮	પુરસ્કર	પુષ્કર
૨૫૦	૧૭	કવિઓની	કવિઓનો
૨૬૫	૨૩	પોવાનો	હોવાનો
૨૭૪; ૭૭	૮; ૧૧	–સુરિ	સૂરિ
૨૭૯	૬	વાચટ	વાચક

ડૉ. રમણલાલ ચી. શાહનાં પુસ્તકો

એકાંકી

શ્યામ રંગ સમીપે

જીવનચરિત્ર

ગુલામોનો મુક્તિદાતા

પ્રવાસ – શોધસફર

એવરેસ્ટનું આરોહણ (બીજી આવૃત્તિ)

ઉત્તરધ્રુવની શોધસફર (હવે પછી)

સાહિત્ય – વિવેચન

ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન

૧૯૬૨નું ગ્રંથસ્થ વાઙ્મય

નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય

પડિલેહા

સંશોધન – સંપાદન

નલ – દવદંતી રાસ (સમયસુંદરકૃત)

જંબૂસ્વામી રાસ (યશોવિજયજીકૃત)

કુવલયમાળા (ઉદ્દ્યોતનસૂરિકૃત)

સંક્ષેપ

સરસ્વતીચંદ્ર – ભાગ ૧ (પાઠ્ય સંક્ષેપ)

ધર્મ – તત્ત્વજ્ઞા

જૈન ધર્મ (છઠ્ઠી આવૃત્તિ)

जैन धर्म (હિંદી આવૃત્તિ)

जैन धर्म (મરાઠી આવૃત્તિ)

બૌદ્ધધર્મ

Shraman Bhagawan Mahavir and Jainism

Buddhism – An Introduction.

સંપાદનો (અન્ય સાથે)

મનીષા; શ્રેષ્ઠ નિબંધિકાઓ; શબ્દલોક; ચિંતનયાત્રા; નીરાજના; અક્ષરા; અવગાહન; જીવનદર્પણ વગેરે.

પ્રકીર્ણ

એન. સી. સી.